卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૭ મો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૭ મો

૧. શ્રી માનતુંગ અને માનવતીનો રાસ
૨. શ્રી હરિશ્ચંદ્ર રાજાનો રાસ
૩. શ્રી માનતુંગ-માનવતી પ્રબંધ ચોપાઇ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા: તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

卐 તીર્થાધિરાજ શ્રી શત્રુંજયગિરિવરાય નમઃ 卐

સ...મા...ધિ...સ્થ...સ્વ...ર્ગ...ત

પૂ. સા. શ્રી અંજનાશ્રીજી સ્મારક

ગ્રંથમાળા નં. ૭ મો

—: શ્રી :—

# રાસમાળા સંગ્રહ

## ભાગ ૭ મો

૧. શ્રી માનતુંગ અને માનવતીનો રાસ

૨. શ્રી હરિશ્ચંદ્ર રાજાનો રાસ

૩. શ્રી માનતુંગ-માનવતી પ્રબંધ ચોપાઇ

—: સં...પા...દિ...કા :—

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત-સંયમમૂર્તિ-

પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યરત્ના

પૂ. વિદુષી સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજ

—: પ્રકાશક :—

પૂ. શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિર

જી. ભાવનગર, વાયા: તળાજા મુ. ઠળીયા ૩૬૪૧૪૫

—પૂ૦—

# સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી સ્મારક

## ગ્રંથમાલા સંયોજીત

# શ્રી રાસમાલા સંગ્રહના પુસ્તકોનું


પ્રા...પ્તિ...સ્થા...ન

શ્રી શાસનકંટકોદ્ધારક સૂરિજી જૈન જ્ઞાનમંદિર
વ્યવસ્થાપક:—શા. લહેરચંદ મોતીચંદ
જી. ભાવનગર વાયા-તળાજા મુ. ઠળીયા=૩૬૪૧૪૫

卐

વીર સં. ૨૫૧૬ વિ. સં. ૨૦૪૬

ભાદરવા શુદિ ૪ શુક્રવાર સંવત્સરી

卐 卐 卐 卐 卐 卐

[કિં. રૂ. ૨૦-૦૦] [કોપી-૫૦૦]

મુ...દ્ર...ક

શ્રી પ્રવીણચંદ્ર બી. શેઠ શ્રી વિશાલ પ્રિન્ટરી
ઠે. ટેલીફોન એક્ષચેંજ સામે મુ. સોનગઢ ૩૬૪૨૫૦

પરમ શાંતમૂર્તિ-અપ્રમત્ત સંયમ મૂર્તિ-

પૂર્ણ સમાધિસ્થ સ્વર્ગત-સ્થવિર

# પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ



જન્મ :- વિ. સં. ૧૯૬૩ના પો. શુ. ૧૩ (ત્રાપજ)

દીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના ફા. વ. ૧૩ સોમ (ઠળીયા)

વડીદીક્ષા :- વિ. સં. ૧૯૯૧ના વૈ. શુ. ૬ (પાલીતાણા)

સ્વર્ગવાસ :- વિ. સં. ૨૦૪૧ના અ. શુ ૫ રવિ (તળાજા)

# દીર્ઘચારિત્રી-શાંતમૂર્ત્તિ-સ્થવિર પૂ સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજની જીવન-સુવાસ.

ભાવનગર જીલ્લાના ત્રાપજ નામના ગામના વારૈયા કુટુંબમાં વિક્રમ સં. ૧૯૬૩ના પોષ શુદિ ૧૩ના શુભદિને ચરિત્રનાયિકાનો જન્મ થયેલ. તેમના પિતાશ્રીનું શુભ નામ **વારૈયા કલ્યાણજી દયાળજીભાઈ** અને માતુશ્રીનું શુભ નામ **હેમીબહેન** હતું. ચરિત્રનાયિકાનું નામ **અનોપમા** (અનોપ) રાખવામાં આવેલ. બાલ્યાવસ્થામાં પાંચ ચોપડીનો અભ્યાસ કરેલ; પરંતુ માતા-પિતાના ધર્મસંસ્કારો તો ગળથુથીમાંથી જ સારા મળવા પામેલ હતા. તેમજ શાંત સ્વભાવ-સુશીલતા-કુલીનતા આદિ ગુણે કરીને સાર્થકનામ તેઓ હતા.

ક્રમે યૌવનાવસ્થાને પામેલી પોતાની લાડકવાયી પુત્રીની સગાઈ, ધર્મનિષ્ઠ પિતાએ ધર્મીષ્ઠ કુટુંબ તરીકે પ્રખ્યાત થયેલા એવા **ઠળીયા** નિવાસી **દીપચંદ જેરાજભાઇના** સુપુત્ર શા. **હઠીચંદભાઇની** સાથે કરી બોલ બોલેલ. આ વાતની મુંબઇ-સ્થિત ધર્મનિષ્ઠ શ્રીયુત હઠીચંદભાઇને ખબર પડતાં ભાવિ સસરાને જણાવી દીધેલ કે-'મારી સંયમ લેવાની ભાવના હોવાથી હું રાજીખુશીથી કહું છું કે-આ સગાઈ ફોક કરશો.'

જેના જવાબમાં ધર્મરંગે રંગાએલા કલ્યાણભાઈ વારૈયાએ પણ જણાવી દીધું કે-'દીકરી એકવાર દેવાય. અને મારી દીકરી

અનુપમાના બોલ તમારી સાથે બોલાઈ ગયા છે તે ફોક નહિ થાય ! માટે એકવાર દીકરીનો હાથ ઝાલી લ્યો. પછી તમારે જ્યારે ચારિત્ર લેવું હોય ત્યારે ખુશીથી લેશો.'

આમ પરિસ્થિતિ ઉભી થતાં સં. ૧૯૭૮માં તેઓના લગ્ન થયાં. અને સં. ૧૯૮૪ સુધીના ગૃહવાસમાં પરમાનંદ તથા મનસુખ નામે બે પુત્ર અને વિમલા નામે એક પુત્રીની પ્રાપ્તિ થયેલ. તેમાં નાના ચાલાક પુત્રનું અચાનક અવસાન થતાં હઠીચંદભાઈનો વૈરાગ્ય વધુ તીવ્ર બન્યો અને તેથી સહધર્મચારિણીનું સ્નેહબંધન ઢીલું પાડવા માટે હંમેશાં સંસારની અસારતા તથા ત્યાગ–વૈરાગ્યની વાતો સમજાવવા લાગ્યા ! પરિણામે છ વરસના ટુંકા લગ્નજીવનમાં દંપતિએ ચતુર્થવ્રત પણ ઉચ્ચરી લીધેલ. તેમજ સગા–સંબંધીઓનાં પણ પ્રેમબંધનને ઢીલું પાડવા અને ભવિષ્યમાં ચારિત્રમાર્ગમાં પોતાના આત્માની વધુ સ્થિરતા થાય તે માટે બધી ઇન્દ્રિયોમાં બળવાન અવી રસનેન્દ્રિય ઉપર કાબુ મેળવવા 'છ' એ વિગયોનો પોતે ત્યાગ કર્યો !

પોતાના સ્વામીને રંગ–રાગ અને મોજ શોખને બદલે ત્યાગ વૈરાગ્યમાં ઝુલતા જોઈને અનુપમાએ પણ ઉગતી યૌવનાવસ્થામાં ય પોતાની વાસનાઓ અને મોજશોખ ઉપર નિયંત્રણ મૂકી દીધું ! એટલું જ નહિ; પરંતુ પોતાનાં બાલ બચ્ચાંઓ સાથે પોતે પણ વૈરાગ્યભાવમાં આવી ગયા ! તે એટલે સુધી કે—પોતાના સ્વામી, સં. ૧૯૮૭ના કારતક વદી ત્રીજના શુભ દિને મુંબઈમાં દીક્ષા ગ્રહણ કરવા ઘરેથી પ્રયાણ કરે છે ત્યારે આ આદર્શનારી અનુપમાએ વ્હાલસોઈ દીકરી વિમળાના હાથે સ્વામીના ભાલે કુમકુમનું તિલક કરાવીને પોતાના જ હાથથી રૂા. ૧૦૧ અને શ્રીફળ સ્વામીના હાથમાં મૂકી સંયમમાર્ગની અનુમતિ આપી !!

ત્યારબાદ કુમળી વયની એટલે ૧૧ વર્ષની પુત્રી વિમલા અને ૮ વર્ષની વયના પુત્ર પરમાણંદની સાથે સં. ૧૯૯૧ના ફાગણ વદ ૧૧ને સોમવારના રોજ પોતાના સાસરીયા 'ઠળીયા'

ગામમાં પોતાના જ ભૂતપૂર્વ સ્વામીના હાથે પ્રવ્રજ્યા અંગીકાર કરીને **સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી**, સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી તથા મુનિશ્રી નરેન્દ્રસાગરજી નામે જગવિખ્યાત બન્યા.

ચારિત્ર સ્વીકાર્યા બાદ તેઓએ જેમ બને તેમ વધુ આત્મનિર્મળતા થાય તેમ શક્ત્યનુસાર તપ–ત્યાગ–સ્વાધ્યાય–સાધ્વાચારોનું દત્તચિત્તે પાલન તથા વિષય–કષાયથી અલિપ્ત રહેવાનું રાખેલ. તેમના પરિચયમાં આવેલા કોઈપણને પૂછો તો એક જ અવાજ સાંભળવા મળશે કે–'જ્યારે જાઓ અને જુઓ ત્યારે સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મહારાજ પ્રસન્નચિત્ત અને પોતાની આત્મસાધનામાં જ મગ્ન હોય છે!'

આવા સંયમીજીવનમાં માસખમણ, ૧૬–૧૫–૧૧–૮ ઉપવાસની તપસ્યા, વીશસ્થાનકની આરાધના, નવપદજીની ઓળી, પર અજવાળા, પર્વતિથિ આરાધના, રતનપાવડીના છઠ્ઠ–અટ્ઠમ આદિ વિવિધ તપશ્ચર્યાઓ કરેલ. છેલ્લા ચાર–પાંચ વર્ષથી પગનાં બબ્બે વખતનાં ફ્રેકચરનાં કારણે સંથારાવશ હોવા છતાંય જ્યારે જુઓ ત્યારે પ્રસન્ન મુખમુદ્રા! તેઓશ્રીને શાતા પૂછવા આવનારા પૂ. આચાર્યવર્યો, સાધુઓ કે સાધ્વીજીઓને પણ છેવટની ઘડી સુધી ભયંકરવેદનાવાળું કેન્સર હોવા છતાં કેન્સર રોગની જાણ પણ થવા પામી ન હતી! આવી તેમની સહનશક્તિ અને સમતા ભાવ હતો!!!

આવા પુણ્યશાળી તે ચરિત્રનાયિકા સાધ્વીજીને છેલ્લાં ૧ાા માસમાં તો તે કેન્સરના રોગે જોર પકડયું! ક્ષણ પણ બેસી ન શકાય તેવી સ્થિતિ હોવા છતાંય તલાજા શ્રીસંઘની વિનંતિથી પોતાના વિશાળ સાધ્વીસમુદાયને લઈને સં. ૨૦૪૧ના જેઠ વદિ ૧૦ના રોજ પૂ. ગુરૂદેવો સાથે વાજતે ગાજતે ચાતુર્માસ માટેના પ્રવેશમાં લગભગ કલાક ડોળીમાં બેસીને શહેરમાં ફર્યા! પ્રવેશ બાદ ડોકટરોની સતત ટ્રીટમેન્ટ ચાલુ હોવા છતાંય દર્દ જરાપણ શાંત ન થતા પ્રતિદિન ગંભીર રૂપ પકડતું ગયું. તેની અસહ્ય

વેદનામાંય તલાજા શ્રીસંઘે તેઓશ્રીની ગજબની સહનશીલતા અને સમતાભાવ નજરે નીહાળેલ છે.

જીવનયાત્રાના અંતિમ દિવસે એટલે કે-અષાઢ શુદિ પાંચમ રવિવારે સવારે ૧૦ાા વાગે તો પોતાની લાડકવાયી પુત્રી–સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજીનો હાથ પકડીને '**વિદ્યા ! હવે હું જાઉં છું, તને અને સાધ્વીઓને મારો મિચ્છામિદુક્કડં**' એમ સ્પષ્ટ જણાવેલ અને ત્યારબાદ ચરિત્રનાયિકા પૂ. બા મહારાજના ભત્રીજા અને પુત્રમુનિ આવતાં બંનેને ઓળખીને પુત્રમુનિને કહે છે કે-'મને ધારણા પચ્ચકખાણ કરાવ.' આથી સમય પીછાણીને પુત્રે સંથારો-દવા અને પ્રવાહી સિવાયના સર્વના પચ્ચકખાણ કરાવી આરાધના ચાલુ કરાવી હતી.

આરાધના, પ્રસન્નચિત્તે સાંભળતા હતા અને ખમાવવાના સ્થાનોને શારીરિકશક્તિ ન હોવા છતાંય આત્મબળે હાથ ભેગા કરી માથે અડાડવા પુર્વક 'મિચ્છામિદુક્કડં' દઈ ખમાવતા ! તેમજ પાપસ્થાનકોને, આલોચના સ્થાનકોને વોસરાવતા–આલોચતા જતા હતા ! આ અવસરે આરાધના કારક શિષ્યાઓનું ગળું, સ્નેહ તથા પ્રેમવશે રૂંધાતું તો તુરત જ અંતિમ અવસ્થાની ઘડીઓ ગણાઈ રહી હોવા છતાંય સજાગ એવા તેઓશ્રી, મક્કમ થઈને '**કેમ બોલતાં અટકી ગયા ? ચાલુ રાખો**' એમ પ્રેરણા આપી આપીને રાા કલાકની સતત આરાધનામાં ચતુર્વિધ શ્રીસંઘે આપેલા વ્રત–તપ–જપ–ત્યાગ–યાત્રા–સ્વાધ્યાયાદિની અનુમોદના કરતાં કરતાં અપૂર્વ સમાધિમયદશામાં દીર્ઘ ચારિત્રપર્યાય પાળીને સ્થવિર અને "**પૂજય બા મહારાજ**"ના લાડીલા નામે પ્રખ્યાતિ પામેલા સુસાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ.શ્રીનો નિર્મળ આત્મા, બપોરે ૧–૫૫ મીનીટે નશ્વરદેહનો ત્યાગ કરી સ્વર્ગે સીધાવ્યો.

દશજ દિવસની સ્થિરતાકાળમાં તલાજા શ્રીસંઘે તથા તીર્થ-કમીટીએ ખડે પગે સેવાનો લાભ ઉઠાવ્યો. એટલું જ નહિ પણ એક મહાન આચાર્ય મ.ની પાલખી નીકળતી હોય તે રીતે ભવ્ય

પાલખી સાથેની સ્મશાનયાત્રામાં ૧૫૦૦ થી ૧૭૦૦ ભાઈબહેનો ઠેઠ સુધી જોડાયેલ. ચરિત્રનાયિકા પૂ. ગુરૂણીજીના સ્વર્ગવાસના સમાચાર મળતાં ભાવનગર, પાલીતાણા, ઠળીયા, ત્રાપજ, તણુસા, દેવળીયા, સોનગઢ, દાઠા, મહુવા, પીપરલા, પાવઠી, કામરોળ આદિ ગામોનાં ભાઈ બહેનો પણ સ્મશાન યાત્રામાં જોડાવા પામેલ.

૫૦ વર્ષના દીર્ઘ સંયમપર્યાયવાળા પ્રાતઃ સ્મરણીયા એવા પૂ. બા મહારાજના સ્વર્ગવાસ પછી તલાજા સંઘે પદ્માવતીપૂજન તથા શાંતિસ્નાત્ર સહિતનો અઠાઈ મહોત્સવ કરેલ અને તે અવસરે છૂટામને થયેલ જીવદયાની ટીપમાંથી પૂ. બા મહારાજની કાયમી સ્વર્ગતિથિ નિમિત્તે રૂા. ૧૦૦૧ છાપરીઆળી, ૫૦૧ સમઢીયાળા, ૫૦૧ પાલીતાણા પાંજરાપોળમાં અને ૧૦૦૧ તલાજા સંઘમાં તેમજ રૂા. ૧૦૦૧ પૂ.આ. દેવશ્રી હંસસાગર સૂરીશ્વરજીમ.ની સ્વર્ગારોહણતિથિની કાયમી તિથિ તરીકે છાપરીઆળી પાંજરાપોળમાં ભરાવેલ. તેવીજ રીતે જોરાવરનગરના શ્રીસંઘે પણ લખતર પાંજરાપોળમાં પૂ. બા મહારાજની કાયમી તિથિ નોંધાવીને બા મહારાજ પ્રતિના અંતરંગ ભક્તિભાવનાનું ચિત્ર ખડું કરેલ.

આવા દીર્ઘસંયમી-શાંતમૂર્તિ-ચારિત્રપરાયણા-પ્રાતઃસ્મરણીયા પૂ. ગુરૂણીજીમ.નું નામ અમર રાખવાના ઉદ્દેશથી 'પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાળા' ચાલુ કરીને તેના મણકારૂપે પૂર્વમહર્ષીઓનાં રચેલા અને હાલ અપ્રાપ્ય બનેલા એવા મુદ્રિત તેમજ અમુદ્રિત પ્રાચીન રાસાઓનું પ્રકાશન કરવાનું અમારા ઉપદેશથી સંસ્થાએ નિર્ધારેલ છે જે અનુમોદનીય છે. આવા અમારા ભવોદધિતારક અને સંયમરક્ષા માટે અજોડ ધગશ ધરાવનારા પૂ. ગુરુણીજીશ્રી અંજનાશ્રીજી મહારાજશ્રીને અમારા કોટિ કોટિ વંદના.

લી. આપના વિરહથી તરફડતી
**આપની બાલ શિષ્યાઓ.**

# રાસ–રાસકાર અંગે બે બોલ

સત્ય વચનના મહિમાને વર્ણવતા એવા **'માનતુંગ-માનવતી રાસ'**ના કર્તા પૂ. મોહનવિજયજી (લટકાળા) મહારાજ, વિક્રમની અઢારમી શતાબ્દિમાં થયેલા પંડિતો પૈકીના એક સમર્થ ગૂર્જરકાવ્યપંડિત હતા. તેઓ પૂ. આ. **શ્રી વિજયસેન સૂરિજી** મ૦ની પાટપરંપરામાં થયેલા પૂ. મહો૦શ્રી કીર્ત્તિવિ૦મ૦ના શિષ્ય મહો૦ શ્રી માનવિ૦મ૦, પૂ મહો. શ્રી રૂપવિમ.ના શિષ્ય હતા. તેઓએ— સં.૧૭૫૫માં હરિવાહનરાજાનો રાસ, ૧૭૬૦માં રત્નપાલરાસ,– તથા આ માનતુંગ માનવતીરાસની રચના કરી છે. તેમજ સં. ૧૭૬૩માં પુણ્યપાલ ગુણસુંદરીરાસ અને ૧૭૮૩માં ચંદરાજાનો રાસ રચવા ઉપરાંત સ્તવન ચોવીશી આદિ સાહિત્યની રચના કરી હતી. આ રાસનું વાંચન, આજે અનેક શહેર અને ગામોમાં પૂ. સાધ્વીજી-મહારાજો, ચાતુર્માસ શ્રાવિકાસંઘ સમક્ષ કરે છે. જેના પ્રતાપે ધર્મભાવના ઉત્તેજિત બનતાં અને સત્યનો મહિમા જાણીને સત્યવચન પાલનમાં વધુ દૃઢ બને છે.

આવીજ રીતે સત્યવચન પ્રાણાંતેય નહિ છોડનાર એવા **હરિશ્ચંદ્રરાજા અને તારામતી રાણીની ચોપાઇ**, ભાવડ ગચ્છીય પૂ. ઉપા.શ્રી મહેશના શિષ્ય કનક સુંદરજીએ વિ. સં. ૧૬૯૭માં રચના કરી છે આ સિવાય તેઓની કોઈ બીજી કૃતિઓ છે કે કેમ ? તે સાધનના અભાવે નિર્ણય કરી શકાયો નથી. 'હરિશ્ચંદ્ર અને તારામતી રાણી' અંગે બીજા–બીજા કવિઓના બનાવેલ રાસા-ચોપાઈઓ છે. જે અવસરે પ્રગટ કરવાનો વિચાર છે.

ત્રીજી કૃતિ–ખરતરગચ્છીય શ્રી સોમસુંદરના શિષ્ય મુનિશ્રી અભયસોમ કૃત **'માનતુંગ–માનવતી પ્રબંધ ચતુષ્પદિકા'** ની પ્રત ઉપલબ્ધ થતાં તે પણ છાપવામાં આવેલ છે.

આ રાસાઓના સંશોધનમાં–શાસનકંટકોદ્ધારક પૂ.આશ્રી હંસસાગરસૂરિજી હ. લિ જ્ઞાનભંડારની પ્રતોનો ઉપયોગ કરેલ છે જેના અનુક્રમ નંબર પાઠાંતર ચિહ્નો નીચે પ્રમાણે છે.

પ્રત નં. ૮૮ માનતુંગ–માનવતીરાસ પાના ૪૯ સંવત ૧૮૨૭ જેઠ શુદ ૪ શનિવાર વટપદ્રનગર' વાળી પ્રતના પાઠાંતરોની નિશાની × પ્રત નં. ૫૯૪, પાના ૬૦ વાળી પ્રતના પાઠાંતરોની નિશાની ✻ બંને સંયુક્ત પ્રતના પાઠાંતરોની નિશાની ૦ જાણવી પ્રતનં.૪૮૩ પાના ૨૯ લખ્યા સં.૧૭૯૪ આ. શુ. ૬ રવિ 'માનતુંગ–માનવતી ચોપાઇ.'

શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૭ મો

## સહાયકોની શુભ નામાવલી.

**સ્વ. સ્થવિર પૂ. સાધ્વીજી શ્રી અંજનાશ્રીજી મ. ના શિષ્યા વિદુષી પૂ. સાધ્વીજી શ્રી વિદ્યાશ્રીજી મહારાજના ઉપદેશથી**

| રકમ | સહાયક | ગામ |
|---|---|---|
| રૂા. ૧૨૦૦ | શ્રી અંજનાશ્રીજી આરાધના ભુવનની આરાધક બ્હેનો ગિરિરાજ સોસાયટી | પાલીતાણા |
| રૂા. ૭૫૧ | શ્રી જૈન શ્વે.મૂ.પૂ. તપગચ્છ સંઘ. | ચાણસ્મા |
| રૂા. ૧૨૫ | મહેતા હિંમતલાલ ઠાકરશી | ઠળીયા |
| રૂા. ૧૨૫ | શ્રી તારાબ્હેન રમણિકલાલ | તલાજા |

રૂા. ૧૨૫ શા નંદલાલ ગીરધરલાલ હ. ચંપાબ્હેન ખરસલીય

રૂા. ૧૦૧ શ્રી નંદકુંવરબ્હેન દલીચંદ તલાજા

રૂા. ૧૦૧ શ્રી પ્રભાવતી શાંતિલાલ મહેતા ઢળીયા

રૂા. ૧૦૧ શ્રી શા. નેમચંદ કેશરીચંદ તલાજા

રૂા. ૧૦૧ શ્રી જ્યોત્સનાબ્હેન જયંતકુમાર જીરા

રૂા. ૧૦૧ શા. કાંતિલાલ વલ્લભદાસ ચોગઠ

રૂા. ૧૦૧ શ્રી ચંપાબ્હેન મનસુખલાલ મહુવા

રૂા. ૧૦૧ શ્રી જૈન શ્રાવિકા સંઘ ઉંઝા

રૂા. ૧૦૧ શ્રી નિંરાતબ્હેન સાકરચંદ બારૈયા ત્રાપજ

રૂા. ૧૦૧ શા. ભૂપતરાય જીવરાજ હ. પ્રભાબ્હેન મહુવા

રૂા. ૧૦૧ શ્રી શાંતાબ્હેન પ્રભુદાસ. મોટાખુંટવડા

રૂા. ૧૦૦૧ પૂ. સા. શ્રી વિદ્યાશ્રીજી મ. ના શિષ્યા પૂ. સા. શ્રી ગુણોદયાશ્રીજીમ. ના ઉપદેશથી હરિપુરા શ્રાવિકાબ્હેનોના જ્ઞાનખાતેથી હઃ શ્રી સુમનબ્હેન તથા શ્રી સરસ્વતીબ્હેન સુરત

રૂા ૫૦૧ પૂ.સા.શ્રી વસંતશ્રીજી મ.ના ઉ.–ગિરિરાજ સો.– લાવણ્યવિહારની આરાધકબ્હેનો પાલીતાણા

રૂા. ૫૦૧ પૂ.સા. શ્રીકલ્પજ્ઞાશ્રીજી મ. ના ઉપદેશથી ઉમાજી ભુવનની આરાધક બ્હેનો તરફથી પાલીતાણા

રૂા. ૩૦૧ શા. ચંદુલાલ રંગજીભાઈ તથા શ્રી કાંતાબ્હેનના સ્મરણાર્થે તેમના સુપુત્ર અનિલભાઈ તરફથી અમદાવાદ

રૂા. ૧૦૧ પૂ.સા. શ્રી હર્ષલતાશ્રીજી મ. [ મોરચૂપણા વાળા ] ના ઉ. આરાધક બ્હેનો તરફથી. પાલીતાણા

રૂા. ૧૦૦૧ પૂ.સા. શ્રી જયંતિશ્રીજી મ. ના ઉ. અરૂણ સોસાયટીની આરાધક બ્હેન તરફથી અમદાવાદ

卐 ॥ સિદ્ધગિરિ મંડન શ્રી આદિનાથાય નમો નમઃ ॥

卐 શ્રી 卐

સ....ત્ય....વ....ચ....ન....ઉ....પ....ર

# શ્રી માનતુંગ અને માનવતીનો રાસ

॥ દોહા ॥

શ્રી ઋષભજિણંદ પદાંબુજે, મન મધુકર કરી લીન;
આગમગુણ સૌરભ્યવર, અતિ આદરથી કીન. ॥૧॥

[૧]યાનપાત્ર સમ જિનવરૂ, તારણ ભવનિધિ [૨]તોય;
આપ તર્યા તારે અવર, તેહને પ્રણિપતિ હોય. ॥૨॥

ભાવે પ્રણમું ભારતી, વરદાતા સુવિલાસ;
બાવન અક્ષરથી ભર્યો, અખય ખજાનો જાસ. ॥૩॥

[૩]શુક્ર કર્યા કેઈ [૪]શનિ થકી, એહવી જેહની શક્તિ;
કિમ મૂકાયે તેહના, પદની કોવિદ ભક્તિ. ॥૪॥

ગુરુગુણ અગણિત કુણ ગણે, તારક કવણ ગણંત;
કુણ તર્જની અંગુલિ સિરે, ધરણી અધર ધરંત ?. ॥૫॥

[૫]અદ્વિતીય દીપક સુગુરુ, કરતા જ્ઞાન પ્રકાશ;
પણ હર્તા અજ્ઞાન તમ, સેવું થઈ તસ દાસ. ॥૬॥

---

૧ વહાણ. ૨ પાણી. ૩ કવિ. ૪ જડ, મંદ. ૫ અદ્ભુત ●

જિન આગમ વરદા સુગુરૂ, તેહના પ્રણમી પાય;
*ધર્મતણા અધિકારથી રૂદ્ધિ વૃદ્ધિ નિતિ થાય.* ॥૭॥

દ્વિપ્રભેદ તે ધર્મ છે, આગારી અણગાર;
વ્રત પણ દ્વાદશ પંચ તિંહા, તેહના વિવિધ પ્રકાર. ॥૮॥

મૃષાવાદ વ્રત દ્વિતીય એ, મૃષાતણો પરિહાર;
સત્યવચન આરાધીયે, તો વરીયે શિવનાર. ॥૯॥

ક્રૂર મૃષા તજતાં થકા, ધરીયે ઇમ પ્રતિબંધ;
સત્ય વચન ઉપર સુણો, માનવની સંબંધ. ॥૧૦॥

અતિહિ કૌતુકની કથા, સાંભળજો ચિત્ત લાય;
મત કરજો શ્રોતા સકળ, બધિરગીતનો ન્યાય. ॥૧૧॥

## ॥ ઢાળ ૧ લી ॥

ચોપાઇની દેશી.

માનાંગુલ જોયણ એક લાખ, વટ્ટવિષ્કંભ જંબૂનો ભાખ; જગતી આઠ જોયણ ઉચ્ચંત, બાર ચાર ધુર ઉવરિ દંત ॥૧॥ ચાર [1]અનુત્તર નામે દ્વાર, ઉંચત આઠ જોયણ વિસ્તાર; પંચસયાં ધનુ તિંહા વેદિકા, લીજે જોયણ સવિ દેવકા ॥૨॥ છ કુલગિરિ છે જંબૂ મઝાર, સાતમો મધ્ય મેરૂ [2]વનધાર; ક્ષેત્ર સાત વલિ તિહાં આદ્યંત, ભરતતણી સીમા હિમવંત ॥૩॥ તેહ ભરતનું જેયણ માન, પાંચસે છબ્બિશ છ કલા જાણ; બીજા ક્ષેત્ર તણો આધકાર, લેજો શાસ્ત્ર થકી સુવિચાર ॥૪॥ દક્ષિણભરતે માલવ દેશ, નહિં રૌરવ વળી નહીં ક્લેશ; અવરદેશ જેમ ફણિ પરખિયે, એ તો [3]મણિ-

૧ વિજય, વૈજયંત, જયંત અપરાજિત. ૨ વનને ધરનાર ( સોમનસ. નંદન અને પાંડુક ) ૩ ફણિપતિ *

સમ કરી લેખિયે ॥૫॥ તિંહા નગરી ઉજઝયણી નામ, અમરપુરી કે લંકા ધામ; એ આગળ લંકા બાપડી લડથડતી જલનિધિમાં પડી ॥૬॥ સ્ફટિકરત્ન તણા જિહાં ગેહ, નભમંડલ તજિ લખતા જેહ; નયરીએ વીંટચો વપ્રવટ્ટ, યુવતિ ભાતિ મનું ધર્યાં યોગપટ્ટ ॥૭॥ ગૃહ ગૃહ [1]કેતુ ચપલ થઈ ઘણે, માનું સુરગ્રહને ચપેટે હણે; હાટે હાટે કરિયાણા ઘણાં, પંકપુંજ તિંહા કુંકુમ તણા ॥૮॥ ઢૂંઢાલા વ્યવહારી વસે, પંકજસરિખા આનન હસે; ચંદ્રાનની ચાલે ચમકતી, નેપુરઝાંઝર રમઝમકતી ॥૯॥ હય ગય રથ પાયક પરિવાર, ગહ મહ અહનિશ રહે દરબાર; માનતુંગ રાજા કરે રાજ, મકરધ્વજ રૂપે વડ લાજ ॥૧૦॥ વાચ કાછ નિકલંક નરેશ, જસ સેવે શત્રુ વિદેશ; પરિજનને અમૃતસમ જિસ્યો, ખલને અનલસમ અચરિજ કિસ્યો ? ॥૧૧॥ [2]જનપદ સોળતણા નૃપતણી, પુત્રી વિલસે પ્રીતે ઘણી; મહિપતિ તે [3]સ્ત્રીયે પરવર્યો, સોળ કલા લેઈ શશી ઉતર્યો ॥૧૨॥ બુદ્ધિનિધાન સુબુદ્ધિ પ્રધાન, તે ઉપર ભૂપનો બહુમાન; ન્યાયે રાજ્ય કરે ભૂપાળ, પભણે મોહન પહેલી ઢાળ ॥૧૩॥

॥ દોહા ॥

એક દિન [4]છંદ પૂરી કરી, બેઠો અવનીનાથ;
ઉભા સેવક આગળે, જોડી જોડી હાથ. ॥૧॥

નૃત્યકાર નાટક કરે, ગાયક પણ કરે ગાન;
બંદીજન બોલે બિરૂદ, ભુંજે પાન સોપાન. ॥૨॥

એહવે સંધ્યા સમય તિહાં, પ્રગટચો રંગ અસંખ;
ઝલ્લર ઝણકાર થયા, ગરજે [5]ઘન જેમ શંખ. ॥૩॥

---

૧ ધ્વજા. ૨ દેશ. ૩ સોલ સ્ત્રીયે* ૪ સભા. ૫ વરસાદ.

હય ગય રથ વહેતા રહ્યા, ગહ મહ થઈ પ્રતિગેહ;
ચચંળ [1]હુઈ પદ્મણી, ફૂલટા તસ્કર જેહ. ॥૪॥
દીપક જ્યોતિ થઇ સુભગ, ઠામ ઠામ ઝલકંત;
માનું નયરી નયણ કરી, નરપતિને નિરખંત. ॥૫॥
યામ એક ગઈ જામિની, સભા વિસર્જી રાય;
શ્રોતા સાંભળજો હવે, જે કૌતુક ઇહા થાય. ॥૬॥

## ॥ ઢાળ ૨ જી ॥

હમીરીયાંની દેશી

મહીપતિ [2]એહવે ચિંતવે, નિરખું નગર સ્વરૂપ ચતુર નર; પરિજનમાં ઇહાં માહરો, કેહવો છે ન્યાય અનૂપ ચતુરનર૦ ॥૧॥ સૂરિજન સાંભળજો કથા, રસિક થઇ દેઇ કાન ચતુ૦; ઉપજશે રસ સહુને રંગનો, ચાખ્યાથી જેમ પાન ચ૦ સૂરિ૦ ॥૨॥ મુઝ ઉપર માહરી પ્રજા, કહેવો રાખે છે નેહ ? ચતુ૦; કે છે સરવે સ્વારથી, કે આજ્ઞાકારી એહ? ચતુ૦ સૂરિ૦ ॥૩॥ ઊઠયો પરીક્ષા કારણે, નરપતિ લેઇ કરવાલ ચતુ૦; નીલ વસન ઓઢી કરી, ચાલ્યો થઇ ઉજમાલ ચતુ૦ સૂરિ૦ ॥૪॥ ચાચર ચૌટે ગલિયે ભમે, એકલડો નર-રાજ ચતુ૦; ગલિયે ગલિયે સાંભળે, નિજ જસનો આવાજ ચ૦ સૂ૦ ॥૫॥ લોક સકલ કહે આપણા, રાજા સમો નહિ કોઇ ચ૦; વાકય વચ્છલ હરિંચદ-જિસ્યો, ભુજબળ ભીમ જ્યું હોય ચ૦ સૂ૦ ॥૬॥ આપણી નગરીમાં નથી, ચોરાદિકની ભીત ચ૦; નવિ લીયે કોઈ તૃણો પડયો, રામ રાજાની રીત ચ૦ સૂ૦

૧ કુઅ. પિશુની * ૨ મનમાં *

॥૭॥ કરદંડ નહિ કોઈ ઉપરે, [1]દંડ દેવલ અતિ ચંગ ચ૦; બંધન ધમ્મિલે અછે, તાડના જલઘટિ સંગ ચ૦ સૂ૦ ॥૮॥ પ્રગટયું ભાગ્ય પ્રજાતણું, રાજનનું લહી રૂપ ચ૦; વાય હજી લાગ્યો નથી, કલિયુગનો તનુ ભૂપ ચ૦ સૂ૦ ॥૯॥ એ મહિપતિ ચિરંજીવજો, મ હોજો ઉનો વાય ચ૦; ખારે દરિયે જઈ પડો, નૃપની અલાય બલાય ચ૦ સૂ૦ ॥૧૦॥ પ્રભુ એહના મનડા તણી, પૂરજો નિતપ્રતે આશ ચ૦; લોઢાજયો એહના સદા, દુરજન થઇને કપાસ ચ૦ સૂ૦ ॥૧૧॥ એહ નૃપને ગુણ કરી, ખેંચ્યો જસનો [2]વિતાન ચ૦; તેહને તું ત્રિભુવન ધણી, મત કરજે નુકશાન ચ૦ સૂ૦ ॥૧૨॥ એમ પ્રજાના મુખથકી, જિહાં સુણતો વાત ચ૦, મનમાં અતિ વિકસિત થયો, જેમ જળધર દ્રુમ પાત ચ૦ સૂ૦ ॥૧૩॥ ધન ધન એ માહરી પ્રજા, મુઝ ઉપર ધરે રાગ ચ૦; સહુએ વાંછે છે ભલું, માહરૂં પૂરણ ભાગ ચ૦ સૂ૦ ॥૧૪॥ મોહન વિજયે હેજશું, ભાખી બીજી એ ઢાળ ચ૦; કહીશ સરસ હવે હું કથા, સાંભળો બાળ ગોપાળ ચ૦ સૂ૦ ॥૧૫॥

॥ દોહા ॥

આગળ નરપતિ સંચર્યો, દીઠું કૌતુક એક;
કન્યા પાંચ મળી ભલી, વક્તે રૂપ વિવેક. ॥૧॥

સમરૂપે સરિખે ગુણે, સરખી વય સોહંત;
ગોરી ગુણની ઓરડી, સુરનર મન મોહંત. ॥૨॥

પહેરી પીતાંબર પ્રવર, સોળ સજી શણગાર;
ભોળી ટોળી એ મળી, રમવાને તેણી વાર. ॥૩॥

---

૧ કરદંડ મુનિ અનુસંગ * ૨ ચંદરવો.

કુબ્જરૂપ મહીપતિ કરી, નિરખે કન્યા કેલ;
ક્રીડા આરંભે હવે, પાંચે ગજપતિ ગેલ. ॥૪॥

## ॥ ઢાળ ૩૭ ॥

રમતા ફાટયો ઘાઘરો રે, દસ ગજ ફાટયો ચીર રે હૂં બે;
આવે રે ઓલગાણા તારી કાંકણીને જૂંબુ–એ દેશી.

ચરણે બાંધી ઘૂઘરા રે, ફરહતાં કરી વસ્ત્ર રે બાળા; ઢળતા રે મૂકયાં શિરથી ગોફણા કૂંદાળા ॥૧॥ વિમલ કમલ લેઇ બિહૂ કરે રે, ઘાલે હસી ગળે બાંહિ રે દોડી; જાણે રે મતવાળા મૂકયાં, કલભલા રે છોડી ॥૨॥ ક્ષિણમેં પચ કરી એકઠાં રે, એક એકના ગ્રહે હાથ રે કૂદી; માતી રે રસ રાતી–તાતી, લેવતી રે કૂદી ॥૩॥ ઘાલે ઘુમણ ઘુંમતી રે, પચતલની પડ-તાલ રે રૂડી; ખલકે રે ચલકારા હાથે, શોભતી રે ચૂડી ॥૪॥ ગાતી ગીત સુકંઠથી રે, ઝાંઝરના ઝણકારા રે રંગે; જાણે રે ટહૂકી કોકિલા, અંબને પ્રસંગે ॥૫॥ એડી એક ઊભી રહે રે, ચક્ર પરે ફરે ફેર રે થોડો; દોડીને લે ઘેરી પાણી–પંથનો જ્યું ઘોડો ॥૬॥ એક એકને તાળી દીયે રે, મલકતી કરતી હાસ રે ચારૂ, [1]વસનની જ્યોતે દીપક, હારતો તે વારૂ ॥૭॥ નાચે નવ નવ રીતથી રે, છંદ અને ઉપછંદ રે માનેં; પોહોંચી રે ન શકે કોઇ, કિન્નરીયું ગાને ॥૮॥ વિસ્મય પામ્યો મનમાં રે, નિરખી એહવો ખ્યાલ રે રાજા; આલોચે એહવો તિંહા, આપથી દીવાજા ॥૯॥ એહશું ગગનથી ઊતરી રે, આવી રમવા કાજ રે રંગે; સહુને

૧ વસ્ત્ર.

સુખ હોવે વલિ એહને પ્રસંગે ॥૧૦॥ ટોળે મળી એ નાચતી રે, અપચ્છર મળીને અત્ર રે એહવી; બીજી રે શી દીજે એહને, ઉપમા રે, કેહવી ? ॥૧૧॥ નાખીએ એહની ઊપરે રે, ઉર્વસીને ઓવાર રે સાચે; ખેચરીઓ સુરનારીઓ, બાપડી શું નાચે ॥૧૨॥ કે એ પાતાલની સુંદરી રે, આવી રમવા કાજ રે [1]રેણી; મેં તો રે નવી દીઠી એહવી, કોઈ મૃગાનેણી ॥૧૩॥ આજ ભલે ઈંહા નિસર્યો રે, [2]અચરિજ જોવા કાજ રે હું તો; નહિં તો એ કૌતક નયણે, કિંહા થકી રે જોતો ॥૧૪॥ આજ નયન પાવન થયાં રે, વદનમેં અમૃતબિંદુ રે પીધું; ચોરીને કન્યાએ માહરૂં, મનડું રે લીધું ॥૧૫॥ એહવે રૂપે બાલિકા રે, કિમ ઘડી શકચો કિરતાર રે સાથે; એહવી રે લિપી રૂડી બેઠી, કયાં થકી રે હાથે ? ॥૧૬॥ ચિંતવતો એમ ભૂપતિ રે, ઊભો સમીપે આય રે છાનો; સાંભળતો ચિત્ત આણી, ગીત થઈ એકતાનો ॥૧૭॥ મોહનવિજયે રંગથી રે, ભાખી ત્રીજી ઢાળ રે મીઠી; કહિયે છે સુકથા જેહવી, શાસ્ત્ર માંહે દીઠી ॥૧૮॥

॥ દોહા ॥

એ હવે થાકી બાલિકા, રમત કરીને તામ;
ખેદ ખિન્ન હુઈ થકી, બેઠી સહુ એક ઠામ. ॥૧॥
માનવતી ધનદત્તધૂયા, નિવસી કુમરી મજ્જ;
સોહે એહવી સીલ જેમ, વીટચો હુંતો લજ્જ. ॥૨॥
રોહિણિના તારક પરે, સોહે કન્યા પંચ;
માંડે અંતરગત તણી, વાતો તજી ખલ ખંચ. ॥૩॥

---

૧ રાત્રી. ૨ ચર્યા જોવા હેજ હું તો •

[1]નૃપ જોતા હરણીપરેં, ઊભો નિસુણે વાત;
વાતો જે થાયે ઈહાં, મૂકી સુણો વ્યાઘાત. ॥૪॥

## ॥ ઢાળ ૪ થી ॥

નદી યમુના રે તીર ઊડે દોય પંખીયા–એ દેશી.

માનવતી ભણી તામ વદે ચઉ બાલિકા, રે રે સાંભળ પ્રાણતણી પ્રતિપાલિકા; રમત માંહે આજ વિલંબ ન કીજીયેં, ખેલી ખેલ અશેષ કે લાહો લીજીયેં ॥૧॥ થોડા માંહિ કાજ ઘણું ન બગાડીયે, થોડી રહી છે રેણ રમીને ગમાડિયે; એ મેળો એ રાત જાએ સોહણા જિસી, ઉઠો ઊતર્યો થાક કે ઢીલ કરો કિસી ॥૨॥ જાય છે આજની રાત તે કોડિ ટકા સમી, ભોળી થાય અસુર ગૃહે પહોંચો રમી; લટકા ચટકામાંહે જે કોઈ ન માણશે, તો બાળા પણ એહ પછી શું જાણસે? ॥૩॥ ઇમ કહે વારંવાર સખી આદર ઘણે, માનવતી તવ તાસ ઈસ્યા વાયક ભણે; રે સહીઓ! કેમ આજ કરો હઠ એવડો, સહુએ થઇ એક રાગ પુઠે મુઝ કાં પડો? ॥૪॥ ફોગટ ભોગવે કોણ બાઇ ઉજાગરો, થોડા માંહે સવાદ હવે તો મયા કરો; વળી ઈંહા રમત કાલે રમશું નવનવી, [2]હરણી ઢળી આકાશ કે વેળા બહુ હવી ॥૫॥ ગીતતણા ભણકારા જો શ્રવણે વાગશે, સૂતા લોક સવે ઇહાં ઝબકી જાગશે; અતિ કલેશે જે અર્થ કરે શો ફાયદો? આવજો કાલ ઇહાંય કે આપણો વાયદો ॥૬॥ માનવતી ભણી તામ ચારે ચતુરા કહે, હે બહેની! અમ

---

૧ નૃપ પશ્યતહેર પરે × ૨ મૃગશરનક્ષત્ર.

વાત તેં શું તો નવી લહે; કાલ અમારા તાત ઉત્સવ મંડાવશે, ચારેને વર ચાર ભલા પરણાવશે ॥૭॥ પરણ્યા પછી તો હોંશે રહેવું સાસરે, અહર્નિશ બે કર જોડી પીયુને આશરે; સાસુ સસરો જેઠ નણંદ શિરે, તેહની લાજ અતીવ કરેવી બહુ પરે ॥૮॥ કરવું ઘરનું કામ અહોનિશ ચડવડી, નહી પરવાર લગાર રહે એક ઘડી; ચાલવું મન અનુજાઇ સહુ શું સુંદરી, પરણે ભૂચરી ખેચરી કોણ પુરંદરી ॥૯॥ બાળપણાના મિત્રતણો અલજો સહી, નીગમવો જનમારો ખુણે બેસી રહી; ઘુઘંટના પટમાંહે સદા મુખ રાખવું, હળવે હળવે કંઠથી વાચક ભાખવું ॥૧૦॥ નજરથી એમ ખિણમાત્ર ન મૂકે પીઉડો, જેમ ગ્રહી ઘાલ્યો પંજરમાં શુક જીવડો; તે માટે સખી આજ રમો હુંભર ભરી, માની લ્યો મનુહાર ઘણે આદર કરી ॥૧૧॥ પછી એમ મળીને ક્યારે રમશું વાલહી, ગળિયા વૃષભતણી પરે બેસી તું કાં રહી ?; તાહરાં સલુણાં બોલ તે તો નવિ વીસરે, તુજથી રહેવું દૂર રખે પ્રભુ તે કરે ॥૧૨॥ ચોથી ઢાળ રસાળ એ કાન જગાવતી, મોહનવિજયે રંગે કહી મન ભાવતી; નિસુણી શ્રોતા લોક હૃદય સુખ પામશે, સાંભળજો હવે માનવતી જે બોલશે ॥૧૩॥

॥ દોહા ॥

માનવતી સહીઓ પ્રતે, મધુરે વચન વદંત;
રે રે સુગુણ સાહેલિયો, પરણ્યા કીધા કંત. ॥૧॥

રહેશો[1] જઇને સાસરે, વહુવારૂ થઇ સાર;
પિયુથી રહેશો બીહતા, તો ધિગ તુમ અવતાર. ॥૨॥
જો પ્રીતમ વશ કીજીયે, તો પરણ્યું પરમાણ;
નહિં તો જેમ કુત્રી કૂકશે, ભરવું પેટ અજાણ. ॥૩॥
ગુણવંતીની આંગળે, શ્યો બળ દાખે નાથ?;
તેમ વળે જેમ વાળિયે, વૃષભ તણી જેમ નાથ. ॥૪॥
સુભગા નારીચરિત્રનો, કોઇ ન પાર્યો પાર;
કોટિ કોટિ યુગ પચ રહે, પોતે સરજણહાર. ॥૫॥

यतः—जलमज्झे मच्छ पयं, आगासे पंखियाण पयपंती
जाणंति बुद्धिमंता, महिलाचरियं न जाणंति ॥६॥

## ॥ ઢાળ ૫ મી ॥

પર્વ પજુસણ આવીયાં રે લાલ એ...દેશી.

માનવતીનાં સુણી બોલડાં હો લાલ, ચતુરાં અમકી ચાર રે સાહેલી; ઓલંભા દેવા ભણી હો લાલ, એમ કહે થઈ હુસિયાર રે સાહેલી ॥૧॥ મોટા બોલ ન બોલીયે હો લાલ, નાના મુખથી એમ રે સા૦; બોલીયે એહવું વરે પડે હો લાલ, કહે અણુઘટતું કેમ રે? સા૦ મોટા૦ ॥૨॥ નારીનો નર આગળે હો લાલ, સ્યો આશરો કહેવાય રે? સા૦; કોડિ ટકાની મોઝડી હો લાલ, તો પણ પહેરવી પાય રે સા૦ મોટા૦ ॥૩॥ કૃષ્ણાગરૂ ઘણું રૂઅડો હો લાલ, પણ પાવકમાં બળાય રે સા૦; [1]તટની ઘણું વિષમી હુએ હો લાલ, પણ સાયરમાં સમાય રે સા૦ મોટા૦ ॥૪॥ વિષધર હુએ ઘણો વાંકડો હો લાલ, બિલમાં સીધો

૧ નદી.

હોય રે સા૦; એમ ઉખાણા છે ઘણાં હો લાલ, પાર ન પામે કોય રે સા૦ મોટા૦ ॥૫॥ પીયૂ કેમ જાયે છેતર્યો હો લાલ, અમે તો અબળા બાળ રે સા૦; દીઠે મારગ સંચરે હો લાલ, પીછે પાય પખાળ રે સા૦ મોટા ॥૬॥ કંતનું ગાયું ગાયશું હો લાલ, અમચું કામણ એહ રે સા૦; કે વળી વાતે રીજવું હો લાલ, કે કરી નવલો નેહ રે સા૦ મોટા૦ ॥૭॥ કે ભોજન જુગતે કરી હો લાલ, કે વળી સજી શણગાર રે સા૦; કે વળી ગીત આને કરી હો લાલ, કરશું મુદિત ભરતાર રે સા૦ મોટા૦ ॥૮॥ ચાલિયે કેમ પ્રાણેશથી હો લાલ, થઈ ઉપરાંઠા છેક રે સા૦; કપટે રમીયે તેહથી હો લાલ, તો દુહવાયે પ્રભુ એક રે સા૦ મોટા૦ ॥૯॥ પાલવ બાંધ્યો જેહથી હો લાલ, તેહથી કેમ હુવે કુડ રે? સા૦; ગરૂડ આગળ લઘું ચડકલી હો લાલ, કિંહા લગે જાયે ઉડ રે? સા૦ મોટા૦ ॥૧૦॥ ત્રટકી માનવતી તિહાં હો લાલ, બોલી ભૃકુટી ચડાય રે સા૦; રહો રે બાઈ અણબોલીયું હો લાલ, શી કરો વાત બનાય રે સા૦ મોટા૦ ॥૧૧॥ નારીયું કામણગારીઉં હો લાલ, નર બાપડા કુણ માત્ર રે? સા૦; નારીએ કેઇને છેતર્યા હો લાલ, શું તમે નવિ સુણી વાત રે? સા૦ મોટા૦ ॥૧૨॥ ઉમયા ઇશ નચાવીયો હો લાલ, વળી અહલ્યાએ સુરેશ રે સા૦; અપચ્છરાએ રૂષિ ભોળવ્યો હો લાલ, ગોપીએ વળી ગોપેશ રે સા૦ મોટા૦ ॥૧૩॥ યુવતી જોરાવર જો [illegible] હો લાલ, વાલમ થઈ રહે દાસ રે સા૦;

પીયુને વશ નારી થઈ હો લાલ, જનમ અલેખે તાસ રે સા૦ મોટા૦ ॥૧૪॥ મોહનવિજયે રંગશું, હો લાલ, પભણી પાંચમી ઢાળ રે સા૦; જે જે માનવતી કહે હો લાલ, તે સાંભળે ભૂપાળ રે સા૦ મોટા૦ ॥૧૫॥

॥ દોહા ॥

સહીયું માનવતી ભણી, કહે આદ તૂં પરણશ;
ત્યારે વશ કરજે પિયુ, કેમ [૧]ભોળી રાખેશ? ॥૧॥

વળતું માનવતી કહે, જ્યારે પરણીશ કંત;
એતીવિધ ત્યારે કરીશ, તે નિસુણો ઉદંત. ॥૨॥

પીશે ચરણોદક પીયું, જમશે એઠું અન્ન;
સહેશે [૨]ઠુંબા મસ્તકે, કરશે કોડિ જતન્ન. ॥૩॥

[૩]ધરશે કર પદ મુજ તણો, કમ વશ કરશું તાસ;
જો એ સઘળાં હું કરૂં, તો કહેજો શાબાશ. ॥૪॥

ચારે કહે હારી અમે, તુજથી સાચું માન;
એમ કહી ઉઠી ગૃહ ભણી, પાંચે રૂપ નિધાન. ॥૫॥

॥ ઢાળ ૬ ઠી ॥

પ્રણમી પાર્શ્વ જિનેશ્વર પ્રેમશું એ... દેશી.

ધરણીધર તવ ધ્રુજયો સાંભળી, માનવતીના રે બોલ ચતુરનર; કેમ એ બાળા એમ બોલી ગઈ? એહવા વયણ નિટોલ....ચતુ૦ ॥૧॥ સાંભળજ્યો હવે કૌતુકની કથા, ચૂપ કરી ચિત લાય ચતુ૦; જો જો લખિત લેખ ન મટે કદા, કરે જો કોડિ ઉપાય ચતુ૦ સાંભ૦ ॥૨॥ રૂપે રૂડી પણ કૂડી [૪]હિએ, ન્હાની પણ વિષકંદ ચતુ૦; અમૃતરૂપે વિષ દીસે અછે,

૧ નિસુણો છે મહીપાલ રે * ૨ ભોળવી * ૩ ધરશે કર મુજ પદતલે * ૪ અતિહીએ *

જુઓ એહના રે છંદ ચતુ૦ સાંભ૦ ॥૩॥ હોંશ તો મનમાં ધાર્યું રાખે અતિ, મોટી મેરૂ સમાન ચ૦; હજી એ બાળા ઉછરે છે હવે, નિકળ હુઇ બિંદુ પાન ચ૦ સાં૦ ॥૪॥ આવે છે ક્ષીણ હજી પયપાનનાં, ઘાલે છે નભ બાથ એ સહુ; વાંછે સાયર તરવો ભુજે કરી, અચરિજ એ જગનાથ ચ૦ સાં૦ ॥૫॥ એ કિમ પીયુને પાય લગાડશે?, તડકી બોલી રે એહ ચ૦; મેં તો પાંચમાં રૂડી ગણી હતી, રૂપવતી ગુણ ગેહ ચ૦ સાં૦ ॥૬॥ પણ એ રૂપ દેખી નવિ રાચીયે, અધિકો ગુણ સુપ્રમાણ ચ૦; વખત પડે કાંઇ કામ આવે નહિં, [1]ગુણ વિણ [2]લાલ [3]કબાણ ચ૦ સાં૦ ॥૭॥ દીધી ખોડ એકેકી રતનમેં, દૈવે થઇ નિઃશંક ચ૦; ખારો પયોધિ, [4]તરણી કર્યો આકરો, શશિને દીધ કલંક ચ૦ સાં૦ ॥૮॥ તિમ એ ઘણું બીજે ગુણે ભરી, પણ અવગુણ એક એહ ચ૦; બાંગડ બોલી ને ધીઠી ઘણી, નિગુણી ને નિસનેહ ચ૦ સાં૦ ॥૯॥ એહ છે પુત્રી કેહની કિહાં રહે, જોઉં એહનું રે ગેહ ચ૦; છળ બળ કળ કરી સાહમું છેતરી, પરણું કન્યા રે એહ ચ૦ સાં ॥૧૦॥ પછી એ મુજને જોઉં વશ કેમ કરે? કેમ ધોવરાવશે પાય? ચ૦; એ તો સહી મેં પારખું પેખવું, પાડું ખોટી તો હું રાય ચ૦ સાં૦ ॥૧૧॥ રાજા માનવતીને પૂઠલે, ક્રોધથી ચાલ્યો રે જાય ચ૦; કુવચન હોય સહુને અળખામણું, સુવચન સહુને સોહાય ચ૦ સાં૦ ॥૧૨॥ મંદિર પહોંચી નૃપ દીઠો નહીં, પોઢી સેજે રે તેહ કરિ [5]અહિનાણી તાંબુલ પીકતણી, રાયે ધાર્યો રે

૧ દોરો. ૨ બાણ. ૩ કમાન ૪ સૂર્ય. ૫ એંધાણી.

ગેહ ચં૦ સાં૦ ॥૧૩॥ ચંપક પાદપ ઘરને આંગણે, કુસુમ કુરંભ સુવાસ રસાલ; એહ એંધાણી ધારીને વળ્યો, આવ્યો ભૂપ આવાસ. ચં૦ સાં૦ ॥૧૪॥ સુખભર સેજે નૃપ જઈ પોઢિયો, ભાખી છઠ્ઠી એ ઢાળ ચં૦; મોહન વિજય કહે તમે સાંભળો, આગળ વાત રસાળ ચં૦ સાં૦ ॥૧૫॥

॥ દોહા ॥

નયણે નાવે નિંદડી, ચટપટી નૃપને ચિત્ત;
ક્ષણ ક્ષણ હૈયે સાંભરે, માનવતીનું ચરિત્ત. ॥૧॥
આતુર હુવો પરણવા, ચતુર મહીપ તિવાર;
રયણી વિહાણી [1]પ્રાહ થયો, વરત્યો જયકાર. ॥૨॥
અરૂણોદય અંબર થયો, ભૂતળ થયો પ્રકાશ;
ભાનુ વળગ્યા વાછરૂ, કૈરવ કીધ વિકાસ. ॥૩॥
સિંહાસન બેઠા નરપતિ, ચામર છત્ર ધરંત;
ખલક મલક ખિજમત કરે, ભાટ બિરૂદ બોલંત. ॥૪॥
ભૂપતિ તેડી સચિવને, દીધું આદર માન;
ભાખે વાતો રાતની, હેજે બોલી તામ. ॥૫॥

## ॥ ઢાળ ૭ મી ॥

કરમ પરીક્ષા કરણ કુમર ચઢ્યો રે એ દેશી

રયણીએ આજ નગરમાં એકલો રે, હું ગયો ચર્ચા હેત; કન્યા પાંચ મેં દીઠી ક્રીડતી રે, અભિનવ [2]વિદ્રુમ ખેત રાજન૦ ॥૧॥ રાજન ભાખે સચિવને વાતડી રે, જે જે [3]દીઠી રેણ; મંત્રી પણ તે મન માંહે ધરે રે, થઇને નૃપનો સેણ રાજન૦ ॥૨॥ કન્યા એક

૧. પ્રભાત. ૨ પરવાળા. ૩ રાત્રિ.

ધુતારી પાંચમાં રે, કડુવચ બોલી રે તેહ; વૃશ્ચિક વિષથી તે ઘણું આકરી રે, શું કહું ઘણું બુદ્ધિગેહ રે. રા૦ ॥૩॥ કહ્યું તેણે પીયુથી પાય લગાડશું રે, મુંડે ઘડશું રે શીશ; એહવા વાક્ય બોલતી બોલડાં રે, કેમ કરી વાળું રીસ ? રા૦ ॥૪॥ એહવા વચનને સુણીને મુઝને રે, પરણ્યાની થઈ હુંસ; સેજે સુતા નીંદ આવી નહી રે, મુઝને તાહરો સુંસ રા૦ ॥૫॥ તે માટે તું પુછત પાધરો રે, પહોંચજે તસ આગાર; [૧]પીક અહિનાંણી પ્રીતિ જોઈને રે, વળી ચુંપકતરૂ દ્વાર રા૦ ॥૬॥ જેમ તેમ કરીને તેહના તાતને રે, ભોળવી કરજે હાથ; કહેજે તાહરી પુત્રી યાચવા રે, મૂકયો છે મહીનાથ રા૦ ॥૭॥ કરજે પ્રણિપતિ તું માહરી વતી રે, માનીશ તાહરો પાડ; જીવિત સુધી ગુણ નહીં વિસરૂં રે, પાળીશ રૂડા લાડ રા૦ ॥૮॥ એ કન્યાથી વેધ છે વયણનો રે, અવર ન બીજો કોય; જો એ પરણું તાહરી બુદ્ધિથી રે, તો મુઝને સુખ હોય રા૦ ॥૯॥ વચન સુણીને મહિપતિનાં ઇસ્યાં રે, બોલ્યો અમાત્ય તે વાર; એ કન્યાનો કેહો આશરો રે, અવનીપતિ અવધાર રા૦ ॥૧૦॥ મણિધર સાથે નાચે દેડકી રે, તે ગારૂડીને પ્રસાદ; [*]ઇશને ઉપર કરીને બેઠીયો રે, સિંહ થકી કરે નાદ રા૦ ॥૧૧॥ એ તો મુજથી કારજ સહેલ છે રે, કરીશ હું દાય ઉપાય; હો તો લાવું હરિની પુરંદરી રે, કરીને તુમ પસાય રા૦ ॥૧૨॥ તિમ હું પણ ઉપરથી તાહરો રે, શું ન [illegible] શકું કાજ ?; તો હું સાચો સેવક રાઉલો

---

૧. [illegible] ૩. વેર * [illegible] શકર

કે, જો પરણાવું એહને રે, સા૦ ॥૧૩॥ ઇમ મહિપતિને દેઈ ધીરજ ઘણી રે, ઉઠ્યો તામ પ્રધાન; નગર સંચર્યો મંદિર પેખતો રે, આણી મન અભિમાન સા૦ ॥૧૪॥ મોહનવિજયે ભાખી સાતમી રે, સુંદર ઢાળ એ જોય; બીજી એહથી આગળ વાતડી રે, સાંભળજો સહુ કોય સા૦ ॥૧૫॥

॥ દોહો ॥

શેરી શેરી [1]ઢુંઢતો, [2]પીકાંકિત આવાસ;
જાણે મૃગ કસ્તૂરીયો, હિંડે લેતો વાસ. ॥૧॥
મૂકે એક મંદિર સચિવ, પેસે બીજે [3]ઓક;
[4]ગુણ [5]મોતાહલની પરે, પામે વિસ્મય લોક. ॥૨॥
ઇમ ભમતાં દીઠો તિહાં, ચંપકતરૂ સઠાંહિ;
અહિનાણી સઘળી મળી, હરખ્યો ઘણું મન માંહિ. ॥૩॥
કહ્યાથકી અધિપતિ તણે, હું જોવતો ગેહ;
તે અનુમાને માનતા, નિશ્ચય મંદિર એહ. ॥૪॥
પેઠો ગૃહમેં ધસમસી, દાસ સહિત શુચિ અંગ;
જેમ પ્રતિબિંબે [6]મુકુરમે, આનન ભૂષણ સંગ. ॥૫॥

## ॥ ઢાળ ૮ મી ॥

એક દિન પુંડરીક ગણધરૂં રે લાલ એ... દેશી

ધનદત્ત દીઠો આવતો રે લાલ, નિજઘરમાંહે પ્રધાન રે--રંગીલા; ચલચિત અતિ હુઓ તદા રે લાલ, જેમ હાથીનો કાન રે--રંગીલા પ્રાયે૦ ॥૧॥ પ્રાયે સુંહાળો વાણિયો રે લાલ, બોબડું બોલણહાર રે--રંગીલા;

૧ ખોળતો. ૨ તાંબૂલની પિચકારા. ૩ ઘર. ૪ દોરો. ૫ મુક્તાફળ. ૬ આરિસો.

વાતો સો ગરણે ગળે હો લાલ, ડાહ્યો જેહ વ્યાપાર રે–રંગીલા પ્રાયે૦ ॥૨॥ [1]ધવ ધવ ઉઠયો ધ્રૂજતો હો લાલ, ખડ ખડ હસતો [2]આળ રે--રંગીલા; પડતી ધોતી પહેરતો હો લાલ, છેડો હાથ વિચાળ રે--રંગીલા; પ્રાયે૦ ॥૩॥ ચિંતવતો મનમા ઇસ્યું હો લાલ, કેમ સચિવ મુઝ ગેહ રે ?--રં૦; ડોસીને ઘરે વાઘલો હો લાલ, કેમ સમાયે એહ રે ?--રં૦ પ્રાયે૦ ॥૪॥ હું વ્યાપારી વાણિઓ હો લાલ, એ તો નૃપનો અંગ રે--રં૦; ધાઇને જાઇ મલ્યો હો લાલ, [3]કારમો કરી ઉછરંગ રે--રં૦ પ્રાયે૦ ॥૫॥ દીધું અમાત્યને બેસણું હો લાલ, ભક્તિ યુક્તિ કરી કોડ રે--રંગીલા; તાંબૂલાદિ આગે ધર્યાં હો લાલ, ઊભો બે કર જોડ રે--રંગીલાં. પ્રાયે૦ ॥૬॥ કહો કેમ સ્વામી કૃપા કરી હો લાલ, મુઝ ઉપર ધરી પ્રેમ રે--રં૦; આજ કૃતારથ હું થયો હો લાલ, પ્રગટી મુઝ ઘર ગંગ રે--રં૦ પ્રાયે૦ ॥૭॥ કોણ પ્રયોગે પધારીયા રે લાલ, કહો મુઝ લાયક કામ રે--રં૦; હું પદરજ છું રાવલો રે લાલ, પામ્યો ઘણો આનંદ રે--રં૦ પ્રાયે૦ ॥૮॥ ફરમાવો કોઇ ચાકરી હો લાલ, તે કરૂં શિરને જોર રે--રં૦ માંડી સાકર ઘોળવા હો લાલ, મુખથી કરી નિહોર રે--રં૦ પ્રાયે૦ ॥૯॥ વચન સુણી ધનદત્તનાં હો લાલ, રંજયો પ્રધાન વિશેષ રે--રં૦; અતિહિ આગત સ્વાગતા હો લાલ, વળી નિપુણાઇ પેખ રે--રં૦ પ્રાયે૦ ॥૧૦॥ સચિવ કહે મળવા ભણી હો લાલ, આવ્યા છું અમે આજ

૧ જલ્દી જલ્દી ૨ ખોટું. ૩ ખોટા.

રે--રં૦; તુમે સજ્જન છો શેઠજી હો લાલ; તુમ ભણિ રૂડાં કામ રે--રં૦ પ્રાયે૦ ॥૧૧॥ નૃપ બહુ તુમ ઉપર કૃપા હો લાલ, રાખે છે નિશદીશ રે--રં૦; જેહવા સાંભળ્યા તેહવા હો લાલ, દીઠા અમે સુજગીશ રે--રં૦ પ્રાયે૦ ॥૧૨॥ માંડી માંહોમાંહે વાતડી હો લાલ, પૂછે સચિવજી વાત રે--રં૦; કહો વ્યાપાર કિસ્યો હો લાલ, કેતા તુમે અંગજાત ? રે--રં૦ પ્રાયે૦ ॥૧૩॥ શેઠ કહે પ્રવહણ તણો હો લાલ, છે વ્યાપાર કૃપાળ રે--રં૦; પુત્રી અછે એક માહરે હો લાલ, માનવતી સુકુમાળ રે--રં૦ પ્રાયે૦ ॥૧૪॥ સાંભળજો શ્રોતાજનો હો લાલ, આગળ વાત રસાળ રે--રં૦; મોહનવિજયે *રૂઅડી હો લાલ, ભાખી આઠમી ઢાળ રે--રં૦ પ્રાયે૦ ॥૧૫॥

॥ દોહા ॥

કહે પ્રધાન ધનદત્તને, તે પુત્રી છે ક્યાંહિ ?;
નયણે તેહને નિરખિયે, તેડાવો તુમે આંહિ. ॥૧॥
શેઠ કહે તે બાળિકા, ગઈ અછે સુણો દેવ;
ભણવા અધ્યાપક ગૃહે, જમવા આવશે હેવ. ॥૨॥
કહો શાસ્ત્ર ભણે અછે, તુમ પુત્રી ગુણવંત;
જૈન ધર્મ અમ શ્રાદ્ધનો, સાધુ સમીપ ભણંત. ॥૩॥
કહે પ્રધાન તુમ ધર્મનો, સમજાવો મુઝ મર્મ;
શ્રવણ દઈને સાંભળો, પામીજે સુખશર્મ. ॥૪॥
ધનદત્ત કહે સુણ સાહિબા, શ્રાદ્ધધર્મનું મૂળ;
જેહવું ગુરૂમુખ સાંભળ્યું, નિસુણો થઈ અનુકૂળ. ॥૫॥

* રંગરયું *

## ॥ ઢાળ ૯ મી ॥

તે તરિયા ભાઈ તે તરિયા એ...દેશી

જીવદયા ગુણ ધર્મ અમારો, દુહવું નહીં અમે કોઇને રે; [1]મજ્જન પ્રમુખે જળ વાવરીયેં, ભૂતલ જંતુ જોઇને રે. જીવ૦ ॥૧॥ મંત્ર નવકાર જપીજે અહર્નિશ, ભાવે મન દૃઢ રાખી રે; એહથી કેઇ નર [2]સમૃદ્ધ બન્યા, શાસ્ત્ર અછે કેઈ સાખી રે જીવ૦ ॥૨॥ તરણ તારણ જિમ પંચમ નાણી, કરિયેં તસપદ સેવા રે; કર્મસુભટને દૂર કરવા, શિવપદના સુખ લેવા રે જી૦ ॥૩॥ જયકોહ જીયમાન મહામુનિ, તેહના મુખની વાણી રે; દાનાદિક અધિકારે ભાવિ, તે સુણિયેં હિત આણી રે જી૦ ॥૪॥ શાસ્ત્ર જિનાલય જિનની મૂરતિ, સંઘ ચતુર્વિધ ભવ્ય રે; એ સાતે ક્ષેત્રે વાવરિયે, શક્તિ યથોચિત દ્રવ્ય રે જી૦ ॥૫॥ વ્રત પચખાણ પોસહ પડિક્રમણું, વિધિપૂર્વકથી કરિયે રે; એ સંસાર અસાર નિહાળી, વિનયાભ્યાસ અનુસરિયે રે જી૦ ॥૬॥ પૃથિવ્યાદિકનો જે આરંભ, થોડો ભાર તે લીજે રે; પૂરો આરંભ નિવારી ન શકીયે, તો પણ થોડું કીજે જી૦ ॥૭॥ જેવો જીવ પોતાનો તેવો—પરનો પણ જાણીજે રે; દ્વાદશવ્રત ધારક કહેવાઉં, પરનિંદા નવિ કીજે રે જી૦ ॥૮॥ મિથ્યામતિને તો નવિ માનું, ગોગાદિ નવિ પૂજું રે; કોઈ જીવને વધ બંધન કરતાં, દેખીને અમે ધ્રૂજું રે જી૦ ॥૯॥ ભેદ ગહન જિન ધર્મ તણા જે, નાણી વિણ કુણ જાણે રે ?; તત્ત્વજ્ઞાન વિણ

૧ સ્નાન. ૨ સંપદ પામ્યા *

નિજ નિજ મતને, અજ્ઞાને બહુ તાણે રે ॥૧૦॥ અંધ-પુરૂષ જેમ ગજને પેખે, અવયવ ગજને પ્રમાણે રે; દૃષ્ટિવંત ગજ પૂરણ દેખે, તિમ નય ભેદ વખાણે રે જી૦ ॥૧૧॥ એવા વચન ધનદત્તનાં નિસુણી, પ્રમુદિત હુઓ પ્રધાન રે; વાહ વાહ ભાઈ ધર્મ તમારો, પાવન કીધા કાન રે જી૦ ॥૧૨॥ એહવે રમઝમ કરતી આવી, માનવતી મનરંગે રે; વિનય સહિત પ્રણિપાત કરીને, બેઠી તાત ઉત્સંગે રે જી૦ ॥૧૩॥ લાવણ્યતા સુંદર દેખીને, નૃપ સેવક એમ જાણે રે; ન્યાયે એ કુમરીની ઉપર, નૃપતિ એકંગો તાણે રે જી૦ ॥૧૪॥ એ કુમરી નૃપને પરણાવીશ, ચિંતવ્યું છે જો કૃપાળ રે; મોહ-નવિજયે હેજે ભાખી, નવમી ઢાળ રસાળ રે જી૦ ॥૧૫॥

॥ દોહા ॥

ચકિત ચિત્ત હુઓ સાચવ, રૂપ નિહાળી જેહ;
શું શશિમુખ દીસે સહી, મુખ પ્રતિછાયા એહ. ॥૧॥
કોટિ વિરંચી જો લખે, એહ લિખ તો ન લખાય;
રચિત રચાણો રૂપ એ, જેમ ભ્રમરાક્ષર ન્યાય. ॥૨॥
સચિવ કહે તવ શેઠને, રસનાં વચન અમોલ;
જો માનો માહરૂં કહ્યું, તો ભાખું એક બોલ. ॥૩॥
કહિએ ને માનો નહી, તો કહેવું તે આલિ;
કચરામાં નાખે કવણ, મૂરખ કંચન જાલિ. ॥૪॥
શેઠ કહે ભાખો પ્રભુ, જે મુજ લાયક કામ;
હું છું રાજનો ટેલીઓ, તુમે સ્વામી અભિરામ. ॥૫॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

કેસર વરણો હો કાઢ કસુંબો મારા લાલ એ...દેશી.

શેઠ પયંપે હો સચિવને આગે! મારા લાલ, કહેતાં તુમને હો દામ શું લાગે ? મારા૦; ભાખ્યાં પહેલાં હો ઇમ કાં વિચારો? મારા૦, મોજાં પાણી હો વિણ કાં ઉતારો? મારા૦ ॥૧॥ એહવું કયાંથી હો ભાગ્ય અમારૂં ? મારા૦, કીજે સાહિબ હો કામ તમારૂં મારા૦; જે ¹તમે કહેશો હો તે અમે કરશું મારા૦, વગર કહ્યેથી હો માયે ન પીરસ્યું મારા૦ ॥૨॥ એમ અતિ આદર હો શેઠનો જાણી મારા૦, સચિવ તે વારે હો બોલ્યો વાણી મારા૦; એ છે વિનતિ હો સુભગ અમારી મારા૦, ભૂપતિ ચાહે હો પુત્રી તમારી મારા૦ ॥૩॥ આવ્યો છું કહેવા હો તે હું તમને મારા૦, રાજી કરીને હો શીખ દ્યો અમને મારા૦; રાજન સરિખો હો હોશે જમાઇ મારા૦, ઇભ્ય તમારી હો પૂરણ કમાઇ મારા૦ ॥૪॥ પુત્રી તુમચી હો હોશે સોહીલી મારા૦, કોઈ વાતે હો નહિં થાય દોહીલી મારા૦; અવસર આવો હો ફરી નહિં આવે મારા૦, ગાન પ્રમાણે હો ગાવણ ગાવે મારા૦ ॥૫॥ જેવો વાયરો હો એહવો લીજે મારા૦, પણ નૃપ સેંતી હો હઠ નવિ કીજે મારા૦; કારજ તતક્ષણ હો કીજે વિચારી મારા૦, કંબળ ભીજે હો તેમ થાય ભારી મારા૦ ॥૬॥ ખોલી મનડું હો કહો હુંકારો મારા૦, નહિંતર એ છે હો નૃપતિ અટારો મારા૦; થરકયો ધનદત્ત હો નિસુણી

---

૧ કાંઈ *

વાણી મારા૦, સચિવને ભાખે હો કાં કહો તાણી ? મારા૦ ॥૭॥ નૃપથી અળગો હો હું છું કેવારે ? મારા૦, પુત્રી છે હાજર હો કહેશો જે વારે મારા૦; જે દિન હોવે હો તે દિન રાજા મારા૦, આવે આંગણ હો વધતે દીવાજા મારા૦ ॥૮॥ આશરો કેહો હો પુત્રી કેરો ? મારા૦, બીજો કોઈક હો કાજ ઉવેરો મારા૦; વસ્તુ કેહી હો નૃપને ન ઘટે ? મારા૦, તે શ્યાં ફુલડાં હો શિવને ન ચઢે મારા૦ ? ॥૯॥ જાઓ પધારો હો નૃપને ભાખો મારા૦, લગન લેવાડો હો મુહૂર્ત દાખો મારા૦; ચોકસ કીધી હો સચિવે સગાઈ મારા૦, ઊઠી નૃપને હો દીધી વધાઇ મારા૦ ॥૧૦॥ રંજ્યો મહિપતિ હો કૈતવગેહી મારા૦, ખટકે ચિત્તમાં હો વાયક તેહી મારા૦; [1]તેડ્યો પંડિત હો લગન નિહાળી મારા૦, કરશું રાજી હો આ છે તાળી મારા૦ ॥૧૧॥ કીધું ભાખો હો પંડિત જોઈ મારા; નીમી આપો હો સુલગન કોઇ મારા૦; ખોલે પુસ્તક હો લાલચ વાહ્યા મારા૦, જોતિષ કેરા હો પુસ્તક સાહ્યા મારા૦ ॥૧૨॥ દૂષણ વિહુણો હો લગન તે લીધો મારા૦, ભૂપે તેહને હો અતિ ધન દીધો મારા૦; અતિ સનમાની હો ગૃહે પહોંચાવ્યા મારા૦, પાસા ઢળિયાં હો નૃપ મન ભાવ્યા મારા૦ ॥૧૩॥ હર્ષ પયોધિ હો હૃદયે ન માવે મારા૦, ઉત્સવ મહોત્સવ હો ભૂરિ ઉપાવે મારા૦; પણ કોઈ નૃપનું હો ગુહ્ય ન જાણે મારા, સહુ કો સાચું હો

૧ તેડયો જોસી હો પંડિત જોઈ, દેખી ભાખો હો સુલગન જોઈ મારા૦ ॥૧૧॥ નેડો લેજ્યો હો લગન નિહાલી, કરીશ રાજી હો આ છે તાલી ॥ મારા૦ ॥ ખોલે……*

કરીને પ્રમાણે મારા૦ ॥૧૪॥ આગળ જો જો હો કર-મની કહાણી મારા૦, પણ તે ઢાળે હો વહેશે પાણી મારા૦; ઢાળ એ દશમી હો મન થિર રાખી મારા૦, મોહનવિજયે હો રંગે ભાખી મારા૦ ॥૧૫॥

॥ દોહા ॥

સેવક નૃપ આદેશથી, જલાસકિત કૃત ભૂમ;
શણગાર્યું પુર [1]વિવાહ પર કૃષ્ણાગરૂ કૃત ધૂમ. ॥૧॥
સમિયાણા તાણ્યા સરસ, તિમ તોરણ લટકંત;
જાણે :ઘટા ઘન ઉંનહી, કેકી નૃત્ય કરંત. ॥૨॥
મૃગમદ સોધા અગરજા, પરિમલ કરતા ભૂતિ;
ઘર ઘર ઢોલ ધમાલ અતિ, નેહ સરૂદંતા તૂરિ. ॥૩॥
કામધજીયા જાને મળ્યા, કેશરમાં ગરકાવ;
તાતા તુરી કુદાવતા, આલુંદા નરરાવ. ॥૪॥
ધનદત્તે હવે મંદિરે, માંડયો અતિ ઉછરંગ;
વહેલ સુખાસન પાલખી, શણગાર્યા શુચિ અંગ. ॥૫॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

કરડો તિહાં કોટવાલ...એ...દેશી

માનતુંગ મહીપાળ, જાન સજીને હો પરવર્યા રંગશું જી; ગુહિરા ધુરેરે નિશાણ, તાલ કંસાલ ને ભુંગળ જંગશુ જી ॥૧॥ ગજ હલકારા સોહંત, સોવન સાંગત ઘોડા [2]ધૂમરાજી; ગુડિયાં ગયણ ગુજંત, આગળ દોડે અલવે ઉંબરાજી ॥૨॥ નૃપશિર શોહે છત્ર, વળી

૧ વિવિધ પરે ૨ ધૂમતા જી *

[1]શુભપૂજિત ફબતો સેહરો જી; ચામર ઢળે ચિહું ઓર, વળી ફરહરતો વાઘો કેહરો જી ॥૩॥ લીધું શ્રીફળ હાથ, કુંકુમ તિલકે તંદુલ ભાવિયાજી; ઇમ આડંબરે રાય, ધનદત્ત શેઠને મંદિર આવિયાજી ॥૪॥ તોરણ મોતીયે વધાવ, વરકન્યાને ચોરિયે પધરાવિયાજી; રતિ મકરધ્વજ જેમ, રૂપ ઉભયનાં સહુને સોહાવિયાજી ॥૫॥ પંચામૃતનો હોમ, બ્રાહ્મણ બેઠા વેદ ચર્ચા કરે જી; વાજે મંગળ તૂર, ગાજે અંબર લોકો ગહગહે જી ॥૬॥ સોહલા સરલે સાદ, ગાવે ગોરિયા કરગલ બાંહડીજી; વર કન્યાને શીસ, ઉપર કીધી સરખી છાંહડી જી ॥૭॥ માનવતી મનમાંહિ, હરખે પીયુના મુખને નીરખતી જી; ઘુંઘટના પટમાંહિ, વારંવાર તે નયણાં ફેરતીજી ॥૮॥ છેહડા છેહડી બાંધી, ફરિયા ફેરા ચારે ચોરીમાં જી; આરોગ્યા કંસાર, [2]દંપતી મુખમાં દિયે કોળિયાજી ॥૯॥ ભોજન યુગતિ અશેષ, સહુને સંતોષી કીધાં વરણાગિયાજી; વરત્યો જયજયકાર, માનવતી ને મહિપતિ પરણિયાજી ॥૧૦॥ અર્થીજનને દેઇ દાન, સહુ સાજનનાં માન વધારિયાંજી, સુંદરી લેઇ સંગ, માનતુંગરાજા મહેલ પધારિયાજી ॥૧૧॥ પુરજન કરે પ્રસંશા, ધન્ય ધન્ય એ વરને વર્યોજી; જુગતો જોડો એહ, કિંહાથી બ્રહ્માએ પેદા કર્યોજી? ॥૧૨॥ ધનદત્ત ચિંતવે ચિત્ત, હુઇ સગાઈ ઘણું મનમાં ગમીજી; નૃપ સરિયો જામાત–છે હવે માહરે શાની કમીજી? ॥૧૩॥ ગિરૂઈ ગ્રહિયે જે બાંહિ, તો સવિ વાતો રૂડી થઇ રહે જી; આશરે નાગરવેલિ–પત્ર પલાસનો નૃપ કર જઈ

૧ કુસુમ પૂંજનો ફરતો * ૨ [illegible] જન ધ્રુજે [illegible]નની ચોરી[illegible] *

ચઢેજી? ॥૧૪॥ નીચ સરિખી ગોઠ, કિંહાં લગે શ્રીધ્રી આખર થિર રહેજી?; જેમ ઉન્મત્ત ખરનાદ, ઉંચો ઉંચો કેતોક નિવહેજી? ॥૧૫॥ મુજ પુત્રીનું ભાગ્ય, હુઇ નૃપની રૂડી અંતેઉરી જી; ઇમ ફૂલે મનમાંહિ, ભદ્રિક ધનદત્ત બેઠો ફરી ફરીજી ॥૧૬॥ પણ મહિપતિની વાત, કોઈ ડાહ્યા પણ જાણે નહિં જી; એહ અગ્યારમી ઢાળ, મોહનવિજયે ભલી ઢલકતી કહીજી ॥૧૭॥

॥ દોહા ॥

માનતુંગ મહિપતિ હવે, મંદિરમેં મન રંગ;
માનવતી માનિની સહિત, બેઠો ધરી ઉછરંગ. ॥૧॥
માનવતી નિજ મન થકી, હરખે પિયુ મુખ દેખ;
[1]દ્રમક રયણને ન્યાય પરે, વહે આશ્ચર્ય વિશેષ. ॥૨॥
કિંહા રાજા કિંહા વણિક ધુય, કિંહાથી મેળો એહ ?;
એ સાચું કે સુહણું ? લિખિત લેખ થયો તેહ. ॥૩॥
પિયુને હું ગુણ દાખવી, વશ કરી રાખીશ હાથ;
એહ સલુણી ગોઠડી, જો મેલી છે નાથ. ॥૪॥
એકણ વક્ર કટાક્ષમાં, પાડીશ પ્રેમ ને પાસ;
વેધાળું ને વેધતાં, વાર ન લાગે તાસ. ॥૫॥
એહવી મન આશા ધરે, મૃગનયણી તેણિવાર;
સાંભળજો સહુએ જના, જે કરશે કિરતાર. ॥૬॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

મુનિ પાયે ઝાંઝર રણઝણે એ...દેશી

નૃપ નયણ ન મેળે નારથી, ન કરે વળી મનોહાર

૧ ભિખારી

હો; થઈ રહ્યો ચિત્રતણી પરે, મુખે ન કરે વાત લગાર હો નૃપ૦ ॥૧॥ જેમ ફણિધર ને ગારૂડી; ખિલે મંત્ર પ્રભાવ હો; જેમ રહે બેસી કરંડમે, તિમ થઈ રહ્યો નરરાવ હો ! નૃપ૦ ॥૨॥ કોપે [1]દ્રગ વાંકી કરી, રમણીથી થયો રૂઠ હો; પ્રીતમ મન ચોરી કરી, વાળી બેઠો પૂંઠ હો ! નૃપ૦ ॥૩॥ માનવતી ચિત્ત ચિંતવે, કંત ન મેળે કાં મીટ હો; રસમાં અનરસ કાં કરે, ફેરી કાં બેઠો પૂંઠ હો ? નૃપ૦ ॥૪॥ શું કાંઇ મુઝમાં વાલહે, દીઠો અવગુણ કોય હો ?; હજી નથી મુઝશું બોલતો, સહિ ઇહાં કારણ હોય હો ? નૃપ૦ ॥૫॥ આજથી માંડયું એહવું, આગળ કેમ નિવહાય હો; પ્રથમજ કવળે મક્ષિકા, તે ભોજન કેમ ખવાય હો ? નૃપ૦ ॥૬॥ કર જોડી કહે કામિની, અહો અહો પ્રાણ આધાર હો; કેમ તમે આમણ દુમણા ?; દિસો છો કેણે પ્રકાર હો ? નૃપ૦ ॥૭॥ હું છું કનડી રાઉલી, મુઝ ઉપર શ્યો રોષ હો ?; વાડ ભખે જો ચીભડાં, તો કેહને દીજે દોષ હો નૃપ૦ ॥૮॥ આવી વળગી હું પાલવે, તે કેમ અળગી થાય હો ?; તેહને ઠેલી નાખતાં, પરમેશ્વર દુહવાય હો. નૃપ૦ ॥૯॥ બોલો નાથ મયા કરો, કહું છું બિછાવી ગોદ હો; ધીરજ હું ન ધરી શકું, ઉપજાવો આમોદ હો. નૃપ૦ ॥૧૦॥ કટક શી કીડી ઉપરે, તૃણ ઉપર સ્યો કુઠાર હો ?; સાહમું જૂઓ હો સાહિબા, જો બુદ્ધિ દિયે કિરતાર હો. નૃપ૦ ॥૧૧॥ અબળાનું બળ કેટલું ? તુમ આગળ મહારાય હો; પાયે પડું કરૂં વિનંતિ, પિયુને ઘણું શું કહેવાય

---

૧ આંખ,

હો નૃપ૦ ॥૧૨॥ વચન સુણી વનિતા તણાં, બોલશે હવે મહીપાળ હો; મોહનવિજયે સોહામણી, પભણી બારમી ઢાળ હો નૃપ૦ ॥૧૩॥

॥ દોહા ॥

માનતુંગ માનિની તણાં, વેધાળાં સુણિ વયણ;
બોલ્યો તવ હસીને તદા, [1]અરૂણ કરી દો નયણ. ॥૧॥
સાંભળને તું હે પ્રિયા, આજની એ નથી રીસ;
મેં તુઝને કપટે કરી, પરણી ધરી જગીસ. ॥૨॥
હવે ચરણોદક પાવજે, દેજે જૂઠું અન્ન;
તાહરે પાય લગાડજે, કરજે જાણ્યું મન્ન. ॥૩॥
ઓછિ કિસી મત રાખજે, પૂરજે સઘળી હુંસ;
જો મુઝને વશ નહિં કરે, તો તુઝને મુઝ [2]સૂંસ. ॥૪॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

ભવિ તુમે જો જો રે સંસારી નાતરાં રે એ...દેશી

પ્રાણજીવનનાં નિસુણી બોલડાં રે; ચમકી ચતુરા તે વાર; પીઉડે નિહેજો રે વાત એ શી કરી રે, હૈ હૈ સરજણહાર ? નાહ૦ ॥૧॥ નાહલિયો નિહેજો રે થઈ રહ્યો નારથી રે, નવિ હું મનાવ્યો રે જાય ?; મન વિણ માયા રે કેમ કરીને હુવે રે, અબળા આકુળ થાય નાહ૦ ॥૨॥ રે વિધિ ! મુઝને કંત કાં મેળવ્યો રે, નિઃસનેહી ને નિટોળ ?; આગળ નિગમશું રે દિનડાં કેણી પરે રે ? પિયુને એહવે રે બોલ નાહ૦ ॥૩॥ [3]સુરતરૂ જાણીને રે બાથ ભરી હતી રે, પણ થઈ નિવ-

૧. લાલ ૨. સોગંદ. ૩ કલ્પવૃક્ષ.

ડચો [1]બબ્બૂલ; જો જો કરમ તણી ગતી માહરી રે, વાલો થયો પ્રતિકૂળ નાહ૦ ॥૪॥ મનમાં આશા રે મેરૂ જીસી હતી ર, પીયુથી કરીશ વિલાસ; દૈવ અટારો રે દેખી નવિ શકચો રે, પયની કીધી છાસ નાહ૦ ॥૫॥ છયલ છબીલે મુઝને છેતરી રે, પરણી થઇ કઠોર; સીંચી એણે રે, કૂપક અંદરે રે, કાપવા માંડચા દોર નાહ૦ ॥૬॥ કે શું વેરણ કિણેહીક આવીને રે, એમ ભંભેર્યો કંત; એ કહું કેહને રે દુઃખની વાતડી રે, કોઈ ન દીઠો સંત નાહ૦ ॥૭॥ લાખીણો કરીને રે હું તો લેખતી રે, પામી નૃપ પ્રાણેશ; પણ ઇણ વાલે રે પહેલી જ બાજીયે રે, દેખાડયો કરી વેશ નાહ૦ ॥૮॥ રાજા મિત્ર ન હોવે કેહના રે, તે સાવ સાચી રે વાત; મુઝને એહ ભણી પરણાવતાં રે, [2]પાતરિયો મુઝ તાત નાહ૦ ॥૯॥ જો હું ધૂરથીરે એહ ગતિ જાણતી રે, તો સારતી વિણ નાહ; રહેતી કુંવારી રે પણ પરણત નહીં રે, એહવો દુસ્તર દાહ નાહ૦ ॥૧૦॥ જે યુવતિને રે સુખ નહિં સ્વામિનું રે, જીવ્યું તસ અપ્રમાણ; રાજા મુઝથી રે રૂસીને રહ્યો રે, તે હું પૂછું વિન્નાણ નાહ૦ ॥૧૧॥ કહો કાં પ્રીતમ રે મન મેળો નહિં રે, એહવો મુઝનો શો વાંક ?; ખોળે ઘાલો રે જો ગુનહો હુવે રે, ભાખો થઇને નિઃશંક નાહ૦ ॥૧૨॥ મુઝને ધુરથી રે પરહરવી હતી રે, તો મુઝ પરણ્યા રે કેમ ?; હવે તમે એહવા રે મુઝને વાલહા રે, મેંણા ઘો છો રે કેમ ? નાહ૦ ॥૧૩॥ નાહ કહે અમે જૂઠ ન જંપીએ રે, ખોટું કેમ કહેવાય ?; વચન સંભારો રે તમે કહ્યાં હતાં રે, રમતમાં

૧. બાવળ. ૨ છેતરાણો

રસ લાય નાહ૦ ॥૧૪॥ કહ્યું હતું વૃષભ તણી પરે નાથને રે, ફેરશું ઘાલી રે નાથ; તે મેં સઘળાં રે વચનો સાંભળ્યાં રે, તેહથી થયો હું નાથ નાહ૦ ॥૧૫॥ માનવતીનાં ઉઘડ્યાં કાનડાં રે, નૃપતિની સુણી રે વાત; અંતરજામી રે તુમે સાચું કહ્યું રે, શી હવે તાણાતાણ નાહ૦ ॥૧૬॥ માનવતીનાં પુણ્યતણે બળે રે, હોશે મંગળમાળ; મોહનવિજયે પભણી પ્રેમશું રે, સુંદર તેરમી ઢાળ નાહ૦ ॥૧૭॥

॥ દોહા ॥

માનવતી કહે રાયને, અહો જીવન આધાર;
રમત માંહે વયણ એ, કહ્યા હશે અવિચાર. ॥૧॥
એહવે વયણે વલ્લહા, નવિ રાખીજે રીસ;
મૂક્યો આવીને હવે, ખોળે તાહરે શીસ. ॥૨॥
વિશ્વાસી પરણી તમે, હવે દિયો છો છેહ;
એ પાતક કિહા છૂટશે ?, હૃદય વિચારો તેહ. ॥૩॥
મુઝશું કાં થોડે ગુને, નેહ વિણાસો કંત;
ગોદ બિછાવીને કહું, મત લિયો અબળા અંત. ॥૪॥
જેમ જેમ લાગું છું પગે, તિમ થાઓ છો વીર;
લોહા બળતાં ઉપરે, કિમ છાંટો છો નીર ?. ॥૫॥
તેગો રાખો મિયાનમાં, કરો વિચારી કાજ;
નહિ ચાલે નારી થકી, મૂઠ ભલ્લી વછરાજ. ॥૬॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

હાં રે લાલ શિખ સાધુની અવગણી એ... દેશી

હાં રે લાલ ! બાળાના સુણી બોલડાં, ચમક્યો

ભૂપ તે વાર રે લાલ !; જાણીયેં મૂકયો આકરાં, કેણે ખંધ ઉપર જેમ ખાર રે લાલ ! લહે૦ ॥૧॥ લાલ ! લહિણું લહિયે આપણું, એહમાં નહિં મીન ને મેષ રે લાલ!; જો મન તું જાણે વૃથા, તો તું પ્રગટ પેખે રે લાલ ! લ૦ ॥૨॥ ત્રિવલી નિલાડે આરોપીને, બોલ્યો નૃપ કડવા બોલ રે લાલ !; કહે રે કહે નર આગળે, તરૂણી તે કેટલે તોલ રે લાલ ! લ૦ ॥૩॥ નર જે ચાહે તે કરે, લીયે લંકા જેહવા કોટ રે લાલ !; સિંહ સરિખાને હણે, મયગલને કરે લોથ પોથ રે લાલ ! લ૦ ॥૪॥ દેવ દાનવ ને વશ કરે, જળ ઉપર બાંધે પાજ રે લાલ !; ગિરિવરને નર ફેરવે, વળિ ભાંજે અરિયણ રાજ રે લાલ ! લ૦ ॥૫॥ નારી દાસી નર તણી, જાણે સહુ સંસાર રે લાલ !; જો નર મૂકે હાથથી, તો નારીને કવણ આધાર રે લાલ ! લ૦ ॥૬॥ આપ ઉપાય કરી ઘણાં, નારીનું નર ભરે પેટ રે લાલ !; નારી બિચારી બાપડી, કરે ઘરનું કારજ નેઠ રે લાલ ! લ૦ ॥૭॥ પિયુથી [1]વિગાની જે પ્રિયા, તેહનું મુખ કેમ દેખાય રે લાલ!; ઘણું એ ભલી કંચન છુરી, પણ પેટમાં ન મરાય રે લાલ ! લ૦ ॥૮॥ તું જોરાવર જગમાં થઇ—દીસે છે નારી પેદાસ રે લાલ !; મુખ જો તાહરૂં બાપડી, જે પીયુને કરીશ તું દાસ રે લાલ ! લ૦ ॥૯॥ [2]નરશું [3]ન જાયો [4]ચંદ્રણે, જે રાખીશ પીયુ કરી દાસ રે લાલ !; ખોટી પાડૂં જો તુઝને, તો દેજે મુઝ શાબાશ રે લાલ ! લ૦ ॥૧૦॥ ચિંતવે માનવતી તદા, પીયુની સુણી વાતો આમ રે

૧-વિપરીત, ૨ નરે, ૩ શું નથી કર્યું ?, ૪–હે ચંદ્રમુખી !,

લાલ !; [1]પટમાં પેઠી નાથવા, હવે ઘુંઘટનો શ્યો કામ રે લાલ ? લ૦ ॥૧૧॥ બોલી પ્રિયા પ્રીતમ પ્રતે, ઇમ નિપટ ન છેડો નાર રે લાલ !; નારીચરિત્ર ને દૈવનો, કિણુહિ ન પાયો પાર રે લાલ ! લ૦ ॥૧૨॥ જે કામ હોવે નારીથી, તે નરથી નવિ થાય રે લાલ !; નર તો બિચારા મજુરિયા, નિત્ય નારી આગળ કહેવાય રે લાલ ! લ૦ ॥૧૩॥ નારી કહે જે મુખ થકી, તે કિમહી ખોટું ન થાય રે લાલ !; મયગલ દંત જે નીસર્યા, તે પાછા ન સમાય રે લાલ ! લ૦ ॥૧૪॥ નારી જાણી મુજને તમે, છોડો છો નિપટજ દાય રે લાલ !; પાય લગાડું તુમ ભણી, તો માનજો મુઝરો રાય રે લાલ ! લ૦ ॥૧૫॥ તો હું માનવતી ખરી, જો હું બોલ્યા પાળું બોલ રે લાલ !; ઓછી તમે મત રાખજો, અહો નાહ નિગુણ નિટોલરે લાલ ! લ૦ ॥૧૬॥ આગળ જે હોવે વાતડી, તે સુણજો બાળ ગોપાળ રે લાલ !; મોહનવિજયે હેજથી, ભાખી ચૌદમી ઢાળ રે લાલ ! લ૦ ॥૧૭॥

॥ દોહા ॥

[2]સુણી વચન વનિતાતણાં, મન ચિંતે મહિપાળ;
તેડાવ્યો તવ સચિવને, ભાખે વચન વિશાળ. ॥૧॥
અહુના ઉઘાડો જઈ, એકથંભો આવાસ;
સજલ સરોવર જિહા અછે, તિહા જઈ કરશું વિલાસ. ॥૨॥
અશન વસન ઘૃત ગુડ ભરો, તતક્ષણ તિણુહિજ ગેહ;
સચિવે તિમહિજ સવિ કરી, આજ્ઞા સોંપી તેહ. ॥૩॥

૧–જાહેરમાં ૨ વહેતાં વચન વનિતીતણાં, નિસુણીને મહિપાલ૦

માનવતીના કર ગ્રહી, નૃપ પહોતો તિણ ગેહ;
બેસારી તિહાં નારીને, ગીરા પયંપે એહ. ॥૪॥

ઈહાં રહેજો એકાકિની, કરજો વિવિધ આહાર;
પ્રતિ વરસે લેશું ખબર, મ કરિશ ફિકર લગાર. ॥૫॥

પણ તું પાય લગાડજે, મુઝને કરજે દાસ;
વચન રખે તું વિસરે, હોતી રખે ઉદાસ. ॥૬॥

[1]ઈમ કહી તે ઘર બારણે, યંત્ર સમર્પી ભૂપ;
પોહોરાયત [2]પરઠી તિહાં, આવ્યો ગેહ અનૂપ. ॥૭॥

## ॥ ઢાળ ૧૫ મી ॥

આછે લાલની એ... દેશી

વિરહિણી નારી તેહ, એક થંભે રહી ગેહ આછે લાલ! નિંદે [3]પુરાતન કર્મનેજી; પાપ આલોવે તામ, ત્રિકરણ કરીને ઠામ, આ૦ મનમાં ધરી જિન ધર્મનેજી ॥૧॥ એકેંદ્રિયાદિક જીવ, દુહવ્યા હોશે સદૈવ આ૦ કે તિલ યંત્રમેં ભાવિયાજી; કે કોઇને કરી રોષ, દીધાં કૂડાં દોષ આ૦, કે ખત ખોટા લખાવિયાજી ॥૨॥ પય પીતાં લઘુબાળ, માતાથી લીધા ઉદ્દાલ, આ૦ કે કીડી બીલ પૂરિયાંજી, વ્રત લેઈ થઇ શિષ્ય, કીધા ભક્ષ અભક્ષ આ૦, કે કંદાદિક ચૂરિયાજી ॥૩॥ પાપ કર્મ ફળ એહ, ઉદયે આવ્યા છે તેહ આ૦ કર્મ કર્યાં છૂટે નહિંજી; એ સવિ આપણો વંક, એહમાં નહિં કાંઇ શંક, આ૦ ઈમ આલેચે રહી રહીજી ॥૪॥ રે રે સરજણહાર!, પિયુ-વિરહિણી થઇ નાર, આ૦ એહવા કેમ લખ્યા અક્ષરાજી; શી ચોરી તુઝ કીધ, વાલમ વિરહો દીધ, આ૦ એ

૧ ઈમકહી તસ ઘરે બારણું યંત્ર સમપીપે ભૂપ • ૨ મૂકી. ૩ પુરાકૃત *

તુઝ લખણુ ન [1]સખરાજી ॥૫॥ નારીતણો અવતાર, કાં દીધો કિરતાર આ૦, પીયુડો કાં એહવો મળ્યોજી ?; માત પિતા રહ્યા દૂર, પીયુ પણ નહિ હજૂર આ૦, શ્યો તુજ ગ્રાસ મેં ભેળવ્યોજી ? ॥૬॥ માત પિતા સુવિશેષ, રાખતાં ગોદ હંમેશ આ૦, તે પણ મૂકી કિંહા ગયાજી ?; અબળા એકાકી એહ, નાખી એણે ગેહ આ૦, પ્રભુ તુઝને નાવી દયાજી ॥૭॥ કુળ ગુરૂ ગોત્રજ દેવ, જેહની કરતી સેવ આ૦, તે પણ કિંહાં ગયા ઈણ સમેજી ?; બેઠી મંદિર મુન્ધ, હવે કાંઈ ઉપાવું બુધ્ધ, આ૦, નાહ નિઠુર કેણી પરે નમેજી ? ॥૮॥ શ્યું હવે વિલપવું આમ ! ધૈર્યતણું છે કામ આ૦, રોતાં રાજ ન પામીએજી; ઇહાં કુણ કરી શકે [2]ભીર ?, જસ દુઃખે તસ [3]પીર આ૦, તપકરૂં જેમ દુઃખ વામીયેજી ॥૯॥ માંડચા તપ બહુ ભંત, નવપદ શોભગ જપંત આ૦, મન દ્દઢ કરી તે મહેલમાં જી; જેહને ધર્મ સહાય, આપદ વિલયે જાય આ૦, ચાહે તે લહે સહેલમાંજી ॥૧૦॥ જોતાં ઈણ સંસાર, અડવડિયો આધાર આ૦, ધર્મ છે ભેરૂ ભાંગ્યા તણોજી; પાપી ન તરે કોઈ, કરી દેખો સહુ કોઈ આ૦, ધર્મ થકી જગ જસ ઘણોજી ॥૧૧॥ પ્રતિક્રમણ બિહુ ટંક, સા કરે થઈ નિશંક આ૦, સામાયિક વ્રત સાચવેજી; નૃપને લગાડવા પાય, આલોચે આપ ઉપાય આ૦, કૌતુક ભવિ સુણજો હવેજી ॥૧૨॥ બેઠી [4]સદન મઝાર, કરશે જે બુદ્ધિ પ્રચાર આ૦, પાળશે વચન કહ્યાં સહીજી; પંદરમી ઢાળ રસાળ,

૧. સારા. ૨. મદદ. ભેર, સહાય. ૩. પીડા. ૪-ઘર.

કરણી મંગળ માળ આ૦, મોહનવિજયે ભલી કહીજી ॥૧૩॥ સર્વગાથા. ૩૮૫

॥ દોહા ॥

દિન કેતા તિહાં નિગમ્યા, એકલડાં આવાસ;
ઝરે વિરહિણી વ્યાકુલી, મુખ મેલે નિસાસ. ॥૧॥
અંજન મંજન પરિહર્યાં, ન કરે વળી શણગાર;
મગન રહે વૈરાગ્યમાં, ટાળે વિષય વિકાર. ॥૨॥
માનવતી ચિત્ત ચિંતવે, બેઠા ન સરે કામ;
મુખમાં પણ પેસે કવળ, ઉદ્યમ કીધે જામ. ॥૩॥
[1]યામ [2]યુગમ ગઈ [3]યામિની, વનિતા ઉઠી સંત;
ઉઘાડી લઘુ જાળિકા, મુખ કાઢી નિરખંત. ॥૪॥
[4]યામિકમાં જે વૃદ્ધ છે, તેહને કીધો સાદ;
તે પણ જાળી હેઠલે, આવ્યો તજી પ્રમાદ. ॥૫॥

## ॥ ઢાળ ૧૬ મી ॥

મુનિવર આર્ય સુહસ્તી રે. એ...દેશી

પહેરાયત કહે તામ રે, માનવતી ભણી, [5]કિમ બોલાવ્યો મુઝ ભણીએ ॥૧॥ નૃપને કહેવું જો હોય રે, કોઈ સંદેશડો, કહો સિર [6]જોરે તે કહું એ ॥૨॥ કેમ ઉઘાડી જાળી રે, બહુલ પ્રયાસથી, ચઢીને અટારી ઉપરે એ ? ॥૩॥ કે શું ઇણે આવાસ રે, [7]સાંભળતું નથી, કહો પડદો ખોલી કરીએ ॥૪॥ કિમ જાયે છે

૧–પહોર, ૨–બે, ૩–રાત્રી, ૪–ચોકીદાર. ૫ કિમ તુમે સાદ કર્યો મુને એ ＊ ૬ જોરિ＊ ૭ સુહાતું ＊

દીઠ રે, એકલડાં રહ્યા, શું તેં નૃપનું બગાડીયું એ ! ॥૫॥ એ દુઃખ તાહરૂં બહેન રે, સહી શકતો નથી, પણ સ્વામીથી જોરો નહીં એ ॥૬॥ [1]દુભર્ર ભરવા કાજ રે, હું પણ ઈંહા રહ્યો, ચોકી કરવા તુમ તણી એ ॥૭॥ કોળીયો ખાઈએ જેહનો રે; તેહનો ધોળિયો, ગાઇયેં એહ જગરીત છે એ ॥૮॥ દાણાને જે કોઈ રે, મુખ માંડે જિકો, તે મુખ માંડે ચોકડે એ ॥૯॥ સ્વામી હાથે [2]વૃત્તિ રે દાસ તણી અછે, તે જેમ કહે તેમ તે કરે એ ॥૧૦॥ વાંક ન જાણશો અમ્બ રે, વાંક એ રાયનો, અમે બંદા તસ પય તણા એ ॥૧૧॥ માનવતી તવ બોલી રે, ગદ ગદ કંઠથી, રે વીરા સુણ વાતડી એ ॥૧૨॥ છે તુઝ લાયક કામ રે, જો કરે તો કહું, પાડ હું માનીશ તાહરો એ ॥૧૩॥ આપું નવસરો હાર રે, જા તું ઉતાવળો, કાજ કરો [3]મયા કરીએ ॥૧૪॥ વિરહ અગાધ સમુદ્ર રે, દે તૂં બાંહડી, કરૂણાવંત કૃપા કરીએ ॥૧૫॥ ઇમ કહી દીધો હાર રે, તે યામિક પ્રતેં, તે પણ લોભવશે પડ્યો એ ॥૧૬॥ દ્રવ્યે શું નવિ હોય રે, જે જે ચિંતવે, મુનિજન સરિખા [4]ભોળવ્યા એ ॥૧૭॥ કહે અનુચર કર જોડી રે, કહો તે સ્વામિની, કાજ કરી મુજરો કરૂં એ ॥૧૮॥ રાણી કહે મુઝ તાત રે, લગી સંદેશડો, કહું તે જઇ પહોંચાડજે એ ॥૧૯॥ ભૂપેં કરીને કૂડ રે, પરણી મુઝને, ખબર પડી નહીં તુઝને એ ॥૨૦॥ હવે એક થંભે આવાસ રે, રહેવું એકલું, એ જઈ કહેજે તાતને એ ॥૨૧॥ [5]પડખો

૧–પેટ. ૨–આજીવિકા. ૩–મહેરબાની. ૪–પણ ચલે રે• ૫–થોભો.

વળી ક્ષણ માત્ર રે, કાગળ દઉં લખી, હાથોહાથે સોંપજે એ ॥૨૨॥ આંસુ મસી પટ પત્ર રે, અંગુલી લેખણે, દીધો લખી તસ જાળિયે ॥૨૩॥ પત્ર લઇ શીર ચાડી રે, ચાલ્યો ચડવડી, જેમ બીજો જાણે નહી એ ॥૨૪॥ પહોંચ્યો ધનદત્ત ગેહ રે, અનુચર પાધરો, શેઠે દ્વાર ઉઘાડિયાં એ ॥૨૫॥ દીધો તેણે પત્ર રે, વાત કહી સવે, જે મુખ વચને કહી હતી એ ॥૨૬॥ પભણી સોળમી ઢાળ રે, અતિ મન માનતી, મોહનવિજયે સહુ કો સુણો એ ॥૨૭॥

॥ દોહા ॥

ધનદત્ત ચિત્ત વિસ્મય થયો, દેખી [1]ચીવર લેખ;
ખોલ્યો તતક્ષણ વાંચવા, [2]મન આશ્ચર્ય વિશેષ. ॥૧॥
દીઠા આંસુ અક્ષરા, શેઠ થયો દિલગીર;
ગુપ્ત વાત સવિ પ્રીછવા, વાંચે [3]થઈ સધીર. ॥૨॥

## ॥ ઢાળ ૧૭ મી ॥

ઝુંબખડાની... દેશી

અર્હં જિનપદ પંકજે રે, ચિત્તતરૂ પ્રહિતં લેખ, સનેહી સાંભળો; માનવત્યાતનુર્મહીપતેઃ રે, કૈતવગર્ભિત એષ સનેહી૦ ॥૧॥ ભવતાં પાદપ્રસાદાન્મે રે, સૌખ્યં વર્તતે ચાત્ર સનેહી૦; પરમેકેયં વિજ્ઞપ્તિ રે, અવધાર્યા ગુણ પાત્ર સનેહી૦ ॥૨॥ ભૂપતીનાં કરપીડનં રે, મમ સોત્સવતો વિધાય સનેહો૦; વિરહં દત્તં તેન મે રે, કાર્યં તસ્ય ઉપાય

૧–વસ્ત્ર ૨–વાંચે જાણી વિશેષ* ૩–ધરી મનધીર*

સનેહા૦ ॥૩॥ ભવદાગારાદારભ્ય મે રે, ગૃહં યાવદ્દભ્યો તાત ! સનેહા૦; ભિત્વા ભૂમિં વિધાતવ્યં રે, માર્ગ ખલુ વિખ્યાત સનેહ૦ ॥૪॥ યેન મયા આગમ્યતે રે, ઉપભવતો હિ સદૈવ સનેહા૦; તાત કરિષ્યામિ તદા રે, વાર્તા દુઃખજ્ઞં ન્ચૈવ સનેહા૦ ॥૫॥ એકાકિન્યા વાસો મે રે, સુરંગ ગેહે પૂજ્ય ! સનેહા૦; કિં [1]બહુનેયં વિજ્ઞપ્તિ રે, સ્તોકાત્ જ્ઞેયં ગુહ્ય સનેહા૦ ॥૬॥ એહ સમાચાર વાંચીને રે, ધનદત્ત ધ્રૂજ્યો અતીવ સનેહા૦; પાછો પત્ર સેવક ભણી રે, દીધો લખીને તદૈવ સનેહા૦ ॥૭॥ સેવકે માનવતી ભણી રે, જઈ ઉપજાવી પ્રીત સનેહા૦; ધનદત્ત કરે વિચારણા રે શી હવે કરવી રીત સનેહા૦ ॥૮॥ એહવે પ્રાતઃસમય થયો રે, તેડાવ્યા ગૃહકાર સનેહા૦; એકાંતે સઘળો કહ્યો રે, શેઠે [2]રહસ્ય વિચાર સનેહા૦ ॥૯॥ બાહિર વાત ન કાઢશો રે, તમને કરશું પ્રસન્ન સનેહા૦; કારીગર તત્પર થયા રે, [3]ઇભ્યનું જાણી મન્ન સનેહા૦ ॥૧૦॥ કેતેક માસે પાધરી રે, સુંરગ વિભાઇ તત્ર સનેહા૦; માનવતી એકાકિની રે, નિત્ય નીવસે છે યત્ર સનેહા૦ ॥૧૧॥ ગૂઢ ઉઘાડયું બારણું રે, એકથંભે આવાસ સનેહા૦; દ્વાર નિહાળી વિયોગણી રે, પામી અતિહિ ઉલ્લાસ સનેહા૦ ॥૧૨॥ કારીગરે જઈ વિનવ્યું રે, શાહ ભણી તેણી વાર સનેહા૦; વચન નિવાહો રાઉલા રે, સુરંગ કીધ તૈયાર સનેહા૦ ॥૧૩॥ બહુ ધન આપી તેહને રે, શેઠે કીધ વિદાય સનેહા૦; નારીથકી તુમે જોયજો રે, શ્યો કીધો છે ઉપાય ? સનેહા૦ ॥૧૪॥ માનવતી ગૃહ

૧ બહુતો વિલિખ્યતે રે × ૨–ખાનગી, ૩–શેઠનું

તાતને રે, આવી થઇને સુરંગ સનેહા૦ પ્રણમ્યા માત-
પિતા ભણી રે, હિયડે ધરી ઉછરંગ સનેહા૦ ॥૧૫॥
ચતુરા ચરિત્ર નિહાળજો રે, સહુકો બાળ ગોપાળ
સનેહા૦ મોહનવિજયે ભલી કહી રે, એહ સત્તરમી
ઢાળ સનેહા૦ ॥૧૬॥

॥ દોહા ॥

માતપિતાની આગળે, માનવતીએ તામ;
નૃપ વૃત્તાંત કહ્યો સકળ, મન બોલી અભિરામ. ॥૧॥
પિતર પયંપે [1]ધુઆ ભણી, શ્યો હવે કીજે શોચ ?;
પાણી પી ઘર પૂછવું, તે કેમ આવે રોચ ?. ॥૨॥
પુત્રી કહે એ નૃપને, પાધરો કરૂં પ્રવીણ !;
આણી આપો તાતજી, જો મુઝને એક વીણ. ॥૩॥
ધનદત્તે પુર માંહેથી, વીણા અણાવી એક;
સોંપી માનવતી ભણી, વારૂ કરી વિવેક. ॥૪॥
યોગણી રૂપ ધર્યું ભલું, માનવતીયે તામ;
હવે શ્રોતાજન સાંભળો, ત્રિકરણ રાખી ઠામ. ॥૫॥

## ॥ ઢાળ ૧૮ મી ॥

ત્રીસ વરસ ઘરમાં વસ્યા રે. એ...દેશી

માનવતીએ નૃપ ધૂતવા માટે, રૂપ રચ્યું અદ્દભૂત;
ઢળતી મૂકી શિરથી જટા, વળી અંગ લગાઈ ભભૂત;
[2]સનેહી યોગણ રૂડી બે; [3]હા હાં રે ભીતર કૂડી બે
॥૧॥ કેડ થકી કસ્યો વજ્ર કછોટો, પાદુકા પહેરી પાય;
માળા ગળે રૂદ્રાક્ષની, કરી અરૂણ નયન ચિત્ત લાય

૧ દીકરીને. ૨. સુરંગી• ૩ અરે હાંહાંરે *

સને૦ ॥૨॥ પીતાંબર ઓઢચો પછેડો, તે ઉપર યોગ-પટ્ટ; થાપી કંધરે સોહણી, તિણે વીણા ઘાટ સુઘટ્ટ સને૦ ॥૩॥ રૂપ રચ્યું અભિનવ વારૂ, કહેતાં નાવે પાર; જાણે ધુઅની યોગણી, પ્રગટી ઇણે સંસાર સને૦ ॥૪॥ માતપિતાની [1]શીખડી માગી, માનવતી સોછાંહિ; સંચરી વેશે એહવે, તે તો નયર ઉજ્જેણિ માંહિ સને૦ ॥૫॥ શેરીયે શેરીયે દીયે ફેરી, ગાયે મધુરા ગીત; ગુહિરાં કોકિલ કંઠથી, જે સુણતાં ઉપજે પ્રીત સને૦ ॥૬॥ [2]અંગે ગોરી ને ગુણની [3]ઓરી, રંજે પુરજન તેહ; નર નારી [4]લારે ફરે, ઘણું નાદે વિંધાણા જેહ સને૦ ॥૭॥ તૃણચર પણ તે નાદ સુણીને, સોંપે મૃગલા પ્રાણ; અન્નચરનું કહેવું કિસ્યું, જે વેધ્યા ચતુર સુજાણ સને૦ ॥૮॥ જે કોઈ નાદે નર નવિ રીજ્યો, જીવ્યું તસ અપ્રમાણ; નરરૂપે તે રોજડા, ભરે પેટ થઈ [5]અનાણ સને૦ ॥૯॥ યોગણિને ગુણ જે નર રીજ્યા, તે કરે ઘણી મનોહાર; સા પણ નિસનેહી થઇ, કરે વીણા તણા ઝણકાર સને૦ ॥૧૦॥ નાદે જેહને નારદ હાર્યો, ખેંચ્યો દેવ વિમાન; ફણિધર ફણ માંડી રહે, એ તો યોગણનાં સુણી ગાન સને૦ ॥૧૧॥ રૂડું રૂપને ગાયે વારૂ, તે કેહને ન સુહાય ?; પુરમાં પ્રશંસા થઇ ઘણી, જે યોગણ રૂડું ગાય સને૦ ॥૧૨॥ ઇમ દિવસે દિયે પુરમાં ફેરી, ઘેરી સઘળાં લોક; હેરે સહુ મુખ [6]સાંમુહો, જેમ ઇંદુ ને હેરે[7]કોક સને૦ ॥૧૩॥

૧–આશિષ, ૨–આગે* ૩–શ્રેણિ, ૪–પૂંઠે, ૫ અજાણ• ૬–સન્મુખે, ૭–ચકોર પક્ષી

સંધ્યા સમયે તાતને મંદિર, આવી કરે [1]આસાસ; શયન સમય જાઈ સુવે, જિહાં એક શ્રંભો આવાસ સને૦ ॥૧૪॥ વળી તેમ પ્રાતે સુરંગે થઇ ને, લેઇ તેહિજ વેશ; વળી તિમહિજ સહુ લોકને કહે, મુખથી આદેશ સને૦ આદેશ ॥૧૫॥ શ્રોતાજન સાંભળજો સહુકો, આગળ વાત રસાળ; મોહનવિજયે [2]કહી ભલી, એ તો રૂડી અઢારમી ઢાળ સને૦ ॥૧૬॥

॥ દોહા ॥

લોક મુખે શોભા ઘણી, નિસુણી શ્રવણે નરેશ;
જે યોગણ ગાયે ભલી, પુરમેં બાજે વેશ. ॥૧॥
અતિ ઉત્સુક થયો નિરખવા, યોગણ કેરૂં રૂપ;
મૂકયો સચિવને તેડવા, પુરમાંહિ તેણે ભૂપ. ॥૨॥
સચિવ નમી [3]સામણ પ્રતે, ભાખે વયણ ઉદાર;
નૃપતિ અતિ આતુર અછે, દેખણ તુમ દેદાર. ॥૩॥
તે માટે કરૂણા કરી, નૃપને કરો સનાથ;
ચલો પધારો [4]અહલેખણી, ઘો વીણા મુઝ હાથ. ॥૪॥
મનથી હરખી યોગણી, ઊઠી લેઈ વીણ;
લીયો [5]સિતાબ ઈમ ઉચ્ચરે, આગળ થઈ સુપ્રવીણ. ॥૫॥
ખંમાં ખંમા કહેતો સચિવ, પહોંચ્યો રાજદુવાર;
સામણિ દીઠી આવતી, નૃપ સાચવે આચાર. ॥૬॥
દોડીને લાગ્યો પગે, આદર દીધો ભૂર;
બેસાડી સિંહાસને, સામણ ભણી સનૂર. ॥૭॥

૧ –આશ્વાસન. ૨.–હેજથી, કહી રૂડી અઢારમી ઢાલ* ૩–સ્વામિની ૪–અહલેખધારી, યોગિની, ૫–વીણા.

## ॥ ઢાળ ૧૯ મી ॥

રાજા નહિં નમે...એ દેશી.

પભણે ભૂપતિ વાયક તામ, કરી [૧]અવધૂતણને [૨]રણામ સામણ સાચ કહો, આયા કિંહાથી કિંહાજી રહો સામણ૦; નિસુણ્યા જેહવા ગુણ અવાજ, તેહવા તુમને દીઠા આજ, સા૦ ॥૧॥ ભલે પધાર્યા નગર મઝાર, જે મેં પતિતે પામ્યો દેદાર સા૦; તુમ બલિહારી જે થઇને નિર્ગ્રંથ, પાળોજી શુદ્ધ નિરંજન પંથ, સા૦ ॥૨॥ જ્ઞાન ધ્યાનમાં રહો છો મગન્ન, મન વચથી તુમને ધન્ય ધન્ય સા૦; કહો તુમ એહવે બાળે વેશ, કેમ યોગણનો ધર્યોજી ભેખ? સા૦ ॥૩॥ બોલી માનવતી તતકાળ, સુણ બે દીવાને તું ભૂપાળ સા૦; હમ હે ગેબી જીવ અતીત, બુઝે કોન હમારી રીત? સા૦ ॥૪॥ રહે રમતા રામ હંમેશ, ભેટે તીરથ દેશ વિદેશ સા૦; આયે નિરખણ નયર ઉજ્ઝેન, ખેલત પાવત હે સુખ ચેન સા૦ ॥૫॥ કૌન કિસીકે આવે જાય, દાના પાની લેત બુલાય સા૦; ભજે ભગવાન જગાવે અલેક, એ સબ કૂડી દુનીયા દેખ સા૦ ॥૬॥ કિસકે માતા કિસકે બાપ, જીવ એકિલા આપોઆપ સા૦; યોગકી યુગતિ ન જાને કોય, અગમ અગોચર ભેદ હૈ સોય સા૦ ॥૭॥ અતિ આનંદ દિન જાય, સો જીવિતકા સફલ કહાય સા૦; કચા લે આયા કચા લે જાય, સબ સ્વારથ

---

૧-જોગણ.

કે બનેહિ આય સા૦ ॥૮॥ રીઝયો મહિપતિ નિસુણી વાણ, બોલ્યો તિમ વળી જોડી ¹પાણ સા૦; વીણ વજાવી ગાઓ ગીત, વિનતિ માનો કરીને પ્રીત સા૦ ॥૯॥ નૃપ અતિ આતૂર જાણી તેણ, ગાયા ગીત ત્યાં મધુર સ્વરેણ સા૦; તિમ વળી મધુર વજાઈ વીણ, ભૂપાદિક સહુ થયા લયલીન સા૦ ॥૧૦॥ પણ યોગણ દેખી ચિંતે ભૂપ, દીસે છે માનવતી રે સરૂપ સા૦; કીધો રખે હોય એહ ઉપાય, મુઝને એણે લગાડવા પાય સા૦ ॥૧૧॥ પણ બહુ જતને રાખી તાસ, આવી ન શકે તજી આવાસ સા૦; તિહાં જઈ જોઉં કરી ગૃહસ્પર્શ, કર કંકણને શો આદર્શ સા૦ ॥૧૨॥ યોગણે ચલચિત્ત દીઠો રાવ, જો જો કહેવો ખેલે છે દાવ સા૦; નૃપ જોશે જઈ તેહિજ ધામ, તે માટે ઉઠયાનું છે કામ સા૦ ॥૧૩॥ યંત્ર લેઇ ઉઠી ધૂતણુ તેહ, ભૂપતિની લેઇ શીખ સ્નેહ સા૦; પહોંચી તાત તણે આગાર, ગઇ એક થંભે સુરંગ મજાર સા૦ ॥૧૪॥ ઉતાર્યો ધસમસી યોગણુ વેશ, મૂળવસ્ત્ર પહેર્યાં સુવિશેષ સા૦; પોઢી હીંડોળા ખાટ તેવાર, એહવે નૃપ પણ આવ્યો દુવાર સા૦ ॥૧૫॥ યંત્ર ખોલી નૃપ ગેહ મોઝાર, આવ્યો દીઠી પોઢી નાર સા૦; અચરજ મનમાં પામે ભૂપ, રૂપ કળા દેખીને અનૂપ સા૦ ॥૧૬॥ એ તો બિચારી અબળા બાળ, સૂતી દીસે છે સેજ વિચાળ સા૦; એહને ઉકલે કિહાંથી ઉપાય ? જે મુઝને એ લગાડે પાય સા૦ ॥૧૭॥ ભોળો રાય ન જાણે ભેદ, માનવતી જે પૂરશે ઉમેદ

૧-હાથ.

સા૦; એ ઓગણીશમી રૂડી ઢાળ, મોહનવિજયે કહી રસાળ સા૦ ॥૧૮॥

॥ દોહા ॥

ભૂપે માનવતી ભણી, જઈ જગાડી જામ;
ઉઠી ઝબકી સેજથી, કર જોડી રહી તામ. ॥૧॥
બોલંબો અવનીશને, નારી કહે ધરી નેહ;
સ્વામી કેમ કરૂણા કરી? મુઝ અબળાને ગેહ. ॥૨॥
શું તમે ભૂલા આવીયા, ધસમસી મંદિર માંહિ ?;
માહારા સમ સાચું કહો, એમ કહિ ઝાલી બાંહિ. ॥૩॥
નાહ કહે તાહરી ખબર-લેવા આવ્યો આજ;
જો કાંઇ જોઈતું હોય તો-તે કહો સારૂં કાજ. ॥૪॥
પ્રિયા કહે માહરી ખબર, શું પિયુ થોડી લીધ ?;
જે લેવા આવ્યા હજી, મયા ઘણી ઘણી કીધ. ॥૫॥
આ મંદિરમાં એકલી, તુમ વીણુ રાખે કોણ ?;
એ કિમહી નહિં વીસરે, પિયુ તુમ ગુણનાં જોણ. ॥૬॥

## ॥ ઢાળ ૨૦ મી ॥

ભૂપતિ કહે સુણ ભામિની, એકલડાં મંદિરમેં નિગમિયે કિમ કરી દીહાં ? હો રાજ; વાંક ન જાણીશ માહરો, ધુરથી કાં નવિ રાખી પાધરી તારી જીહા ? હો રાજ ॥૧॥ અમૃત વિષ ઇણ જીભમેં, 'અન્નરસ પણ ઇણ જીભે બહુલી પ્રીત લગાડે હો રાજ; કોકિલવાણી સહુ સુણે, વાયસની સુણી વાણી પત્થર નાખી ઉડાડે હો રાજ ॥૨॥ અતિ અવિચાર્યું ન ભાખીએ, જો અલવે

૧ અને રસ ❋

તેં ભાખ્યું તો એ ફળ તું પામી હો રાજ; આજ પછી પણ એહવી, વહેતી વાતો વહેતી કરશો મા અભિરામી હો રાજ ॥૩॥ બોલી માનવતી તદા, પીઉડા મેં અણઘટતાં વાયક કાંઇ નથી ભાખ્યાં હો રાજ; પાળીશ સઘળાં બોલડાં, રમતમાં સહિઓને રમતા મેં જે દાખ્યાં હો રાજ ॥૪॥ તો મુજરો મુઝ માનજો, લોટિંગણ જો લેતા લાગો માહરે પાયે હો રાજ; એહમાં જૂઠ ન જાણશો, દેજો તવ શાબાશી, આપું દેણું સવાઈ હો રાજ ॥૫॥ તમે તો તમારી તરફથી, કરવું હતું તે કીધું ઓછ કિસી નથી રાખી હો રાજ; મુજ અબળાનો સાહિબો, સુખ દુઃખના ઇણ વેળા સરજણહાર છે સાખી હો રાજ ॥૬॥ ભૂપેં વચન સુણ્યાં ઇસ્યા, કોપ્યો અતિ વનિતાથી કીધાં નેત્ર વિકરાળ હો રાજ; ઘૃત સિંચ્યાથી જેહવી, વાધે વાયુ સંયોગ ઉંચ પાવક જ્વાળા હો રાજ ॥૭॥ રે! રે! નિગુણી કામિની, લાજ વળી નહિં તુઝને ઓછી હજી તું દીસે હો રાજ; ટેક હજી નથી મૂકતી, અસમંજસ અડદાળો ભુંડી તું કાં પીસે ? હો રાજ ॥૮॥ બોલ બોલે છે એહવા, તો તું રહી છે અલાયદિ એહવા મંદિર માંહે હો રાજ; હજીય લગણ શું બાપડી, મુઝને પાય લગાડે, ચિત્તથી સાચું જાણે હો રાજ ॥૯॥ રીસ ચઢાવી રાજવી, ઉઠચો અતિ વનિતાને મંદિર માંહે મેલી હો રાજ; યંત્રાદિક તેમ પૂરિયા, આવ્યો નૃપ દરબારે કરીને રીત નવેલી હો રાજ ॥૧૦॥ માનવતી પણ તાતને, આવીને ગૃહમાંહિ તેહિજ વેશ બનાવ્યો હો રાજ; તિમહિજ પુરમાં સંચરિ, વળી તિમહિજ નૃપ

આગે જઇને અલખ જગાવ્યો હો રાજ ॥૧૧॥ ભૂપતિ યોગણને પગે, શીષ્યપ્રતે સોહાવે રજ તેમ શિસે લગાવે હો રાજ; સામણી અવસર અટકળી, વાયે વીણ સુરંગી, કોકિલકંઠે ગાવે હો રાજ ॥૧૨॥ નૃપનું તન મન વશ કર્યું, ધૂતારી જોગણીયે કાંઇક ભૂરકી નાખી હો રાજ; અતિહિ વેશ સોહામણો, જોવા સરિખો જાણી જોવે ભૂપતિ ઝાંખી હો રાજ ॥૧૩॥ સા યોગણ ચિત્ત ચિંતવે, પીયુને પાય લગાડયો પૂર્યો એક ઉલ્લાસો હો રાજ; ચરણોદક પાઉં હવે, આગળ જોઉં કેમ થાશે નૃપથી માહરે તમાસો ? હો રાજ ॥૧૪॥ ઢાળ કહી એ વીશમી, મોહનવિજયે સુપર મીઠે વયણે બનાઇ હો રાજ; જો જો સવી શ્રોતાજનો, અબળાએ પીયું-ધૂતણ કેવી બુદ્ધિ ઉપાઈ હો રાજ ॥૧૫॥

॥ દોહા ॥

નરપતિ યોગણ આગળે, મૂકી બેઠો માન;
શ્રવણ દઈને સાંભળે. ઝીણા ઝીણા તાન. ॥૧॥
નરપતિ કહે કરજોડીને. અહો યોગણ ગુણધામ;
દાસ કરી રાખો તુમે, મુઝને સહી વિણ દામ. ॥૨॥
કેહી ખિજમત તુમતણી, મુઝથી કીધી જાય;
અવિનાશી જે આદમી, મુઝથી કેમ વશ થાય ?. ॥૩॥
તમે અવધૂત આવી ઇહાં, ગાઈ સુરંગી વીણ;
કોઈક કીધી મોહની, મુઝ ઉપર સુપ્રવીણ. ॥૪॥
હવે તુમે જાશો કિહાં ? મુઝથી લાઇ પ્રીત;
નેહ કરી નિરવાહિયે, તો રહે ઉત્તમ રીત. ॥૫॥

## ॥ ઢાળ ૨૬ મી ॥

સાહેબ શાતામાં રહેજો...એ દેશી

નૃપ કહે તેહને બે કર જોડી, હવે જાઓ કિહાં મુઝ છોડી રે, યોગણુ મન માની; રહો ઇણુ મંદિરમાંહે સદાઇ, અમે આપશું જુગતે ગદાઇ રે યો૦ ॥૧॥ લેશું ખબર હંમેશ તુમારી, તમે જો જો નફરી હમારી રે યો૦; અમે અહોનિશ ઓળંગમાં રહેશું, તુમે જે કહેશો તે વહેશું રે યો૦ ॥૨॥ રાખશું કરીને હાથે છાયા, ઘણી લાગી તુમથી માયા રે યો૦; હવે અધક્ષણુ તુમ વિણુ ન રહાઇ, તુમ વિરહો કેમ સહાઇ રે ? યો૦ ॥૩॥ જો તુમે માહરા રાખ્યા ન રહો, તો ચેલો કરીને નિવહો રે. યો૦; સામણુ તાહરી શી મેં બગાડી, જે એવડી પ્રીત લગાડી રે યો૦ ॥૪॥ મેં મન તાહરે પાલવ બાંધ્યું, વળી નેહ કરીને સાંધ્યું રે યો૦; [1]તો હવે તાહરા ચરણુ ન મૂકું, એ અવસર [2]કેમ હું ચૂકું રે યો૦ ॥૫॥ દરિશણુ તાહરૂં કિહાંથી ફેરી, આવી કોકિલ પવનને પ્રેરી રે યો૦; લેખ લખિત થયો તુમ હમ મેળો, હવે મહેર કરી મન મેળો રે યો૦ ॥૬॥ તાહરે મુજ સમ દાસ અનેકા, પણુ માહરે તું સામણુ એકા રે યો૦; વાણી સુણીને નૃપની અમોલી, તવ વળતી યોગણુ બોલી રે, યો૦ ॥૭॥ હમ કિનહીકે રાખે ન રહે, કોણુ પેટ હમારાં ભરહે રે યો૦; હમ પંછી ન કિનહીકે સનેહી, મનમેં મહેર નહિં કેહી રે યો૦ ॥૮॥ યોગી ભોગી કેહી સગાઇ, હમસેં કયો પ્રીત લગાઇ

૧ હવે* ૨ કિમહિ ન *

રે ? યો૦; હમ પરદેશી પ્રાહુણુ લોગો, સાથે ફિર યોગિકા યોગા૦ રે ॥૯॥ યોગી કિનકે ન સુણે મિત્તા, યોગી નિસ્પૃહિ [1]અણુભિત્તા રે યો૦; અવધૂ યોગાકી આશા કીજે, પણ યોગીકા અંત ન લીજે રે યો૦ ॥૧૦॥ યોગી ભલા [2]જોઈ રહે નિત્ય રમતાં, ધરે યોગી ન કિનસું મમતા રે યો૦; માતપિતાકોં દિયા જો છેહા, તો તુઝશું ક્યા કરે નેહા રે ? યો૦ ॥૧૧॥ નહિ પરવાર કિસીકી હમકોં, ફિર બહોત કહા કહું તુમકો રે ? યો૦; જો તે હમકૂં રાખણ કેરી--મન ચાહ ધરે અભિનેરી રે યો૦ ॥૧૨॥ તો તૂં કહ્યા એક માન હમારા, તો રહેવે તુઝ દરબારા રે યો૦; કહે નૃપ તેહને દેઈ દિલાસો, મુઝ સરખું કામ પ્રકાસો રે યો૦ ॥૧૩॥ તુમ વચનથી ન રહું અળગો, હું તો તાહરે પાલવ વળગ્યો રે યો૦; એહવું ભાગ્ય કિહાંથી અમારૂં, જો કરીયે કીધું તમારૂં રે યો૦ ॥૧૪॥ નૃપનો અતિહી આગ્રહ જાણી, હવે બોલશે યોગણ વાણી રે યો૦; એમ એકવીસમી ઢાળ એ ભાખી, [3]મોહનવિજયે મન થીર રાખી રે યો૦ ॥૧૫॥

॥ દોહા ॥

તો રહું મેં તેરે નિકટ, જો તૂં ન જાવે દૂર;
લાખ લાખ ગાળી સહે, તોહી રહે હજૂર. ॥૧॥
જબ તૂં મુજકું છોરકે, રહે દૂર છિન એક;
ઊઠ ચલૂંગી મેં તબે, યા હે મેરી ટેક. ॥૨॥

૧ સુવિદ્દિત્તા • ૨ સો રહે નિત ભમતા • ૩ એ તો મોહને મન થિર રાખી ❊

તૂં જો ઇતના કર સકે, તો મોકૂં ઈહાં રાખ;
નહિં તો અબહિં કર વિદા, પીછા ઉત્તર ભાખ. ॥૩॥
નૃપ પય લાગીને કહે, અહો યોગણ મહારાય;
નિર્વહીશ એ સઘળું કહ્યું, હુકમે રહીશ સદાય. ॥૪॥
ગાળી ગણીશ તુમારડી, કરીને ઘીની નાળ;
સાખી પ્રભુ એ વાતનો, આપણ બિહૂ વિચાળ. ॥૫॥
અતિ આગ્રહ જાણી કરી, રહી યોગણ નૃપ પાસ;
જો જો ધૂતણ ધૂતશે, દેઈ દેઈ વિશ્વાસ. ॥૬॥

## ॥ ઢાળ ૨૨ મી ॥

સાહિબા રંગીલા હમારા...એ દેશી

યોગણ નૃપનાં બિહૂ દિલ મળીયાં, જાણે પયમેં પતાસાં ભળીયાં; સામણ ચરિતાળી ધૂતારી, રાજકાજ નૃપે મૂકી દીધું, જાણે યોગણીએ કામણ કીધું; સામણ ચરિતાળી ધૂતારી, રામકી મત વાળી ॥૧॥ ભૂપતિ ભોળો ભેદ ન લખે, ધોળું સઘળું પય કરી પેખે સા૦; તે અવધૂતણ નૃપ મન ભાવી, જાણે અંગણ ગંગા આવી સા૦ ॥૨॥ ક્ષણમાં સા એક આંખે હસાડે, ક્ષણમાં નૃપને પાય લગાડે સા૦; દૂધ ને ડાંગનો ન્યાય દેખાડે, વળી ક્ષણમાં ભૂપતિને મારે સા૦ ॥૩॥ ક્ષણમાં નૃપને તમાચો મારે, ક્ષણમાં બાળ પરે બુચકારે સા૦; જેમ જેમ યોગણ મારે થપાટે, તેમ તેમ પુરપતિ તળીયાં ચાટે સા૦ ॥૪॥ નરપતિ જાણે રખે રુહવાતી, પંખીણીની પરે ઉડી જાતી સા૦; ખુંધું ખમે ધૂતારીનું રાજા, જેમ ખમે ડંકા [1]ધાય ને વાજા સા૦ ॥૫॥ જે ગુણીજન

૧ ઘાવ નિવાજા *

ગુણિને વશ પડીયા, તે તો નંગ જેમ હીરે જડીયાં સા૦; રસની રીઝ ને સુગુણની વાતો, અમિય સમાણી તે વિખ્યાતો સા૦ ॥૬॥ ગુણવંતને સહુ આદર આપે, ગુણથી કૂપક જળ ઘટ સ્થાપે સા૦; ગુણીયલને સેવે નર અમારા, જેમ ગુણ લીના પંકજ ભમરા સા૦ ॥૭॥ એક ગુણે અવગુણ બહુ ઢાંકે, જેમ [1]ફણિપતિ મણિ પહોતો ડંખે સા૦; જો ગુણિયણનો ગુણ નવિ જાણે, તો તેહનું જીવીત અપ્રમાણે સા૦ ॥૮॥ તેમ ગુણ જાણી સામણ અભિરામી, ત્રિકરણ રંજ્યો ઉજ્જેણી સ્વામી સા૦; નૃપ આગળ મધૂરે સ્વરે ગાવે, વળી તેમ મધુરી વીણ વજાવે સા૦ ॥૯॥ વળી યોગણ પુરમાં દિયે ફેરી, હરખેં ખેલે અવધૂ ચેલી સા૦; વળી તેમ તાત તણે ઘર આવે, સુરંગ થઈ એક થંભે જાવે સા૦ ॥૧૦॥ યામિકથી પણ માંડે વાતો, માનવતી એમ ખેલે ઘાતો સા૦; નૃપ યોગણી વિણ અધક્ષણ ન રહે; તરફડે મચ્છ પરે તેણે વિરહે સા૦ ॥૧૧॥ નૃપ યદિ જોવા અનુચર મૂકે, યોગણી આવે સમય ન ચૂકે સા૦; ઈમ કરતાં નિગમ્યા દિન કેતા, તનમનથી થયો વશ નૃપ નેતા સા૦ ॥૧૨॥ રાગ ને રંગે છબીલો છાકે, યોગણ આવે સમયને તાકે સા૦; સામણિ અવસર કહિયેં ન પામે, જે અવનીશને બોલે દામે સા૦ ॥૧૩॥ પણ જિનધર્મ પસાએ રૂડો, થાશે તેહમાં નહિં કાંઈ કૂડો સા૦; ધર્મથકી મન વાંછિત

[1] મણિધરમાં અવગુણ ઘણા છે, પણ તેનો મણિ તેના ડંખને પહોંચે છે,

થાશે, ધર્મથકી ચિંતિત સુખ પાશે સા૦ ॥૧૪॥ હવે આગળ અચરિજની વાતો, શ્રોતા નિસુણો તજી વ્યાઘાતો સા૦; ઢાળ બાવીસમી મન થીર રાખી, મોહનવિજયેં રસનાએ ભાખી સા૦ ॥૧૫॥

॥ દોહા ॥

એહવે ઉજ્જેણી થકી, દુઃભર ભરવા માટ;
ચાલ્યો કોઈક વાણિયો, લેઈ દક્ષિણ વાટ. ॥૧॥
પહોંચ્યો તે હવે અનુક્રમે, મુંગીપટ્ટણ ગામ;
તાપે પીડાણો થકો, બેઠો તરુ વિશ્રામ. ॥૨॥
પૂછ્યું પુરવાસી ભણી, ઈહાં કુણ રાજે રાય ?;
પાછો તેણે તેહને કહ્યું, ઈહાં દલથંભણ રાય. ॥૩॥
રાણી તસ ગુણમંજરી, સકળ કળાએ પૂર;
રતનવતી તસ પુત્રિકા, અગણિત ગુણે સનૂર. ॥૪॥
હમણા તે નૃપ પુત્રિકા, આવશે રમણ વસંત;
જો જોવાનો ખપ કરો, તો રહો ઈહાં એકંત. ॥૫॥
પથિકે જાણ્યું જાયશું, સાંઝે નગરી માંહિ;
જીવ્યાં પેં જોયું ભલું, ઈમ ધરી રહ્યો તરુ છાંહે. ॥૬॥

## ॥ ઢાળ ૨૩ મી ॥

સખીરી ચંદ્ર કહે ચંદ્રાનને...એ દેશી

સખીરી એહવે આવી ક્રીડવા, રતનવતી વનમાંહિ ચતુર નર સાંભળો; સ૦ ખેલે સંગ સાંહેલિયાં, ઘાલીને ગળે બાંહિ ચતુ૦ ॥૧॥ સ૦ તાળી દેઈ કેઈક છિપે, વેલિ સદન મઝાર ચતુ૦; સ૦ ઢુંઢી કાઢે તિહાંથકી, રતનવતી તેણીવાર ચ૦ ॥૨॥ સ૦ કેઈ કદંબના ગુચ્છમાં, રહે લઘુ ગાત્ર છિપાય ચ૦; સ૦ શ્રમસીકર

લેઇ મુખે, મુગતા સમ રહ્યા આય ચ૦ ॥૩॥ સ૦ નાખે ગેંદુક કુસુમના, આમા સાહ્મા કેઇ ચ૦; સ૦ છુટી કબરીયેં બાલિકા, દોડે મળીને સવેઇ ચ૦ ॥૪॥ સ૦ જાણીયેં ઉર્વશી ઉતરી, ઇન્દ્રપુરીથી ભૂર ચ૦; સ૦ શોભાયેં વન છાહીઓ, રુતુનૃપ તો રહ્યો દૂર ચ૦ ॥૫॥ સ૦ તે પંથી નૃપ પુત્રીને, નિરખે તિરછે નેણ ચ૦; સ૦ ચોરપરે છાનો રહ્યો, મુખથી ન જંપે વેણ ચ૦ ॥૬॥ સ૦ તે નર વાસી ઉજ્ઝેણીનો, રતનવતીએ દીઠ ચ૦; સ૦ મૂકી તેહને તેડવા, બાળા એક વિસીઠ ચ૦ ॥૭॥ સ૦ રે પરદેશી પ્રાહુણા, કેમ છૂપી રહ્યો રે અબૂઝ? ચ૦; સ૦ ઉઠ અમારી સ્વામિની, તેડે છે અહો તુઝ ચ૦ ॥૮॥ સ૦ આવ્યો વટાઉ વાણીયો, રતનવતીને પાસ ચ૦; સ૦ કરી પ્રણિપતિ ઉભો રહ્યો, સા પૂછે સુવિલાસ ચ૦ ॥૯॥ સ૦ આવ્યાં કિંહાથી કિહાં જશો, ભાખો સત્ય વચન ચ૦; સ૦ નર કહે આવ્યો ઉજ્ઝેણીથી, જે છે ભૂતળે ધન્ય ચ૦ ॥૧૦॥ સ૦ માનતુંગ રાજા તિહાં, રાજે વધતે વાન ચ૦; સ૦ રૂપ કળા ગુણે આગળો, નહિં કોઇ તેહ સમાન ચ૦ ॥૧૧॥ સ૦ જેહનાં સુજસ નિશાનનાં, દસ દિસિ સુણિયેં અવાજ ચ૦; સ૦ જેહથી ડરતો ગગનમેં, નાસી રહ્યો સુરરાજ ચ૦ ॥૧૨॥ સ૦ અંગતણી ચકચોધમે, પામ્યો હાર અનંગ ચ૦; સ૦ વહે અહોનિશિ જશ આંગણે, દાન ગંગાના તરંગ ચ૦ ॥૧૩॥ સ૦ તે નૃપ જેણેં દીઠો નહી, જીવ્યું તસ અપ્રમાણ ચ૦; સ૦ દીઠાં હિજ આવે બની, કેતા કરિયેં વખાણ? ચ૦ ॥૧૪॥ સ૦ જે કન્યા તે વર વરે; તેહનું પૂરણ

ભાગ ચ૦; સ૦ પથિકનાં વચન સુણી ઇસિયા, રતન-
વતીએ ધર્યો રાગ ચ૦ ॥૧૫॥ સ૦ આતુર હુઈ પરણવા,
ઉજ્જેણી ધણી તેહ ચ૦; સ૦ ગુણ નિસુણી પરણમી
ગયા, રોમે રોમે તેહ ચ૦ ॥૧૬॥ સ૦ વન હૂંતી આવી
ઘરે, રતનવતી તતકાળ ચ૦; સ૦ મોહનવિજયે લટ-
કતી, કહી ત્રેવીશમી ઢાળ ચ૦ ॥૧૭॥ સર્વગાથા ૪૮૪

॥ દોહા ॥

ચેટીને નૃપ ધુય કહે, ગત શૈશવ મુઝ હેવ;
યૌવન આગત તનુવિષે, અનુમાને અહમેવ. ॥૧॥
વર વરવા ઈચ્છા થઈ, મુજને હવે સુવિલાસ;
તે માટે તુમને કહું, ઈચ્છા પૂર ઉલ્લાસ. ॥૨॥
વર વરવો ઉજ્જેણીપતિ; નહિં તો પાવકસંગ;
તૂં જા કહે મુજ માતને, કર કરુણાનો રંગ. ॥૩॥
ચેટી દોડી તતક્ષણે, રાણી નિકટ પહૂત;
રતનવતીની વાતડી, કહી મધુરાઈ યુત. ॥૪॥
ગુણમંજરીયે રાયને, [1]પભણી સકલ પ્રવૃત્ત;
માનતુંગ નૃપ પરણવા, પુત્રી થઈ ઉન્મત્ત. ॥૫॥
દળથંભણ નિજનારીને, કહે પ્રિય મકરિશ ખેદ;
પુત્રીને પરણાવશું, એ પૂરીશ ઉમેદ. ॥૬॥
માતાએ પુત્રી ભણી, જઈ દીધી આસાસ;
ઈચ્છાવર પરણાવશું, પૂરશું તુઝ મન આશ. ॥૭॥

## ॥ ઢાળ ૨૪ મી ॥

દલથંભણ નિજ મંત્રીને રે, તેડી કહે એકાંત,

[1] સકલ કહ્યો વૃત્તાંત *

ગુણના લોભી તું જા નયર ઉજ્ઝેણીયેં રે, માનતુંગ જિહાં સંત ગુણ૦; માનો માનો સુગુણ કહ્યું માનો, તુમે એ માહરી અરદાસ ગુ૦ ॥૧॥ કહેજે લાગીને પગે રે, માહરો સંદેશો તાસ ગુ૦; રતનવતીને પરણવા રે, વહેલા આવો આવાસગુ૦ ॥૨॥ થાશે જે મુઝથી ચાકરી રે, તેહ કરીશ મહારાય ગુ૦; રહેશું દાસ થઇ સદા રે, ઇમ જઇ કહેજે ભાય ગુ૦ ॥૩॥ વહેજે પંથે ઉતાવળો રે; વિલંબ ન કરજે ક્યાંહિ ગુ૦; વહેલો વળજે નૃપ ભણી રે, તેડી આવજે આંહિ ગુ૦ ॥૪॥ મંત્રી નૃપ આદેશથી રે, ચાલ્યો ચડીને તુરંગ ગુ૦; સાથે લીધો સંબળો રે, ભટ લીધા વળી સંગ ગુ૦ ॥૫॥ પંથે વહેતાં પાધરો રે, જોતા ધરા ગિરિ નેણ ગુ૦; અનુક્રમે કેતે દિને રે, આવ્યો પુર ઉજ્ઝેણ ગુ૦ ॥૬॥ દક્ષિણપતિના મંત્રીયેં રે, ભેટ્યો નૃપ માનતુંગ ગુ૦; ભેટ થયો ચિત ભેટણું રે, હરખ્યો ઘણું પુરપુંગ ગુ૦ ॥૭॥ દલથંભણ રાજા તણો રે, જાણ્યો આવ્યો સચિવ ગુ૦; દીધો તસ દરબાર રે, સખર ઉતારો તદીવ ગુ૦ ॥૮॥ મંત્રી ઉતર્યો તિહાં જઇ રે, ભોજન કીધાં સાર ગુ૦; પહેરી વસન સંધ્યાસમે રે, આવ્યો તે દરબાર ગુ૦ ॥૯॥ એકાંતે બેસી કરી રે, માંડી ભૂપથી વાત ગુ૦; રાજલગેં આવ્યો અછું રે, મૂક્યો નૃપનો વિખ્યાત ગુ૦ ॥૧૦॥ મુઝ નૃપની જે પુત્રિકા રે, તેણે પ્રતિજ્ઞા કીધ ગુ૦; વરવો ઉજ્ઝેણી ધણી રે, નહી તો અમે વ્રત લીધ ગુ૦ ॥૧૧॥ તે માટે પૂરવા રે, તિંહા લગે આવો સ્વામ ગુ૦; દલથંભણે પ્રેર્યો અછે રે, મુઝને એણે કામ ગુ૦ ॥૧૨॥ હવે સજ થઇ સ્વામી

તમે રે, કીજે પ્રયાણો આજ ગુ૦; પાણી ન ખમે પાતળી રે, લાજે વિણસે કાજ ગુ૦ ।।૧૩।। માનતુંગ નિસુણી રહ્યો રે, તેહ સચિવના વેણ ગુ૦; ઉત્તર દેઇ નવિ શકયો રે, નીચા કરી રહ્યો નેણ ગુ૦ ।।૧૪।। કહે મંત્રી કેમ સાહિબા રે, અણબોલ્યા રહ્યા આમ ? ગુ૦; પાછો ઉત્તર આપતાં રે, શું કાંઇ લાગે દામ ? ગુ૦ ।।૧૫।। નૃપ કહે માહરી ના નથી રે, આવીશ શિરને જોર ગુ૦; અળગો નથી તુમ વચનથી રે, પણ છે એક મરોડ ગુ૦ ।।૧૬।। ઉત્તર એહવો મંત્રીને રે, દીધો તવ ભૂપાળ ગુ૦; મોહનવિજયે એ કહી રે, સુભગ ચોવીશમી ઢાળ ગુ૦ ।।૧૭।।

।। દોહા ।।

ભૂપ વિચારે ચિત્ત થકી, જાવું અતિહિ દૂર;
યોગણ દુહવાશે ખરી, જો હું ન રહું હજૂર. ।।૧।।
એક સમય બેહુ ક્રિયા, કેમ સચવાણી જાય ?;
નૃપ ચિત્તે આવી મળ્યો, વાઘ નદીનો ન્યાય. ।।૨।।
જો નવિ જાઉં પરણવા તો રીસાશે ભૂપ;
એ બેહુનાં મન રાખવા, શી બુદ્ધ કરૂં અનૂપ. ।।૩।।
એહવે ફરતી યોગણી, આવી જિંહા છે રાય;
નૃપ તે મંત્રી દેખતાં, દોડી લાગ્યો પાય. ।।૪।।
બેઠી સામણ બેસણે, વીણ વજાવે સાર;
પણ નૃપનું ઝાંખૂ વદન, ફિર ફિર જોવે નિહાળ. ।।૫।।

## ॥ ઢાળ ૨૫ મી ॥

રાગ બંગાલ. રાજા નહિ નમે

બોલે યોગણ નૃપથી વાણ, આજ એસે ક્યોં દિસે સયાણ મન માન લે; ક્યા કછુ ફિકર હે હૃદય મઝાર, કહે 'ચિંતાયું'[1] દિયું' બિડાર મન૦ ॥૧॥ કહે તો તેરે આગે ઈંદ, જકરપકર કર લ્યાઉં બંદ મન૦; કહે તો બકરીસેં હરાઉં ગજરાજ, કહે તો ચિડીપેં ઉડાઉં બાજ મન૦ ॥૨॥ કહે તો શશીકળા સૂરજ મેર, તેરે આગેં કરૂં ઢમઢેર મન૦; તેરે મનમેં હોવે ચાહ, તો શશિ પાસ ગ્રહાવું રાહ મન૦ ॥૩॥ કહે તો લરાઉં હરિસેં કુરંગ, કહે તો ઉલટ વહાવું ગંગ મન૦; કહે તો સૂરકો કરૂં ચંદ, કહે તો ચંદકો કરિ લ્યું દિણંદ મન૦ ॥૪॥ ઇત્યાદિક વિદ્યા મુઝ પાસ, કહે તો કરી દિખાઉં તમાસ મન૦; જો એક હૂં મેં તેરી ભીર, તો તૂં હોત હે ક્યોં દિલગીર ? મન૦ ॥૫॥ દિલકી બાત કહો ધરી હૂંસ, જો ન કહે તો તુઝકૂં સૂંસ મન૦; તવ યોગણને કહે ભૂમીસ, તો કહું જો ન ચઢાવો રીસ મન૦ ॥૬॥ કહેવા જીવ ધરે છે ઇહ, પણ કહેતાં નવિ ચાલે જીવ મન૦; સામણિ કહે તૂં સુણ બે રાય, જૈસી હોય તૈસી દિયો બતાય મન૦ ॥૭॥ નૃપ કહે મુંગીપટ્ટણ ગામ, [2]રાજા તિંહા દલથંભણ નામ મન૦; પુત્રી રતનવતી નામેણ, મુઝ ઉપર પણ કીધું તેણ મન૦ ॥૮॥ તે માટે

---

૧ ચિંતા જો* ૨ રાજ કરે*

તેણેં રાજન, મુઝને તેડવા મૂકચો પ્રધાન મન૦; તિંહા જઈ પરણું કન્યા તેહ, વાત તણું છે કારણ એહ મન૦ ॥૯॥ યોગણ ત્રટકી બોલી [1]વાણ, રે રે અધમ કયા બોલ્યા વાણ મન૦; કયા તેં દિયા થા કોલ સંભાર, દિન થોરેમેં કચોં દિયા બિસાર? મન૦ ॥૧૦॥ ન શકચો તૂં તો વચન નિવાહ, તો હમકું તેં રાખે કાંહ? મન૦; દેઈ બચન યું ચૂકે પુમાન, તાકો જીયો અજીયો ક્ષીન મન૦ ॥૧૧॥ જાની બે તેરી કૂડી પ્રીત, અબ તેરે પર કયા પરતીત મન૦; તુઝસેં તો નીકો [2]મંડલીક, જો [3]પોતેસેં રહત નજીક મન૦ ॥૧૨॥ ધિગ ધિગ ધિગ તેરા અવતાર, કિસસુ લે ઘડચાં તોહેં કિરતાર મન૦; તુમસેં તો ભલે હમ યોગીસ, વચને તુઝપેં રહે નિશદિસ મન૦ ॥૧૩॥ હમ ભી ચલેંગે તીરથ કાજ, કયા યોગીકું સંભારના સાજ મન૦; એક દર મુંદે ખુલે દર લાખ, એ યોગી મુખક્ષી હે ભાખ મન૦ ॥૧૪॥ તોસેં કયાં દેણા હે રાય, યો કછું દિયા હોવે તો બતાય મન૦; અહિ અરિ યોગી ન કિનકે મિત્ર, તું રાજા તો હમ હે અતીત મન૦ ॥૧૫॥ તૂં તેરે ઘર કરે નિત રાજ, અબ હમસેં કયા તેરા કાજ? મન૦;ઇમ યોગણના નિસુણી વચન, નૃપ ઢાળી રહ્યો નીચો કન્ન મન૦ ॥૧૬॥ સામણને પાયે તતકાળ, લાગી મનાવે હવે ભૂપાળ મન૦; પભણી એ પચવીશમી ઢાળ, મોહન-વિજયેં વચન રસાળ મન૦ ॥૧૭॥ સર્વગાથા ૫૩૦

---

૧ તામ, રે રે અધમ કયા કિયા કામ* ૨ શ્વાન. ૩ પોષસે

॥ દોહા ॥

અહો અહો સુભગે સામણી, હું અપરાધી શીષ;
એ ગુનો બગસો મુને, રખે ચડાવો રીસ. ॥૧॥
ચાકર ચૂકે ચાકરી, પણ સ્વામી ન ચૂકે વાચ;
અવગુણ ઉપર ગુણ કરે, તે મણી બીજા કાચ. ॥૨॥
કૃષ્ણાગરૂ બાળ્યો થકો, સાહમું દિયે સુવાસ;
કોસ જો નાખીએ નીરમાં, તો પણ જળ દીયે તાસ. ॥૩॥
કેસરને ઘસતાં થકાં, બમણો દાખે રંગ;
[1]સોનાને પરજાળતાં, અતિહિ દીપાવે અંગ. ॥૪॥
ઈક્ષુ પીલે જો યંત્રમાં, તો પણ રસ દિયંત;
તેમ [2]નિહેજા ઉપરે, કદીહી ન કોપે કંત. ॥૫॥
તિમ હું ચૂક્યો સ્વામિની, પણ તમે ચૂકો કેમ ?;
બેહુ સરખા હોવતાં, કિમ રસ વાધે એમ. ॥૬॥

## ॥ ઢાળ ૨૬ મી ॥

ઋષભ જિણંદ રંગે નમી રે...એ દેશી

નૃપ કહે બે કર જોડીને રે, અહો અહો આતમ-રામ; વીણા મૂકો કંધથી રે, રીસ ચડાવો કાં આમ રે ?.... યોગણ ! [3]છટકી ન દીજે છેહ, હું છું પગની [4]રેહ રે.... યોગણ !; માનો વિનતિ એહ રે.... યો૦ ॥૧॥ શરમ નજર મેળા તણી રે, આવતી શું નથી ચિત્ત ?; છેહ ન ઘો તુમે મુજ ભણી રે, હું ઇમ

૧ સોનું સતખંડી હુઈ* ૨ હેત વિનાના. ૩ છટકી ન છંડો નેહ * ૪ પેહ *

જાણતો નિત્યરે....યો૦ ॥૨॥ માહરા હૃદયમાંહિ વસી રે, મન હરી જાઓ છો એમ; કિહાં રહ્યું તુમ યોગીપણું રે, એ પાતિક છૂટશો કેમ રે ?.... યો૦ ॥૩॥ જાશો જો ગોદ બીછાવતાં રે, તો અમ બળ શ્યો સ્વામ ?; [1]કરિ કેમ રહે કાને ગ્રહ્યો રે, [2]તેમ તુમે અભિરામ રે.... યો૦ ॥૪॥ માયા લગાડી કારમી રે, મુઝથી તમે મહારાય; પણ કદીહી યોગીસરા રે, આપણના નવિ થાય રે.... યો૦ ॥૫॥ પરદેશીથી પ્રીતડી રે, કરવી તેહી જ કૂડ; નેહ નિવાહી નવી શકે રે, જાએ વિહંગ પરે ઊડ રે.... યો૦ ॥૬॥ તે મેં નયણે પારખ્યું રે, તુમથી દીઠું આજ; જો હું એહવું જાણતો રે, તો ન કરત નેહ સમાજ રે.... યો૦ ॥૭॥ પણ તે હવે શું શોચવું રે, હોવે જે હોવણહાર; [3]ક્ષૌર કરમ કીધો પછે રે, પૂછે શું તિથિ વાર રે.... યો૦ ॥૮॥ જે જીભે તુમે કહ્યું હતું રે, રહીશું સદા ઇણ ઠોર; તિણહીજ જીભે જાયશો રે, કહેતાં કિમ વહે [4]સોર રે.... યો૦ ॥૯॥ નેહ સુરદ્રુમ પાળીને રે, નાંખો કાંઇ ઉચ્છેદ ?; કરૂણા નીરે સીંચીએ રે, પૂરો એહ ઉમેદ રે.... યો૦ ॥૧૦॥ હું ન સહી શકું તુમ તણો રે, વિરહો અધક્ષણ માત્ર; દ્રાક્ષ જ્યું વેલી વિછુટીએ રે, ઝુરી કૃષ કરે ગાત્ર રે.... ॥૧૧॥ તનુ કોમળ મધુરી ગિરા રે, દીસે છે પ્રગટ પ્રસિદ્ધ; તો કઠીનતા એવડી રે, હૈડે કિહાંથી લીધ રે ?.... યો૦ ॥૧૨॥ મન પણ કરીને કોમળું રે, માનો મુજ મનુહાર; કોઇકના મુખ સાહમું રે, જુઓ જીવન

૧ હસ્તિ ૨ લાંગૂલે હસ્તિનામ રે * ૩ માથું મૂંડાવ્યા પછી. ૪ શોર, અવાજ.

આધાર રે.... યો૦ ॥૧૩॥ અતિ તાણ્યો કેમ પૂરવે રે, નેહ થયો જ્હાં એમ ?; નાખી વિરહ પયોધિમાં રે, નાસી જાઓ કેમ રે? ....યો૦ ॥૧૪॥ કૂડો આળ ચડાવીને રે, જાશો તુમે મહારાય; દાદી હાલ્યાનો કિસ્સો રે, માંડયો મુઝથી ન્યાય રે?.... યો૦ ॥૧૫॥ હુકમ કરો તો પરણવા રે, જાઉં કરૂણાગાર !; કહો તો ન જાઉં ઈહાં રહું રે, કહો તે કરીયે વિચાર રે.... યો૦ ॥૧૬॥ કેમ ચાલે તુમ દુહવ્યા રે, વીનવે એમ ભૂપાળ; મોહનવિજયે વરણવી રે, એહ છવ્વીસમી ઢાળ રે.... યો૦ ॥૧૭॥

॥ દોહા ॥

નૃપ આતુર જાણી કરી, સામણી બોલી તામ;
રે બંદે [1]નારાન્યકે, કયોં કલપત હે આમ ?. ॥૧॥

દેખન તેરા પારખાં, ઈતના કિયા વિલાસ;
ધન્ય ધન્ય તેરી માતકું, તોકું હે શાબાશ. ॥૨॥

દલથંભણકી પુત્રીસેં, કર વિવાહ મનરંગ;
કહે તો મેં સાથે ચલું, વીણા લેઈ સંગ. ॥૩॥

તું દક્ષિણકું ઉઠ ચલે, હમ રહે ઈંહા કુણ કાજ;
જિત તું તિતહી હમ રહે, મ કર ફીકર મહારાજ. ॥૪॥

રાજા અતિ હરષીત થયો, સામણનો લહી હેજ;
જિમ હરખે નિદ્રાળુઓ, પામી સુંદર સેજ. ॥૫॥

હારેલ જેમ વાહન મળે, ભૂખ્યાને જેમ અન્ન;
તિમ યોગણ વચને થયો, નવપલ્લવ નૃપ મન્ન. ॥૬॥

યોગણનું મન સ્થિર થયું, દેખીને ભૂપાળ;
દલથંભણના સચિવને, તેડાવ્યો તતકાળ. ॥૭॥

૧ નારાયણ કે *

# ॥ ઢાળ ૨૭ મી ॥

જગજીવન જગ વાલહો...એ દેશી

તેહ સચિવ કહે રાયને, ઢીલ કીસી કરો રાય લાલ રે; ચાલોજી પંથ છે વેગળો, આવેજો તુમચે દાય લાલ રે. ચતુર સનેહી સાંભળો ॥૧॥ તિહાં નૃપ વાટ જોતા હશે, હુઓ તુમ તૈયાર લાલ રે; ધરમ કરમ ગતિ શાસ્ત્રની, ત્વરિત કહી સુવિચાર લાલ રે.... ચ૦ ॥૨॥ નૃપ પણ તેહના કેણથી, સજી ચતુરંગ સૈન્ય લાલ રે; નિશાને ડંકા થયા, નાદે પૂરાણો ગયણ લાલ રે.... ચ૦ ॥૩॥ યોગણીયે નીજ યંત્રમાં, રાખ્યા ભૂષણ ખાસ લાલ રે; છાના રાખ્યા ગોપવી, નૃપતિ ન જાણે તાસ લાલ રે.... ચ૦ ॥૪॥ ચાલ્યો નૃપ દક્ષિણ દિશે, સચિવને આગળ કીધ લાલ રે; યોગણી પણ સાથે ચલી, રથમેં બેસારી દીધ લાલ રે.... ચ૦ ॥૫॥ વાટે દળ સબળો વહે, જાણે ઉમહ્યો મેહ લાલ રે; કે ઉછળીયો કલ્લોલથી, ક્ષીરોદધિ છે એહ લાલ રે.... ચ૦ ॥૬॥ એક એક ઉપર ઉપરે, હયે ચાલે હીસંત લાલ રે; મદ ઝરતા મયગલ ચલે, શુંડાદંડ ધરંત લાલ રે.... ચ૦ ॥૭॥ પાયક પ્રૌઢા પરવર્યા, હુઆ [1]સાનિધ બન્ધ લાલ રે; મુછાળા મછરાયલા, તિરકસી ચલે ધરી કંધ લાલ રે.... ચ૦ ॥૮॥ ઇમ સેનાએ પરવર્યો, મંજલ સર થયો રાય લાલ રે; ક્ષણ ક્ષણ નૃપ સામણતણી, ખબર લીએ ચિત્ત લાય રે.... ચ૦ ॥૯॥ ક્ષણ ક્ષણ બિહુ એક વાહને, બેઠા કરે ગુણગાન લાલ રે; ગીત સુણે તસ મુખ થકી,

---

૧ સંનધ

ભૂધવ દેઈ કાન લાલ રે.... ચ૦ ॥૧૦॥ ઈમ વહેતાં દીન પાંચમેં, પામ્યા એક ઉદ્યાન લાલ રે; સદલ સરલ મહીરૂહ ઘણાં, ઉંચા લગે અસમાન લાલ રે.... ચ૦ ॥૧૧॥ છાંયા સઘન દેખી તિહાં, રવિ પણ ન કરે જોર લાલ; દ્રુમગુચ્છે બેઠાં થકાં, મધુરા ટહુકે મોર લાલ રે.... ચ૦ ॥૧૨॥ સજલ સરોવર જિહાં તિહાં, અતિ રમણીયક વન્ન લાલ રે; દેખી મહીપતિનું થયું, ઘણું આણંદીત મન્ન લાલ રે.... ચ૦ ॥૧૩॥ યોગણને પૂછી કરી, ડેરા દીધા તત્ર લાલ રે; ખેદાક્રાંત થયા ભટા, ઉતરીયા સર્વત્ર લાલ રે.... ચ૦ ॥૧૪॥ ધૂતાશે યોગણ થકી, એ વનમાં ભૂપાળ લાલ રે; મોહન વિજયે ભલી કહી, સત્તાવીશમી ઢાળ લાલ રે.... ચ૦ ॥૧૫॥ સર્વ-ગાથા ૫૭૫

॥ દોહા ॥

ડેરા દીધા દેખીને, સામણ ચિંતે ચાવ;
એ કાનનમેં કંતને, ધૂત્યાનો છે દાવ ॥૧॥

ઢીલ કરવી કામની, ઉખાણો કહે લોય;
જિમ જિમ ભીંજે કંબળી, તિમ તિમ ભારે હોય. ॥૨॥

ઇમ ચિંતી ઉઠી તુરત, વીણા કર ધરી તેહ;
માનતુંગ મહીપતી ભણી, ઇમ ભાખે ધરી નેહ. ॥૩॥

સુણ બેં તું ઉજ્જેણી પતી, કહે તો ઉણ ઉદ્યાન;
હમ ખેલે જઈ સરવરે, કર આવે અસનાન. ॥૪॥

છિનુંકમે ફીર આઉંગી, કરકે મુનિ આચાર;
તવ નરપતિ કહે સ્વામિની, વન છે અતિ વિસ્તાર. ॥૫॥

વાઘ સિંહ ગુંજે ઘણાં, તુમે છો અસ્ત્રી જાત;
કહો તો આવું વોળાવવા, સા બોલી સુણી વાત. ॥૬॥

કૌન વોલાવે સિંહકો, ઇમ કહી ઉઠી તેહ;
વીણા લેઈ વન્નમાં, આવી ધરીને નેહ. ॥૭॥

## ॥ ઢાળ ૨૮ મી ॥

કે તટ સરોવરનો રે, અતિ રળીયામણો ચિહુ દિશ ભરીયો ગુહીર ગંભીર; મચ્છ કચ્છપનાં રે પૂંછ ઉછાટતું રે, ઉછળે જળ સરતીર....તટ૦ ॥૧॥ હંસ ચકોર રે બગ ને સારસી રે, જેણે તટ કરતાં બહુલી કેલિ; કેઇક ઉડતા રે કેઇક બેસતા રે, કોઈ રહ્યા જળથી ચંચૂભેળ....તટ૦ ॥૨॥ જંબુ લીંબુ રે અંબ કદંબના રે, તિહાં રહ્યા લુંબિત જુંબિત ઝાડ; જળ રાખણુ રે જગને કારણે રે, જાણી એ કીધી એહની વાડ....તટ૦ ॥૩॥ અતિ રમણીક રે થાનક જોઈને રે, યોગણ પામી મન આણંદ; સાંભળજો સહુ કોઈ રે, નૃપને ધુતવા રે, જે ઇહાં રચશે રામા ફંદ....તટ૦ ॥૪॥ મૂકી વીણા રે અળગી કંધથી રે, તરૂવર કોટરમાં છીપાવી; પેઠી ધીઠી રે ઉંડા નીરમાં રે, કીધું મજ્જન યુગતી બનાવી....તટ૦ ॥૫॥ મજ્જન કરીને જળને બાહી રે, આવી કેશ નિચોવે નાર; ટપ ટપ ટપકે રે જળનાં બિંદુવા રે, જાણે તુટચો મોતી હાર....તટ૦ ॥૬॥ સુંદર [1]અંબર પીતાંબર તણાં રે, કાઢચા વીણામાંહેથી તામ; પહેર્યાં ઝીલતાં રે [2]વસન તે અંગે ઇણે રે, જેણે છબી મોહે સુર અભિરામ....તટ૦ ॥૭॥ કજ્જલ રેખા રે સારી નેણુથી રે, જાણે સમાર્યો મનમથ બાણ; કીધી રાતી

૧–વસ્ત્ર. ૨–વસ્ત્ર.

રે કુંકુમ બિંદુકા રે, જાણે ઉગ્યો [1]શૈશવ [2]ભાણ.... તટ૦ ॥૮॥ અંગો અંગે રે ભૂષણ ભાવીયાં રે, નેઉર ઘમકે ચરણે જોર; જાણીએ પિયુને રે ઇણીપરે જીતવા રે, ધસમસી દીધી નગારે ઠોર....તટ૦ ॥૯॥ અપછર સરીખું રે રૂપ બનાવીયું રે, હીંચે વડશાખા ગ્રહી બાંહી; ગાએ મધુરાં રે ગીત આલાપીને રે, ઉંચે સ્વરથી તિણ વનમાંહી....તટ૦ ॥૧૦॥ ઇમ તિહાં [3]કરતાં રે પહોર જ થઇ ગયો રે, પાછળ નરપતિ જોવે વાટ; હજીય ન આવી રે યોગણ શું થયું રે ?, પડી ભૂલી વિષમ વાટ....તટ૦ ॥૧૧॥ રખે હોય એહને રે જીવે પરાભવી રે, રખે હશે બુડી સરોવર માંહી; કે રખે મુઝને રે વાહી ગઈ હશે રે, મેં પણ મુકી એહને કયાંહી....તટ૦ ॥૧૨॥ હજી ય ન આવી રે વેળા બહુ થઈ રે, કિહાં ગઈ યોગણ મુકી નેહ; જોઈ કાઢું રે જઈને વનમાં રે, જિહાં તિહાં હોશે હમણાં તેહ....તટ૦ ॥૧૩॥ ભૂપતિ ઉઠયો રે એકલો આપશું રે, સેવક કોઇ ન લીધો સંગ; ધીરજ હુસી રે રાયતણી તદા રે, ફરકયો જયારે જમણો અંગ.... તટ૦ ॥૧૪॥ ચડવડી ચાલ્યો રે ખડગ સંબાહને રે, વનમાં જોવે તવ ભૂપાળ; મોહનવિજયે રે ભાખી રંગથી રે, અઠ્ઠાવીશમી ઢાળ....તટ૦ ॥૧૫॥

॥ દોહા ॥

લતા ગુચ્છ ઢંઢોળતો, તસ જોવે નૃપરાટ;
ભમે જેમ મયગલ વિફર્યો, ફિરે કરે ગણણાટ. ॥૧॥

૧–બાળ. ૨–સૂર્ય. ૩–રમતા

યૂથભ્રષ્ટ જેમ હરણલો, ફરે પ્રચારે ફાળ;
તિમ નેહે વેધ્યો થકો, વનમાં ફરે ભૂપાળ. ॥૨॥
પણ ચોગણ લાભે નહીં, જોવે પગ ભૂપીઠ;
માનવતીએ કંતને, વનમાં ભમતો દીઠ. ॥૩॥
જાણ્યું આવ્યો વલ્લહો, મુઝને જોવા કાજ;
દીન ઘોળે ધૂત્યા તણો, અવસર મળીયો આજ. ॥૪॥
નાહભણી આકર્ષવા, ગાએ ગીત રસાળ;
જાણે ટહુકી કોકીલા, બેઠી આંબા ડાળ. ॥૫॥

## ॥ ઢાળ ૨૯ મી ॥

રાજાને દેખીને હો કામણી કૂડી બુદ્ધી ઉપાવે, સાદ કરી કરી નાહને તેડે; અહો લાલ વિદેશી મિત્તા, મારે મન સરોવરીયે પધારો; હીંચોળે હીંચીને હો, પંથી મારા અરજ કરૂં છું, ત્યાર પછી તુમે વહેજો પાણી ॥૧॥ પંથીડા પંથને હો, પંથી મારા રખે રે વહેતાં, દિસો છો કોઇ પ્રેમ પિયારા; વાટલડી વાળીને હો, પંથીડા મુઝપેં પધારો, આડું ને અવળું કાંઇ વિચારો ? ॥૨॥ આગળ જાતાં હો, પંથીડા ઇહાંઇજ આવો, પગલે બે ચારે પગશું હોશે મેળા; ઇમ કિમ વનમેં હો, પંથીડા ભૂલા ભમો છો, કિણ [1]કમાણીએ કર્યા ઇમ ઘેલા ? ॥૩॥ વાતડીએ વિંધાણો હો પંથીડા નૃપ ચિત્ત ચિંતે, મુઝને સાદ કરે કુણ નારી ?; સામણી સરખો હો પંથીડાં સ્વર તે ન દીસે, એતો [2]પસેંધો સાદ છે ભારી ॥૪॥ વાણીને અનુસારે હો પંથીડા નૃપ તિહાં આવ્યો,

---
૧–કામિણીએ• ૨–અપરિચિત,

દીઠી નારી હીંચતી ડાળે; ભામાને ભરોંસે હો પંથીડા અવસર દીસે, રાજા ફરી ફરી તાસ નિહાળે ॥૫॥ શોભાને દેખીને હો પંથીડા નૃપ જોઇ રહ્યો, ચરણે નમીને તાસ હીંચોળે; વેધડીએ વેધાંણો હો પંથીડા વિકટ કટાક્ષે, નારી ભણી ભૂપતિ તવ બોલે ॥૬॥ કિંહાથી આવી હો ભામિની ભોળી કિંહા તું રહે છે, ઈહાં એકાકી કેમ તું હીંચે ?; નાહલીએ 'નીહેજે હો દુહવી દીસે છે, કિંવા કોઈથી પ્રીતડી સીંચે ॥૭॥ નાનડી એ વેષે હો બીહતી નથી શું, કહે મને સાચ હૃદય ખોલી; રાજાના મુખથી હો વચન સુણીને, તતક્ષણ ધુતણ મધુરૂં બોલી ॥૮॥ અકહ કહાણી હો તુજને કહુ છું, બાળપણે [૨]પણ કીધો અટારો; પચ-તલ ધોઈ ને હો જે જળ પીવે, તો હું તેહને કરૂં પ્રીતમ પ્યારો ॥૯॥ પટકીને પલવટે હો પ્રીતમ નાથુ, વૃષભ તણી પરે ઇહાં તિહાં ફેરૂં; એવો તો નાહલીઓ હો નવી મળ્યો કોઇ [૩]પણ ન રહ્યું કોઈ મુજ કેરૂં ॥૧૦॥ ખેચરનો સ્વામી છે હો જનક અમારો, તેણે મુઝ પણની વાતડી જાણી; તાતે રીંસડી હો મુઝ ભણી કીધી, વર પરણવા ઘણું એ તાણી ॥૧૧॥ પીયરથી રીસાઈ હો ઇણ વન આવી, પણ પૂર્યા વિણ કિમ પરણાય ?; આજ મને દહાડા હો ચાર ચતીતા, ચાર તે ચાર યુગ સરીખા ॥૧૨॥ કામિનીની કેલવણી હો સહી કરી માની, નૃપ જાણે એણે સાચી દાખી; મોહનવિજયે હો સુપરે બનાવી ઓગણત્રીશમી ઢાળ એ ભાખી ॥૧૩॥

૧–હેત[illegible] ગુ. ૨–૩ નિયમ.

॥ દોહા ॥

નરપતિ રમણી નીરખીને, થયો ઘણું લયલીન;
જિમ આમીષ પેખી કરી, ઉલસે જળચર મીન. ॥૧॥
ભૂપ વિચારે એહને, પરણું વનહ મઝાર;
દુર્જન વિસ્મય કારણે, સફળ કરૂં અવતાર. ॥૨॥
નૃપ ભાખે નારી ભણી, અહો રતિને અવતાર;
જે તુઝ ચરણોદક પીયે, તાસ કરે ભરથાર. ॥૩॥
હું તુઝ ચરણોદક પીઉં, થઈ ફરૂં વૃષભ સરૂપ;
જો મુઝને પરણો તુમે, તો પણ પુરૂં અનૂપ. ॥૪॥
સા ભાખે રે પંથીઆ, તો છે કેહની ઢીલ ?;
હું એહીજ ઈચ્છું અછું, લ્યો મન્મથની ભેટ. ॥૫॥
અંધો વાંછે આંખને, પંગૂ વાંછે [1]પાય;
તેમ હું વાંછું છું પિયુ, વરૂં [2]પણ પૂરે રાય. ॥૬॥
યોગણ તો ભૂલી ગયો, વિકળ થયો મહીપાળ;
દંભ ફંદ માંહી પડયો, ભરીય ન શકે ફાળ. ॥૭॥

## ॥ ઢાળ ૩૦ મી ॥

સાધુજી ન જઇએ રે... એ દેશી

આતુર હુઓજી પરણવા રે, ભૂપતિ વન્ન મઝાર; સા કહે લાવોજી નિર્મળ નીરને રે, લ્યો ચરણોદક સાર; હવે સહુ જો જો રે, કૌતુકની કથા રે ॥૧॥ કામિની કપટભંડાર, નવિ લહે કોઈ તાસ ચરિત્રનો રે બ્રહ્માદિક પણ પાર....હવે૦ ॥૨॥ નૃપ તવ દોડયો નીરને કારણે રે, પેઠો સરોવર માંહી; પાત્ર નિપાવ્યો

૧પગ. ૨. નિયમ.

પેયણ પત્રનો રે, ભર્યો જળ તે માંહે ઉચ્છાહ.... હવે૦ ॥૩॥ જળ લઇ આવ્યો નારી આગળે રે, કહે ઇમ બે કરજોડ; પાય કહો તો હું ધોઈ પીઉં જી, પૂરો મનતણાં કોડ.... હવે૦ ॥૪॥ નારીએ દીધો પદ નૃપ હાથમાં રે, મૂકીને કહે ધોય; લ્યો કરો આચમન તોયનું રે, વાંછના પૂરણ હોય.... હવે૦ ॥૫॥ અરહો પરહો ત્યાં આલોકીને રે, પુરપતિ ધોવે પાય; પીધું પખાળી સાત વેળા તિહાં રે, ચરણોદક ચિત્ત લાય.... હવે૦ ॥૬॥ [1]કોટમાં નાંખી સુંદર ફાળીયું રે વૃષભ સરીખો બનાય; ચાબખ દેઇ સરવરને તટે રે, ફેરવ્યો નારીએ રાય.... હવે૦ ॥૭॥ જિહાં પ્રિયા મુકે પગલાં નિજના રે, તિહાં નૃપ માંડે હાથ; માનવતીએ તિહાં વનને વિષે રે, ધુત્યો અવંતીનો નાથ.... હવે૦ ॥૮॥ ચાર દિશાએ ચાર કળશ મીસે રે, [2]રેણુના તુંગ બનાય; તરૂવર તણી સાખ કરી તિહાં રે, પરણ્યો પ્યારીને રાય.... હવે૦ ॥૯॥ ધિગ ધિગ હોજો કામ વિડંબના રે, કામથી ન રહે મામ; કામથી કામી કામિની આગળે રે, નર ધૂતાયે છે આમ.... હવે૦ ॥૧૦॥ માનવતી તીહાં મનમાંહે હસે રે, અહો અહો નાહની બુદ્ધ; ધુતું છું જી તોયે હજી લગે રે, પડતી નથી કાંઈ શુદ્ધ.... હવે૦ ॥૧૧॥ એ બળ સારૂં એણે નારીને રે, નિભ્રંછી મૂકી [3]કેણ; મેં તો પાળ્યાં મારા બોલડાં રે, હરખે એમ હિએણુ.... હવે૦ ॥૧૨॥ નૃપ કહે કેમ હસો છો રે પ્રિયા રે? ઉલસ્યું કેમ તુઝ હૈયું ?; સા કહે કેમ જી હું નવિ ઉલ્લસું રે? પામી તુમ સમ

૧. ડોક ૨–રેતી. ૩–શું કામ?

પીયું.... હવે૦ ॥૧૩॥ આજ કૃતારથ હું એહવે થઇ રે, [1]પણ પૂર્યો મન ખંત; ભાગ્ય તે વાધ્યો હવે ઈહાં-મુઝતણોરે, દુઃખનો પહોંત્યો અંત....હવે૦ ॥૧૪॥ કર ગ્રહીને કહે નૃપ નારને રે, ચાલો ડેરે જી હેવ; પીયુનો આગ્રહ ઘણું ઇમ પેખીને રે, સા બોલી તતખેવ.... હવે૦ ॥૧૫॥ સ્વામી હમણાં તુમ સંગે આવતાં રે, મુઝને આવે છે લાજ; આવીશ તિહાંહીજ ઘડી એક આંતરે રે, જાઓ તુમે મહારાજ....હવે૦ ॥૧૬॥ હરખ્યો નારીના વયણ સુણી તિહાં રે, ડેરે આવ્યો ભૂપાળ; મોહનવિજયે ભાખી લટકતી રે, ત્રીસમી ઢાળ રસાળ.... હવે૦ ॥૧૭॥

॥ દોહા ॥

વિદાય કરી વસુનાથને, માનવતીએ તામ;
વસ્ત્રાદિક ફરી વીણમેં, [2]સંગોપે અભિરામ. ॥૧॥

થઈ અવધૂતણ ફેરીને, ભસ્મ ચડાવી અંગ;
મૂકી વીણા ખંધ પર, ધરતી હૃદય ઉમંગ. ॥૨॥

કોઈ વાટે પહેલી ગઈ, આવી બીજી વાટ;
યોગણ દીઠી આવતી, અતિ હરખ્યો નૃપરાટ. ॥૩॥

બેસાડી સિંહાસને, ભગતિ યુગતિ બહુ કીધ;
સંતોષી અશનાદિકે, ગીત ગાન રસ પીધ. ॥૪॥

નૃપતિ વિચારે ચિત્તમાં, હજીય ન આવી નાર;
કે શું વનદેવી હતી ?, ગઈ મુઝને વિપ્રતાર. ॥૫॥

કે ઠગણી કોઈ ઠગી ગઇ, ઈસ્યો થયો પ્રકાર;
મુખમાં આવ્યો કોળીયો, ગયો હવે કિસ્યો વિચાર ?. ॥૬॥

---

૧-નિયમ. ૨ સંગોપ્યા *

જો એ જોગણ જાણશે. [1]તો હોશે નિસનેહ;
ગઈ તો આધી જાણ કે, ગયા તણી શી ઈહ ?. ॥૭॥

## ॥ ઢાળ ૩૧ મી ॥

દાયક દિલ વસીયા.... એ દેશી

નૃપનાં મનમાં ખેચરી રે, સુરીજન ખટકે થઈને સાલ; કામિની ધૂતારી; ભોળવે સુર નર કોડી, માનની મતવારી; માને નૃપ ઈન્દ્રજાળનો રે.... સુ૦, કોઈક થઈ ગયો ખ્યાલ.... કા૦ ॥૧॥ પણ નૃપ ન કહે કોઈને રે.... સુ૦, વૃષભ થયો તે વાત; મા૦; કોઠીમાં મુખ ઘાલીને રે.... સુ૦, રોવે જયું તસ્કર માત.... કા૦ ॥૨॥ યોગણ પણ અજાણતી રે.... સુ૦, થઈ બેઠી નૃપ પાસ; મા૦; એક એકથી રાખે છુપી રે.... સુ૦, વાતલડી સુવિલાસ.... કા૦ ॥૩॥ ડેરા ઉપાડચા વનહુંતી રે.... સુ૦, ચાલ્યો તિમહીજ સેન; મા૦; તિમહીજ [2]સામણ ગોઠડી રે.... સુ૦, માંડે પતિ ઉજ્જેણ.... કા૦ ॥૪॥ અનુક્રમે આવ્યા ચાલતાં રે.... સુ૦, મુંગી પટ્ટણ બાર [3]તેણીવાર.... મા૦; સામણી કહે મહારાયને રે.... સુ૦, સુણ એક મેરા વિચાર.... કા૦ ॥૫॥ મેં યોગી તેં ભોગીયા રે.... સુ૦, અહેરા કરે કછુ લોગ.... માં૦; તેરે સંગ શહેરમેં રે....સુ૦, કૈસે આવનકાં યોગ ?.... કા૦ ॥૬॥ મેં રહુંગી ઇણ બાગમેં રે.... સુ૦, તું જા નગર મોઝાર.... મા૦; યોગી સોહી જાણીએ રે.... સુ૦, રાખે લોકાચાર.... કા૦ ॥૭॥ [4]વ્યાહકે રતનવતી પ્રિયા રે.... સુ૦, તું ઇત આયે વેગ.... મા૦; રાખે જૈસા હે

---

૧ તો હસશે નિઃસંદેહ● ૨ સામણથી ● ૩ ને બાર● ૪–પરણીને.

તિસા રે....સુ૦, તેરે મેરે નેગ.... કા૦ ॥૮॥ ફેર ઉજ્જેણી આઉંગી રે.... સુ૦, રે નૃપ તેરે સંગ.... મા૦; યોગણની વાણી સુણી રે....સુ૦, પામ્યો ભૂપતિ રંગ....કા૦ ॥૯॥ યોગણ રહી તે વાડીએ રે.... સુ૦, નૃપ આયો પુરમાંહી.... મા૦; દલથંભણ પણ સાહમો રે.... સુ૦, આવ્યો ધરી ઉચ્છાહ.... કા૦ ॥૧૦॥ માનતુંગ અતિ હેજશું રે....સુ૦, પુરમેં કીધ પ્રવેશ....મા૦; દીધો ઉતારો મહેલમાં રે.... સુ૦, ઉતર્યો દળ સુવિશેષ.... કા૦ ॥૧૧॥ માનતુંગ મહીપાળની રે.... સુ૦, દલથંભણ કરે સેવ.... મા૦; ભોજન ભગતિ ભલી કરી રે.... સુ૦, માને કરીને દેવ.... કા૦ ॥૧૨॥ રતનવતીને પરણવા રે.... સુ૦, સુંદર મુરત લીધ.... મા૦; દક્ષિણપતિ પુત્રીતણાં રે.... સુ૦, મનહ મનોરથ સિદ્ધ.... કા૦ ॥૧૩॥ રતનવતી ગણે માહરો રે.... સુ૦, સફળ થશે અવતાર.... મા૦; પરણશે મુઝને ચોરીયે રે....સુ૦, માલવપતિ સીરદાર.... કા૦ ॥૧૪॥ યોગણની જો જો કળા રે....સુ૦, કરશે ખેલ રસાળ....મા૦; મોહનવિજયે વરણવી રે, સુ૦, એ એકત્રીસમી ઢાળ.... કા૦ ॥૧૫॥ સર્વગાથા ૬૬૦

॥ દોહા ॥

યોગણ વેશ ઉતારીને; પહેર્યો અદ્‌ભુત વેશ;
વીણ છપાવી બાગમેં, આવી નયર વિશેષ. ॥૧॥
રતનવતી પાસે ગઈ, મળી ઘણે મનોહાર;
રતનવતી જાણે હૈયે, એ કુણ સુંદર નાર ?. ॥૨॥
પૂછે આયા કિંહા થકી ?, કવણ તુમારૂં નામ ?;
રૂપે અમો તમ સારખી, નવિ નીરખી કોઈ વામ. ॥૩॥

માનતુંગ રાજા તણી, હું છું વડારણ ભામ;
આવી ઉજ્જેણી થકી, માનવતી મુઝ નામ. ॥૪॥
મુઝને ભૂપે મુકી અછે, તુમને જોવા કાજ;
તે માટે આવી અછું, તુજ મંદીરમાં આજ. ॥૫॥

## ॥ ઢાળ ૩૨ મી ॥

વિનતિ અવધારો રે... એ દેશી

દલથંભણ કન્યા રે, હરખે થઇ ધન્યા રે, માનવતી સમ અન્યા–તિણે દીઠી નહીં રે; જનનીને જણાવી રે, વાતલડી બનાવી રે, આપણને ઘર આવી વડારણ ગહગહી રે. ॥૧॥ તસ રૂપ સરીખું રે, હું તો નવી પરખું રે, કહો તો આકર્ષું તુમપેં મંદીરે રે; જનની કહે જાઓ રે, ઇહાં તાસ બોલાવો રે, કિસિ વાર મ લાવો તેડો મંદીરે રે ॥૨॥ રતનવતી લેઇ ચેડી રે, ફરી આવી નેડી રે, વડારણને તેડી માતાને મેળવી રે; કહી પુત્રીએ જેહવી રે, દ્રગે દીઠી તેહવી રે, માનવતીએ કળા કેવી કેળવી રે ॥૩॥ નિત વેશ બનાવે રે, ગુણ આપ જણાવે રે, ગાઇ ગીત સુણાવે સહુને વશ કરે રે; હળી મળી સવિ સંગે રે, ચરિતાળી 'સુચંગે રે, હવે જોજો રંગે, નૃપ વનિતા વરે રે ॥૪॥ દલથંભણ રાજા રે, વગડાવે વાજાં રે, તાજા અતિ સાજા ડેરા બાંધીયાં રે; ચોરી રચી સારી રે, મુહરત નિરધારી રે, ઉત્સવ કીધા ભારી સુરભિ સુગં-

૧ સુરંગે રે *

ધીયા રે ॥૫॥ કન્યા શણગારી રે, પહેર્યા ઝરતારી રે, મોતીયે સમારી, રતનવતી ભણી રે; શરણાઇ વાજે રે, નટ નાટક સાજે રે, ગુંજાળા ગાજે વાજે મૃદંગ ઘણાં રે ॥૬॥ વનિતા મળી વાદે રે, કૌતુકને ઉન્માદે રે, માનવતી શુભ સાદે ગાયે સોહલાં રે; વડારણ કરી થાપે રે, કોઇ ભેદ ન જાણે રે, સહુ કોઇ વખાણે લોક ભલી ભલી રે ॥૭॥ માનતુંગ મહીશે રે, સજી જાન વિશેષે રે, નિશાને નરેશે પડતી ઠોરીયેં રે; રતનવતી કરી સંગે રે, જોરાવર જંગે રે, આવી બિહુ રંગે ચોરીયેં રે ॥૮॥ માનવતી થઇ માઝી રે, કરે હળફળ ઝાઝી રે, સહુકોને મન લાગી વડારણ તો ખરી રે; વરકન્યા વરીયા રે, ચિહું ફેરા ફરીયા રે, આનંદે ભરીયા, નૃપે નારી વરી રે, ॥૯॥ માનતુંગ મહીધરીયો રે, પુરૂષેં પરવરીયો રે, આવીને ઉતરીયો ડેરે મૂળગે રે; રયણી થઇ જાણી રે, પુત્રી ભણી રાણી રે, સુણો રે સયાણી મૂકે ઉમંગમાં રે ॥૧૦॥ માનવતી તવ બોલી રે, કપટાલય ખોલી રે, રાણી અહો ભોળી સુણ મુઝ વિનતિ રે; કુળદેવી અમારી રે, અતિહી અટારી રે, વિલસસે નહીં નારી અમ નૃપ તે વતી રે ॥૧૧॥ ઉજ્જેણી જાઇ રે, કુળદેવી મનાઈ રે, રતનવતી ચિત્ત લાઇ વિલસસેં તદા રે; સવિ ભેદ હું લહું છું રે, તે માટે કહું છું રે, નૃપ ભેળી રહું છું તિણે જાણું સદા રે ॥૧૨॥ ખોટું ન કહું છું રે, મત માનજો ઓછું રે, કહો તો જઇ પૂછું મારા રાયને રે; બત્રીશમી ઢાળે રે, કહી મંગળ માળે રે, મોહને સુવિલાસે કંઠે ગાઇને રે ॥૧૩॥

॥ દોહા ॥

રાણી માનવતી ભણી, કહે જઈ પૂછો રાય;
જેહવી દીએ આગના, તેહવી સોંપો આય. ॥૧॥
માનવતી ઉઠી તદા, ભૂષણ સજી વિશાળ;
લેઈ ચાલી હાથમેં, ભરી કંસારે થાળ. ॥૨॥
માનવતી રમઝમકતી, આવી પ્રીતમ પાસ;
પીઉડે તો નવી ઓળખી, અહો અહો દંભ વિલાસ!. ॥૩॥
પ્રણિપાત કરી ઊભી રહી, આગળ મૂકી થાળ;
માનતુંગ મધુરે સ્વરે, બોલ્યો તાસ નિહાળ. ॥૪॥
કહે કોણ તું છે કામિની ?, કિમ આવી ભર રાત ?;
ભરી કંસારે થાળિકા, શી છે કહો મુજ વાત ?. ॥૫॥

## ॥ ઢાળ ૩૩ મી ॥

છઠ કહે મુજ... એ દેશી

બોલી માનવતી સતી રે, કરી ઘુંઘટ પટ [1]લાજ, રાજન સાંભળજો; ગુરુણી છું રતનવતી તણી રે, માનવતી મુઝ નામ, રાજન સાંભળજો ॥૧॥ કંસાર જે લાવી અછું રે; તેહનો નિસુણો વિવેક, રાજન સાંભળજો; અમ ઘર એહવી રીત છે રે, અતિહિ અપૂરવ એક, રાજન સાંભળજો ॥૨॥ જે અમ નૃપની પુત્રિકા રે, પરણે કોઈ વસુધાર, રાજન સાંભળજો; તે તો એઠું માહરો રે, ચાખે એહ કંસાર, રાજન સાંભળજો ॥૩॥ ચાખો એહ કંસારને રે, હોશે કોડ કલ્યાણ, રાજન

1 તામ *

સાંભળજો; નહીં તો વરકન્યા ભણી રે, ઉપજે કોઇ વિન્નાણ, રાજન સાંભળજો ॥૩॥ જો સુખ [1]વંછે રાજનું રે, તો જમો જુઠું એહ, રાજન સાંભળજો; ભામાએ ભોળવ્યો ભર્તૃને રે, નારી કપટનો ગેહ, રાજન સાંભળજો ॥૫॥ નૃપે જાણ્યું સાચું કહ્યું રે, એ તો સુંદર નાર, રાજન સાંભળજો; રીત હશે ઇહાં એહવી રે, તો શું કરીએ પ્રચાર, રાજન સાંભળજો ॥૬॥ કહે નૃપ બેઠીને દીયો રે, જિમ ચાખું કંસાર, રાજન સાંભળજો; તેણે દીધું જુઠું કરી રે, ન કર્યો કોઇ વિચાર, રાજન સાંભળજો ॥૭॥ નૃપે આરોગ્યો કોળીયો રે, કરીને તેહ કંસાર, રાજન સાંભળજો; નૃપ શું કરે ? કેહને કહે રે ?, ધૂર્તે નિજ ઘર નાર, રાજન સાંભળજો ॥૮॥ આચમન જળથી કરી રે, બોલ્યો ભૂપ તિવાર, રાજન સાંભળજો; વળી જે વિધિ હોય તે કહો રે, કરીએ સયલ આચાર, રાજન સાંભળજો ॥૯॥ પણ મુઝ પરણી પ્રિયા રે, હજીય ન આવી આવાસ, રાજન સાંભળજો; કિમ તેડી નાવ્યા તમે રે, કારણ શ્યો છે તાસ, રાજન સાંભળજો ॥૧૦॥ માનવતી બોલી તદા રે, સુણો ઉજ્જેણી અધીશ, રાજન સાંભળજો; મળશે ખટ મહીના પછે રે, સા તુમ વીશ્વાવીશ, રાજન સાંભળજો ॥૧૧॥ ગુરૂ ગોત્રજ પૂજ્યાં નથી રે, પૂજતા હોવે છ માસ, રાજન સાંભળજો; તુમને ચાલવા નહીં દીયે રે, રાખશે એહ આવાસ, રાજન સાંભળજો ॥૧૨॥ મત એ કોઈને જણાવજો રે; સમજી રહેજો ચિત્ત, રાજન સાંભળજો; વાતડી કરવા તુમ થકી રે, ઇહાં હું આવીશ નિત્ય,

૧ વંછો જાતનું

રાજન સાંભળજો ॥૧૩॥ ધૂતીને ઈમ ભૂપને રે, આવી રાણી પાસ, રાજન સાંભળજો; કહે નૃપે કોઇ વ્રત આદર્યો રે, રહેશે ઇહાં છ માસ, રાજન સાંભળજો ॥૧૪॥ ત્યાર પછી તુમ પુત્રીને રે, વિલસે જઇ ઉજ્જેણ, રાજન સાંભળજો; કોઈને કહેતાં રખે રે, છાની વાત છે તેણ, રાજન સાંભળજો; ॥૧૫॥ પટ માસનો શ્યો આશરો રે ? દિન જાતા શી વાર ?, રાજન સાંભળજો; રાણીએ સહુ જાણ્યું ખરૂં રે, જુઠ ન બોલે એ નાર, રાજન સાંભળજો ॥૧૬॥ બાજીગરનાં સોગઠા રે, કહેવા રમાડે છે બાળ, રાજન સાંભળજો; મોહનવિજયે વરણવી રે, રૂડી તેત્રીશમી ઢાળ, રાજન સાંભળજો ॥૧૭॥ ૭૦૦

॥ દોહા ॥

માનવતી બીજી રયણ, આવી પ્રીતમ પાસ;
નૃપપ્રિય ગુરૂણી જાણીને, આદર દીધો તાસ. ॥૧॥
જોવે વક્ર કટાક્ષ ભરી, સા ટાળી અંદોહ;
આકૃતિ દેખી તેહની, નૃપ પામ્યો વ્યામોહ. ॥૨॥
મૂર્છાગત રાજા થયો, વ્યાપ્યો વિષય વિકાર;
તિમ તિમ સા દાખે ઘણાં, હાવ ભાવ અધિકાર. ॥૩॥
નૃપે લટપટ માંડી ઘણી, વિલસે વાતે નાર;
પણ નવિ જાણે [1]રાજવી, જે ઈણે કીધ પ્રકાર. ॥૪॥

૧ બાપડો

## ॥ ઢાળ ૩૪ મી ॥

શ્રી આદીનાથનાં એ એ... દેશી

નૃપ કહે માનવતી ભણી રે, હું રંઝયો તુજ દેખ, વિષયી વસુધાતા; તું પણ કરૂણા નેહથી રે, હસી કરી સાહમું પેખ, વિષયી વસુધાતા ॥૧॥ વાણી સુણી ઇમ રાયની રે, માનવતી કહે તામ, વિષયી વસુધાતા; રે માલવપતિ મુઝને રે, વચન કહો કાં આમ ?, વિષયી વસુધાતા ॥૨॥ રતનવતી પરણી પ્રિયા રે, પરણે ન પહોંચી હામ ?, વિષયી વસુધાતા; જે મુઝને પ્રાર્થો તુમે રે, ધિગ ધિગ મદન વિલાસ, વિષયી વસુધાતા ॥૩॥ વહાર જોઇએ જિહાં થકી રે, તિહાંથી કયું આવે ધાડ ?, વિષયી વસુધાતા; મૂકી દ્યો ભોળામણી રે, રહેવા દ્યો એ લાડ, વિષયી વસુધાતા ॥૪॥ પરણી ઘરની જે હુએ રે, તેહને કહીએ એમ, વિષયી વસુધાતા; પરનારીને એહવી રે, વાતો કહીએ કેમ ?, વિષયી વસુધાતા ॥૫॥ ઇમ નિર્ભ્રંછી રાયને રે, કહીને કડુવા વેણ, વિષયી વસુધાતા; તો પણ માનવતી થકી રે, ચોરે નહીં નૃપ નેણ, વિષયી વસુધાતા ॥૬॥ કામાતુર હુઓ ઘણું રે, ફિર ફિર ચાહે સંગ, વિષયી વસુધાતા; માનવતી તવ કંતને રે, ભાખે ધરી ઉછરંગ, વિષયી વસુધાતા. ॥૭॥ અહો અહો એવડાં આકળાં રે, કિમ હુઓ છો મહારાજ ?, વિષયી વસુધાતા; હું છું દાસી રાઉલી રે, જાતી નથી કાંઇ ભાજ, વિષયી વસુધાતા ॥૮॥ વચન સુણી વનિતા તણાં રે, હરખ્યો તવ મહીપાળ, વિષયી વસુધાતા; કામ વિષય સુખ ભોગવ્યાં રે, થઈ ઉચ્છુક ઉજમાળ,

વિષયી વસુધાતા ॥૯॥ ઇમ અનુદિન સુખ ભોગવે રે, માનવતીથી રાય, વિષયી વસુધાતા; ગર્ભ ધર્યો તવ અનુક્રમે રે, પૂરવ પુણ્ય પસાય, વિષયી વસુધાતા ॥૧૦॥ એક દિન માનવતી કહે રે, સાંભળો પ્રાણાધાર, વિષયી વસુધાતા; ગર્ભ ધર્યો મેં તાહરો રે, શ્યો તસ કરવો ઉપાય ?, વિષયી વસુધાતા ॥૧૧॥ પુત્ર જનમ થાશે જિસે રે, ત્યાં તુમે મહારાય !, વિષયી વસુધાતા; ઉજ્જેણી ભણી ચાલશો રે, મુજને અત્ર વિહાય, વિષયી વસુધાતા ॥૧૨॥ અંગજને કેણી પરે રે, પાળીશ હું કહો નાદ, વિષયી વસુધાતા; કેમ સહીશ હું અહોનીસે રે? લોકમાંહી અપવાદ, વિષયી વસુધાતા ॥૧૩॥ થનારૂં તો થયું હવે રે, શોચ કર્યા શું હોય ?, વિષયી વસુધાતા; તે માટે મુજને તમે રે, દિયો અહીનાણી કોઇ, વિષયી વસુધાતા ॥૧૪॥ જિમ તુમે અંગજ ઓળખો રે, આવે તુમચે પાસ, વિષયી વસુધાતા; તે કારણ માંગુ અછે રે, અહીનાણી સુવિલાસ, વિષયી વસુધાતા ॥૧૫॥ વચન સુણી વનિતા તણાં રે, દિયે અહીનાણી સાર, વિષયી વસુધાતા; નિજ નામાંકિત મુદ્રિકા રે, વળી મુગતાફળ હાર, વિષયી વસુધાતા ॥૧૬॥ બેહુ અહીનાણી લેઇને રે, સા હરખી મનમાંહી, વિષયી વસુધાતા; ઢાળ કહી ચોત્રીશમી રે, મોહનવિજયે ઉચ્છાહી, વિષયી વસુધાતા ॥૧૭॥ ૭૨૧

॥ દોહા ॥

હાર ઉદાર ને મુદ્રડી, કબજે કરીને તામ;
ઊઠી માનવતી તદા, પિયુને કરી પ્રણામ. ॥૧॥

કહો તો જઈ આવું પ્રભુ, રતનવતીને પાસ;
હમણાં પાછી ફરી તુરત, આવીશ ઈણ આવાસ. ॥૨॥
નૃપતિ ભેદ જાણે નહીં, દીધી શીખ તે વાર;
માનવતી પણ પય નમી, આવી મંદિર બહાર. ॥૩॥
તારાભર રજની સમે, આવી બાગ મઝાર;
વેષ ઉતારી વીણમેં, સંગોપ્યો તેણીવાર. ॥૪॥
યોગણ વેશ ફરી સજ્યો, ચિંતે ચિત્ત મઝાર;
બોલ સુબોલ થયો માહરો, ધૂત્યો પ્રાણાધાર. ॥૫॥

## ॥ ઢાળ ૩૫ મી ॥

માતા ત્રિશલા નંદકુમાર... એ દેશી

હવે પિયુ પહેલી પાધરી, જાઉં નગરી ઉજ્જેણ, ઈહાં રહ્યે શયો ફાયદો, પહોંચું તાત પયેણ; નારી ધૂતારી કહીએ, પીયુને કીધો પાધરો નેત્ર, પ્રિયાથી અળગા રહીએ ॥૧॥ માત પિતા તિહાં માહરાં રે, જોતાં હશે વાટ; ઝાંખર ઝૂરી થયા હશે, માહરો કરીને ઉચાટ નારી૦ ॥૨॥ કામ સરે ન વિલંબીએ, ડાહ્યાં એહી જ કામ; માનવતી વીણા લેઇ, રયણીએ ચાલી તામ નારી૦ ॥૩॥ એકાકી નિર્ભય થઈ, કઠીન કરીને મન્ન; ઈમ અનુક્રમે દીન કેટલે, આવી તેણે વન્ન નારી૦ ॥૪॥ તેણે સરોવરે ઉભી રહી, પીયુ કીયો વૃષભ સરૂપ; તે પણ દીઠી [1]જાયગા, વળી આગળ ચાલી ચૂપ નારી૦ ॥૫॥ [2]વોલી વિષમી વાટડી રે, આવી માલવ દેશ; દિન કેતે નિજ નયરમાં, આવી

૧-જગ્યા. ૨-વટાવી.

કીધ પ્રવેશ નારી૦ ॥૬॥ માતપિતાને જઈ મળી, કોઈ ન જાણે જેમ; પામ્યા હર્ષ સહુ રીઝતાં, હેજ ન હોવે કેમ? નારી૦ ॥૭॥ વલ્લભ જે વીછડયાં હુએ, તસ ફરી મેળો હોય; તે સુખ જાણે કેવળી [1]કે જાણે દિલ હોય નારી૦ ॥૮॥ માતપિતા આગળ કહી, પીયુ ધૂત્યો તે વાત; સાંભળીને સહુ કો હસ્યાં, પુત્રીનો અવદાત નારી૦ ॥૯॥ વેશ યોગણનો પરીહરી, આદર્યો મુળગો વેશ; અન્નાદિક આરોગીયાં, હર્ષ ધરી સુવિશેષ નારી૦ ॥૧૦॥ રાત્રે સુરંગે થઇને, ગઈ એક થંભ આવાસ; પહોરાયતને જગાડીયા, વાતો કરે સુવિલાસ નારી૦ ॥૧૧॥ યામિક કહે દીન એટલાં, જગાડયા નહીં અમ કેમ?; શું કાંઇ પોઢી રહ્યા હતાં, તવ સા બોલી એમ નારી૦ ॥૧૨॥ મૌનવ્રત આદર્યો હતો, વીરા એતા દીહ; તે વ્રત આજ પુરો થયો, તેથી બોલી જીહ (જીભ) નારી૦ ॥૧૩॥ ઇમ કરતાં પગડો થયો, સાચવ્યો ગૃહી આચાર; આંબિલ તપ માંડયો ફરી, પાળે સમકિત સાર નારી૦ ॥૧૪॥ નીજ વાલમને ધૂતતાં, જે કાંઇ લાગ્યું પાપ; મન વચ કાયા શુદ્ધિથી, આલોચે તે આપ નારી૦ ॥૧૫॥ પ્રતિક્રમણ બેહુ ટંકના, કરે અહનીશ મન શુદ્ધ; જે હુવે ભવિ પ્રાણીયો, તેહને હુએ એ બુદ્ધ નારી૦ ॥૧૬॥ જિન ધર્મના મહીમા થકી, પામી મંગળ માળ; મોહનવિજયે વરણવી એ પાંત્રીશમી ઢાળ નારી૦ ॥૧૭॥

---

[1] કે તે જાણે હોય.

॥ દોહા ॥

માનતુંગ હવે ગુરૂણીની, જોવે અહનીશ વાટ;
ચિંતે કિમ નથી આવતી, ગર્ભ ધર્યા પછી માટ. ॥૧॥
નૃપ તો તિહાં રહ્યો ઝૂલતો, એ તો આવી ગેહ;
હવે સહુ કોઈ સાંભળો, નિપટ ધરીને નેહ. ॥૨॥
માનવતી યામિક ભણી, કહે નિસુણે એક વાત;
અંતઃપુરમાં જઇ કહો, મુઝ ગર્ભતણો અવદાત. ॥૩॥
યામિક ચમક્યા સાંભળી, ગર્ભ ધર્યો એણે કેમ ?;
પુરૂષ પ્રવેશ ઇહાં નહીં, તો કાં બોલે એમ ?. ॥૪॥
જેમ [1]મચ્છી જળથી થઈ, ગિરિથી જિમ [2]હરી નાર;
તેમ શું એહને પણ ગરભ, થયો હશે નિરધાર. ॥૫॥
પહેરાયત દોડયાં થકા, આવ્યા પુર દરબાર;
નૃપ પટરાણી આગળે, કહ્યો ગર્ભ અધિકાર. ॥૬॥
તાળી દઇ સહુ કો હસી, નિસુણી કૌતક એહ;
પિયુ વિણુ ગર્ભ એ કિમ રહ્યો ? રહી એક થંભે ગેહ. ॥૭॥

## ॥ ઢાળ ૩૬ મી ॥

રાજગ્રહી નગરીનો વાસી... એ દેશી

સોળે નરપતિ નારી, તેણે મળીને બુદ્ધિ વિચારી હો, ધણુધણુતી દ્વેષી; પિયુને પત્ર લખીજે, ઇણુ કામે ઢીલ ન કીજે રે....ધણુ૦ ॥૧॥ કાગળ લખવા સારૂં, પટરાણી બેઠી તે વારૂ રે ધણુ૦; કુશળ ક્ષેમ પરિપાટી, લખી કરીને લિપી કરણાટી હો ધણુ૦ ॥૨॥ અપરં સમાચાર એક, તુમે પ્રિછજો પિયું સુવિવેક હો ધણુ૦;

૧ લચ્છી * ૨—પાર્વતી.

તુમે દક્ષિણ દેશે મોહ્યા, રહી રતનવતી [1]સંસોહ્યા હો ધણ૦ ॥૩॥ પણ ઘરની ખબર નથી લેતા, કોઇ સાથે શુદ્ધિ નથી કહેતા હો ધણ૦; તે સારૂં નથી કરતા, પરદેશે રહો છો ફરતા હો ધણ૦ ॥૪॥ વહેલા વળજો કંતા, રખે રહો થઇ તિહાં નિચિંતા હો ધણ૦; માનવતી તુમ પ્રિય છે તે તો, [2]આપભરા સત્વા હુઈ છે હો ધણ૦ ॥૫॥ વાંચજો તેહેની વધાઇ, ખોટું મત માનજો કાંઈ હો ધણ૦; યદિ અમને ખબર પઠાઇ, અમે વેંચી પણ મીઠાઈ હો ધણ૦ ॥૬॥ જેની હોવે અતિહિ પુણ્યાઇ, તસ ઘર હુવે એહવી બાઇ હો ધણ૦; પિયુ વિણ પુત્ર જે આવે, એહવી નારી કુણ પાવે હો? ધણ૦ ॥૭॥ તુમ ઘર એ પ્રિયા રાજે, કરો પટરાણી તો છાજે રે ધણ૦; દેવી હોવે [3]જેહવી, પાતરી તસ પહોંચે તેવી હો ધણ૦ ॥૮॥ તમે તિહાં મગન છો હસવે, પ્રેમદા ઈહાં બાળક પ્રસવે હો ધણ૦; તો ઘરે શાને આવો?, જબ બેહુ લાભ કમાવો હો ધણ૦ ॥૯॥ [4]સિમંત ઉપર વહેલા, આવજો મત થાજો ઘેલા હો ધણ૦; લેખ લખીને સિદ્ધો, કર પ્રેષકને વાળી દીધો હો ધણ૦ ॥૧૦॥ પત્ર એ નૃપ કર દેજો, મુખ વચને પ્રણિપાત કેજો હો ધણ૦; ચાલ્યો તે કાગળ લેઇ, હરખે હવે નારી સવેઇ હો ધણ૦ ॥૧૧॥ માંહો માંહે કરે વાતો, સહુ બેઠી દિવસ ને રાતો હો ધણ૦; આપણ જોતા એ હીલશે, પિયુ માનવતીને મળશે હો

૧ સંગાહ્યા હો॰ ૨ આપન્નસત્વા॰ ૩ જો એહવી॰ ૪ અઘરણી॰

ધણ૦ ॥૧૨॥ પણ આપણ વડ વખતી, થઈ આપણા મનની રૂખતી હો ધણ૦; કાગળ વાંચશે ત્યારે, તવ રહેશે એહથી ન્યારો હો ધણ૦ ॥૧૩॥ વિરૂઈ શોકય સગાઈ, જોતી રહે છીદ્ર સદાઈ હો ધણ૦; શોકય શુળીથી ભૂંડી, શોકય ખટકે ભાલી ઉંડી હો ધણ૦ ॥૧૪॥ તે નરને દુઃખ ભારી, હોવે જસ મંદીર બે નારી હો ધણ૦; દંત કલહે દિન જાય, એક એકથી વઢવા ધાય હો ધણ૦ ॥૧૫॥ ભુંડુ બોલે ને વખોડે, સામા સામા કાકડા મોડે હો ધણ૦; નારી કહે દીન હોઇને, પ્રભુ શોકય ન દેજો કોઇને હો ધણ૦ ॥૧૬॥ નામે બહેન કહીજે, પણ વેરણ થઇને [1]સીજે હો ધણ૦; ઢાળ મોહને કહી હરખી, પટ્ત્રીશમી સાકર સરખી હો ધણ૦ ॥૧૭॥

॥ દોહા ॥

પહોંચ્યો પ્રેષ્ય અનુક્રમે, માનતુંગ નૃપ પાસ;
કરી પ્રણામ કાગળ તુરત, દીધો ધરી ઉલ્લાસ. ॥૧॥
વાંચ્યો કાગળ ખોલીને, પ્રિછ્યો સવિ વિરતંત;
માનવતી કેરી કથા, વાંચી ચમકયો ચિત્ત. ॥૨॥
યુવતીએ એ શી લખી, માનવતીની વાત ?;
મેં તો માનવતી ઘરે, યંત્ર જડયા છે સાત. ॥૩॥
એ તો કૌતુક વાતડી, એ કેમ માની જાય ?;
કિણહીક શોકયે વેધથી, હોંશે લખ્યો બનાવ. ॥૪॥
જિહાં કીડી નવી સંચરે, જિહાં નહીં પવન પ્રગલ્ભ;
તેહવે ગેહે રહે થકે, ગોરી કિમ ધરે ગર્ભ ?. ॥૫॥

૧ બુજે*

એહવે વળી બીજો તિમજ, કાગળ આવ્યો તિક્ત;
માનવતીની વાત તવ, ચોકસ બેઠી ચિત્ત. ॥૬॥

## ॥ ઢાળ ૩૭ મી ॥

કાંઈ રથવાળો હો રાજ... એ દેશી

નૃપતિ વિચારે હો લાલ, એ સવી સાચું રાજ; કાગળ કૂડો રે, રાણી મુજને નવિ લખે ॥૧॥ મેં તો એ નારી હો લાલ, અસતી ન જાણી રાજ; ખીચડી વખાણી રે એ તો લાગી દાંતડે ॥૨॥ ધિગ ધિગ એહને હો લાલ, એહ શું કીધું રાજ; કીધું એણે રે રે લોકમાંહે લજામણું ॥૩॥ ફીટ કૂળહીણી હો લાલ, લાજ ન આવી રાજ; તેં નવી જાણ્યું રે ભૂંડું છાનું [1]ના રહે ॥૪॥ વળી નૃપ જાણે હો લાલ, વાંક ન એહનો રાજ; વાંક એ માહરો રે નારી મૂકી એ લી ॥૫॥ યૌવન આવે હો લાલ, વિરહ જગાવે રાજ; રહે કેમ નારી રે મહેલે [2]એવે એકલી ? ॥૬॥ હું પણ ઇહાંથી હો લાલ, શી પરે ચાલું રાજ; હજીય ન પરણે રે હુઆ મહિના ષટ થયા ॥૭॥ ગોત્રજ પૂજ્યા હો લાલ, વિણ ખટ માસે રાજ; દક્ષિણ રાજા રે મુને ન દીયે શીખડી ॥૮॥ શી પરે કીજે હો લાલ, નૃપ ન દે જાવા રાજ; મંદિરે એહવા રે નારી કેરાં શૂળડાં ॥૯॥ [3]મુખમાં લીધી હો લાલ, અહીએ છછુંદરી રાજ; તેહને ન્યાય રે રાજા શોચે શોચના. ॥૧૦॥ કાગળ પાછો હો લાલ, નૃપે લખી દીધો રાજ; ચાલ્યો સીધો રે લેઈ પ્રેષ્ય ઉતાવળો.

૧ કિમ ૨ એહવે ૩ સુખે કરી આસી હો લાલ

॥૧૧॥ અવંતી આવી હો લાલ, રાણીને કાગળ રાજ; આગળ દીધો રે જઇને ભાખી વાતડી. ॥૧૨॥ રાણીએ રંજી હો લાલ, કાગળ વાંચી રાજ; પિયુડો વેહેલો રે હવે ઘરે આવશે. ॥૧૩॥ શોકયને સાહી હો લાલ, પિયુડો બાંધશે રાજ; કૂટશે ગાઢી રે ઘોડા કેરે ચાબખે ॥૧૪॥ આપણે હસશું હો લાલ, દેઇ દેઈ તાળી રાજ; ઇમ કરે નારી રે ખૂણે બેઠી વાતડી. ॥૧૫॥ એહવે મહીના હો લાલ, ષટ્ થયાં જાણી રાજ; માનતુંગ રાજા રે, દક્ષિણરાયને વિનવે. ॥૧૬॥ હવે તો ગોત્રજ લાલ, રહ્યા હશો પૂજી રાજ; તે માટે આપો રે હવે મને શીખડી. ॥૧૭॥ સસરો ભાખે હો લાલ, ગોત્રજ કેવી રાજ ?; [2]જવું છે કેહેને? એ તો આજ મેં સાંભળ્યું. ॥૧૮॥ સામું તમારે હો લાલ, જઇને ઉજ્જેણી રાજ; પૂજવી છે ગોત્રજ રે છઠે માસે સાહિબા ॥૧૯॥ અમે તો શું જાણું હો લાલ, તુમ ઘર વાતો રાજ; રાઉલી વડારણ રે આવી અમને કહી ગઇ ॥૨૦॥ ઢીલ તો અમારી હો લાલ, કોઈ નથી જાણો રાજ; ઢીલ તમારી રે હુંતી એતા દીહની. ॥૨૧॥ માનતુંગ રાજા હો લાલ, સસરાને જંપે રાજ; ગોત્રજ કોઈ રે અમારે નથી પૂજવી. ॥૨૨॥ ગુરુણી તમારી હો લાલ, પરણ્યાં તિણ દીને રાજ; એઠું ખવાડી રે મુને એહવું કહી ગઈ. ॥૨૩॥ છઠે મહીને હો લાલ, ઘરણી મળશે રાજ; સસરો ઈહાંથી રે [2]સ્થાને જાવા નહીં દીએ. ॥૨૪॥ તેહનાં કહ્યાથી હો લાલ, ઇહાં અમે રહીયા

૧ પૂજવી છે● ૨ થાનેં (તનેં)*

રાજ; મારે વડારણ રે સંગે કોઈ અણી નથી. ॥૨૫॥
દલથંભણ રાજા હો લાલ, જમાઈને જંપે રાજ;
ગુરૂણી અમારી રે એહવી કોઈ છે નહીં. ॥૨૬॥
તમને અમને હો લાલ, કોઇ ગઇ ધૂતી રાજ; ઢાળ
સાડત્રીશમી રે, સારી ભાખી મોહને. ॥૨૭॥ ૭૯૮

॥ દોહા ॥

સભા સહુ ખડખડ હસી, બીહુ નૃપની સુણી વાત;
સહુ કો કહે કોઈ ધૂતણી ધૂતી ગઈ કરી ઘાત. ॥૧॥
માનતુંગ રાજા હવે, માગી શીખ તે વાર;
દલથંભણ [1]નિજ પુત્રીને, સંપ્રેષે સુવિચાર. ॥૨॥
દીધો બહુલો દાયજો, હય ગય રથ ધનકોડી;
પુત્રીએ નિજ માતથી, કરી શીખ કરજોડી. ॥૩॥
રતનવતી ઉજ્જેણીપતિ, ચાલ્યા લેઈ શીખ;
બંદીજન [2]કહે જોડી એ રહેજો કોડી વરીષ. ॥૪॥
દલથંભણ નિજ પુત્રીને, સંપ્રેડી વળીયાંહ;
માનતુંગ નૃપ નારી લે, માલવદેસ અડીયાંહ. ॥૫॥
જવ તે વાડી આગળે, નીસરીયો ભૂપત;
તદા સુરંગી યોગણી, ચડી નૃપતિને ચિત્ત. ॥૬॥
યોગણ જોઈ બાગમાં, નરપતિ આપો આપ;
પણ કયાંયે દીઠી નહીં, તવ કરે ભૂપ વિલાપ. ॥૭॥

## ॥ ઢાળ ૩૮ મી ॥

ધન ધન સુલસા સાચી...એ દેશી

કિહાં રે ગુણવંતી મારી યોગણી રે, ગઈ મુજને

૧-પણ× ૨-આશિષ દે*

ઇહાં છોડ રે; કોઈ છે ઉપગારી વાલો સાંઇનો રે, મુઝને મેળવે દોડ રે. કિહાં૦ ॥૧॥ નેહ કરીને છેહ દઇ ગઇ રે, એ દુઃખ કેમ ખમાય રે; વાલાનો વિછોહો અધક્ષણ માત્રનો રે, ધીરપણે ન સહાય રે કિ૦ ॥૨॥ છાની છૂપીને રહી હોય જિહાં રે, તો દે દરિશન આય રે; વીણાનાં ઝણકારા તારા સાંભરે રે, તુઝ વિરહો ન સહાય રે કિ૦ ॥૩॥ ઇણ વાટે તુઝ થકી વાતડી રે, કરતો હું આવ્યો એમ રે; તિણહીજ વાટે તુઝ વિણ ચાલતાં રે, મુજને સહેવાશે કેમ રે કિ૦ ॥૪॥ તારી તો હું કરતો અહનિશ ચાકરી રે, લોપતો નહીં તુજ કરાર રે; [૧]હાથની હથેળી પરે રાખતો રે, દુહવતો નહીં કોઇ વાર રે કિ૦ ॥૪॥ તો કેમ એવું તુઝને ઉકલ્યું રે, જે તું ગઈ દેહ છેહ રે ?; ઉડી તું મનની મીલતી ગઇ નહીં રે, પ્રીછ્યો તાહરો નેહ રે કિ૦ ॥૬॥ વાડીમાં વસુધાતા પૂછે રૂખને રે, સામણી દીઠી કેણ રે ?; વાટલડી બતાવો જિહાં તે ગઇ હુવે રે, ઇમ કહે નૃપ ઉજેણ રે કિ૦ ॥૭॥ જ્યારે તે ડોલે પવનથી રૂખડાં રે, ત્યારે જાણે ભૂપાળ રે; કહે છે શીર ધૂણી અમે દીઠી નહીં રે, અહો અહો વિરહ જંજાળ રે કિ૦ ॥૮॥ કેકીને પૂછે તિમહીજ ભૂધણી રે, કિહાં કિહાં બોલે વાણ રે; રાજા તવ જાણે એ કહે રીસથી રે, કિહાં છે ચોગણ ઇણ ઠાણ રે ? કિ૦ ॥૯॥ વાડીમાં ફરતો રાજા વિયોગીયો રે, સુભટ કરે અરદાસ રે; સ્વામી શી ચિંતા કરો એવડી રે, ગાંઠથી ગયો નથી શ્વાસ રે કિ૦ ॥૧૦॥

૧–હથેલીના છાલાની પરે

એણે જો તોડી તમથી પ્રીતડી રે, તો જાવા દીયો તાસ રે; પાઘડીઓ બહોત મળશે આપને રે, શીર સાબુત છે ખાસ રે કિ૦ ॥૧૧॥ [1]આવી કેઈ મળશે તુમને રે, મ કરો ખોટો વિખાસ રે; વિલખ્યા ઇહાં તુમને આવી નહીં મળે રે, ચાલો જ્યું પહોંચો આવાસ રે કિ૦ ॥૧૨॥ યોગણનો સ્વામી વાંક શું કાઢીએ રે ?, તુમને પણ લાગ્યા ખટમાસ રે; [2]પુરમાંહે જઈને શુદ્ધ કરી નહીં રે, મળવું ઇચ્છો છો હવે તાસ રે કિ૦ ॥૧૩॥ આદરના ભૂખ્યા યોગી સાહિબા રે, વિણ આદર રહે કેમ રે ?; સુભટે ઇમ દીધી નૃપને ધારણા રે, ચાલ્યા આગળ તેમ રે કિ૦ ॥૧૪॥ ક્ષણ ક્ષણમાં સંભારે યોગણને સદા રે, માનતુંગ મહિપાળ રે; ભાખી એ મોહનવિજયે હેજથી રે, આડત્રીશમી ઢાળ રે કિ૦ ॥૧૫॥

॥ દોહા ॥

એમ [3]અનુક્રમે ચાલતાં, પામ્યા કાનન તેહ;
આવી યાદ નરેશને, અપછર પરણી જેહ. ॥૧॥
ચરણોદક પીધું જિહાં, તે પણ દીઠી ભૂમ;
સામણ અપછરને વિરહ, અવનીપતિ રહ્યો ઘૂમ. ॥૨॥
એહવે આવ્યો દોડતો, દલથંભણનો દૂત;
લાંબી જંઘા ધરણીનો, આધાર અવધૂત. ॥૩॥
માનતુંગ નૃપને કહે, તેહ દૂત તેણી વાર;
મુંગીપટ્ટણ સાહમાં, પાછા ફેરો તુખાર. ॥૪॥

૧–મિલશે એવી કોઇ તુમને રે● ૨–પુરમાંહે પરવરી યાદ કરી✻
૩–દડ કૂચે●

નૃપ કહે દૂત ભણી ઇસ્યું, પાછા વાળે કેમ ?;
ચોરીને આવ્યાં નથી, કાંઈ સસરાનું હેમ. ॥૫॥
આળંગી અરધી ધરા, વોળ્યો વિષમો [1]ઘાટ;
કારણ કહો તેહ ઈહાં થકી, પાછી લીજે [2]વાટ. ॥૬॥

## ॥ ઢાળ ૩૯ મી ॥

એક દિન પુંડરીક...એ દેશી

દૂત કહે કરજોડીને રે, કારણ સુણ કહું દેવ મહારાજા રે; ખેદ બહુ જગમાં અછે હો લાલ, ચંદેરી નગરી ધણી રે, જિતશત્રુ નામે દેવ. મ૦ ખે૦ ॥૧॥ તેહને રતનવતી ભણી રે, વિવાહનો દીધો થાપ.... મહારાજ રે; પણ તેહને દેવાતણી રે, પાડી નોંતી છાપ, મહારાજા રે. ખે૦ ॥૨॥ રતનવતીએ એહવે રે, [3]પણ તુમ ઉપર કીધ....મહારાજા રે; તમે પણ પરણ્યા આવીને રે, સકળ મનોરથ સિદ્ધ....મહારાજા રે. ખેદ૦ ॥૩॥ રતનવતી લેઈ કરી રે, ચાલ્યા તુમે જબ સ્વામ....મહારાજા રે; તવ જિતશત્રુ ભૂપતિ રે, મેળી સેના તામ મહારાજા રે. ખેદ૦ ॥૪॥ આવ્યો મુંગીપટ્ટણે રે, કરવા અતિહી વિરોધ....મહારાજા રે; કહે છે દ્યો તે કન્યકા રે, નહીં તો કરશું યુદ્ધ.... મહારાજા રે. ખેદ૦ ॥૫॥ દલથંભણ રાજા કને રે, તેહવો નથી કાંઇ સેન....મહારાજા રે; અણીયા બાંધી સાહમી રે, ભીડે જિતશત્રુથી તેણ....મહારાજા રે. ખેદ૦ ॥૬॥ તે માટે તુમ તેડવા રે, મૂકયો છે કારણ

૧–સાગર ૨–વાગ ૩–પ્રતિજ્ઞા

તેણુ....મહારાજા રે, માનતુંગે સવિ સાંભળી રે, દૂતની વાત રસેણુ....મહારાજા રે, ખેદ૦ ॥૭॥ નૃપ મુછે વળ ઘાલીને રે, ભુજબળ તોળી કૃપાણુ....મહારાજા રે; સુભટને દીધા સાબદા રે, પાછા ખેડચા કેકાણુ.... મહારાજા રે ખેદ૦ ॥૮॥ રતનવતી રમણી ભણી રે, વોળાવી ઉજ્જેણુ....મહારાજા રે; નૃપ દક્ષિણ દિશિ સાહમું રે, મુકચો ઉપાડી સેન....મહારાજા રે. ખેદ૦ ॥૯॥ મુંગીપટ્ટણ આવીયા રે, ચાલતાં કેતે દીન.... મહારાજા રે; નિશાને ડંકા દીયા રે, હયવરની હુઇ હીંસ....મહારાજા રે ખેદ૦ ॥૧૦॥ દલથંભણ રાજા ભણી રે, ખબર થઇ તેણીવાર....મહારાજા રે, આવ્યો ઉજ્જેણીનો ધણી રે, કુમખ લેઇ પરિવાર....મહારાજા રે ખેદ૦ ॥૧૧॥ સસરો જમાઇ બેઉ મળ્યા રે, થરકચો જિતશત્રુ રાય....મહારાજા રે, ચિત્ત ચિંતે એ બેહુ થકી રે, જીતી કેમ જવાય? મહારાજા રે, ખેદ૦ ॥૧૨॥ જો જાઉં ચંદેરીયે રે, યુદ્ધ કર્યા વિણ દોડ....મહારાજા રે; તો સહુકો હાંસી કરે રે, અને વળી ભીડું કેણ મોડ? મહારાજા રે, ખેદ૦ ॥૧૩॥ લીખિત હશે તે થાયશે રે, ક્ષત્રિવટ છોડે કોય?.... મહારાજા રે; મોટાથી હાર્યાં ભલા રે, સાહમું શોભા હોય....મહારાજા રે ખેદ૦ ॥૧૪॥ સૈન્ય લેઈ હું આવીયો રે, કિણ મુખ જાઉં ફેર? મહારાજા રે; પાછો ફર્યે લાજે પિતારે, હમણાં કરીશ બેહુ ઝેર.... મહારાજા રે, ખેદ૦ ॥૧૫॥ કાયર હુઆ ન છૂટીએ રે, વેરી વશ પડીયાહ....મહારાજા રે; યોગ માયા

છે પાધરી રે, કરશે [1]તો બાંહ્યની છાંય.... મહારાજા રે ખેદ૦ ॥૧૬॥ ઇમ કરે બેઠો આલોચના રે, જિતશત્રુ ભૂપાળ....મહારાજા રે; મોહનવિજયે ભલી કહી રે, ઓગણચાલીસમી ઢાળ....મહારાજા રે ખેદ૦ ॥૧૭॥ ૮૪૨

॥ દોહા ॥

દક્ષિણપતિ ઉજ્જેણી પતિ, એ બેહુ એકણુ પાસ;
ચંદેરી પતિ એકલો, ભીર ન કોઈ તાસ. ॥૧॥
ફોજ મેલી તવ ચિહુ દીસે, કુદે ચપલ તુરંગ;
પાખરીયાં તલપો ભરે, વનમાં જેમ કુરંગ. ॥૨॥
સજ્યાં છત્રીસે આયુધે, જરદાલા ઝુંઝાર;
તંગ કસી વાજી તણાં, ઉપર હુવા અસવાર. ॥૩॥
બિહુ સેના અણીએ અડી, પડી નગારે ઠોર;
જાણે ગયણે ગાજતો, ઉનહીયો ઘનઘોર. ॥૪॥

## ॥ ઢાળ ૪૦ મી ॥

દેશી કડખાની.

સેન બિહું ઉલટી આમુહી, ગુણીયણે રાગ સિંધુ વજાયા; રજ ચડી અંબરે અશ્વ પડતાલથી, તરણીના કિરણને તેણે [2]છાયા ॥૧॥ વડા યોધ જૂટા, ઘટા માંહે છૂટે પટા, લટપટા લાલ શિરથી લપેટા; અટપટા ઝટપટા ઝપટ કરતા ભટા, ખટપટા જે હુઆ ભેટ ભેટા વડા૦ ॥૨॥ હાક કરી તાકીને ડોકમાંહે ગ્રહે, ઝોક ખગવાહીયે રાંક પેરે; તાણીને બાણ અરિપ્રાણ

૧-માહરી બાંહ્ય. ૨-આચ્છાદિત કર્યા.

ઉપર દીએ, કસમસે ધસમસે ઘાલી ઘેરે વડા૦ ॥૩॥ ધડ હડે ધરણીનેં નાળ પણ ગડગડે, યોધ રણમાંહી ફરતા; ખડખડે ઢાલ અરિ તુંડ કેઇ રડવડેં, ઝડપડેં કુંતની અણુ ખરતા વડા૦ ॥૪॥ ધમધમેં ધિંગ તિહાં કાયરા કમકમેં, ચમચમે ઘાવ વહે શોણી ધારા; સુભટ સંગ્રામમાં વિકટ થઈ આફળે, વિકટ ભટ થાટ રોષે અટારા વડા૦ ॥૫॥ હારીયા સુભટ જિતશત્રુ નૃપ-રાયના, દંત તૃણુ લેઇ ઉભા બિચારા; રાગ રહ્યો હાથ ઉજ્જેણી પતિને તદા, જીતનાં દીધ મોટાં નગારા વડા૦ ॥૬॥ નયરી ચંદેરીપતિ પ્રાણુ ઉગારવા, લેઇ નિજ સૈન્ય નાઠો બિચારો; માનતુંગ મહીપને સસુર કરજોડી કહે, આજનો દિવસ મુજ ગૃહ પધારો વડા૦ ॥૭॥ સ્વામી ઉજ્જેણીનો સસુરને આગ્રહે, નયરમાં આવી દીધા ઉતારા; અશન આરોગીયાં ખેદ ઉતારીયા, સાંસતા કીધ મોટા તુખારા વડા૦ ॥૮॥ એહવે અવસરે ગગન ઘન ઉનહ્યો, ચપળ ચપલા ઘટામાંહી ચમકે; ગડડ ગડગડાટ કરી ગાજતો દશ દીસે, ધડડ તરૂ ગિરિધરા ધડકી ધમકે વડા૦ ॥૯॥ આંધી કજ્જલ જીસી જિહા તિહાં કોરણી, [1]પોરણી બગતણી શુભ્ર-ભાવે; નીર દાદુરમીસે કાજ બકને ચડયાં, માનીયે વિરહી નરને બીહાવે વડા૦ ॥૧૦॥ ઝટ કરી પ્રચ્છટેં વિકટ ઘટ પ્રચ્છટાં, પ્રગટ જલધારે પ્રગટે પ્રપોટા; જાણીયેં નીર ભૂષણ ધર્યો ધરણીયે, તેહનાં ઝગમગે રત્ન મોટાં વડા૦ ॥૧૧॥ ક્ષણક માંહે કરી નીરમય મેદિની, વિહંગ પણ નવિ ઉડે નીડ છંડી; પથિકે [2]પંથકર ખેદ પણ

૧–ધોરણી• ૨–પણ પંથ કરવો તદા પરહર્યો×

પરહર્યો, મેહ ઝડ એહવી જોર મંડી વડા૦ ।।૧૨।। માનતુંગે તવ માર્ગ વિષમો લખી, શ્વસુરકુલમાંહી રહીયો ચોમાસો; ઢાળ ચાલીશમી મોહને એ ભણી, માનવતીનો સુણો હવે તમાસો વડા૦ ।।૧૩।। ૮૫૯

।। દોહા ।।

માનવતી હરખે રહે, જિહાં એક થંભો ધામ;
ગર્ભ સ્થિતિ પૂરણ થઈ, પ્રસવ્યો બાળક તામ. ।।૧।।

પહોરાયતે જઈ વિનવ્યું, પટરાણીને સમાજ;
માનવતી એક થંભીયે, બાળક પ્રસવ્યો આજ. ।।૨।।

એહ હકીકત ભૂપને, લખજો વિસ્તર રીત;
જિમ નૃપ બાળક જોઈને, પામે મનમાં પ્રીત. ।।૩।।

રાણીયો ભેળી મળી, મૂકયો તિમહીજ લેખ;
કેતે દિવસે પ્રેક્ષકે, નૃપને દીધો દેખ. ।।૪।।

કાગળ વાંચી ચિત્તમાં, નૃપ પામ્યો વિક્ષેપ;
બાળક કેમ પ્રસવ્યો ઈણે, કોઈક કારણ એષ. ।।૫।।

શીખ લેઈ સસરા કને, કાગળ વાંચત એવ;
નૃપ ચિંતે બાળક ભણી, જઈ જોઉં સ્વયમેવ. ।।૬।।

છઠે પ્રયાણે ચાલતો, ધરતો ચોગણુ ચિત્ત;
પામ્યો ઉજ્જેણી પુરી, માનતુંગ મહીપત્ત. ।।૭।।

## ।। ઢાળ ૪૧ મી ।।

ભરત નૃપ ભાવશું...એ દેશી

પુરમાં પેસારો કર્યો એ, ભૂપે નિજ પરિવાર, સુગુણ જન સાંભળો રે; પુર કન્યાએ મોતીયે રે, વધાવ્યો વસુધાર....સુગુણ૦ ।।૧।। નૃપને લોક પગે

પગે એ, પ્રણમે ધરીને નેહ સુગુણ૦; ઇણ આડંબરે આવીયો રે, માનતુંગ નિજ ગેહ....સુગુણ૦ ॥૨॥ સુભટ સવે કીધાં વિદા રે, સનમાની સોચ્છાહ સુગુણ૦; એકાકી નૃપ આવીયો રે, નિજ અંતેઉર માંહી....સુગુણ૦ ॥૩॥ રત્નવતી આદે પ્રિયા રે, પિયુનાં પ્રણમી પાય સુગુણ૦; લાજ કરી ઉભી સહુ રે, આસને બેઠો રાય....સુગુણ૦ ॥૪॥ પૂછે નૃપ પ્રેમદા ભણી રે, માનવતી વિરતંત સુગુણ૦; અંગજ કેમ જાયો ઇણે રે, કહો મુઝ આગળ તંત....સુગુણ૦ ॥૫॥ ખડખડખડ સહુકો હસી રે, કંત ભણી કહે એમ સુગુણ૦; સ્વામી માનવતી તણી રે, કૂડી કથા હુવે કેમ?....સુગુણ૦ ॥૬॥ એ ગુણવંતી ગોરડી રે, તનુજ રમાડે ખુશાળ સુગુણ૦; અમથી તો પિયુડા વિના રે, નવિ પ્રસવાયે બાળ....સુગુણ૦ ॥૭॥ ભાગ્યવંત પિયુડા તમે રે, જે એ પામ્યા નાર સુગુણ૦; તો સુતનો શ્યો આશરો રે, ધન્ય ધન્ય તુમ અવતાર સુગુણ૦ ॥૮॥ એહનાં પુત્રને આપજો રે, પાટ તમારી નાહ સુગુણ૦; એ તમને અજવાળશે રે, રાખજો એહવી ચાહ....સુગુણ૦ ॥૯॥ જુઓ મુખ તુમ પુત્રનો રે, જઈ એક થંભે ગેહ સુગુણ૦; ઇહાં શું આવ્યા પાધરા રે, ચૂકયાં અવસર એહ....સુગુણ૦ ॥૧૦॥ તુમથી માનવતી સતી રે, રીસાશે મહારાજ સુગુણ૦; તે માટે જાઓ વહી રે, મ કરો અમારી લાજ.... સુગુણ૦ ॥૧૧॥ ઇમ સઘળી હાંસી કરે રે, પિયુની વારંવાર સુગુણ૦; રાજાએ નિજ મંત્રીને રે, તેડાવ્યો તેણીવાર....સુગુણ૦ ॥૧૨॥ કહે રે અંગજ ઈણે રે,

પ્રસવ્યો કેહી રીત સુગુણ૦; સચિવ કહે જાણું નહીં રે, જે થઇ એહ અનીત....સુગુણ૦ ॥૧૩॥ મુઝને પણ કહ્યું રાણીયેં રે, નજરે નીરખ્યો નાહી સુગુણ૦; સાચ જૂઠનો પારખ્યો રે, ચાલો જોઇએ ક્ષણમાંહી.... સુગુણ૦ ॥૧૪॥ જો જો ધર્મ પ્રભાવથી રે, હોશે મંગલ માળ સુગુણ૦; મોહનવિજયે વરણવી રે, એકતાલીશમી ઢાળ....સુગુણ૦ ॥૧૫॥ ૮૮૧

॥ દોહા ॥

ઉઠયા અંતેઉર થકી, મંત્રી ને મહારાજ;
આવ્યા એક થંભે ગૃહે, બાળક જોવા કાજ. ॥૧॥
અહીનાણી ઘરની સકળ, અચલ ધરાપતિ દીઠ;
તિમ તિમ હૃદયે ભૂપને, વિસ્મય અતિહી પઈઠ. ॥૨॥
જાણે નૃપ નિજ ચિત્તમાં, સહી અહી નાણી તેહ;
પ્રસવ્યો કિમ બાળક ઇણે? દૈવગતિ કોઈ એહ !. ॥૩॥
યંત્ર ઉઘાડયાં ઘરતણાં, પેઠો નૃપ ધસી માંહી;
દીઠી તનુજ હુલરાવતી, માનવતી સોછાંહી. ॥૪॥
માનવતીએ કંતને, દીઠો નયણે જામ;
સેજ થકી ઉઠી કરી, લજ્જા કરી રહી તામ. ॥૫॥
પિયુ બેઠો પર્યંક પર, દીઠું બાળક રૂપ;
કોપે દગ વાંકી કરી, ભાખે પ્રિયાને ભૂપ. ॥૬॥

## ॥ ઢાળ ૪૨ મી ॥

મારગડામેં જોઉંજી, આવે પ્યારો કાન...એ દેશી.

પિયુ પદમણી પૂછે જી, બોલો મધુરી વાણ; હાથ લગાડી મૂછે જી; બોલો૦ કહે સાચું ઇહાં શું

છે જી ! બોલો૦ હું પરદેશ ગયો હતો મુગ્ધે ! કિમ પ્રસવ્યો તેં બાળ ! ॥૧॥ પુરુષ પ્રવેશ વિશેષે જી, બોલો૦ સુહણે પણ નવિ દીસે જી, બોલો૦ ગૃહ તલ બાંધ્યો શીસે જી, બોલો૦ કિમ ધર્યો ગર્ભ જગીશેજી ! બોલો. કે ઈહાં રહી કોઈ દેવ આરાધ્યો ? પિયુ વિણ થયો જે પુત્ર ! ॥૨॥ જૈનધર્મી કહેવાઈ જી, કરણી ભલી કમાઈ જી, કુળને લાજ લગાઈ જી, હું ધન્ય જે તુજ પાઈ જી.... તેં મુઝને ચરણે ન લગાડયો બોલી હતી કિણ મુખે ? ॥૩॥ તાત કવણ છે એહનો જી, એ અંગજ છે કેહનો જી ? સોંપો હોવે જેહનો જી, ગૃહ પણ સેવો તેહનો જી.... પુરૂં તમારૂં અમથી ન પડે, છો તમે દેવી સરૂપ ॥૪॥ ક્રોધે કરી રાય ધાર્યો જી, ઉંચે શબ્દ પોકાર્યો જી; નૃપ કહે ઇમ અવિચાર્યો જી, તું જીતી હું હાર્યો જી. ફીટ કૂળહીણી નિર્લજ નિગોડી, ઉભી શું મુખ લેઈ ? ॥૫॥ હું પણ ચૂકયો પહેલી જી, જે જોગણ ગઈ મેલી જી; તસ સોંપત કરી ચેલી જી, હોત તદા તું સહેલી જી.... પણ યોગણના પેટમાં ઉભી, હોત તું નારી નિદાન ॥૬॥ બોલી નાહ શું નારી જી, ઇમ કાં કહો અવિચારી જી; જાઉં તુમ બલિહારી જી, મ કહો વહતું ભારી જી.... એ અંગજ છે સ્વામી તમારો, મત આણો વિશ્લેષ ॥૭॥ હું છું રાઉલી દાસી જી છું તુમ તનની વિલાસી જી; તુમ કરૂણા અભ્યાસી જી, થયો સુત એ સુવિલાસી જી.... આપણ કિહાં મળ્યા હતાં સ્વામી, જુઓ ઉઘાડી નેણ ॥૮॥ તુમે ચુકો કાં કામી જી, હું કેમ ચુકું સ્વામી જી; મુઝમાં

નહીં કાંઈ ખામી જી, સહી જાણો ગુણધામી જી.... કહો તો તમારી દઉં અહીનાણી, ત્યારે માનશો સાચ ॥૯॥ ભાખે નૃપ ભરડો જી, પ્રિયા મત બોલો આડો જી; મુજ અહીનાણી સરાડો જી, હોવે તો કોઇ દેખાડો જી.... તવ તેણે હાર નામાંકિત મુદ્રી, દીધી પિયુને હાથે ॥૧૦॥ તવ નૃપ વિસ્મય ગ્રહીયો જી, નીચું જોઇને રહીયો જી; પાછો ફરી ન કહીયો જી, કાંઈક ભેદ તે લહીયો જી; સા કહે જીવન! ઊંચુ જુઓ, લાજો કાં મહારાજ? ॥૧૧॥ જુઓ મુદ્રડી સારી જી, નિરખો હાર નિહાળી જી; હોવે અહીનાણી તમારી જી, બોલો જાઉં હું વારી જી.... નૃપ ચિંતે એંધાણી મારી, ઈહાં કિમ એહને પાસ? ॥૧૨॥ એહને મુદ્રી ન દીધી જી, તો એણે કિહાંથી લીધી જી? ઇણે કોઇ બુદ્ધિ કીધી જી, રહી નથી દિસતી સિદ્ધિ જી.... મોહનવિજયે સુંદર ભાખી, બેતાલીશમી ઢાળ ॥૧૩॥

॥ દોહા ॥

માનતુંગ કહે નારીને, પ્રિયા ભાખો નિરધાર;
તુમ પાંસે કિહાં થકી, મુઝ મુદ્રી ને હાર?. ॥૧॥

તુઝ મુઝ મેળો સુહણે, પણ ન થયો એકવાર;
તો સહિનાણી માહરી, કેમ પામી તૂં નાર?. ॥૨॥

એ તો કૌતુક વાતડી, તેં કીધી સુજગીશ;
કહે સાચું મુઝ આગળે, ગુનહ કર્યો બગશીસ. ॥૩॥

તવ સા માનવતી સતી, કરી ઘુંઘટ પટ લાજ;
કર જોડી પિયુને કહે, વાત સુણો મહારાજ. ॥૪॥

## ॥ ઢાળ ૪૩ મી ॥

રે જીવ જૈનધર્મ કીજીયે... એ દેશી
સંભવ જિનવર વિનંતિ... એ રાગ.

જે યોગણ મળી હતી, તુમને એણ પુરમાંહી પિયુડા હો રાજ; જસ ચરણે તમેં લાગતા, કરીને અતિહિ ઉચ્છાહ....સુગુણ સનેહા સુણો વાતડી ॥૧॥ તમને જે ઢુંબે મારતી, પગ પગ દેતી ગાળ; તે યોગણ મત જાણજો, તે હું હૂંતી મહીપાળ.... સુગુણ૦ ॥૨॥ અને વળી દક્ષિણ પંથમાં, આવ્યું હતું સર એક; ખેચરી તિહાં પરણ્યા તમેં, એકાકી તજી ટેક.... સુગુ૦ ॥૩॥ ચરણોદક પીધું તમે, થઇ ફર્યા વૃષભ સ્વરૂપ; તે પણ ખેચરી હું હતી, ભૂલ્યા છો તમે ભૂપ ! સુગુ૦ ॥૪॥ રતનવતીને તુમે વળી, પરણ્યા થઇ ભરતાર; તસ ગુરૂણિયે તુમને, એંઠો ખવાર્યો કંસાર.... સુગુ૦ ॥૫॥ ગુરૂણિયે તમને ભોળવ્યા, રાખ્યા માસ છ માસ; તિંહા તમે માંડ્યો તેહશું, વિષયિક ભોગ વિલાસ.... સુગુ૦ ॥૬॥ ગુરૂણિયે ગર્ભ તમારડો, ધાર્યો હતો સુવિચાર; તસ સહિનાણી દીધી તમે, એ મુદ્રડી એ હાર.... સુગુ૦ ॥૭॥ તે પણ ગુરૂણી હું હતી, બીજી ન હૂંતી કોય; જે તમે તિહાં દીધી હતી, તે સહિનાણી જોય....સુગુ૦ ॥૮॥ જો ખોટું એહમાં હોવે, તો ઘાલો મારે ગોદ; હું તેહિજ તેહીજ તમે, વિસરી ગયા શું વિનોદ ? સુગુ૦ ॥૯॥ પાળ્યાં મેં મારા બોલડાં, સાંભળી ખોલો કાન; જો હવે હોંશ વળી કિસી, આ ઘોડા આ મેદાન....

સુગુ૦ ॥૧૦॥ નારીને નવિ છેડીયેં, આજ પછી મહા-રાજ !; જુઓ મેં ઇણ મંદિર રહ્યા, કહેવા કીધાં છે કાજ.... સુગુ૦ ॥૧૧॥ એ અંગજ છે રાઉલો, તુમે ખોળે લીઓ સ્વામ !; હવે સંદેહ ન આણજો, જે એ ભુંડી છે વામ.... સુગુ૦ ॥૧૨॥ હું છું પગની મોજડી, તુમે મુઝ શિરનાં મોડ; હું કાંટાળી બાવળી, તુમે સુરતરૂનાં છોડ.... સુગુ૦ ॥૧૩॥ હું છું રાત્રી જેહવી, તુમે છો દીપક સાફ; જે અવિનય કીધો હુવે, તે કરજો પીયુ માફ.... સુગુ૦ ॥૧૪॥ એ વચન ને આમળે, તુમથી મેં ખેડી જોર; ચાહો તે મુઝને કરો, હું છું રાઉલી ચોર.... સુગુ૦ ॥૧૫॥ તમે તો જાણ્યું એ કામની, કેમ છેતરશે મોય ?; હોતાં તો હોવે પ્રભુ, મત કરજો અંદોય.... સુગુ૦ ॥૧૬॥ માનવતીના બોલડાં, સાંભળીયાં ભૂપાળ; મોહનવિજયે એ કહી, તેંતાલીશમી ઢાળ.... સુગુ૦ ॥૧૭॥

॥ દોહા ॥

કંતે નિજ કાંતાતણી, સુણી વાત સુવિચાર;
મુખમાં ઘાલી આંગળી, ધૂણે શિર તેણિવાર. ॥૧॥
મહિપતિ ચિંતે ચિત્તમાં, અહો અહો નારી ચરિત્ત !;
મુઝને એણે ધૂત્યો ખરો, કઠણ કરીને ચિત્ત. ॥૨॥
હવે નવિ છેડું એહને, ઘર સરખી નહિ જાત;
જો હવે છેડું એહને, તો વળી ખેલે તાંત. ॥૩॥
અહો એણે બુદ્ધિ કેળવી, મુઝને લગાડયો પાય;
સુત પણ સહેજે સાંપડયો, થયો ઇંહા ધર્મ સખાય. ॥૪॥
ઈમ ચિંતી ઉઠયો નરપતિ, આવ્યો તવ દરબાર;
હય ગય રથ શણગારીયા, સુભટાદિક તેણીવાર. ॥૫॥

એમ આડંબર કરી ઘણો, મૂક્યો સચિવ તેણે ગેહ;
તેડી આવો અંતેઉરે, માનવતી ધરી નેહ. ॥૬॥
હર્ષ મહોત્સવ બહુ કર્યો, રાજાયેં તેણી વાર;
વિરહ ટળ્યા દંપતિ મળ્યા, વરત્યો જય જયકાર. ॥૭॥

## ॥ ઢાળ ૪૪ મી ॥

નાજી નાજી નાજી છેડો નાજી... એ દેશી

માનતુંગ ને માનવતીને, રંગ રળી થઈ સારી; માંહોમાંહે વાતો માંડી, કંતે કપટ નિવારી.... અળગા રહોને. હાંરે તમે મુઝને શાને [1]બોલાવો, અ૦; હાંરે સા માનવતી એમ ભાખે....અ૦ ॥૧॥ પહેલાં લાડ લડાવી મુઝને હવે કાં બોલો વાલા ? એક થંભા ઘરના જે દુઃખડાં, સાલે છે થઈને ભાલાં.... અ૦ ॥૨॥ ઈજ્જત મારી શોકચો માંહે, શી પિયુડા તમે રાખી ?; કાઢી નાખી હૂંતિ અળગી, જેમ ઘૃતમાંથી માખી.... અ૦ ॥૩॥ હસી કરી તવ પીઉડો બોલે, ગુહીરે સાદે ગાઢે, હજી લગણ તું વાંક હમારો, બેઠી બેઠી કાઢે ?....અ૦ ॥૪॥ એકવાર તો માન મૂકાવ્યું, [2]વળી કહો છો દાવે ! કહે તો પ્રગટ પાયે લાગું, પણ કાં નિપટ કહાવે ?....અ૦ ॥૫॥ માનવતી તવ પિયુને પાયે, લાગી હસીને તામ; દોગુંદકસુરની પરે બેહુ, વિલસે સુખ અભિરામ.... અ૦ ॥૬॥ હસે રમે ગાએ કરે ક્રીડા, વન ઉપવન જઈ ખેલે; એક એકને નયણથી અળગા, કોઇ કોઈને ન મેલે.... અ૦ ॥૭॥ નિત નિત નૂતન વેશ બનાવે, શોકચો સવિ અટવાયે; પણ કોઈનું બળ

૧ બતલાવો ● ૨ વલિ કરવું શું ચાહે ? ×

નવિ ચ્યાલે, અણખ કરે શું થાયે?.... અ૦ ॥૮॥ રાજા માનવતીને નેહે, અહનિશ રહે લપટાણો; જેમ પંકજ ને ફૂલે લીનો, ભ્રમર રહે લોભાણો.... અ૦ ॥૯॥ બાળકનું પણ નામ સમપ્યું, મદનભ્રમ સુખકારી; અનુક્રમે સુતને ભણવા મૂકયો, શિખ્યો કળા અતિ સારી.... અ૦ ॥૧૦॥ માનવતી જિનમંદિર સુંદર, ખરચે દામ સુભાવે; જિન ભાષિત સમકિત આરાધે, ભાવેં ભાવના ભાવે.... અ૦ ॥૧૧॥ ઇમ દંપતી વિષયા સુખ રમતાં, કેઇક દિવસ ગમાયા; એહવે ધર્મઘોષગુરુ ફરતાં, પુર ને પરિસર આયા.... અ૦ ॥૧૨॥ માનતુંગ ને માનવતી બેહું, પામ્યા મંગળ માળ; મોહનવિજયે રૂડી ભાખી, ચુમ્માલીશમી ઢાળ.... અ૦ ॥૧૩॥

॥ દોહા ॥

પુરજન રૂષિને વાંદવા, પહોંચ્યા વન મોઝાર;
ભૂપેં કારણ પૂછયું, તેહ કહે સુવિચાર. ॥૧॥
સ્વામી તુમ વનમેં સુભગ, શ્રીધર્મઘોષ રૂષિરાય;
તસ પદ પંકજ પ્રણમવા, નાગરિક તિહાં જાય. ॥૨॥
નૃપ પણ માનવતી પ્રમુખ, લેઇ નિજ પરિવાર;
બહુ આડંબરે વાંદવા, આવ્યો તિંહા દિલ ધાર. ॥૩॥
પંચાભિગમ સાચવી, પ્રણમી રૂષિને તામ;
રાજા માનવતી પ્રમુખ, બેઠા ઉચિત ઠામ. ॥૪॥
ધર્માશીષ દેઈ કરી, પ્રારંભે ઉપદેશ;
ભવિક તરે સંસાર જેમ, તે ઉપદેશ વિશેષ. ॥૫॥

## ॥ ઢાળ ૪૫ મી ॥

ભવિજન ધર્મ કરો રે, ભવિજન ધર્મ કરો, પાપે કાં પિંડ ભરો રે ?; એ હિતશીખ ધરો રે, જેમ શિવનાર વરો રે.... ભવિજન ધર્મ કરો. કૂડી માયા કૂડી કાયા, કૂડા તે બાંધવ લોક; કૂડી જેહવી વાદળ છાયા, અંતે હોવે ફોક રે.... ભવિ૦ ॥૧॥ પંખીની પરે મેળો મળીયો, ઉડતાં કેતી વાર ?; તેમ સગાઇ સ્વારથ કેરી, મટતાં શ્યો વિચાર રે ?.... ભવિ૦ ॥૨॥ તાત કહે કોઇ માત કહે કોઇ, દાસ કહે કોઇ સ્વામી; થોડે થોડે ચેહેંચી લીધો, આતમને સુખ આમરે.... ભવિ૦ ॥૩॥ પ્રીત કરો કો વૈર કરો કો, સાચ કરો કો કૂડ; થાશું સહુને અંતે આખર, ધૂળ ભેળી એ ધૂળ રે.... ભવિ૦ ॥૪॥ પ્રાણથી વહાલો જાણીયે જેહને, રાખીયે નેહ નિર્ગ્રંથ; તે પણ પૂછવા ન રહે ઉભો, જાતાં લાંબે પંથ રે.... ભવિ૦ ॥૫॥ કેઇ ગયા ને કેઈ જાશે, કેઈ જાવણહાર; એણી વાટે પુણ્ય વિહૂણા, [1]માનવીયા અણપાર રે.... ભવિ૦ ॥૬॥ ભૂપતણી પણ રાંક તણી પણ, આખર એક જ વાટ; સાથે આવે સુકૃત કીધું, ઉતરતાં ભવ ઘાટ રે.... ભવિ૦ ॥૭॥ કાચા કુંભતણો શ્યો ભરૂંસો; ધનનો કેહો મદ ?; સંધ્યા રાગ તણી પરે દેખત, ઉવટી જાય અસદ રે.... ભવિ૦ ॥૮॥ દસ દૃષ્ટાંતે માનવ કેરો, પામ્યો જનમ કદાચ; એ અવતાર ફરી ફરી દુર્લભ, ભ્રમરાક્ષરને ન્યાય રે.... ભવિ૦ ॥૯॥ દાન શીયલ તપ ભાવ પ્રકાશ્યો, ચારે ભેદે ધર્મ

---

૧ માનવતી અનંતીવાર x

તેહને આદરે જે ભવિ પ્રાણી, તોડે સઘળાં કર્મ રે.... ભવિ૦ ॥૧૦॥ આપ આપને તુંબે તરશો, ઇહાં નહિં કોઈ સખાઈ; પાપ કરો તો જોઇને કરજો, તે અધિકાર કહાઇ રે.... ભવિ૦ ॥૧૧॥ એમ ઉપદેશ સુણીને રાજા, પ્રતિબોધ પામ્યો તે વાર; કર જોડી રૂષિને એમ ભાખે, વિનતડી અવધાર રે.... ભવિ૦ ॥૧૨॥ માનવતીયે મુઝને સ્વામી, પાય લગાડયો કેમ ?; પાળ્યાં બોલ એણે મુઝસેંતી, કારણ કહો કરી રહેમ રે.... ભવિ૦ ॥૧૩॥ માહરૂં ચૂકયુ કાંઇ ન ચાલ્યું, તે શા માટે સ્વામી ?; એહ કથાનો આશ ઘો મુઝને, કહું છું હું શિરનામીરે.... ભવિ૦ ॥૧૪॥ ગુરૂ કહે તુમ બેહુનો પૂરવભવ, સાંભળો કહું ભૂપાળ; મોહનવિજયે ભાખી રૂડી, પિસ્તાલીશામી ઢાળ રે.... ભવિ૦ ॥૧૫॥

॥ દોહા ॥

કહે ગુરૂ જંબુદ્વીપમાં, ક્ષેત્ર ભરત કહેવાય;
પૃથ્વીભૂષણ પુરવરૂ, તિલકસેન તિહાં રાય. ॥૧॥
ધનદત્ત શેઠ વસે તિહાં, તુમે અંગજ તસ બાળ;
વડ બંધવ જિનદત્તજી. ન્હાનો તે જિનપાળ. ॥૨॥
અનુક્રમે જિનપાળને, સદ્‌ગુરૂ મળ્યા સુજાણ;
લીધું તેહના મુખ થકી, મૃષાવાદ પચ્ચકૂખાણ. ॥૩॥
કૂડ ન બોલે વણજમાં, હસતા ન કહે કૂડ;
જાણે એમ જિનપાળ મન, જિહાં કૂડ તિહાં ધૂડ. ॥૪॥
સત્ય વદે વ્યાપારમાં, લાભ ઉપાવે નાંહિ;
છાનો ધર્મ કરે સદા, મગન રહે મન માંહિ. ॥૫॥
વડબાંધવ જિનદત્ત જઈ, બેઠો નામા જોટ;
અધિક લાભ દેખે નહિ, દેખે સાહમી ખોટ. ॥૬॥

તેડીને જિનપાળને, પૂછે જિનદત્ત એમ;
લાભ અધિક દૂરે રહ્યો, ખોટ ગઈ [1]પણ કેમ ?. ॥૭॥

## ॥ ઢાળ ૪૬ મી ॥

અરણીક મુનિવર ચાલ્યા ગૌચરી... એ દેશી

જિનદત્ત ભાખે રે એમ જિનપાળને, રે રે મૂરખ ભાઈ રે; વ્યાપાર એહવો રે કિહાં તૂં શીખિયો, કિહાં શિખ્યો એહ કમાઈ રે ? જિ૦ ॥૧॥ એ વ્યાપારે રે પૂરૂં પાડવું, કરશો કેમ કરી વીર રે ?; કે શું લુબ્ધો રે પરદારા થકી, ઈણ ગુણે થાશો ફકીર રે.... જિ૦ ॥૨॥ સાચું કહે તૂં રે, ધન કિંહા વાવર્યું ?, તવ બોલ્યો જિનપાળ રે; દ્રવ્ય કુઠામે રે મેં નથી વાવર્યું, ખોટી કરે તૂં ચકચાલ રે.... જિ૦ ॥૩॥ મનની તૃષ્ણા રે જો છે તુઝને, તો તમે કરો રોજગાર રે; કરશો શું તમે ઘર સોવનતણા, લઈ જશો સાથે એ ભાર રે ! જિ૦ ॥૪॥ ધન તે રહેશે રે વ્યાપીને ધરા, સંગે કાંઈ નહી આવે રે; આવશે સાથે રે અઘ ને અનર્થ એ, લણે જેહવો કણ વાવે રે.... જિ૦ ॥૫॥ મેં તો દીઠો રે સઘળો કારમો, રે બાંધવ ગુણવંત રે; પરને મુસવો રે મુઝથી નહિં બને, કહું છું તમને એકંત રે.... જિ૦ ॥૬॥ ઇમ બાંધવ જિનપાળનાં બોલડા, જિનદત્ત સાંભળી કોપ્યો રે; ભાઈની વાતો રે કહીએ કેહને, તામસ અતિ ઘણો વ્યાપ્યો રે.... જિ૦ ॥૭॥ પાંચશેરી જિનપાળ ભણી તદા, પાપી જિનદત્તે

૧ સાહમી ×

નાખી રે; લાગી તેહને રે કોઇ કુકામર્મા, લઘુ બાંધવા રહ્યો સાખી રે.... જિ૦ ॥૮॥ કાળ કર્યો જિનપાળે પ્રહારથી, કીધો લઘુ ભવ એક રે; બીજે ભવે તે જીવ ચવી થયો, માનવતી સુવિવેક રે ॥૯॥ હવે જિનદત્ત રે બાંધવ વિરહથી, કેતે કાળે વિપન્ન રે; ઉપન્યો જીવ તે રાજપણે ઇહાં, નૃપ તૂંહિજ ઉત્પન્ન રે.... જિ૦ ॥૧૦॥ પૂરવ જન્મના વૈર વશે કરી, તેં એહને દુઃખ દીધો રે; એણે પૂર્વે રે સત્ય વચન થકી, બોલ સુબોલ તે કીધો રે.... જિ૦ ॥૧૧॥ નૃપ કહે કૂડ વચન વિરમ્યા તણો, એહવો છે ફળ સ્વામી રે; તો એતા દિન ફોગટ હું રહ્યો, ભૂલો ભમ્યો ભવ કામી રે.... જિ૦ ॥૧૨॥ રૂષિ તવ ભાખે રે એહવા વ્રત અછે, પંચ ભલા અને બાર રે; અધિક અધિક ફળતણાં અછે, દ્વિતીય એહ વ્રત સાર રે.... જિ૦ ॥૧૩॥ બીજા વ્રતથી રે પણ કેઈ તર્યા, પામ્યા મુગતિનો ઠામ રે; ગુરૂના મુખથી રે વચન સુણી ઇસ્યા, વિનવે નરપતિ તામ રે.... જિ૦ ॥૧૪॥ સ્વામી તારો રે મુજને સંસારથી, દીયો દીક્ષા સુવિલાસ રે; મોહને ભાખી રે વૈરાગ્ય રંગની, છેંતાલીશમી ઢાળ રે.... જિ૦ ॥૧૫॥

## ॥ દોહા ॥

વાંદી ગુર્વાદિક પ્રતિ, ઘર આવ્યો ભૂપાલ;
માનવતીના પુત્રને, રાજ્યે થાપ્યો સુવિલાસ. ॥૧॥
રાજ્ય સમર્પી પુત્રને, માનતુંગ મહિપાળ;
સુંદરી સાથે સંચરી, થયા દીક્ષા ઉજમાળ. ॥૨॥

માનવતી નૃપતિ સહિત, પરિહરે રાજ્ય તિવાર;
ચરણ ગ્રહે મુનિવર કને, જાણી અથિર સંસાર. ॥૩॥
પંચ મહાવ્રત પરગડા, પાળે નિરતિચાર;
વિનયાદિક સવિ અભ્યસે, કરતા ઉગ્ર વિહાર. ॥૪॥
માનતુંગ મુનિવર થયા, દ્વાદશ અંગી જાણ;
માનવતી સાધ્વી ભલી, સંયમ વહે સુજાણ. ॥૫॥
પંચ મહાવ્રતને ઉભય, નવિ હુ લગાડે દોષ;
શત્રુ મિત્ર સરખા ગણે, ધરે સદા સંતોષ. ॥૬॥

પાઠાંતરે

સત્તરભેદ સંયમ તણાં, પાળે વિરતી ચોખ્ખ;
શત્રુ મિત્ર સરખા ગણે, ધરે સદા સંતોષ. ॥૬॥

## ॥ ઢાળ ૪૭ મી ॥

શ્રી ચંદરાજ રૂષિ શુભ સંયમ... એ દેશી

શમ દમ ખંતી તણા ગુણ પૂર, સંયમ રંગે રંગાણા હે; સસનેહા ભવિજન, બીજું વ્રત ચિત્ત લાઈયે'.... તપ જપનો ખપ કરતા વિચરે, પાળે ગુરૂની આણ હે.... સ૦; ॥૧॥ રાજ ઋદ્ધિ ગૃહવાસ તણા સુખ, તે સુહણે ન વિચારે હે.... સ૦; જિમ અહિ [1]છીધી કંચુકી વેગળી, તિમ ફરી તે ન નિહાળે હે.... સ૦ ॥૨॥ માનતુંગ રૂષિ માનવતી તેમ, મોહાદિકને રોહે હે.... સ૦ કરે વિહાર ભલો જિનકલ્પી, ભવિયણને પડિબોહે હે.... સ૦; ॥૩॥ અનુક્રમે માસતણી સંલેખણા કરીને બેહુ ગહગહતા હે... સ૦; [2]અયર તેત્રીશને આયુ

૧ કંચુકી કાઢી રમી અળગો. ૨ સાગર

સમૂહે, સર્વાર્થસિદ્ધે પહોતા હે.... સ૦ ॥૪॥ તિહાંથી પણ તે બેહુ ચવીને, મહાવિદેહ અવતરશે હે.... સ૦; મનુષ્ય જનમ તે લહેશે રૂડો, ઉત્તમ કરણી કરશે હે.... સ૦ ॥૫॥ લેશે દીક્ષા વરશે કેવળ, રચશે સુરપતિ કમળા હે.... સ૦; અંતે એ બેહુ મુગતિ લેશે, જે છે શાસ્ત્રમાં વિમળા હે.... સ૦ ॥૬॥ જુઓ માનવતીએ પિયુને, આ ભવે પાય લગાવ્યો હે.... સ૦; એકે વચન વૃથા નવિ હૂઓ, અંતે શિવપદ પાયો હે.... સ૦ ॥૭॥ ઈહલોકે પરલોકે સુખનો, દાયક છે વ્રત બીજો હે.... સ૦; સત્ય વચન જે બોલે પ્રાણી, તે ઉપર મત ખીજો હે.... સ૦ ॥૮॥ સત્ય વચનનાં એહવા ફળ છે, મન માન્યા તે ચાખો હે.... સ૦; મૃષાવાદ પરિહરવા કેરી, પ્રજ્ઞા સહુ કો રાખો હે.... સ૦ ॥૯॥ માનતુંગ ને માનવતીનો, રાસ રચ્યો મેં રૂડો હે.... સ૦; લેજો કવિજન એહ સુધારી, હોય જે અક્ષર કૂડો હે.... સ૦ ॥૧૦॥ મેં તો કરી છે બાળક ક્રીડા, હું શું જાણું જોડી હે.... સ૦; હાંસુ કોઈ ન કરશો કોવિદ, મત કો નાખો વિખોડી હે.... સ૦ ॥૧૧॥ ચઉવિહ સંઘના આગ્રહથી મેં, કીધો રાસ રસાળ હે.... સ૦; જે કોઈ ભણશે સુણશે પ્રાણી, તે લહેશે મુક્તિ વિશાળ હે.... સ૦ ॥૧૨॥ [૦]પૂરણ [૬]કાય [૭]મુનિ [૧]ચન્દ્ર સુવર્ષે[૦], વૃદ્ધિમાસ શુદ્ધ પક્ષે હે.... સ૦; અષ્ટમી કર્મ[૦]વાટી ઉદયિક, સૌમ્યવાર સુપ્રત્યક્ષે હે.... સ૦ ॥૧૩॥ શ્રીવિજયસેનસૂરિ પયસેવક, કીર્ત્તિવિજય ઉવજ્ઝાયા હે.... સ૦; તાસ શિષ્ય સંયમ ગુણ લીના, માનવિજય બુધરાયા હે.... સ૦ ॥૧૪॥ તાસ શિષ્ય પંડિત મુકુ-

ટમણિ, રૂપવિજય કવિરાયા હે.... સ૦; તાસ ચરણ કરૂણાથી કરીને, અક્ષર ગુણ મેં ગાયા હે.... સ૦ ॥૧૫॥ અણહિલ્લપુર પાટણમાં રહીને, માનવતી ગુણ ગાયા હે.... સ૦; દુર્ગાદાસ રાઠોડને રાજે, આણંદ અધિક ઉપાયા હે.... સ૦ ॥૧૬॥ સુડતાલીશેં ઢાળેં કરીને, કીધો રાસ રસાળ હે.... સ૦; મોહનવિજય ભણે નિત્ય હોજો, ઘર ઘર મંગળમાળ હે.... સ૦ ॥૧૭॥

॥ ઇતિ મૃષાવાદ પરિહારે ॥

શ્રી માનતુંગ માનવતી રાસ સંપૂર્ણ ॥

—મુનિશ્રી કનકસુંદરજી કૃત—

# ॥ શ્રી હરિશ્ચંદ્ર રાજાનો રાસ. ॥

॥ દોહા ॥

પાસ જિનેશ્વર પય નમી, થંભણપુર થિરવાસ;
જુગ જુગ માંહે દીપતો, પૂરે વંછિત આશ. ॥૧॥
આદિ લખે કુણ એહની, વર્ષ અગીઆરે લક્ષ;
પશ્ચિમપતિ નામે વરૂણ, કીધી પૂજા પ્રત્યક્ષ. ॥૨॥
એંસી સહસ સંવચ્છર અચળ, સેવા કીધી સાર;
વાસુક વિષ હરતા હરિ, પ્રભુ પાતાલ મોઝાર. ॥૩॥
પશ્ચિમ મહોદધિ પાખતી, પૂજ્યા રાજા રામ;
સાત માસ ને નવ દિવસ, તેહનાં સિધ્યાં કાજ. ॥૪॥
નારાયણ બહુ દિન નમ્યો, [1]બાર વરસ કરી પત્ત;
દ્વારિકા દાહે જળ વસ્યો, પ્રગટયો સાયરદત્ત. ॥૫॥
કાંતિનગરી પ્રગટીયો, યોગી નાગાર્જુન;
સેઢીતટ સીદ્ધો [2]તિંહા, સોવન પુરૂષ રતન્ન. ॥૬॥
વેણુ અંતર જિનવરૂ, રહ્યા કેતાહિ કાલ;
કામધેનુ પય સીંચતાં, પ્રગટયા જગ પ્રતિપાલ. ॥૭॥
અભયદેવસૂરિ ઓલખ્યા, પ્રહ્યા વિબુધતરૂ ગૂઢ;
તુરત ગયા તસ દેહથી, ગલિત અઢારે કોઢ. ॥૮॥

---

૧ બારમઇ સંપત્ત * ૨ સકલ, નવ રસગુણ નિષ્પન્ન *

ત્રિભુવનપતિ તારણ તરણ, ખંભનયર અહિઠાણ;
સકલ સૂરતિ પ્રભુ નિરખીયા, જીવીત જન્મ પ્રમાણ. ॥૯॥
હું શરણે આવ્યો હવે, અશરણ શરણ જિણંદ;
સાંનિધ્યકારી તું સદા, મુજ કર પરમાણંદ. ॥૧૦॥
મુજ મતિ છોટી મૂઢ મન, મોટા ગુણશું મોહ;
મેરૂ ચડે કેમ પાંગળો?, જે અતિ અધિક સછોહ. ॥૧૧॥
ભક્તિ શક્તિ મુજ ઉપની, પંખીને જેમ પાંખ;
તેમ આવી સેવકતણે, અંધાને જેમ આંખ. ॥૧૨॥
બોલી ન જાણે બોબડો, કરે તર્કીશું વાદ;
આસંગે જિનવર મળ્યા, તિંહા ગયો સંવાદ. ॥૧૩॥
જન્મ સફલ તો જાણીએ, કહીએ ગુણ સત્યવંત;
આગે થોડું આઊખું, આળસ ઉંઘ અનંત. ॥૧૪॥
ધંધો પણ છૂટે નહિં, ક્રોધ મોહ ને કામ;
કર્મ કઠિન મુજ કાઠીયા, લેણ ન દે પ્રભુ નામ. ॥૧૫॥
પણ મેં કીધો વિવિધ પરે, શ્રીજિનપાસ પોકાર;
અંગ થકી અળગા રહ્યા, બોલીશ અક્ષર સાર. ॥૧૬॥
ધર્મ વિશેષે છે ભલા, દાન શીયલ તપ ભાવ;
પણ સહુકો દાખે સહી, સબલો શીલ પ્રભાવ. ॥૧૭॥
શીલ સત્ત કેડે સહુ, દાન માન તપ ધર્મ;
હવે હું તેહ વખાણશું, મેં જાણ્યો એ મર્મ. ॥૧૮॥
રાજા હરિચંદ સાહસી, સતી સુતારા નાર;
શીલ સત્ત તેહનાં ચરિત્ર, સાંભળજો નરનાર. ॥૧૯॥
ગાંઠ ગરથ લેખા પખે, પ્રગટી હીરા ખાણ;
લાખઓલી કુણ મુલવે?, એહવો અવસર જાણ. ॥૨૦॥
સુણતાં અમીય સમાન ગુણ, રંજે ચતુર સુજાણ;
ભીંજે પણ ભેદે નહીં, પાણી માંહે પાષાણ. ॥૨૧॥

શ્રી ભગવંતજી પૂજ્યજી, કહો વધે જેમ [1]મુઝ;
મુરખ નર જાણે નહીં, હા હા કરે [2]અબુઝ. ॥૨૨॥
મન સંદેહ મ રાખજો, ફરિ ફરિ પૂછજો વાત;
કહ્યા વિના કેમ જાણીયે, અંતર કથા અવદાત. ॥૨૩॥
આળસ નિદ્રા પરિહરો, કચપચ ન કરો કોય;
કાંઝી પાણી છાંડીને, દુધ પીયો સહુ કોય. ॥૨૪॥
નવ રસ ભેદ વખાણવા, છે મુજ મન કલ્લોલ;
કનક કહે એક ચિત્તશું, સરસ કથા રંગરોલ. ॥૨૫॥

## ॥ ઢાળ ૧ લી ॥

સાહિબા વાસુપૂજય જિણંદા... એ રાગ.

શ્રી જિન ત્રિભુવન મંડપ માયા, મધ્ય માનવ જન ભવન વસાયા; સો અપરંપર અલખ નિરંજન, સુર નર નાગ જના મનરંજન. ॥૧॥ આદિપુરૂષ શ્રી આદિજિણંદા, દીપે જ્યોતિ સરૂપ દિણંદા; મીન તણાં પણ નીર વહંતા, પંખી મારગ ગગન ભમંતા. ॥૨॥ નાદ શબ્દકું વાંકી છાયા, અનહદ પિંડ બ્રહ્માંડ સમાયા; આદિપુરુષ પરમેશ્વર ઐસા, જ્યોતિ સ્વરૂપી દીપક જૈસા. ॥૩॥ તેહની રૂદ્ધિનો પાર ન કોઇ, જંબુદ્વીપ તણો વિધિ જોઇ; લાખજોયણ તેહનો પરિમાણો, વૃત્તાકારે તેહ વખાણો. ॥૪॥ ક્ષેત્ર ભરત તસ ભીંતર સોહે, પંચસયા જોયણ મનમોહે; છ કલા ને જોયણ છવ્વીશ, આગમ માંહે કહ્યું જગદીશ. ॥૫॥ દેશ બત્રીશ સહસ નરનારી, જલ થલ માનવ ભરત

૧ મન્ન ✻ ૨ અસંન્ન ✻

મઝારી; આરજ દેશ સાડા પચવીશ, ધર્મ કર્મ સેવા જગદીશ. ॥૬॥ અવર દેશમાં ધર્મ ન ધ્યાન, દેવ ન પૂજા દાન ન માન; સાકેતદેશ અયોધ્યા ચંગી, નવ બારહ જોયણ નવરંગી. ॥૭॥ સહસ ત્યાંસી ત્રણસય પચવીશા, ગામ એહનાં કહ્યા જગદીશ; સોહે દેવપુરી અનુમાની, રાજા હરિચંદની રાજધાની. ॥૮॥ નગર તણો વિસ્તાર કહીશું, કનકસુંદર કહે સુજસ લહીશું; ઢાળ સંપૂરણ કીધી પહેલી, કીર્તિ પ્રગટ થઈ જગ વહેલી. ॥૯॥

## ॥ ઢાળ ૨ જી ॥

સીતા તો રૂપે રૂડી, જાણે આંબાડાળે સુડી હો... એ રાગ.

અયોધ્યા અધિક બિરાજે, જિણ આગળ લંકા લાજે હો.... નગરી નવરંગી; બવડી દીર્ઘ ચતુરંગી, તેવડી ત્રિકૂટ ત્રિભંગી હો.... નગરી० ॥૧॥ લાંબી શેરી વચ્ચે શેરી, આડી અવળી અધિકે રી હો.... નગરી०; નર છયલ બિરાજે છાજે, વળી પડહા બહુવિધ વાજે હો.... નગરી० ॥૨॥ ગોખે બેઠી ગજગમણી, મન મોહે મૃગાનયણી; હો.... નગરી०; કપૂરે કરૂલા કીજે, રંગભરી આલિંગન દીજે હો० નગરી० ॥૩॥ ગઢ કોટ નદી વન વાડી, દીસે ઉત્સાહ દીહાડી હો. ન०; બહુ વણજ કરે વણઝારા, કર દાણ ન દંડ લગારા હો० ન० ॥૪॥ કાશ્મીર લાહોર અટારો, સોદાગર અંત ન પારો હો ન०; ખંભાત દીપ પરારા, દક્ષિણ ગૂર્જર ધરારા હો० ન० ॥૫॥ કર અકર ન કરે વરાતી, ભરે ભાગ ન માપ મુકાતી હો ન०; પર

દ્વીપે પ્રવહણ પૂરે, દેશાંતર સાજ સનૂરે હો૦ ન૦ ॥૬॥ કુશળ ક્ષેમે ઘર આવે, ઉત્સવ કરી નારી વધાવે હો ન૦; કોટીધર માયા ઉંડી, પરદેશે પહોંચે હૂંડી હો૦ ન૦ ॥૭॥ મહાજન સુખીયા સવિશેષો, લાખે કોડે નહીં લેખો હો ન૦; દેવળ જિન હરિ હર દીપે, જાણે મંદરગિરિ જીપે હો૦ ન૦ ॥૮॥ પોશાળે ધર્મ સુણાવે, વડેરા નિશાળ ભણાવે હો ન૦; બહુ હોમ યજ્ઞધ્વની જ્ઞાની, હરિચંદ તણી રાજધાની હો૦ ન૦ ॥૯॥ વિપ્ર બેઠા વેદ ભણંતા, હા હો હોકાર કરંતા હો ન૦; તિંહા દીન દુઃખી નહિં કોઇ, સુખવાસી લોકો સહુકોઇ હો૦ ન૦ ॥૧૦॥ એ ઢાળ કહી એમ બીજી; સાંભળી ને કરજો જી હો ન૦; મુનિ કનકસુંદરની વાણી, સુણતા રસ અમીય સમાણી હો૦ ન૦ ॥૧૧॥

॥ દોહા ॥

નવરંગી નગરી તિંહા, શ્રી હરિચંદ નરિંદ;
તેજ પ્રતાપે આગળો, દીપે જેમ દિણંદ. ॥૧॥
ન્યાયભાવ રાજા નિપુણ, શૂર સુભટ સત્યવંત;
મન વચણે પોષે પ્રજા, વનતરૂ જેમ વસંત. ॥૨॥
સાહસિક ભૂપતિ સબલ, ધરે સદા દૃઢ ધર્મ;
વીર વિચક્ષણ અતિ ચતુર, જાણે સઘળા મર્મ. ॥૩॥

## ॥ ઢાળ ૩ જી ॥

રઘુપતિ રાઘવ રાજા રામ... એ રાગ.

વિલસે રાજા વિવિધ પ્રકાર, સત્તાવીશ અંતેઉર

નાર; હય ગય રથ પાયક પરિવાર, શૂરવીર શક્તિ નહિં પાર. ॥૧॥ બીજા મણિ માણિક ભંડાર, રયણ જેટલા સમુદ્ર મોઝાર; મોટા નૃપ તસ નામે શીષ, ઇન્દ્રજિસ્યો એ તો અવનીશ. ॥૨॥ સતી સુતારા સુંદર નાર, પટરાણીશું પ્રેમ અપાર; મતિસાગર મંત્રી મતિવંત, સામિધર્મ સાચો સત્યવંત. ॥૩॥ સકળ કળા ગુણમણિ કામિની, પ્રાણપ્રીય પિયુ મનગામિની; પૂર્ણચંદ્ર વદની નિકલંક, લંઘીત કેસરી સમ કટિલંક. ॥૪॥ કીકી ભ્રમર કમલદલ જિસી, વિકસીત લોયણ સોહે તિસી; સૂક્ષ્મ રેખા કાજલ સારી, મધુકર બેઠો પાવ પસારી. ॥૫॥ કાને રવિ કુંડલ ઝગમગે, અંધકાર ક્ષણમાંહે ટળે; કોકિલ કંઠ સરીખો ઝીણ, [1]મણિધર શ્યામ ભુયંગમ વેણી. ॥૬॥ પીન પયોધર તુંબા જિસ્યા, અમૃત કલશ વિરાજે તિસ્યા; હંસ ગયંદ અનોપમ ગેલ, જાણે અભિનવ મોહનવેલ. ॥૭॥ અંબર પ્રવાલી હીરા દંત, પાવસ વીજ જિસા ઝલકંત; અધર રંગ તંબોલ રસાલ, સતિ શીલ સીતા સુવિશાળ. ॥૮॥ રૂપે રંભા લાજી રહી, ત્રિભુવન નારી ઉપમ નહીં; દેવભક્તિ સદ્ગુરુની સેવ, પતિવ્રતા ધર્મ ધરે નિત્યમેવ. ॥૯॥ રાજા રાણી વાકયં ॥ ગાહા ગૂઢા અરથ અપાર, રાગ રંગ ગીત પ્રચાર; બોલે ચૌબોલા સુવિચાર, પ્રત્યુત્તર આપે તત્કાલ. ॥૧૦॥ રાજ્ઞી વાકયં ॥ એક નારી અતિ સુંદર રૂપ, પૃથ્વીમાંહે અધિક અનૂપ; ચતુર તણે મન-

૧ વેણી મણિધર લંકા ખીણ *

માંહે તેહ, પંચ સખીશું ઘણો સનેહ. ॥૧૧॥ ઉં
ચઢે નીચી ઉતરે, સુર નર નાગ અસુર મન હ
ચરણ ઘણાં પણ ચાલે નહીં, વસ્ત્ર ઘણાં ને ઉઘ
રહી. ॥૧૨॥ ન જમે અન્ન ન પીવે નીર, ગુહ્ય
રાખે નિપટ અધિર; પર નરશું પર ઉપગાર
પુત્ર જણે પણ બ્રહ્મચારિણી. ॥૧૩॥ ફળ લા
પણ વંધ્યા સહી, પ્રાણવલ્લભ કહો તે કુણ કહ
તિણ કારણ મુજ મન સંદેહ, કહો પ્રીતમ કુણ ન
તેહ. ॥૧૪॥ રાજા વાકયં ॥ નવમંગલ રૂપી તે ન
કહીયે સુખકરણી સંસાર; રમણી સુર નર રિ
મણી, વારૂ સુંદર સોહામણી. ॥૧૫॥ લીલા
મોહનગારી, પંચ વરણ ધુરિ અક્ષર નારી;
અનેક ગુણભેદ પ્રકાશ, પંચ વિષયસુખ લીલ વિલ
॥૧૬॥ રાજા રાણી વિલસે ભોગ, ભમર કેતકી
સંયોગ; મનરંગે સુખ લીલા રમે, નિમેષ એક વિ
નવિ ખમે. ॥૧૭॥ કંત તણે મનમાની ઈસી,
માંહેલી શ્રીશ્રી જિસી; કહે તીકા વિધ રાજા
જીવન પ્રાણ જિસી આદરે. ॥૧૮॥ સોહાગણ
તે નાર, જે મન માની નિજ ભરતાર; સબલ
જિણમાંહે લહી, તિણશું પ્રીતમ વિરચે નહી. ।
શ્લોક कोकिलानां स्वरं रूपं, वने रूपं तपस्वीनां; वि
कुरूपानां, नारीरूपं पतिव्रता. ॥૨૦॥ વિચવિચ મન
વૈરાગ, શીલ પ્રતાપ ઘણો સોભાગ; દાન શીલ
ભાવ વિચાર, ધરે ધર્મ મન ચાર પ્રકાર.
આરાધે અરિહંત નવકાર જીવદયા જયણા સુનિ
વર્જે જીવ મારંતા લોક, ઇણ દૃષ્ટાંતે સાંભળો

॥૨૨॥ यो दद्यात् कांचनं मेरुं, कृत्स्नां चेव वसुंधरा; एकस्य जीवितं दद्या—न्न च तुल्यं युधिष्ठिर. ॥૨૩॥ જાણે એહ સંસાર અસાર, દુઃખ અનેક તણો ભંડાર; વીતરાગના ધર્મ વિહીણ, મુગતિ ન પામે કો મતિહીણ. ॥૨૪॥ સાધુ સુગુરૂ સેવા સુવિશાલ, પાત્ર દાન દીજે ઉજમાલ; જન્મ થયો ગોવાળને, ઘેર, રૂદ્ધિ લહે શાલિભદ્રની પેર. ॥૨૫॥ સૂધો શીલ મુગતિ દાતાર, શીલ વિના પામે નહીં પાર; શૂલિ તે સિંહાસન થયું, શેઠ સુદર્શન સંકટ ગયું. ॥૨૬॥ શીલ પ્રતાપ સુભદ્રા સતી, ચાલણિ જળ કાઢયો જિનમતિ; ચંપાપોળ ઉઘાડી જેણ, પ્રહ ઉઠી પ્રણમીજે તેણ. ॥૨૭॥ બ્રાહ્મી ચંદનબાલા મતી, ઇત્યાદિક જે સોળે સતી; શીવપુર પદ પામ્યું અભિરામ, પાપ જાયે સમરંતા નામ. ॥૨૮॥ સૂધો ત્રિવિધ પાળંતા શીલ, શિવપદ અવિહડ લહીયે લીલ; જંબુસ્વામી ને આર્દ્રકુમાર કયવન્નો ધન્નો અણગાર. ॥૨૯॥ બાર કોડી ધન વિલસ્યો જેણ, મુગતિ પહોંચ્યો શ્રી નંદિષેણ; કૂડ કપટી લડવારી લબાડ, તે નારદરૂષિ પામ્યા પાર. ॥૩૦॥ તપ વિણ શિવપુર લહીયે નહીં, તપ વિણ કર્મ ન છૂટે કહીં; જુવો હરિકેશી ચંડાળ, દઢપ્રહારી પામી વિકરાળ. ॥૩૧॥ તપ તપીને નિર્મળ થયા, કર્મ ખપાવી મુગતે ગયા; ભાવ વિના મુગતિ નવ હોય, ભાવ સમોવડ ધર્મ ન કોય. ॥૩૨॥ યતઃ ॥ दानेन प्राप्यते लक्ष्मीः, शीलेन प्राप्यते यशः। तपसा क्षीयते कर्म, भावेन मोक्ष संपदः ॥૩૩॥ વીર વંદન દર્દુર મન રંગ, જાતાં ચાંપ્યો ચપલ તુરંગ; પશ્ચાતાપ કરે અદોય, જિનવર

દર્શન કરવા મોય. ॥૩૪॥ કર્મ કઠિન દર્શન નવિ થયો, ધ્યાન ધરી સુરલોકે ગયો; ભાવે ધરીજે દીજે દાન, તેહ તણું ફલ હોય પ્રધાન. ॥૩૫॥ ભાવ વિના તો ન પળે શીલ, અણમિલતે ગંગેવ અહિલ; ધન યૌવન મળીયો સંયોગ, શય્યા શીલ સજે સુરલોક. ॥૩૬॥ ભાવે તપ તપીએ તે ખરો, ભવિયણ ભાવ સદા મન ધરો; દાન શીલ તપ ભાવે કરી, શીઘ્ર વરીયે શિવસુંદરી. ॥૩૭॥ ઇસ્યો ભાવ રાણી મન વસ્યો, કુંદન ઉપર હીરો કસ્યો; સુરત સંભોગ તણાં સુખસાર, નાગલતા ચંદન ભરતાર. ॥૩૮॥ ઇમ લીનો હરિચંદ નરિંદ, નારી સુતારા નયનાનંદ; એકથંભો ઉંચો આવાસ, વિલસે દંપતી લીલવિલાસ. ॥૩૯॥ રાજા રાણી રંગ રસાળ, કનકસુંદર કહે ત્રીજી ઢાળ; સુણતાં રીઝે ચતુર સુજાણ, ઉઠી પરહા જાય અજાણ. ॥૪૦॥

॥ દોહા ॥

રાજા-રાણી રંગભરે, વિલસે ભોગ વિલાસ;
નાદ વિનોદ કરે નવા, રંગ રાગ રતિ હાસ. ॥૧॥
એક દિવસ હરિચંદ ગયો, વનક્રીડા બહુ સેન;
સાધુ એક મોટા મહંત, બેઠાં દીઠા તેણ. ॥૨॥
રાજા પય પ્રણમી કરી, બેઠા મુનિવર પાસ;
સાધુ સુણાવે દેશના, હરિચંદ સુણે ઉલ્લાસ. ॥૩॥

## ॥ ઢાળ ૪ થી ॥

આલસ ભરિયા એ લાલ નીંદ લોયણા... એ રાગ.

દુઃખસાયર સંસાર એ, સાયર ભવ ભારી લાલ; ચતુરનર ચેતીએ. અઘ દેહ વિટારી લાલ.... ચતુર૦.... એ અંચલી. કામ ક્રોધ મદ લોભ એ, દુઃખકે અધિકારી લાલ.... ચ૦; મોહ મિથ્યાત્વ ન રાચીએ, જીવ જોઈ વિમાસી લાલ. ચ૦ ॥૧॥ લાખ ચોરાશી જીઉરા, ભમે યોનિ મઝારી લાલ. ચ૦ ॥૨॥ દાન શીલ તપ ભાવના, [1]એ નાવે નિબંધીલાલ.... ચ૦; [2]ભવસાગરકે પારકૂ, પામે એહ પ્રબંધી લાલ.... ચ૦ ॥૩॥ દેવ એક અરિહંત હે, સાધુ સુગુરૂ સૂધા લાલ.... ચ૦; કેવલિ ધર્મ પ્રકાસીયા, ભુપતિ પ્રતિબુદ્ધા લાલ.... ચ૦ ॥૪॥ દીધી ત્રણ પ્રદક્ષિણા, ઉત્તરાસણ ઠાયે લાલ.... ચ૦; મુનીવર વંદી ભાવશું મન ભરમ ગમાયે લાલ.... ચ૦ ॥૫॥ સમકિત વ્રત નૃપ આદરે, આનંદ અંગ ન માયે લાલ.... ચ૦; અંગ ઉમંગે મહીપતિ, નિજ મંદિર આયે લાલ.... ચ૦ ॥૬॥ ભેદ જણાવે નારીકું, સમકિત મહિમા લીને લાલ .... ચ૦; જન્મ સફલ અબ જાણીયે, દેહી પાવન કીને લાલ.... ચ૦ ॥૭॥ દાન મહિપતિ દેત હૈ, અબ હોત વધાઇ લાલ....ચ૦; ઘર ઘર ગૂડી ઉછળે, નિસાણે ઘાયે લાલ.... ચ૦ ॥૮॥ પ્રથમખંડ પૂરો હુવો, હરિચંદ નરિંદા લાલ.... ચ૦; પરમાનંદની સંપદા, સુરલોક

૧ એહની વનીબંધી લાલ * ૨ ભવસાયરમઇં જીવકું, પ્રતિ એહ પ્રબંધી *

સુરિંદા લાલ.... ચ૦ ॥૯॥ શ્રી ભાવડગચ્છ ભૂપતિ, મણિરત્ન મુણીંદા લાલ.... ચ૦; સદ્દગુરૂ શ્રી ઉવજ્ઝાયજી, કરે હું આણંદા લાલ.... ચ૦ ॥૧૦॥ કનકસુંદર શિષ્ય વિનવે, પ્રભુ ચરણ પસાયા લાલ.... ચ૦; ચોથી ઢાળ રસાળ એ, શ્રૃંગાર રસ ગાયા લાલ.... ચ૦ ॥૧૧॥ [ ભેદ જણાયા આપણાં, સમકિતવ્રત ધાર્યાં લાલ.... ચ૦; નિર્મલ મન કીધા સહી, ભવકા દુઃખ હાર્યા લાલ.... ચ૦ ॥૭॥ દાન સુક્ષેત્રે વાવરે, સત સીંહ સર્વંત લાલ.... ચ૦; રાજ લીલા સુખ ભોગવે સુજસ મહકંત લાલ... ચ૦ ॥૮॥ પડિક્કમણું પોસહ કરે, સામાયક સંગી લાલ.... ચ૦; સાધુ સુગુરૂ સેવા સદા, મિથ્યામતિ દુભંગી લાલ.... ચ૦ ॥૯॥ પ્રથમખંડ પૂરો થયો, સુણજો સુવિચારી લાલ.... ચ૦; કાફી રાગ કુસી નીયાં, રંજે નર નારી લાલ.... ચ૦ ॥૧૦॥ સતગુરુ શ્રી ઉવજ્ઝાયજી, કરીય હું આણંદ લાલ.... ચ૦; કનકસુંદર સુવિશાલ એ, ઉલટભરી દાખી લાલ.... ચ૦, ચઉથી ઢાલ રસાલ હુઇ, પૂરણ રસ રાખી લાલ.... ચતુર૦ ॥૧૧॥ * આ પ્રમાણે હસ્ત લિખિત પ્રતમાં પાઠાંતર છે. ] ઇતિ શ્રી કનકસુંદર વિરચિત શ્રી હરિશ્ચંદ્ર તારાલોચની ચરિત્રે સત્ય શીલાધિકારે નવરસ વર્ણન મધ્યે શ્રૃંગાર રસ વર્ણન નામા પ્રથમખંડઃ સંપૂર્ણઃ

## ॥ અથ દ્વિતીય ખંડઃ પ્રારભ્યતે ॥

### ॥ દોહા ॥

શ્રી સદ્ગુરૂ પ્રણમું સદા, સિદ્ધિદાય સુવિશેષ;
ભાવડગચ્છ મુકુટ મણિ, શ્રી ઉપાધ્યાય મહેશ. ॥૧॥
હવે બીજે ખંડ બોલશું, હરિચંદ સત્ય અધિકાર;
વિરહાઅમ વિક્રય કરણ, રાણી રાજકુમાર. ॥૨॥
ઈણ અવસર સુરલોકમાં, બેઠો સભામાં ઈંદ્ર;
એમ ભાખે નરલોકમાં, સબળ સત્ય હરિચંદ. ॥૩॥
શૂર ધીર અતિ સાહસી, દીસે રાજા સોય;
આજ તણે વારે તિહાં, અવર ન દીસે કોય. ॥૪॥
મિથ્યાત્વી માને નહીં, ઈંદ્રવચન સુર એક;
મુજ આગળ કુણ માનવી, રાખે નિશ્ચલ ટેક. ॥૫॥
પૂરવભવ સંતાપીયા, વિણ અપરાધે સાધ;
વૈર સંભાર્યું આપણું, દેશે દુઃખ અગાધ. ॥૬॥

### ॥ ઢાળ ૧ લી. ॥

રાગ કેદારો. નરેસર ભેટયો સાહસધીર... એ દેશી
જય જય નાયક જગગુરુ રે... એ રાગ.

દેવ પરીક્ષા આવીયો જી, માનવલોક મઝા

અયોધ્યાની પાખતી જી, બાગ રચ્યો વિસ્તાર ॥૧॥ મહિપતિ વીનતડી અવધાર, કરજોડી તાપસ કહે જી, દુઃખ અમારા વાર.... મહિપતિ૦ ॥૨॥ તાપસ [1]બહુ-વિધ ઉતર્યાં જી, તાપસણી પરિવાર; જટાજૂટ તે જંગમી જી, સાથે શિષ્ય અપાર.... મ૦ ॥૩॥ એક દિન તાપસ આવીયો જી, રાજસભા મનરંગ; નૃપ આગળ ઉભો રહ્યો જી, ઉલટ આણી અંગ.... મ૦ ॥૪॥ રાય કરે તસ વંદના જી, દીધું આદર માન; દીધ વચન ઋષિ વિનવે જી, સુણ હરિચંદ રાજન.... મ૦ ॥૫॥ અવિચલ છત્ર તમારડો જી, [2]તું છે પ્રજા સુખકાર; તેજે સૂરજ સરિખો જી, દાને જિસ્યો જલ-ધાર.... મ૦ ॥૬॥ તાપસ બહુ પરદેશના જી, વસ્યા તુમારે વાસ; મહોટો રાજા તું સહી જી, વૈરી જાયે નાસ.... મ૦ ॥૭॥ સઘળી વાતે સોહિલો જી, તાપસ દે આશીષ; સૂઅર એક અમારડે જી, અરિ સબલો અવનીશ.... મ૦ ॥૮॥ મારિ તાંડિ દૂરે કરોજી, તાપસ માર્યા ચાર; નવ તાપસણી સંહરી જી, દશમી મારી નાર.... મ૦ ॥૯॥ વારૂ રાયે વીનવ્યો જી, તેહને દીધી શીખ; જે તમને નિત્ય દુહવે જી, તેહને હું ઉલીખ.... મ૦ ॥૧૧॥ તાપસ આશ્રમ આવિયોજી, રાય ચઢયો તતકાલ; તે વનમાંહિ આવીયો જી, [3]ચતુરંગ દલ ભૂપાલ.... મ૦ ॥૧૦॥ દીઠો સૂવર દોડતો જી, ભરી કરિ મૂકયો બાણ; ગર્ભ સહિત હરણી હણી જી, ચિંતા પડી અસમાન.... મ૦ ॥॥૧૧॥ પહેલી કેદારા

૧ રૂપ રચ્યાં તિહાંજી * ૨ તું પરજન સુખકાર* ૩ શ્રી હરિચંદ ભૂપાલ *

તણી જી, દાખી ઢાળ રસાળ; કનકસુંદર મન રંજીયા જી, સાંભળી બાળ ગોપાળ.... મ૦ ॥૧૩॥

॥ દોહા ॥

મંત્રિ પ્રત્યે રાજા કહે, મતિસાગર સુણ વાત;
મેં પાતક મહોટું કર્યું, ¹અધર્મનો અવદાત. ॥૧॥

એ પાતક કિમ છુટશે, કીધું ખોટું કામ;
અરતિ પરતિ હાર્યા ²વિના, નરકે નહીં મુઝ ઠામ. ॥૨॥

અપરાધિ મુજ સાખિયો, અવર નહિં જગ કોય;
કર્મ સબલ મુજ શિર ચઢયું, કેમ નિસ્તારો હોય ?. ॥૩॥

## ॥ ઢાળ ૨ જી ॥

રાગ ગોડી-વાડી ફુલી અતિ ભલી મન ભમરા રે...એ રાગ

રાજા હરિચંદ ચિંતવે-મેં કીધો રે, મારી અબળા બાળ; પાપ મેં કીધો રે. મારી૦; હું અપરાધી પાપિયો મેં૦, જન્મ થયો વિસરાળ. પાપ. ॥૧॥ હરણો એકલો વલવલે મે૦, દેશે મુજને શાપ પા૦; જે ગતિ એ બિહું જીવની મેં૦ સો ગતિ કરશું આપ. પા૦ ॥૨॥ તાપસ આવ્યા દોડતા મેં૦, હરણી મારી કેણ ? પા૦; ભસ્મ કરૂં નરકે ધરૂં મેં૦, વિંધી મૃગલી જેણ પા. ॥૩॥ હરિશ્ચંદ્ર પાય લાગી કહે મેં૦, સબળું પાપ અઘોર. પા૦; જે વિધ દાખો

૧ કર્મતણે * ૨ બિન્હૈ *

તે કરૂં મેં૦, કેહો કીજે શોર પા. ॥૪॥ ધ્રૂજે રાજા ધડહડે મેં૦, હા હા કરે હરિચંદ્ર પા૦; બિહુંઆંખે આંસુ ઝરે મેં૦, નામે શીશ નરિંદ. પા૦ ॥૫॥ રાજ સમપું માહરૂં મેં૦, હું જાઉં એક પોત પા૦, અંગ કરો મુઝ નિર્મળો મેં૦, દુર નિવારો છોત. પા૦ ॥૬॥ ચેલો ગુરૂને વિનવે મેં૦, વચન સુણો રૂષિરાજ પા૦; પાપ ઉતારો રાયનું મેં૦, આપે સહુ રુધ્ધિ રાજ પા૦ ॥૭॥ [1]રાજ દીયો તાપસ ભણી, મેં૦, શિષ્ય બોલ્યો વળી એક પા૦; મારી હરણી કોણે હણી? મેં૦, પરજાળું સુવિવેક. પા૦ ॥૮॥ રાય મનાવે તેહને મેં૦, દેશું લાખ દિનાર પા૦; સ્વસ્તિ ભણાવી એટલે મેં૦, હૈ હૈ કર્મ વિકાર પા૦ ॥૯॥ રાજા મંદિરે આવીયો મેં૦, બારીમાંહે હોય પા૦; રાજા હરિશ્ચંદ્ર શું કિયો મેં૦, લોક કહે સહુ કોય પા૦ ॥૧૦॥ પટરાણી પાસે ગયો મેં૦, ઉભી આગળ આય પા૦; નારી સુતારા વિનવે મેં૦, પ્રિતમ ચિંતા કાંઈ. પા૦ ॥૧૧॥ ચિંતા સાયર જેટલી મેં૦, સુંદરી સાંભળ વાત પા૦; રાજ રૂધ્ધિ અદકી કરી મેં૦, કીધો નિર્મળ ગાત. પા૦ ॥૧૨॥ મારી સગર્ભા હરિણલી મેં૦, પાપ કિયો પરિહાર. પા૦, દંડ કિયો શિર માહરે મેં૦, એક લાખ દીનાર પા૦ ॥૧૩॥ [2]બીજી ઢાળ પુરી કહી મેં૦, ગોડી રાગ મઝાર પા૦; કનકસુંદર મુનિ વિનવે, મેં૦, સત્યવાદી સુખકાર પા૦ ॥૧૪॥

---

૧ રાજ ઋધ્ધિ દીધી તિહાં ✽ ૨ ઢાલ અજાયબ એ કહી-મેં૦, બીજા ખંડ મઝાર-પા૦; ગોડી રાગે પરવરી-મેં૦, કનકસુંદર સુવિચાર-પા૦ ✽

## ॥ ઢાળ ૩ જી ॥

'શ્રી યુગમંધરને કહેજો...' એ રાગ.

રાગ મલ્હાર. નણદલની ઢાલ.

નારી સુતારા વિનવે, સાંભળ પ્રાણ આધાર હો પ્રીતમ; ચિંતા કીસી મનમેં કરો ?, કેહના ધન ભંડાર હો પ્રી. ના. ॥૧॥ પાપ ગમાયું આપણું, નિર્મળ કીધું અંગ હો. પ્રી.; દેશાંતર હવે સાધશું, અંગ ધરો ઉછરંગ હો. પ્રી. ના. ॥૨॥ જે શૂરા અતિ સાહસી, જે સાચા સત્યવંત હો. પ્રી.; દેશાંતર તેહને કિસ્યો ? પગ પગ સુખ અનંત હો. પ્રી. ના. ॥૩॥ જન્મ કૃતારથ જાણીયે, જે પાતક વરજીત હો. પ્રી.; સત્ય સાહસ ચૂકે નહીં, તેહને કેહી ચિંત હો ? પ્રી. ના. ॥૪॥ ત્રીજી ઢાળ સોહામણી, રાગ સારંગ મલ્હાર હો. પ્રીં; કનક સુંદર નૃપ ધીરવે, રાણી નિજ ભરતાર હો. પ્રી. ના. ॥૫॥

॥ દોહા ॥

તાપસ આવ્યો એટલે, રાજભવન તેણી વાર;
રે રે પાપી માહરા, દે તું લાખ દિનાર. ॥૧॥
રાયે મંત્રીસર તેડીયો, બોલ્યો એહવી ભાખ;
કાઢો ધન ભંડારથી, આપો એહને, લાખ. ॥૨॥
તાપસ ત્રટકી બોલીયો, રિદ્ધિ અમારી એહ;
તે માંહે શું તાહરૂં ?, તું મુઝ આપે જેહ. ॥૩॥
તવ રાજા નગરી તણા, તેડી મહાજન પાસ;
બે કર જોડી વિનવે, હરિશ્ચંદ્ર વચન વિલાસ. ॥૪॥

## ।। ઢાળ ૪ થી ।।

રાગ વાલમ વેલેરા આવજો…એ રાગ. ।। સિંધુ-ચરણાલી ચામુંડ રણે ચઢે… અથ કૈકેયી રાણી વર માંગે એ ઢાલ. રાગ સીતાની ચોપાઇ મધ્યે.

મહારાજને રાય વિનવે, વચન સુણો સુવિચારો રે; તુમને કદિય ન દૂહવ્યા, તો દાખો ઇણિ વારો રે. મા. ।।૧।। હો મેં તો દાણ ન દંડ કીયો નહીં, ન દીધું કૂડું આલો રે; હું પુત્ર તણી પરે પાળતો, કરતો સહુની સંભાળો રે. મા. ।।૨।। હો મેં દીઠી અણદીઠી કરી, સુણી અસુણી કરી જાણો રે; ચોલણિ ચાલણિ પરહરી, મેં ન્યાય કર્યો નિર્વાણ રે. મા. ।।૩।। જ્યું વન તરૂવર પાંગરે, આયો માસ વસંતો રે; તિમ સઘળી પ્રજા માહરી, મુઝ બેઠા વિકસંતો રે. મા. ।।૪।। જ્યું તરૂવન સીંચે સદા, માળી અરહટ નીરો રે; ત્યું તમને હું સીંચતો, પ્રેમ નયન જલધારો રે. મા. ।।૫।। હો તાપસ પણ ધરમાતમા, મેં તેહને સોંપ્યો રાજ રે; લાખ મહોર વ્યાજે કરી, ધો મુજને તમે આજ રે. મા. ।।૬।। ઢાળ કહી ચોથી ભલી, નીકો સિંધુ રાગો રે; કનકસુંદર મહાજન કહે, હવે રાય તણો કુણ લાગો રે. મા. ।।૭।।

।। દોહરા ।।

સુણ રાજા મહાજન કહે, દ્રવ્ય નહીં અમ પાસ;<br>
લાખ મહોર કેમ સંપજે, ઈણ અવસર વિમાસ. ।।૧।।

વળતું નૃપ બોલે નહીં, હાર્યો વચન નરિંદ;
ગયા મહાજન [1]ફરીને સહુ, એહ કરમ હરિચંદ. ॥૨॥
દિન પહિડયાં પહિડયાં સહુ, લોક મહાજન મિત્ત;
પટરાણી પહિડી નહીં, એહી જ રૂડી રીત. ॥૩॥

## ॥ ઢાળ ૫ મી ॥

રાગ કેદારો. ચંદ્રાયણની ઢાળ. અથ કૂબર કૂડકપટ
ભર્યો રે... એ ઢાળ

રાજા હરિશ્ચંદ્ર વિનવે રે, સુણો તાપસ મુજ વાત; એક મહિને આપશું રે, લાખ મહોર વિખ્યાત. ॥૧॥ લાખ મહોર આણીને દેશું, જે ન કીયા તે કાજ કરેશું; દેશાંતર ઇણવાર ચલેશું, ઓસિંગણ તુમચા થાઇશું.... જી રાજેસરજી રે. ॥૨॥ હરિચંદ-રાજા સાહસી રે, વિનચી જ્ઞાની રે જાણ; તવ તેણેહી તાપસે રે, વચન કીયો પરમાણ. ॥૩॥ વચન કીયો પરમાણ જિવારે, ચાલ્યો શ્રી હરિચંદ તિવારે; સત્ય કર્મ[2] તિવારે વિચારે; નારી સુતારા આઈ લારે.... જી જીવનજી જીરે. ॥૪॥ જીવન પ્રાણ આધાર, વાલિમ માહરા રે; પાય ન છોડું આજ.... પ્રીતમ તાહરા રે. ॥૫॥ પાય ન છોડું તાહરા રે, આવીશ તાહરી સાથ; વિરહ લગાર સહું નહીં રે, વળગી પ્રીતમ હાથ. ॥૬॥ વળગી રહી નિજ પ્રીતમ હાથે, સ્વામિ મયા કરી તેડો સાથે; હું હજૂર રહેશું દિન રાતે, વિપત પાડું નહીં બીજી વાતે.... જી પ્રીતમજી જીરે. ॥૭॥ જી પ્રીતમ આધાર, હાર હૈયા તણાં રે; અંગ તણા

૧ વેગશ્યું ※ ૨ મન માંહે ધારે ※

શણગાર.... સલુણા સાજણા રે. ॥૮॥ સયણ સલૂણે સાહિબે રે, નીરખી સલૂણી નયન; તવ તાપસ આવ્યો તિહાં રે, બોલે એહવા વયણ. ॥૯॥ તાપસ વયણ કહે અવિચારી, વેગે આણો મહોર અમારી; સાથે જાણ ન દેશું નારી, રાજ રમણી રુદ્ધિ સહુ હારી..... જી રાજેસર જીરે. ॥૧૦॥ જી રાજેસર રાય, મંત્રી કહે સહી રે; પરનારી કુણ લાગ, જાવા ઘો નહીં રે. ॥૧૧॥ જાણ ન ઘો પરનારીનેરે, એ તુમ નહીં આચાર; રાણા પણ દંડે ઘણો રે, પણ ન લીયે પર-નાર ॥૧૨॥ પણ ન લીયે પરનારીને કોઇ, એહ અખત્રિ કિંહા નવી હોઈ, તાપસ હોઇ વિમાસી જોઇ, મતિસાગર દાખે ઇમ સોઇ.... જી રાજેસરજીરે. ॥૧૩॥ જી રાજેસર રાય, તાપસ કોપીયો રે; મંત્રિ કર્યો શુક પંખી, ઉડીને ગયો રે. ॥૧૪॥ મંત્રીસર ઉડી ગયો રે, ધ્રૂજ્યો રાજા રે તામ; એ આગળ બોલું નહી રે, દીઠાં એહનાં રે કામ. ॥૧૫॥ દીઠાં એહનાં કામ સવાયા, રાજ રૂદ્ધિ રમણી ધન માયા; રાખો મુનિવર જે મન માયા, કનકસુંદર એહ વચન સુણાયા. જી રાજેસર જીરે. ॥૧૬॥

॥ દોહા ॥

તાપસ જાવા દે નહીં, રાણી રહે ન લગાર;
વિલવંતી ઈમ વીનવે, સુણ હો પ્રાણ આધાર. ॥૧॥

## ॥ ઢાળ ૬ ઠ્ઠી ॥

રાગ સોરઠી.

વિનવે તારાલોચની રે, સાંભળ પ્રાણ પીયાર;

વિણુ અવગુણુ મુજ વાલહા રે, કાંઇ છોડો નિરધાર. ॥૧॥ રંગીલા હો રજિંદ હરિચંદજી, નિરાધારી હો વાલેસર કયું તજી, છોડિ ન જાયે હો, નિઠુર ન થાયે હો, દિલતો સૂરજી.... રં૦ ॥૨॥ તું મુજ જીવન જીવનો જી, તું હૈડાનો હાર; સોભાગી શિર સેહરો રે, અંગ-તણો શણગાર.... રં૦ ॥૩॥ તું મુજ નિમેષ ન વીસરે રે, જ્યું જલ મીન જપંત; તડફી મરૂં હું તુજ વિન રે, કમલ નયન સુણુ કંત.... રં૦ ॥૪॥ લોટિ ભરી આગે ધરૂં રે, હું છું તોરી દાસ; કિણુ આગળ ઉભી રહું રે, વાલમ હૈડે વિમાસ.... રં૦ ॥૫॥ મહેર કરી મનમોહના રેં, મુજને તેડો સાથ; આગળ કરીને પધારજો રે, હિત કરી જાલી હાથ.... રં૦ ॥૬॥ હું અરધાંગી તાહરી રે, તું મુજ જીવન પ્રાણુ; અંગ તણી છાયા સમી રે, સાંભળ કંત સુજાણુ.... રં૦ ॥૭॥ પીયર પરઘર સાસરો રે, સવિ ઉઝડ મુઝ મન; જો તુમ સંગ સદા રહું રે, તો વેલાઉલ રન્ન.... રં૦ ॥૮॥ શીલ રહે કેમ માહરૂં રે, વેડમેં વસતા વાસ; વળી એ તાપસ પાપીયો રે, કરશે શીલ વિનાસ.... રં૦ ॥૯॥ પ્રાણુ હડે પણુ નાં હડે રે, શીલ રયણ સમતોલ; એક શીલ નંગ ઉપરે રે, સહસ તાપસ લ્યો મોલ.... રં૦ ॥૧૦॥ તું વેંચે વિક્રય કરૂં રે, તું મારે મરી જાઉં; વારિ સહસ વારણા રે, નહીં તુમ મીણે નામ.... રં૦ ॥૧૧॥ હું નહીં છોડું સાહિબા રે, ચરણુ કમલ તુમ વાસ; સન્મુખ જુવો સુંદરી રે, ઉભી કરે અરદાસ.... રં૦ ॥૧૨॥ ચંદ્રમુખી ઇમ વિનવે રે, વળી વળી અબળા બાળ; તન મન

તારાલોચની રે, પ્રિયશું પ્રીતિ રસાળ.... રં૦ ॥૧૩॥ કેસરિ લંકી કામિની રે, મૃગનયણી રે મુંઝાય; ઉભી હતી ઘર આંગણે રે, ધરણી ઢળી ધ્રસકાય.... રં૦ ॥૧૪॥ શીતલ નીરે સુંદરી રે, છાટયું સતપ શરીર; દાસી કર ગ્રહી વીંજણો રે, લાવે શીત સમીર.... રં૦ ॥૧૫॥ ચંદન લેપન ભાવના રે, ઉભી કરીય સચેત; પ્રીય મુખ દેખી પદ્મણી રે, નીર ઝરે મૃગ નેત્ર.... રં૦ ॥૧૬॥ ઢાળ બીજે ખંડે કહી રે, છટ્ઠી સોરઠી રાગ; સુણતાં ભોગી સુખ લહે રે, વૈરાગી વૈરાગ.... રં૦ ॥૧૭॥

॥ દોહા ॥

કુંતલ સેવક નૃપ તણો, તાપસને કહે વાત;
રે પાપી તાપસ નહીં, અધમ તણા અવદાત. ॥૧॥
પુત્ર વિછોહો માતનો, નારી વિછોહો કંત;
અઘ અઘોર એ કિમ મટે, જાં શશિ સૂર તપંત. ॥૨॥
તવ તાપસ કોપે ચઢયો, કુંતલ કીધો શીયાલ;
વડવડતો રણમેં ગયો, ચિત્ત ચમકયો ભૂપાલ. ॥૩॥

## ॥ ઢાળ ૭ મી ॥

જય જય આરતી આદિજિણંદા... એ રાગ

રાય કહે સાંભળ રુષિરાયા, રાજ રમણી રાણી ધન માયા; રાખો જે તુમ આવે દાયા, કાંહિ કીજે કોપ સવાયા? ॥૧॥ નારી સુતારા છે શીલવંતી, માહરે મન માનેતી મહંતી; બ્રાહ્મી ઉપમ અધિક લહંતી, કૂડ કપટ ન કાંઈ કહંતી. ॥૨॥ સૂરજ પશ્ચિમ દિશિ જો ઊગે, પાંગળો મેરુ શિખરને પૂગે; મહા

ઉદધિ મારગ મૂકે, સતી સુતારા શીલ ન ચૂકે. ॥૩॥ ગિરિ શિર કમલ તણો વન હોઇ, માખણ કાઢે નીર વલોઇ; પાણી માંહે અગ્નિ જો લાગે, સતી તણું વ્રત કિમહી ન ભાંગે. ॥૪॥ મેરૂ શિખર ધ્રૂવ ચલે કદાપિ, ખર બોલે ષટ રાગ આલાપી; ક્ષમાવંત મુનિવર પણ કોપે, નારી સુતારા શીલ ન લોપે. ॥૫॥ જેસી કોમલ કાંબ કણેરી, જેસી કુંપલ પીપલ કેરી; જેસી મીણની પુતલી જાણો, તેસી કોમલ નારી વખાણો. ॥૬॥ એ નારી મુખ બોલી ન જાણે, એ નારી મન ગર્વ ન આણે; એ નારી મન મત્સર નાંહી, દયાવંત એ છે મનમાંહી. ॥૭॥ એહને મેં ન દીયો રે કારો, સુપનેહી ન કહ્યો તુંકારો; વચન કઠોર ન મેં બોલાવી, રીસાણી ક્ષણ માંહે મનાવી. ॥૮॥ એહને મુનિવર ગાળ મ દેજો, ધર્મસુતા તે કરીને લેજો; રાંધણ ઈંધણ કામ ન દેજો, શીલ તણાં એહનાં ગુણ લેજો. ॥૯॥ એ મુજ જીવન સમ જાણેજો, એહને કઠન વચન મત કહેજો; એ પાસે ન અણાવજો પાણી, અતિ સુકુમાલ અછે એ રાણી. ॥૧૦॥ રોહીતાશ્વશું ધરજો રંગ, ભણશે પંડિત ચેલા સંગ; વાંછિત મીઠાં મોદક દેજો, બાલક આપણું કરી જાણેજો. ॥૧૧॥ ટાકર કાંબ પાંટુ મત મારો, જો તે હિત કરી વારો; ચેલાને તમે કહેજો સ્વામી, મત લડશો ઇણશું અભિરામી. ॥૧૨॥ હિતકારી ફેરવજો હાથ, ભણાવજો લઘુ ક્ષુલ્લક સાથ; અકલ પ્રમાણે સૂત્ર ભણાજો, વેદ પૂરાણ વખાણ સુણાજો. ॥૧૩॥ મત દૂહવશો મત રીસાશો, કુમયા

ફરી અવિનય મ કરશો; ઘણું ઘણું તમને શું કહીયેં, ભલા બુરા પણ તે નિરવહીયેં. ॥૧૪॥ મહોટા મનમાં કોપ ન આણે, મહોટા શત્રુ મિત્ર સમ જાણે; તુમે છો તાપસ દીન દયાળ, તુમે છો તાપસ પરમ કૃપાળ. ॥૧૫॥ તુમે છો તાપસ ખીર મુણિંદ, તુમે છો તાપસ દીન દિણંદ; તુમે છો તાપસ તપ સાધન્ન, તુમે છો દેવ જીસા મુજ મન્ન. ॥૧૬॥ તુમે છો તાપસ કરૂણા ગેહ, તુમે છો તાપસ બ્રહ્મા દેહ; તુમે છો તાપસ પરમ પુનીત, તુમે છો તાપસ અકલ અજીત. ॥૧૭॥ મેં મૃગલી નિરપરાધ વિરાધી, હું પાપી સબલો અપરાધી; એમ કહી રાજા આઘો ચાલ્યો, મન પાખે મહેલીને હાલ્યો. ॥૧૮॥ દુર્વાસા તાપસે બોલાયો, દોડીને રાજા પાછો આયો; નારી પુત્ર દીયા તસ બેઇ, રાજા હરિશ્ચંદ્ર સાથે લેઇ. ॥૧૯॥ રાજા મનમાં ગાઢો રંજ્યો, મનનો ભરમ તિવારે ભંજ્યો; સુંદરી સુત સ્વામી સસનેહ, સુકૃત ખેતિ વુઠયો મેહ. ॥૨૦॥ ઉંઘ્યાને પાથરીયે તળાઇ, અમલિયાને અમલ ખવાઇ; ભૂખ્યા નરને ખીર જમાઇ, તરસ્યા નીર પીયે સુખદાયી. ॥૨૧॥ ભ્રમરેં લાધ્યો કમલવન્ન, તિમ ઉલસ્યું હરિચંદનું મન્ન; પગપંથે ચાલ્યા પરદેશ, આવ્યો ઉજ્જલ વેડિ નરેશ. ॥૨૨॥ લોક નગરનાં હા હા કરતાં, ઉભા મૂકયા આંસુ ઝરતાં; કર્મ કરે તે સત્ય વિચાર, સુખ ને દુઃખ તે કર્મની લાર. ॥૨૩॥ બીજો ખંડ થયો સંપૂરણ, હરિચંદ નૃપનો દુઃખ અંકૂરણ; વનવાસે રાજા પરવરીયો, સુંદરી સહ ગહન સંચરીયો. ॥૨૪॥ ત્રીજે ખંડે કહીશ અધિકાર, કઠણ કર્મગતિ

એહ વિચાર; સાતે ઢાળ રસાળ વખાણી, સુણતાં પ્રતિબૂઝે ઉત્તમ પ્રાણી. ॥૨૫॥ શ્રી ભાવડગચ્છ કમલ દિણંદ, તસ ગુરુ શ્રી મણિરત્ન મુણિંદ; આશિતલબ્ધિ અનંત ઉવજઝાય, કનકસુંદર કહે તાસ પસાય. ॥૨૬॥ ઇતિ દ્વિતીય ખંડ સંપૂર્ણ.

## ॥ અથ તૃતીય ખંડઃ પ્રારભ્યતે ॥

॥ દોહા ॥

હવે ત્રીજે ખંડે નમું, સાનિધ્યકારી દેવ;
સદ્‌ગુરુ ને શ્રી શારદા, સહસ કિરણ પ્રણમેવ. ॥૧॥
રાજ રુદ્ધિ રમણી સુતા, દેશ હુઓ પરદેશ;
અલહાણા વનમાં ચલ્યા, શ્રી હરિચંદ નરેશ. ॥૨॥
જે દિન દત્ત ન આપણો, તે દિન મિત્ત ન કોય;
કમલ નદીને બાહિરો, દિણયર વૈરી હોય. ॥૩॥
રાણી પણ લોહી ઝરે, પત્થર ખૂંચે પાય;
ચરણ સુકોમલ કમલદલ, ચંદ્રવદન કુમલાય. ॥૪॥
હો પ્રીતમ હો વાલહા, હો તન જીવન પ્રાણ;
ખિણ એક છાયા વિસમો, સાંભળ કંત સુજાણ. ॥૫॥
કરશું કર ગ્રહી કામિની, કંધ કરી રોહીતાસ;
વિસામો ક્ષણ ક્ષણ વિચે, ચાલે લીલ વિલાસ. ॥૬॥
દુઃખ ન કરો ગજગામિનિ, મૃગનયણી મનમાંહી;
સુખ દુઃખ બેહુ સારીખાં, નિબંધ પલટે નાંહિ. ॥૭॥

## ।। ઢાળ ૧ લી ।।

આજ વિમલગિરિ ભેટશું હો સહીયર... એ રાગ

હરિચંદ મનમાં ચિંતવે હો આતમ, કર્મ ન છૂટે કોય; દુઃખ નવિ ધરીયે સાંભળો હો આતમ, કર્મ કરે તેમ હોય. ।।૧।। દોષ ન દીજે કોઈને હો, આ૦ કર્મ વિટંબન હાર; કર્મ રૂલાવે જીવને હો, આ૦ ભવ ભવ દુઃખ અપાર. ।।૨।। કર્મ પ્રમાણે પામશે હો, આ૦ લક્ષ્મણ બંધવ રામ; સીતા રાવણ લઈ જશે હો, આ૦ કર્મ તણા એ કામ. ।।૩।। કર્મ પ્રમાણે નીપજે હો, આ૦ ક્ષેત્રે વાવ્યું ધાન; કાને ખીલા ઠોકશે હો, આ૦ નવિ છૂટે વર્ધમાન. ।।૪।। કર્મતણી ગતિ એહવી હો, આ૦ મુક્તિ સંજીવન દાન; સુર નર કર્મે વિડંબીયા હો, આ૦ તો હું કેહે માન ?. ।।પ।। આગળ આવી ચાલતાં હો, આ૦ ગંગાનદી અસરાલ; દુધ સરીખો ઉજળો હો, આ૦ જળ જેહવો સુવિશાળ. ।।૬।। હંસ વિરાજે પાખતી હો, આ૦ નીર હીલોળે જાય; શુક બક પંખી સારિકા હો, આ૦ બેઠા કેલિ કરાય. ।।૭।। તટ આવીને ઉતર્યા હો, આ૦ બહુવિધ પૂરિત દુઃખ; બાલક સોહગ સુંદરૂ હો, આ૦ તેહને લાગી ભૂખ. ।।૮।। આડો માંડે આવટે હો, આ૦ રોવે રીસે સોય; સહેજે છોરૂ એહવાં હો, આ૦ મરમ ન જાણે કોય. ।।૯।। यतः ।। राजा वेश्या यमो वह्निः, प्राघूर्णो बाल याचकः; परपीडां न जानाति, अष्टमो ग्राम कोटकः ।।१०।। મા સમજાવે પુત્રને હો, આ૦ રોય મા રાજકુમાર, ઢાળ પ્રથમ મુનિ

વિનવે હો, આ૦ રાગ ભલો કેદાર. ॥૧૧॥ ગંગ વિમલદલ દંપતી હો, આ૦ આસ્થાન કિયો સુવિ-ચાર; થાક ઉતાર્યો આપણો હો, આ૦ કનકસુંદર સત્યધાર. ॥૧૨॥

॥ દોહા ॥

બાળક રોવે રડવડે, આકુલ વ્યાકુલ હોય;
ન્હાનડીયો ભૂખ્યો ઘણું, સાત વરસનો હોય. ॥૧॥

## ॥ ઢાળ ૨ જી ॥

નથ ગઇ મોરી નથ ગઈ...એ રાગ.

લાડુ દે મોને લાડુ દે, લાડુ દે માતા લાડુ દે; લાડુ દે મોને પેંડા દે, ગુંદપાક ગુંદવડા દે. મો૦ ॥૧॥ મુરકી માંડા મોતીચૂર, લુંચી લાપસી ઘેવર પૂર; ખાજાં તાજાં વેગે અણાવો, ઝરહરતી સી જલેબી લાવો. મો૦ ॥૨॥ સેવ સુહાલીને સતપૂડી, દાલના લાડું દે માવડી; મગદલ મીઠાં કોળાપાક, કીટીના લાડું દે આપ મો૦ ॥૩॥ ષટ રસ આણી દે રે અમી, સરસ મીઠાઈ અમૃત સમી; ફેણી નુખતી સીરા તૂત, ચારોલી નાલીયેર માગે પૂત, મો૦ ॥૪॥ સાલ દાલ ને સુરહાં ઘીય, જમાડો મોને માતાજીય; તળીયા પાપડ સાકર ખીર, દે માતા અબ મ કર બધીર. મો૦ ॥૫॥ સાકર ભેળી સીખરણી દહી, લવંગ એલચી આણો સહી; બાલક વચન સુણી માય બાપ, રાજા રાણી ઝૂરે આપ. મો૦ ॥૬॥ કિશું સંતાપે પુત્ર અબુઝ, લાડું કિંહાથી આપું

તુજ; બીજી ઢાળ. એ શ્રાવક સુણો, હઠું ન છૂટે બાળક તણો. મો૦ ॥૭॥

॥ દોહા ॥

માતા બાળકને કહે, નેડા દીસે ગામ;
તિહાં જઈ લાવી આપશું, ધીર ધરો વત્સ તામ. ॥૧॥
માતા સંપતી કયું મિટી ?, દશા ફરી કેમ આજ ?;
કિંહા જાશું કરશું કિસ્યું ?, કિંહા અયોધ્યા રાજ ?. ॥૨॥
બેટા! બોલીજે નહીં, કરમ કરે તે પ્રમાણ;
તુજ પિતાના પુણ્યથી, થાશે જય કલ્યાણ. ॥૩॥
બાલક બત્રીશ લક્ષણો, માન્યું વચન પ્રમાણ;
વળતો અણબોલ્યો રહ્યો, સમજ્યો ચતુર સુજાણ. ॥૪॥

## ॥ ઢાળ ૩ જી ॥

થારા મહોલા ઉપર મેહ, ઝબૂકે વિજળી...એ રાગ.

અહો તિણ અવસર તિંહા એક કે--આવી ડોકરી રે કે. આવી૦; મોદક ભરીયા માટ કે--સંબલ શિર ધરી રે કે સં૦; ધ્રૂજે કંપે શરીર કે-નજર નહી તિસી રે કે. ન૦, ઓઢણ ધવલો વેશ કે- દેવી હુવે જિસી રે કે. દે૦ ॥૧॥ મુખે એહવી વાણી કે--તે દેવી વદે રે કે તે૦, અયોધ્યાનો પંથ કે--કોઇક દાખવે રે કે કો૦; દેખાડે કોઇ માર્ગ કે--ડાબો જિમણો રે કે ડા૦, એહ કરે ઉપગાર કે-લેઉ તસ ભામણો રે કે. લે૦ ॥૨॥ ઉઠયો શ્રી હરિચંદ કે-બોલ્યો આવીને રે કે બો૦, કર ગ્રહી આપણી પાસ કે-પંથ બતાવીને રે કે. પં૦; રાજા હરિચંદ પાસ કે-બેઠી ડોકરી રે કે

બે૦, ધરતી નજર નિલાડ કે-જોવે હિતધરી રે કે. જો૦ ॥૩॥ રે બેટા હરિચંદ કે-કયું બેઠો ઇહાં રે કે કયું૦, વહુ સુતારા નારિ કે-તે પણ છે કિહાં રે તે૦; એ બેઠી પુંઠ કે-નિરખો માતજી રે કે નિ૦, પટરાણી તતકાલ કે-મનમાં ઉલસી રે કે. મ૦ ॥૪॥ રાજ રુદ્ધિ સબ છોડ કે-વનમાં કયું રહ્યા રે કે વ૦, ઉજડ વેડિ મઝાર કે-બેસી કયું રહ્યા રે કે બે૦; કર્મ તણી ગતિ માત કે-માંડી ને કહી રે કે માં૦, રોવા લાગી તામ કે-ડોસી લહબડી રે કે. ડો૦ ॥૫॥ દુઃખ મ કરજો પુત્ર કે-સહુ થાશે ભલું રે કે સ૦, ભોગવશો કૃતકર્મ કે-હજીય છે કેટલું રે કે હ૦; રોવે કયું રોવે કયું રોહિતાશ્વ કે-બેટો ભૂખીયો રે કે. બે૦ મોદક ભરીયો માટ કે, આગળ મૂકીયો રે કે. આ૦ ॥૬॥ બાળક તે સુકુમાળ કે-ગાઢો રંજિયો રે કે ગા૦, દેવી થઇ અંતરિક્ષ કે, દુઃખ તસ ભંજીયો રે કે દુઃખ૦; ત્રીજી ઢાળ રસાળ કે કનકસુંદર કહે રે કે ક૦; સાંભળી ચતુર સુજાણ કે- મનમાં ગહગહે રે કે. મ૦ ॥૭॥

॥ દોહા ॥

સાનિધ્ય શાસન દેવતા, એમ કીધી ઇણવાર;
રાજા રાણી ચાલીયાં, તિંહા થકી તેણીવાર. ॥૧॥

દિન દશ મારગ ચાલતાં, આયો નગર ઉદાર;
કાશી નામે પરગડો, નવ જોજન વિસ્તાર. ॥૨॥

સુંદર મંદિર માળીયાં, એક થંભા આવાસ;
દેહરામાં હરિચંદ ગયો, રયણી નિદ્રા નિવાસ. ॥૩॥

પંથીડા દેવળ શરણુ, કે સરવરની પાળ;
પંથી હોવે દયામણાં, જિમ જિમ પડે વચાલ.(વળા) ॥૪॥
રાજા રાણી રંગભર, સુતાં મંડપ માંહી;
ઝબકી રાજા જાગીયો, દુઃખ સાલ્યું મનમાંહી. ॥૫॥
દુઃખકો પાલણુ હે સખી, જો નિશ્વાસ ન હુંત;
હૈડા વેડિ તળાવ જ્યું, ફુટિ દહ દિશિ જંત. ॥૬॥
નિઃપુરાતન ગેહિની, સો કિમ નાવત રાત;
ચિત્ત નવલ ધન દેખીને, ઝાંખી ફિર ફિર જાત. ॥૭॥
નિંદ ન ઘડી એક સંપજે, કહીશ મન કવણાહ;
અધિક સનેહી બહુ રૂણી, વયર ખટુંકંત જ્યાંહ. ॥૮॥

## ॥ ઢાળ ૪ થી ॥

કામણી કાયા વિનવે રે હાં...એ રાગ.

હવે રાજા દુઃખ સાલીયો રે હાં, રોવા લાગ્યો જામ....મેરે જીઉરા૦; હવે મોકું કિસ્યા જીવણારે હાં ?, કર્મ કમાયા કામ. મે૦ ॥૧॥ સત્ય ગયો તબ કયાં રહ્યો રે હાં, પ્રાણુ ગયા પરમાણુ....મે૦; સત્ય ન ચૂકું આપણો રે હાં, તો જીવ્યું દુનિયાન....મે૦ ॥૨॥ અવધિ કરી એક માસની રે હાં, પક્ષ વોળાયો એક....મે૦, લાખ મહોર કેમ સંપજે રે હાં, ટળતી દેખું ટેક.? મે૦ ॥૩॥ ભરી આવે છાતી ભરી રે હાં, લેતો શ્વાસ પ્રકાસ. મે૦; બહુ દુઃખે પૂર્યો ભૂપતિ રે હાં, નયણે પાંવસ માસ....મે૦ ॥૪॥ ધ્રુજે નૃપ ધરણિ ઢળે રે હાં, ખિણુ ખિણુ હોત અચેત....મે૦; શીતલ વાય ઝકોરથી રે હાં, સુંદરી કરત સચેત....

મે૦ ॥૫॥ નારી સુતારા લોચની રે હાં, આંસુ લૂવે ચીર. મે૦; કાંઈ ઝૂરો વાલમા રે હાં, સાહિબ સાહસ ધીર ? મે૦ ॥૬॥ સુણ પ્રીતમ પ્રાણેસરૂ રે હાં, અરજ અમારી એક....મે૦; મુજ વેંચી દમડા ભરો રે હાં, ઉભી રાખો ટેક. મે૦ ॥૭॥ સત્ય રાખો પીયું આપણો રે હાં, સાહિબ સત્ય ન ગમાય. મે૦; સત્ય રાખ્યા સબહી રહે રે હાં, સત્ય ગયા સબ જાય. મે૦ ॥૮॥ ઈણ વાતે લજ્જા નહી રે હાં, મેં પ્રભુ તોરી દાસ; મે૦; ચિંતા સબ દૂરે કરો રે હાં, વાલમ ચિત્ત વિમાસ. મે૦ ॥૯॥ નીર ભરૂં લજ્જા નહીં રે હાં, રાંધણ ઈંધણ કામ. મે૦; વાસીદું પણ હું કરૂં રે હાં. શીલ ન ખંડુ સ્વામ. મે. ॥૧૦॥ તો જાઈ ચંદ્ર-સેનશ્રી રે હાં, જો રાખું વ્રત શીલ. મે૦; જો મેં કર તેરો છબ્યો રે હાં, એહિજ ટેક અહીલ. મે૦ ॥૧૧॥ કરવત વૂહી અંગમેં રે હાં, વચન સુણી હરિચંદ. મે૦; ઓર ઉપાય કછું નહીં રે હાં, આવી પડયાં દુઃખ દંદ. મે૦ ॥૧૨॥ સત્ય સુતારા તેં કહ્યું રે હાં, વચન ન હોવે અસત્ય. મે૦; શુભ અશુભ નવિ જાણીયે રે હાં, દૈવ કરે તે સત્ય. મે૦ ॥૧૩॥ ક્ષણ-માંહે પરગટ થયો રે હાં, ઝાલરનો ઝણકાર. મે૦; વાગ્યા તિંહાં તિણ દેહરે રે હાં, સૂરજ ઉગણહાર. મે૦ ॥૧૪॥ ચોથી ઢાળ કહી ઇસી રે હાં, બહુત કાયા અન્યાય. મે૦; ઐસા દુઃખ હરિચંદકા રે હાં, કયું કરી કહેણાં જાય. મે૦ ॥૧૫॥ સુખીયા તો માને નહીં રે હાં, કનકસુંદર કહે જોય. મે૦; સોઈ

સત્ય કરી માનશે રે હાં, જેહને વીતી હોય. એ૦ ॥૨૬॥

## ॥ દોહા ॥

નારી વચન પ્રમાણ કરી, નૃપ ઉઠયો પરભાત;
પહોંચ્યો મારગ માંડવી, કરમ તણે અવદાત. ॥૧॥
સુંદરી શીર મુકી તૃણો, ઈમ ભાખે તેણી વાર;
લ્યો કોઈ ઉત્તમ પુરૂષ, વેંચુ મારી નાર. ॥૨॥

## ॥ ઢાળ ૫ મી ॥

ધન્યાશ્રી. મયગલ માતો રે વનમાંહે રહે...એ ઢાલ.
ભોલીડા હંસા રે વિષય ન રાચીયે...એ રાગ.

તવ એક બ્રાહ્મણ આયો તિણ સમે, પૂછે નૃપને રે સોય; મોલ સુણાવો રે મુજને નારીનો, લાખ મહોર એક હોય. ॥૧॥ નારી વેચે રે હરિચંદ આપણી, સહસ ઇગ્યારે રે દામ; સહી સૂંધે રે દેશું એહના, જો છે તાહરે રે કામ. ના૦ ॥૨॥ રાયે માન્યા રે દીધા વેગશું, લેઈ ચાલ્યો વર નાર; તવ રાજા ધ્રૂસકે ધરણી ઢળ્યો, મૃતક તણે અનુહાર. ના૦ ॥૩॥ તવ પટરાણી ગાઢી ગાભરી, આઘો પગ ન ભરાય; પાછી પરવશ આવી નવિ શકે, વયણ ન કહેણો રે જાય. ના૦ ॥૪॥ પ્રીતમ સામું રે જોવે પદમણી, બેટો આવે રે લાર; છેડે વળગ્યો રે રઢ માંડી રહ્યો, સુણ માતા સુવિચાર. ના૦ ॥૫॥ સાથે તેડો રે મુજને માતજી, ન રહું રાજાની પાસ; વળી દેવરાવો રે દામ તે માહરા, કહે કુમર

રોહિતાશ્વ. ના૦ ॥૬॥ દશ માસ વાડા તેં ઉદર ધર્યો, દોહિલો ગર્ભવાસ; વરસ દશ લગે સારે તાહરે, કે સારે સુરવાસ. ના૦ ॥૭॥ પાછા આવો ફરી એક વારશું, બ્રાહ્મણ વેદ ભંડાર; તાત ભણી સમજાવી દ્યો તમેં, દશ હજાર દિનાર. ના૦ ॥૮॥ બ્રાહ્મણને મન કરૂણા ઉપની, ફિર આવ્યો તતકાળ; સુંદર આવી તારાલોચની, મૂર્છાગત ભૂપાળ. ના૦ ॥૯॥ રાયને છાંટયો ટાઢા નીરશું, વીંઝણે વિંઝે રે વાય; હરિચંદ-રાજા ઉઠી બેઠો થયો, ધન વિણ રહ્યો વિલાય. ના૦ ॥૧૦॥ જોવા લાગ્યો રે નારી નજરે ભરી, રોવા લાગ્યો રે તામ; કહેવા લાગી રે તારાલોચની, 'સુણ પિયુ! આતમરામ. ના૦ ॥૧૧॥ ધીર ધરો પીયુડા સાહસ ધરો, ન કરો વિરહ વિલાપ; લખિયું વિધાતા રે છટ્ઠી રાતનું, સુખ દુઃખ સહીશું રે આપ. ના૦ ॥૧૨॥ સાંભળ કંતા રે કો કેહનું નહીં, એ સંસાર અસાર; 'નામ સંભારો રે શ્રી ભગવંતનું, ભવોદધિ તારણહાર. ના૦ ॥૧૩॥ જેમ સરજ્યું છે રે તેમ પ્રભુ થાયશે, સુખ દુઃખ રાજ ભંડાર; શિર લખ્યા લેખ કુણ ટાળી શકે, જે સરજ્યો કિરતાર. ના૦ ॥૧૪॥ ઢાળ વૈરાગની એ કહી પાંચમી, રાણી આપે રે ધીર; રાગ ધન્નાશ્રી કનકસુંદર કહે, રાજા સાહસ ધીર. ના૦ ॥૧૫॥

---

૧ ઈહાં નહીં કાયર કામ * ૨ કુલદેવીનું સાંનિધ્ય તુમ્હ-તણું, મ [illegible] દુઃખ લગાર *

॥ દોહા ॥

બેટા માતને વિનવે, હું આવીશ તુમ સાથ;
વળી દેવરાવો દશ સહસ, મહોર પિતાને હાથ. ॥૧॥
વચન સુણી બાળક તણાં, કરૂણા મનમેં આણ;
બાળ વિછોહો માતને, હું કેમ કરૂં સુજાણ ?. ॥૨॥
રાણીનેં લેઈ ચલ્યો, બીજો રાજકુમાર;
દ્રવ્ય દીયે દ્વિજ તેહને, દસ સહસ્ર દીનાર. ॥૩॥*

## ॥ ઢાળ ૬ ઠી ॥

દેખો ગતિ દૈવની રે...એ રાગ.

હવે તે બ્રાહ્મણ વિનવે રે, ઇણિ પરે વચન વિચાર; લે હું દેઉં તુજને રે, દશ સહસ દીનાર. હૈ ! હૈ ! ગતિ હરિચંદની રૈ, કર્મ વિટંબનહાર. ગતિ० ॥૧॥ વેચ્યો પુત્ર મહીપતિ રે, રમઝતો રોહિતાશ્વ; પટરાણી જોતી રહી રે, વાલમ લીલ વિલાસ. ગ० ॥૨॥ ચાલ્યો બ્રાહ્મણ ચોંપશું રે, ચાલ્યો રાજકુમાર; ચાલી તારાલોચની રે, રાજાકો જીઉ લાર. ગ० ॥૩॥ હૈયું ન ફુટે વજ્રનું રે, આભ ન ત્રૂટે કાંઇ; પ્રાણ ન છૂટે પાપીયો રે, મુજ તન મન લે જાય. ગ० ॥૪॥ યતઃ ॥ મુજ હૈડા અતિહી નિઠુર, પ્યારી તણે વિછોહ; ફાટી શત ખંડ હોયતો, તો હું જાણત મોહ० ॥૧॥ પાણી તણા પ્રવાહ, આંખે દીસે આવતાં; જાણત હેજ હૈયાહ, લોહી આવત લોયણે. ॥૨॥ ઢાળ પુર્વલી ॥ દીસેં ફરી ફરી દેખતી રે, જાતી રોતી નાર; રોતેં રોયા પંખીયા રે, સઘળાહી તણ વાર. ગ० ॥૫॥ હો વાલમજી કંતજી રે, હા હા

પ્રાણ આધાર; કબ મુખ પેખીશ પ્રીતમા રે!, મન-મોહન ભરતાર. ગ૦ ॥૬॥ વનિતા પહોંચી વેગળી રે, આડી આવી ભીંત; મૂસકેશું ધરણી ઢળ્યો રે, રાય થયો ચલચિત્ત. ગ૦ ॥૭॥ લાંબી બાહ પસારીને રે, મૂકણ લાગ્યો ધાહ; પ્રિયા! પ્રિયા! મુખ ઉચ્ચરે રે, વલવલતો નરનાહ. ગ૦ ॥૮॥ કે મેં ઇંડા ફોડીયા રે, સરોવર ભાંગી પાળ; તરુ કુંપલ તોડીયા રે, તોડી લીલી ડાળ? ગ૦ ॥૯॥ રાખી થાપણ પારકી રે, દીધાં કૂડાં કલંક; માયશું પુત્ર વિછોહીયા રે, કે મેં કીધા વિયોગ? ગ૦ ॥૧૦॥ કે પરનારી અપહરી રે, કે કીધી પર તાંત; કે હું દુષ્ટ પાપીયો રે, જન્મ્યો આધી રાત? ગ૦ ॥૧૧॥ કે મેં બ્રાહ્મણ મારીયા રે, કે મેં મારી ગાય; કે મેં સાધુ સંતાપીયા રે, કે મેં દીધી લાય? ગ૦ ॥૧૨॥ કે મેં વ્રત લેઈ કાપીયાં રે, કે મારી જૂં લીખ; કે કૂડાં વ્રત મેં કીયાં રે, કે મેં ભાંજી દીખ! ગ૦ ॥૧૩॥ કે સુત શોકચ તણા હણ્યા રે, કે મેં લીધી લાંચ; કે ષટ દર્શન પોષીયા રે, પર મારગમાંહી રાચ? ગ૦ ॥૧૪॥ કે ફાંસીગર હું થયો રે, કે મેં પાડી વાટ; કે મેં ગુરુજન લોપીયા રે, કે ફાડયા ઘર હાટ! ગ૦ ॥૧૫॥ કે મેં સાપ વિણાસીયા રે, બિલમાં રેડયા નીર; દાઢ બંધાવી જીવની રે, તે સહુ સહે શરીર? ગ૦ ॥૧૬॥ પાપ અઘોર કિયાં ઇસ્યાં રે, કહેતા ન આવે છેહ; આજ ઉદય આવ્યા તીકે રે, ભોગવે પ્રાણી તેહ. ગ૦ ॥૧૭॥ ધિગ કમાઇ માહરી રે, ધીગ જીવ્યું મુજ આજ; નારી અને

બેટા વિનારે, જીવ્યા કેહી કાજ. ગ૦ ॥૧૮॥ કોણ જાણે થાશે કિસ્યું રે, આપદ સંપદ હોય; કૃત્ય કમાઈ આપણી રે, હોવણહાર તે હોય. ગ૦ ॥૧૯॥ છઠી ઢાળ પૂરી થઈ રે, કનકસુંદર મુનિરાય; વિવરી શુદ્ધ વખાણતા રે, હિયડે ગર્વ ન થાય. ગ૦ ॥૨૦॥

॥ દોહા ॥

વિરહ લહરી વાજે વળી, વળી વળી કરે વિલાપ;
મન જાણે જઇને મળું, ઘણું પસ્તાવે આપ. ॥૧॥
બહુ ગુણવંતી ગોરડી, ચંદ્ર વદન કટી ક્ષીણ;
આશા ભરી સાહી ધણી, મેં વેંચી મતિ હીણ. ॥૨॥
રે! મન! દુષ્ટ! દુરાતમા!, પાપી ક્રૂર કઠોર;
તૂં કેમ ઉંડી ના ગયો, કરી અબળાશું જોર?. ॥૩॥
હા હવે હું જાઉં કિંહા, કહેશું કરૂં આલોચ?;
મહોર હજી ખૂટે ઘણી, સબલ પડ્યો એમ શોચ. ॥૪॥
વેચી તારા લોચની, વેચ્યો રાજકુમાર;
વેચ્યાં મંદિર માળીયાં, રાજ રુદ્ધિ ભંડાર. ॥૫॥
હજીય દંડ આગે લગ્યો, કરીયેં કવણ ઉપાય;
કે અકર્મ કરણી કરૂં, કે મુજ વાચા જાય?. ॥૬॥
ઈમ ચિંતવતા ચિત્તમેં, સૂર ગયો પર તીર;
શ્રી હરિચંદ મહિપતિ, ઉઠયો સાહસ ધીર. ॥૭॥
દિન ઝૂરંતા નિર્ગમ્યો, રયણી રોયંત વિહાય;
સજ્જન પાખે જીવવું, તે જીવ્યો શો માય. ॥૮॥
કોઈ મંદિર સૂતો જઈ, આશાલુબ્ધ નિરાશ;
ક્ષણ જાગે ક્ષણ વલવલે, ક્ષણ નાખે નિસાસ. ॥૯॥
ચંદ્રે કીધો ચાંદ્રણો, રાય થયો ચલચિત;
મધુર સ્વરે મન દુઃખ ભરે, ગાવે વિરહી ગીત. ॥૧૦॥

દિવસે તૂટિત તારકા, જ્યોતિ જાગી અસમાન;
વિરહી જનને કારણે; ચંદ્ર ચલાવત બાણ. ॥૨૧॥

## ॥ ઢાળ ૭ મી ॥

ઈણ અવસર તિંહા ડુંબનું રે...એ રાગ.

સુણ સસીહર એક વિનતિ રે લાલ, તુજને કહુ કરજોડ રે....ચાંદલીયા. મેં વેચી વર વાલહી રે લાલ, લાગી સબલી ખોડ રે....ચાં૦ ॥૧॥ કહેને સંદેશો મારી નારને રે લાલ, તું મુજ પ્રાણ આધાર રે....ચાં૦; તું સહુને દેખે સહિ રે લાલ, તુજને દેખે સંસાર રે....ચાં૦ ક૦ ॥૨॥ હું સબળો પાપી હુઓ રે લાલ, કીધી ઘાત વિશ્વાસ રે....ચાં૦; પુત્ર સહિત હાથ પારકે લાલ; વેચી નારી નિરાશ રે....ચાં૦ ક. ॥૩॥ વાલી વીરંગી રંગી મેં તજી રે લાલ, મન વિલખાણી નાર રે....ચાં૦; સમય પ્રમાણે કીયો સતી રે લાલ, બહુ દુઃખ હૈયા મોઝાર રે....ચાં૦ ક. ॥૪॥ પતિ ભક્તિ મોટી સતી રે લાલ, શીલવતી મન શુદ્ધ રે....ચાં૦; હરિણાક્ષી પર હઠ હુઈ રે લાલ, મોહનવેલી મન શુદ્ધ રે. ચાં૦ ક. ॥૬॥ ઉર નિસાસા મૂકતી રે લાલ, હૈડે વિરહ પ્રકાશ રે....ચાં૦; ભૂપતિ બહુ દુઃખે પૂરિયો રે લાલ, નયણે પાવસ માસ રે....ચાં૦ ક. ॥૭॥ ગ્રથિલપણે ગીત ગાવતો રે લાલ, ઝરતા નિઝરણા નીર રે....ચાં૦; ચંદ્ર પ્રત્યે સંદેશડો રે લાલ, દાખે દુઃખ અપાર રે....ચાં૦ ક. ॥૮॥ ચંદે માની વિનતિ રે લાલ, જઈને કહ્યો હિત જાણ રે....ચાં૦; આંખ ફરકણને અંતરે રે લાલ, પાછા દીધા આણ

રે....ચાં૦ ક. ॥૯॥ સુણુ રાજા કહે ચંદ્રમા રે લાલ, સંદેશો સુવિચાર રે....ચા૦; પટરાણીયે તુજને કહ્યો રે લાલ, રોતિ અબલા નાર રે....ચાં૦ ક. ॥૧૦॥ સુંદરી સંદેશો મોકલે રે લાલ, પ્રીતમ પ્રાણ આધાર રે....ચાં૦; માહરે મન પીયુ વસ્યો રે લાલ, જિમ ચાતક જલધાર રે....ચાં૦ ક. ॥૧૧॥ બ્રાહ્મણ મુજને લેઈ ચલ્યો રે લાલ, ભીંત તણે અંતરાલ રે....ચાં૦; ધ્રસકે શું ધરણી ઢળી રે લાલ, મૂર્છાણી તતકાળ રે. ચાં૦ ક. ॥૧૨॥ વિધુર મન થયું માહરૂં રે લાલ, કંતડો ન દીસે કેથ રે? ચાં૦; નીર છાંટી ચિત્ત વાળીયું રે લાલ, ઉઠી બેઠી થઇ તેથ રે....ચાં૦ સુ૦ ॥૧૩॥ વળી ચિત્ત ચેતન આવીયો રે લાલ, હા મુજ વેચી નાથ રે. ચાં૦, વિરહે વિલાપ કરે ઇસ્યા રે લાલ, આવી બીજાને હાથ રે....ચાં૦ સુ૦ ॥૧૪॥ બ્રાહ્મણ ઘર પહોંચી સતી રે લાલ, રહેતી શીલ અખંડ રે. ચાં૦; તુજને એમ કહાવીયું રે લાલ, પીયું દુઃખ મ કર પ્રચંડ રે....ચાં૦ સુ૦ ॥૧૫॥ સાહસધીર પ્રાણાંતમાં રે લાલ, બંધન બાંધ્યો જયું કોય રે. ચાં૦; લાખ મહોર વિધે પૂરજો રે લાલ, જેમ મન નિર્ભય હોય રે....ચાં૦ સુ૦ ॥૧૬॥ ઢાળ સુરંગી સાતમી રે લાલ, ગાથા સોળે એહ રે. ચાં૦; કનકસુંદર કહે સાંભળો રે લાલ, હવે આગળ થયું જેહ રે. ચાં૦ સુ૦ ॥૧૭॥

॥ દોહા ॥

રાજા હરિચંદ સાહસી, ઉઠ્યો થયો પ્રભાત;
રાણી તારાલોચની, ભલી કહી એ વાત. ॥૧॥

સોંપી સાગર શેઠને, મહોર સહસ એકવીશ;
રાજા રણ માંહે ગયો, નદી તીર અવનીશ. ॥૨॥
બેઠા તરૂવર વાસ તળે, છોડયું મૂળ સ્વરૂપ;
અંગ વિલેપન ધૂળનો, ભિક્ષુક રૂપ સરૂપ. ॥૩॥

## ॥ ઢાળ ૮ મી ॥

હવે શક્ર સુઘોષા વજાવે...એ રાગ.

તિસે ચંડાળ તિહાં એક આયો, રાજા હરિચંદ બોલાયો; કડી લંગોટી કરમેં લાઠી, બોલે વચન વાણી પણ કાઠી. ॥૧॥ કાળરૂપ કોપે કળકળતો, ગાલિ દેતો બળતો ઉછળતો; ધર્મ તણી મતિ કીધી પાછી, જાળ ગ્રહીને આણી માછી. ॥૨॥ દૂહઠ્યો રાણો જેમ ભડકે, [1]લઘુ બાળક દેખીને ભડકે; માખી ઢીલે કરે ગુંજાર, કૂતરા ચિતરા આવે લાર. ॥૩॥ પાપ કરે [2]જે અતિ અસુહાતાં, ઓઢણ વસ્ત્ર રુધિરે રાતાં; અતિ દૂરગંધ ઉછળે અંબર, દીઠો શ્રી હરિચંદ નરેસર ॥૪॥ કહે ચંડાળ સાંભળ હું ભાખું, [3]રહી શકે તો હું તને રાખું; મૃતકનાં ખાપણ નિત ગ્રહણાં, આધી રાત મસાણમેં રહેણાં. ॥૫॥ મુજ ઘર નિત વહણા પાણી, રહેગા તો રહો ઇમ જાણી; માની વાત ઘરે લેઇ આયો, ઉત્પત્તિ ચોથો ભાગ લખાયો. ॥૬॥ કાજ અકાજ કરે જગ જાણે, ચંડાલ ઘરે જલ આણે; રાતે મસાણ સદા રખવાલે, સત્ય પોતાનું

૧ દેખી નર નારીને તડકે * ૨ નિજ અંગ સુહાતાં * ૩ રહી સેવક તો તને રાખું *

કિમહી ન ટાળે. ॥૭॥ કોરા અન્ન તણો આહાર, સ્નાન કરીને જમે એકવાર; કુલ રીત કિમેં નવિ મૂકે, સત્ય શીલ સાહસ નવિ ચૂકે. ॥૮॥ આરાધે ભગવંત વીતરાગ, મનમાંહે રાખે વૈરાગ; એ સંસાર અસાર અપાર, દુઃખ અનેક તણો ભંડાર. ॥૯॥ કર્મ પ્રમાણે સુર નર ખૂટ્યાં, કર્મ અગ્નિથી કોઇ ન છૂટયા; કર્મે રામ પાંડવ વનવાસી, કર્મે સુરપતિ કુષ્ટ પ્રકાસી. ॥૧૦॥ કુબેરદત્તે માત વિલસી, હરિચંદ્ર વેચાણો કાશી; કર્મે રાવણે સીતા અપહરી, કર્મે માર્યો [1]ભાઇ મોરારી. ॥૧૧॥ કર્મે કૌરવનો કુળ ખોયો, કર્મ પ્રમાણે સમુદ્ર વલોયો; કર્મ પ્રમાણે રૂષભજિણંદ, પારણું ન લહ્યું જગદાનંદ. ॥૧૨॥ પાર્શ્વનાથને ઉપસર્ગ કીધાં, કર્મથી કમઠે દુઃખ દીધાં; કર્મે સ્વામી શ્રી વર્ધમાન, બિહું ઉદરે આયા ઓધાન. ॥૧૩॥ એહવું કર્મ તણું પરિણામ, કર્મ પ્રતેં નવિ ચાલે પ્રાણ; ચંદ્ર સુરજ ભમતા ન વિલંબે, વળી મ્લેચ્છ જે રાહુ વિટંબે. ॥૧૪॥ એહ આઠમી ઢાળ સુણાઇ, કર્મતણી ગતિ દેખો ભાઈ; મત કરશો મનમાં બડાઈ, ક્ષણ એક આપણી હોઇ પરાઇ. ॥૧૫॥ ચૌદે ચોકડી રાવણે હારી, રાજા મુંજ થયો ભીખારી; છોડી ગયો રણમેં નલ નારી, કનકસુંદર કહે વાત વિચારી. ॥૧૬॥

---

૧ ભીલે ❋

॥ દોહા ॥

કાળદંડ ચંડાલ ઘર, રહેતો પ્રણિપરે રાય;
કાર્ય અકાર્ય સહુ કરે, હરિયો નામ કહાય. ॥૧॥
કર્મ કમાઈ ભોગવે, શુભ અશુભ ફળ જીવ;
છેહ ન આવે પાપનો, ત્યાં લગી દુઃખ સદીવ. ॥૨॥
મન મૂરખ ¹મમ મુંઝ તું, ન મરે સુખ દુઃખ લીહ;
વિણ સરજ્યા મેળો નહીં, જ્યાં લગી વાંકા દીહ. ॥૩॥
મન સંવર કરી ધીર ધર, મ કર મિલણરી મામ;
કુણ જાણે કબહી વસે, ઉજડ ખેડા ગામ. ॥૪॥
રે મન મ કરે ઓરતો, દેખી પરાયું રાજ;
તડફડ મરેસી સિંહ જયું, સુણી શ્રાવણકી ગાજ. ॥૫॥
આશ વિલુદ્ધા માણસાં, કદિહી મિલણો હોય;
કાદવ પાણી વરજીયું, જે ફિર ફુટણો ન હોય. ॥૬॥
આશા સંપે અખય ધન, ઉપકારી જીવંત;
પંથિ ચલે દેશાવરેં, વરષા સફલ ફલંત. ॥૭॥

॥ ગાથા ॥

नवरस विलास समये, कंठं गहिउण मुक्क निस्सारं;
सा रयणी सो दीहो, तं दुःखं सल्लए हीयए. ॥८॥

॥ શ્લોક ॥

विधिना च कृतः श्रेष्टो, यो निःश्वासो विनिर्मितः;
अर्द्ध दुःख समं येन, गृह्णीयाद्विरही जने. ॥९॥

॥ દોહા ॥

વિરહી જન સહુકો મિલે, આશાને આધાર;
મિલણ દુહલી વલ્લહી, સ્વહસ્તે વેચી નાર. ॥૧૦॥

૧ મજૂર તું

## ॥ ઢાળ ૮ મી ॥

રાગ—મારૂ. પ્રીતિ લાગી હો કાન્હા મિલણુ દોહિલો રે...એ રાગ

મિલણુ દોહિલો હો, વાલણુ મિલણુ દોહિલો હો; મિલણુ દોહિલો માનની, નહીં તને સોહિલો હો૦ ॥૧॥ એક દિન મોકું સોહના, વર સેજ બિછાયા હો; રંગ રમણી ગયગામિની, ઉરશું ઉર લાયા હો. વા૦ ॥૨॥ એક દિન આજ ઇસ્યા ભયા, સૂતા સમસાંણે હો; સેજ બિછાઇ ડાભકી, મધ્યરાતી મસાણે હો. વા૦ ॥૩॥ એક દિન મોકું સોહતા, દીવાન જુડંતા હો; ગયંદ પટ્ટાધર ઘુમતા, આગે મલ્લ લડંતા હો. વા૦ ॥૪॥ એક દિન આજ ઇસ્યા ભયા, વરતે ભયંકારી હો; ભૂત લડે રૌદ્રામણા, વ્યંતર દે ઝારી હો. વા૦ ॥૫॥ એક દિન મોકું સોહતા, શિર છત્ર ધરંતા હો; શૂર સુભટ આગે ખડાં, કર જોડી રહંતા હો. વા૦ ॥૬॥ એક દિન આજ ઇસ્યા ભયા, શિર ધૂણંતા હો; આગે મૃતક બિહામણાં, પહિરા તે દિયંતા હો. વા૦ ॥૭॥ એક દિન મોકું સોહતા, નિશાન ઘુરંતા હો; ચિહું દિશે ચંદ્ર મનોહરૂં, વર ચામર ઢુલંતા હો. વા૦ ॥૮॥ એક દિન આજ ઇસ્યા બન્યા, ભૂત ડાકલા વાજે હો; જે કિરતાર સ્વયં કરે, તે સઘળું છાજે હો. વા૦ ॥૯॥ સુખ દુઃખ સહીએ આપણાં, [1]અણરાઇ અનેરાશું ન કીજે હો; દે પરમેશ્વર સીંગ તો, તે સીંગ સહીજે હો. વા૦ ॥૧૦॥ ઢાળ કહી નવમી

---

૧ અધીરતા.

ભલી, મારુણી રાગે હો; કનકસુંદર મુનીશ્વરે, એ વિરચિ વૈરાગે હો. વા૦ ॥૧૧॥

॥ દોહા ॥

ઈમ વિરહાતુર ભૂપતિ, રહતો એહવી ભાંત;
એક વાર મલવા તણી, પટરાણીશુ ખાંત. ॥૧॥

પર ઘર જાઈ નવિ શકે, રાણી ન શકે આય;
મનહ મનોરથ ઉપજે, મનહી માંહિં સમાય. ॥૨॥

મનકી આશા પૂગશે, મિલશે નારિ સંયોગ;
દિન પાછા વળશે સહુ, ટળશે વિરહ વિયોગ. ॥૩॥

॥ ગાહા ॥

આસા ન હોઈ મરણં, વિણા મુયેણ ન લબ્ભયે પેમં;
અવસર જે ન મરિજ્જઈ, તો લજ્જઈ સામી સુંદરી. ॥૪॥

આસા સમુદ્ર પડિયં, ચિહું દિસિ ચાહંતિ વિમ્મલા નયણી;
હે ઇહ કોઈ સમત્થો, જો ભા વિલંઘણ હોઈ. ॥૫॥

બાહ વિલંબણ જે દીયે, સહુથી તે સમરત્થ;
રયણાયર બુડંતડા, કવણ પસારે હત્થ. ॥૬॥

ધન સો દિન વેલા ઘડી, સુંદરી મુખ સુવિહાણ;
[1]નિરખીશ તારાલોચની, જીવીત જન્મ પ્રમાણ. ॥૭॥

આશા અમરી અનેક યુગ, મરિ મરિ ગયે જયું લાખ;
પુષ્પ મરે પરિમલ રહે, લોક ભરે એ સાખ. ॥૮॥

હવે સુણજો રાણી તણો, એકમના અધિકાર;
બ્રાહ્મણ ઘર જિણિ પરે રહે, તે વિરતંત વિચાર. ॥૯॥

---

૧ નિજ નયણે હું નિરખશું *

## ॥ ઢાળ ૧૦ મી ॥

આગે એ આદી જિનેશ્વર...એ રાગ.

હવે રાણી બ્રાહ્મણ ઘરે, રહેતી દુઃખ અપારોજી; શ્રી પરમેશ્વર ધ્યાવતી, સમરંતી નવકારો જી. ॥૧॥ શીલ સુરંગી ચુંદડી, સોહે તન શણગારો જી; ટીકો કાજલ પરિહર્યા, સરસ તજ્યો આહારો જી. શીયલ. ॥૨॥ હાર તજ્યો હૈયા તણો, મેખલનો ઝમકારો જી; [1]નવો કંચુક પણ પરિહર્યો, જ્યાં ન મિલે ભરતારો જી. શીયલ૦ ॥૩॥ છોડયા નેઉર વાજણા, કર કંકણ ન સુહાયો જી; તિલક તજ્યા વળી બહેરખા, ફુલડી કંઠ રહાયો જી. શીયલ૦ ॥૪॥ સ્નાન મજ્જન ભૂષણ તજ્યા, કુંડલ યુગલ કપોલો જી; રાખ્યા મંગલિક કારણે, ચીર તજ્યા રંગરોળોજી. શીયલ૦ ॥૫॥ કાથો પાન સોપારડી, પીયુ વિણ રંગ ન લાગે જી; મેંદી કંકુ કમકમા, અંગે અગ્નિ જ્યું લાગેજી. શીયલ૦ ॥૬॥ દર્પણ દર્શન મુખ તણો, રાહુ ગ્રહે મુખ ચંદો જી; ચંદ કિરણ ચંદન વિના, દાવાનળ દુઃખ દંદો જી. શીયલ૦ ॥૭॥ ટીકી કાજળ રાખડી, ગૂહીરા જિમ ગાઢે જી; પરડ પાઇલિ પગ વીંછીયા, મેખલડી કટી વાઢે જી. શીયલ૦ ॥૮॥ વિરહે વ્યાકુલ વિરહીણી, વિરહ વસંતરૂતુ વ્યાપેજી; કાયા કાપડા દરજી જ્યું, કાતરણી તન કાપે જી. શીયલ૦ ॥૯॥ ફૂલ્યા મરવા મોગરા, કેસુ ચંપક ફૂલ્યો જી; જાણી દાવાનલ જિસ્યો, જવાલાનલની ઝુલ્યો જી. શી૦ ॥૧૦॥ દેખી

[1] નકવેસર પણ પરિહરી *

સરોવર જળ ભર્યો, લેતો લહર હલૂરો જી; કાલ ભુજંગમ ફણફટી, મૂકે ફૂંક ફટૂરો જી. શી૦ ॥૧૧॥ પ્રાણ પિયારે પિયુ વિના, સવિ સુખ તન ન સુહાયો જી; કોકિલ મોર બપિયડા, દુશ્મન જ્યું દુઃખદાયો જી. વી૦ ॥૧૨॥ ઉદાસીન રાણી રહે, છૂટે વેણી દંડો જી; જોગણ જ્યું પિયુ પિયુ જપે, પાળે શીલ અખંડો જી. શી૦ ॥૧૩॥ છઠ અઠમ માસખમણ કરે, ઘૃત વિષ જેમ વિકારો જી; અરિહંત દેવ આરાધતી, ધ્યાન ધરે નવકારોજી. શી૦ ॥૧૪॥ રૂપ અનુપમ સતી તણું, સૂરજ જયોતી પ્રકાશોજી; એક દિન બ્રાહ્મણ વિનવે, વચન સુણો સુવિલાસો જી. શી૦ ॥૧૫॥ વિપ્ર ભણે સુણ સુંદરી, પરિહર અંગ ઉદાસો જી; મુજસેંતી સુખ ભોગવો, નવરસ ભોગ વિલાસો જી. શી૦ ॥૧૬॥ દાસી કેમ તુજને કરૂં, તું મોટા ઘરની નારી જી; તું પટરાણી માહરે, [1]ભોગવ ભોગ અપારજી. શી૦ ॥૧૭॥ સોવન ખાટ હિંડોલણે, કેલિ કરો મનરંગોજી; મનવંછિત ભોજન કરો, અંગ ધરો ઉછરંગો જી. શી૦ ॥૧૮॥ હાર દોર મનમાનતા, સાડી ચીર શણગારો જી; હું તુજ આપું કરી મયા, આભરણ અધિક ઉદારોજી. શી૦ ॥૧૯॥ રત્ન કનક મણિ મુદ્રડી, કોડી સવાનો હારોજી; તુજને સોહે સુંદરી, હું તુજ શિર ભરતારો જી. શી૦ ॥૨૦॥ તું મુહ માગે જેટલી, આણું દાસી અનંત જી; તપ કરી કાયા કાં દમો, ભાંજો મનની ભ્રાંત જી. શી૦ ॥૨૧॥

૧ જ્યાં ન મીલે ભરતારોજી *

જાણે પાવક ઘૃત ઘડો, નાખ્યો વચન વિચારોજી, લાગી આગ શરીરમેં, શીલ ન ખંડું સારો જી. શી૦ ॥૨૨॥ [1]કુવચન બ્રાહ્મણ દુષ્ટનાં, રાણી મન ન સુહાયા જી; દશમી ઢાળ વસંતની, કનકસુંદર ગુણ ગાયા જી. શી૦ ॥૨૩॥

॥ દોહા ॥

વચન ઇસ્યાં રાણી પ્રત્યે, બોલ્યો વિપ્ર [2]વિપુણ્ય;
દાધા ઉપર ફોડલો, જાણે ભેળ્યો લુણ. ॥૧॥
રાજા ને રાણી તણા, કર્મ તણી ગતિ જોય;
એક એક હુંતી અધિક, દુઃખમાંહે દુઃખ હોય. ॥૨॥
કુવચન બ્રાહ્મણ દુષ્ટનાં, સુણી દવ લાગ્યો શરીર;
શીલશું દ્રઢ મન સુંદરી, કહે સુણો વડવીર. ॥૩॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

એક દિન પુંડરિક ગણધરૂ રે લાલ...એ રાગ.

વચન સુણી બ્રાહ્મણ તણાં રે, કહેવા લાગી એમ....વીરા બ્રાહ્મણ૦; ચતુર માણસ તમે એહવા રે, કથન કહીજે કેમ?....વી૦ ॥૧॥ શીલ ન ખંડું કાયા ખંડશું રે, પડી પટોળે ગાંઠ....વી૦; લોહે લીહ પડી જિસી રે, પરભતિ રાય પરાઠ....વીરા૦ શી૦ ॥૨॥ શીલ સબલ હીરા જિસ્યો રે, ભાંજ્યો ન ભાંજે તેહ....વી૦; સૂરજ પલટે ઉગતો રે, નિયમ ન પલટે એહ....વી૦ શી૦ ॥૩॥ સોને શ્યામ લગે નહીં રે, રયણ ન ઝાંખો હોય....વી૦; વિષધર ચંદન વીંટીયો

---

૧ વાત ઇસી બ્રાહ્મણે કહી * ૨ અપૂણ્ય *

રે, વાસ ન મૂકે તોય....વી૦ શી૦ ॥૪॥ રાંધણ ઈંધણ હું કરૂં રે, કહો તો આણું નીર....વી૦; કહો તો વાસીદું કરૂં આંગણે રે, વ્રત ન ખંડુ મોરા વીર....વી૦ શી૦ ॥૫॥ એહવા વચન ઉચ્ચારતાં રે, કાં ન પડયો આકાશ....વી૦; કાં ન મૂઈ તત્કાળ હું રે, ન હુઓ પ્રાણ વિનાશ....વી૦ શી૦ ॥૬॥ તું મુજ બંધવ ધર્મનો રે, તું મુજ પિતાને ઠામ....વી૦; જો તું ભલું ચાહે આપણું રે, એહવું મત દાખે નામ....વી૦ શી૦ ॥૭॥ એ ધીક કરણી તાહરી રે, એ ધીક તુજ આચાર....વી૦; વારૂ ત્રિવાડી તારો મહાજનો રે, ષટકર્મ તુજ ધિક્કાર....વી૦ શી૦ ॥૮॥ જો તું કરીશ હઠ એહનો રે, તો મરશું તતકાળ....વી૦; સાંભળી વચન સતી તણાં રે, વિપ્ર શીર પડી વજ્ર ઝાલ....વી૦ શી૦ ॥૯॥ વળતો વિપ્ર બોલ્યો નહીં રે, લાજ્યો હૃદય મઝાર....વી૦; ધન ધન તારાલોચની રે, શીલ રાખ્યું એણીવાર....વી૦ શી૦ ॥૧૦॥ ઢાળ રસાળ અગ્યારમી રે, વેરાડી એ રાગ....વી૦; કનકસુંદર મહિમા શીલનો રે, પ્રગટયો જસ સૌભાગ્ય....વી૦ શી૦ ॥૧૧॥

॥ દોહા ॥

વળતો બ્રાહ્મણ વિનવે, બહેની સુણો મુજ વ ત;
રાખો શીલ ભલી પરે, મેં તુજ પરખી માત. ॥૧॥

એ સઘળું ઘર તાહરું, હું તુજ બંધવ જેમ;
મેં વચને કરી દુહવી, ખમજો કરજો ખેમ. ॥૨॥

સતિ હટકથી કંપીયો, મત દે મુજને શાપ;
ત્રિવિધ પણે ખમજો વળી, લાગ્યો મુજને પાપ. ॥૩॥
પાપ કરે તુજ નામથી, શીલ તણે અધિકાર;
મેં તુજ માની માનિની, બહિન તણે અનુહાર. ॥૪॥
ઈમ અપરાધ ખમાવતો, દીઠો બ્રાહ્મણ તેહ;
સતી સુતારા લોચની, ૧ધરે ધર્મશું નેહ. ॥૫॥
સુખે રહે દિન નિર્ગમે, ધ્યાન ધરે નવકાર;
દુક્કર તપ કરણી કરે, શીલ અખંડિત સાર. ॥૬॥
હરિચંદરાય તિંહા રહે, તાપસ લાગ્યા લાર;
પણ રાજા ચૂકે નહીં, સત્ય સબળ અધિકાર. ॥૭॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

હવે શક્ર સુઘોષા વજાવે...એ રાગ.

એક દિવસ સુતારારાણી, સહેજે મન ઉલટ આણી; વળી પુરોહિતની પ્રોતાણી, ગઈ ભરવા સરોવર પાણી. ॥૧॥ પહોતી સરોવર અભિરામ; તિંહા બાગ અછે વિસરામ; શિવ નિમિત્ત ચંપકની પાંતી, લેવા ભર યૌવન માતી. ॥૨॥ બાગમેં વીણવા તે આઇ, હરિયો દીયો વેગ પઠાઇ; કોઈ તોડો રખે વનરાઈ, કાલચંડ ચંડાલરી દુવાઇ. ॥૩॥ ચંડાલ તણી એ વાડી, દેખો જણ જાઇ ઉઘાડી; આવતી દીઠી પટરાણી, હૈ! હૈ! એ જીવન પ્રાણી!. ॥૪॥ છાતી ભરી દુઃખ સમાણી, રોમાંચક આંસુ લૂહાણી; વળતાં મન જાય ન વળીયો, ટળતાં પગ જાય ન ટળીયો. ॥૫॥ વરજંતાં ન જાએ વયણે, નિરખંતાં

૧ હરખિત હુઈ સનેહ *

ન જાએ નયણે; હિયડામેં હરખ ન માવે, રાણી મન પ્રીતમ આવે. ॥૬॥ વળી વેદન વિરહે સંતાપે, ઘન નયણ ઘટા ઉર આવે; વળી પ્રોહિતણી સમજાવે, દુઃખ મ કર હવે કિસ્યું પાવે. ॥૭॥ ધન ધર્મી બોલે કંતા, વાલેસર ! તું ગુણવંતા; મેળવશે દૈવ તો મિલશ્યાં, દુઃખ વિરહ સહુ નિકળશ્યાં. ॥૮॥ ધન સો દિન સંગ સુરંગી, મૃગનયણી પ્રિયા મન રંગી; ચંદ્રભાણ તણે કુળચંગી, લહસ્યાં સુખ વાસ અભંગી. ॥૯॥ નિઠ નિઠ નિહોરો કીધો, દુજી નારી ઓલંભો દીધો; રાણીને ઘરે લેઇ આઇ, સહી સુદ્ધ કરજો સહુ રાઇ. ॥૧૦॥ કહે એ નીકળી જાશે, અંડાળ પ્રીતમની પાસે; કેહને પછી દોષ મ દેજો, પહેલેથી જતન કરજો. ॥૧૧॥ એહનો દીઠો આજ તમાસો, એક દુઃખ અને વળી હાસો; અમે ઘણાં વચન શું કહીયેં, રાખીયે તો સોહીરા રહીયેં. ॥૧૨॥ બારમી ઢાળ સોરઠ રાગે, સુણતાં પણ મીઠી લાગે; સંપૂર્ણ ખંડ કહ્યો ત્રીજો, રાણીને રખે કો પતિજો. ॥૧૩॥ જોતાં મતિ નાસી જાય, જાણહાર તિકે ન રહાય; પુત્રી કરી વિપ્રે માની, તે સાચ વચને વિંધાણી. ॥૧૪॥ આશ્વાસ ઘણો વળી દીધો, રાણી મન હાથે લીધો; ભાવડગચ્છ કમલ દિણંદ, સુરતરુ જેમ સુગુરુ સૂરીંદ. ॥૧૫॥ મુનિ રત્ન નમું ઉવજઝાય, જિણે દીધો અંગ ઉપાય; પાદાંબુજ તાસ પસાય, કહે કનકસુંદર મુનિરાય. ॥૧૬॥ ઇતિ તૃતીય ખંડ સંપૂર્ણઃ ॥

## ॥ અથ ચતુર્થં ખંડઃ પ્રારભ્યતે ॥

## ॥ ઢાળ ૧ લી ॥

દેશી ચોપાઈની

ચોથે ખંડે પ્રણમું એ ચાર, ગુરુ ગણપતિ રવિ બ્રહ્મકુમાર; સરસ ચરિત્ર કહીશ ઉપગાર, શ્રી હરિચંદ્ર તણો અધિકાર. ॥૧॥ હવે અયોધ્યા નગરી જિહાં, દિવ્ય રૂપ તાપસ છે તિહાં; પૂરવ વૈર રાયશું રોષ, દાખે છલ બલ મનધરી શોષ. ॥૨॥ તો પણ સત્યવાદી ભૂપાળ, નામ ઠામ કુળ ગોપવી કાળ; અકલ અબીહ થકો અણુજીત, સત્ય ન ખંડે રાય વદીત. ॥૩॥ તાપસ મનમાંહે ચિંતવે, એક સબલ છલ કરવો હવે; તિણે છળે અડગ રહે જો એહ, તો સત્યવંત નહિ સંદેહ. ॥૪॥ શ્લોક राज्यं दत्तं धनं दत्तं सत्यं शीलं न खंडितं; हरिश्चंद्रसमो त्यागी, न भूतो न भविष्यति. ॥૫॥ ચોપાઈ ॥ મુષક નાસે દેખી મંજાર, નકુલ દેખી નાસે વિષધાર; સિંહ દેખી મૃગ નાસે જેમ, શ્વાન દેખી હુડ કંપે તેમ. ॥૬॥ દેખી સીંચાણો ઉંડે ચડી, તિમ એહનો સત્ત ન રહે ઘડી; અમ રૂઠે અવિહડ

સત રહે, તો સુરપતિ ન્યાયી ગુણ કહે. ॥૭॥ જોશું એહના સત્યની વાત, વળી ખેલશું બહુપરે ઘાત; એમ સબલ દુઃખ દેવા ભણી, દુષ્ટ બુદ્ધિ કીધી મન તણી. ॥૮॥ ચોથા ખંડની પહેલી ઢાળ, સુંદર મારૂરાગ રસાળ; કનકસુંદર કહે એહ વૃત્તાંત, સત્ય ન ચૂકે એ સત્યવંત. ॥૯॥

## ॥ ઢાળ ર જી ॥

રાગ—આશાસિંધુ વિષય ન ગંજીએ... ઢાળ
ગઈ ભદ્રા લઈ ભેટણું રે...એ રાગ.

હવે તાપસ વળી આવીયા રે, કાશી નગર મઝાર; રૂપ રચ્યો ડાકણ તણો રે, મારે પુરુષ અપારો રે. ॥૧॥ [1]કર્મ ન છૂટીયે, કર્મ વિડંબણ હારો રે; કહો કીજે કિશ્યું, સુખ દુઃખ હોય સંસારો રે....વિ૦ કર્મ૦ ॥૨॥ તાપસ તેહી જ પાપીયા રે, મારે લોક અનંત; હા હાકાર હુઓ ઘણો રે, લોક હુઆ ભયભ્રાંત રે....વિ૦ કર્મ૦ ॥૩॥ રાયે પડહ વજડાવીયો રે, ડાકણ ઝાલે રે જેહ; તવ નિશ્ચય હું તેહને રે, મુહ માગ્યો દ્યું તેહો રે....વિ૦ કર્મ૦ ॥૪॥ તે તાપસ વિદ્યા ડાકણી રે, મંત્ર તંત્ર અછેહ; વળી આવ્યા મંત્રી કને રે, મંત્રવાદી હુઆ તેહો રે....વિ૦ કર્મ૦ ॥૫॥ હોમ અગર મલયાગિરિ રે, બેઠા કરવા રે ધ્યાન; રાયે કહ્યું આણો ઇહાં રે, જે જગ નોખ નવીનો રે....વિ૦ કર્મ૦ ॥૬॥ ઑઁ હ્રીઁ હ્રૂઁ હુઁ મંત્રે

---

૧ વિષમ વેલા પડી *

જપે રે, અષ્ટોત્તર શતવાર; આડા પડદા બાંધીયા રે, તિલ ઘૃત હોમ અપારો રે....વિ૦ કર્મ૦ ॥૭॥ સતી સુતારાલોચની રે, કરી ડાકણનો રે વેશ; હાથ છૂરી રૂધિરે ભરી રે, આણી પાસ નરેશો રે....વિ૦ કર્મ૦ ॥૮॥ તેડાવ્યો રાયેં તિંહા રે, કાલદંડ ચંડાળ; હરિયો પણ સાથે અછે રે, દીસંતો વિકરાળ રે....વિ૦ કર્મ૦ ॥૯॥ રાય કહે ચંડાલને રે, મુંડો એહનું રે શીશ; ખર ચડાવી શૂળી ધરો રે, જય જય તું જગદીશ રે....વિ૦ કર્મ૦ ॥૧૦॥ કાળદંડ હરિયા પ્રત્યે રે, [1]હુકમ કિયો અવિનીત; એ ડાકણને ઝાલીને રે, માથું મુંડો તુરંતો રે....વિ૦ કર્મ૦ ॥૧૧॥ એહ તો મારી નાર છે રે, સતીય શિરોમણી સાર; પાપી પૈશૂન્ય વિચે પડી રે, કર્મ નડયા નિરધાર રે....વિ૦ કર્મ૦ ॥૧૨॥ ચંદ્રભાણુની નંદની રે, અબળા નારી અનાથ; સતી તણું શીર મુંડતા રે, કેમ વહે મુજ હાથ રે....? વિ૦ કર્મ૦ ॥૧૩॥ તદપિ હરિયે હા ભણી રે, વચન કીધું પરમાણ; કામ એહ ચંડાળનું રે, મેં કરવું નિરવાણ રે....વિ૦ કર્મ૦ ॥૧૪॥ બીજી ઢાળ પૂરી કહી રે, આશા સિંધુ રે ભાખ; હિયડો નૃપનો કલ કલે રે, જિમ સૂરજ વૈશાખ રે....વિ૦ કર્મ૦ ॥૧૫॥

॥ દોહા ॥

તિણ અવસર દેશાંતરી, આયો એક નૃપ પાસ;
કરી શુકપંખી ભેટણું, બોલે વચન વિકાસ. ॥૧॥

---

૧. વચન કહે દુરદંત *

એક વચન નૃપનું હુતું, દોય વચન વળી ધીર;
ત્રિહુ વચને કારજ તણી, ક્ષણ નવિ હોવે ધીર. ॥૨॥

## ॥ ઢાળ ૩ જી ॥

રાગ કેદારો. ગોડી.

સુણ મોરી સજની રજની ન જાવે રે...એ રાગ.

સુણ રાજેસર વાત હમારી રે, મુજને આશ તમારી રે; સાચો દાખું વચન વિચારી રે, કૂડ ન બોલું રાજ દુવારી રે. સુ૦ ॥૧॥ જાતિ હું બ્રાહ્મણ નિર્ધન દુઃખીયો રે; માયા વિણ નર નહિં સુખીયો રે; માયા વિણ નિઃસ્વારથ નારી રે, નીનળી જાય સ્વચ્છંદ વિહારી રે. સુ૦ ॥૨॥ માન ન દીયે કોઈ વિણ માયારે, પીડે સજ્જન કુટુંબ સખાયા રે; સુદ્ધ મહેલ ન હોય ગજ ઘોડા રે, પૂગે નહીં મનોરથ કોડા રે. સુ૦ ॥૩॥ માયા વિણ નિંદ ન આવે રે, મૃગનયણી પણ નિંદ ન નિવારે રે; પ્રીતમ પ્રાણી વિના ધન પહિડે રે, વલ્લભ પુત્ર કલત્ર ઘણું વિહડે રે. સુ૦ ॥૪॥ તિણ કારણ મુજ નારી સંતાપે રે, જઇ પરદેશ ધન કાંઇ ન લાવેરે; આળસુઆને લખમી કિંહાથી રે, વિણ ઉદ્યમે ધન મળતું નથી રે. સુ૦ ॥૫॥ હાથ પગ બાંધી જે રહે બેઠા રે, તે નર ન્યાયે જાયે હેઠા રે; વચન પડુત્તર દેવા શૂરો રે, ગીત ભાષિત પંડિત પૂરો રે. સુ૦ ॥૬॥ વિદેશે જઈ વિદ્યા ચલાવો રે, દેશ ભલા છે મોહન મલાવો રે; માળવે જઇ રહે જે પિયુડો રે, ભલાં છે તિહનાં રૂડાં રે. સુ૦ ॥૭॥ દ્રવ્ય ઉપજાવી વહેલા આવજો રે, ઘણા નગરનાં શાલુ લાજો રે;

વાટડી તુમારી હરિ ફરિ જોતી રે, મુજને આણજો રે ગજ મોતી રે. સુ૦ ॥૮॥ સુંદર ભાતીનું આણજો ખડો રે, ચંદ્રવદનીને યોગ્ય જે ચૂડો રે; પ્રાણવલ્લભ વિનતિ અવધારો રે, નકવેસણ લાવજો ન્યારો રે. સુ૦ ॥૯॥ અબળા માટે બહુ ધન યાચી રે, આણજો જાણશું પ્રીત સાચી રે; તુમ વિણ સાહેબ નિંદ ન આવે રે, પ્રાણપીયારા અન્ન ન ભાવે રે. સુ૦ ॥૧૦॥ કાંતા માત પિતા પરિવાર રે, કંત વિછોહો કરે વળી નાર રે; સબલ સુખ ધનથી લહીયેં રે, ધન વિણ પીયુડા બહુ દુઃખ સહિયેં રે. સુ૦ ॥૧૧॥ ઇમ બ્રાહ્મણીયે મુજ પ્રતિબોધ્યો રે, મેં પણ હૈડામાંહિ શોધ્યો રે; વચન વિશેષે નારી સમજાયો રે, મુજ મનમાંહે ઉદ્યમ આયો રે. સુ૦ ॥૧૨॥ ગાથા ॥ લવણ સમો નથી રસ, વિન્નાણ સમી વિદ્યા નથી; મરણ સમો નથી ભય, ક્ષુધા સમ વેયણા નથી. ॥૧॥ તિણ કારણ હું ઘેરથી ચાલ્યો રે, હળવે હળવે મારગ હાલ્યો રે; આગે એક મહાવન આયો રે, ભૂખ લાગીને થયો તૃષાયો રે. સુ૦ ॥૧૩॥ બારે કોશ અટવી નદી ગંગા રે, નિર્મળ નીર લહેર તરંગા રે; સ્નાન કરી નિર્મળ જલ પીધું રે, પાવન તન રાજન મેં કીધું રે. સુ૦ ॥૧૪॥ કૈવચ કાંટામાંહે વિલુદ્ધો રે, મેં દીઠો શુક પંખી અલુદ્ધો રે, ઉડી ન શકે પાંખ અલુજાણી રે, લાગી જાળ જિંહા લપટાણી રે. સુ૦ ॥૧૫॥ એક વાર જો જાવું જીવારે, ઇણ વન કદીય ન આવું સુવા રે; ભૂલો ચૂકો કદેહી જો આવું રે, લટકણ ફળ કદેહી ન ખાવું રે. સુ૦ ॥૧૬॥ દોહા ॥ મેં જાણ્યો ચંદન બડો, બેઠો

ઘાલી બાથ; સુખી રુખી સહી જાણે, વળી ન ઘાલું બાથ. ॥૧॥ સુરતરૂ જાણી સેવીયો, ભમરો બેઠો આય; સૂતો તિંહા કણે લોભીયો, પાંખ રહી લપટાય. ॥૨॥ રે કેશુ! મત ગર્વ કર, મુઝ શિર ભમર બઇઠ; માલતિ વિરહે વિખોહિયો, પાવક જાણી પઇઠ. ॥૩॥ ઢાળ ॥ યતન કરી મેં તિહાંથી લીધો રે, પાંખ સમારી સુસતો કીધો રે; હાથ ગ્રહીને પંખ સમારી રે, ઇણી પરે એહની દેહ ઉગારી રે. સુ૦ ॥૧૭॥ નીર છાંટી પ્રફુલ્લિત કીધો રે, સાથુઆનો મોદક દીધો રે; દયા ઉપર નહીં ધર્મ અનેરો રે, આપ સરખો પર જીવ કરો રે. સુ૦ ॥૧૮॥ શ્લોક ॥ 'कृपानदी महातीरे, सर्वे धर्मास्तृणांकुराः; तस्यां शोषमुपेतायां, किं पुनस्ते तु नंदति. ॥१॥ सर्वशास्त्रमयी गीता, सर्वं देवमयो हरिः; सर्वं तीर्थमयी गंगा, सर्वं धर्मो दयापरः ॥२॥' ઢાળ ॥ જીવદયાયેં કર ગ્રહી લીધો રે, મારગ ચાલ્યો કારજ સીધો રે; જિહાં પંખી કહે તિહાં મૂકું રે, એ વચન છે ઠામ ન ચૂકું રે. સુ૦ ॥૧૯॥ પંખી બોલ્યો અમૃત વાણી રે, જીવ દાન દીયો વડદાની રે; તુજશું કેમ ઓશીંગણ થાઉં રે, પણ એક સુધો મર્મ બતાઉં રે. સુ૦ ॥૨૦॥ કાશી રાજાને ભેટ કરજો રે, લાખ ટકાની કાંગણી લેજો રે; તિણ કારણ તુમ કને આણ્યો રે, હવે કરશો આપણો જાણ્યો રે. સુ૦ ॥૨૧॥ વળી શુકપંખી સાખ ભરેસી રે, પિંગલ ભરહ તર્ક ભણેસી રે; લીધો પંખી નૃપ ઉછરંગે રે, રાજા પૂછે નિજ મન રંગે રે. સુ૦ ॥૨૨॥ નીલે વરણે શુક નયણે નિરખ્યો રે, રાજા મનમાંહે

ગાઢો હરખ્યો રે; તીખી ચાંચ ચંચળ ચતુરાઇ રે, અંગ સુકોમલ દલ સુખદાઈ રે. સુ૦ ॥૨૩॥ રાતા પગ નખ લોચને રાતો રે, ઘણાં પદ વિશેષે ગાતો રે; હસિ હસિ પંખીને જોઈ નરરાયા રે, કહો શુકપંખી વચન સુહાયા રે. સુ૦ ॥૨૪॥ સાંભળ સ્વામી સાચું હું ભાખું રે, જે જે પૂછો તે તે દાખું રે; પણ બ્રાહ્મણને મેં દેવરાવ્યા રે, લાખ ટકા દ્યો એહને રાયા રે. સુ૦ ॥૨૫॥ યતઃ ॥ 'શઠં પ્રતિ શાઠયં કુર્યાત્, આદરં પ્રતિ આદરં; ત્વયા મે લુંચિતાઃ પક્ષાઃ, મયા તે મુંડિતં શિરઃ ॥૧॥' લાખ ધન દેઈ દ્વિજ સંતોષ્યો રે, વસ્ત્ર વિશેષે ષટરસે પોષ્યો રે; આશીષ આપી દ્વિજ ઘર આવ્યો રે, પૂરણ ધન લેઇ દારિદ્ર બાળ્યો રે. સુ૦ ॥૨૬॥ હવે શુક પંખી સરસ કહેસી રે, રાણીશું ઉપકાર કરેસી રે; જિમ દેખે નારી સુતારા રે, તિમ તિમ પંખી દુઃખ અપારા રે. સુ૦ ॥૨૭॥ નયણે નિઝરણાં શુક રોઇ રે, કોઇ ન જાણે કારણ સોઈ રે; ત્રીજી ઢાળ સંપૂરણ કીધી રે, કનકસુંદર કીર્તિ પ્રસિદ્ધી રે. સુ૦ ॥૨૮॥

॥ દોહા ॥

હવે શુક પંખી વિનવે, સુણ કાશીધર રાય;
એ નારી ડાકણ નથી, મુખ દીઠાં દુઃખ જાય. ॥૧॥
એ સેવક ચંડાલનો, શ્રી હરિચંદ નરિંદ;
હું મંત્રી રાજા તણો, કીર થયો કરમ ફંદ. ॥૨॥
સતી સુતારાલોચની, એ હરિચંદની નાર;
કર્મ વશે પરવશ પડયાં, પાયાં દુઃખ અપાર. ॥૩॥

સત્ય રાખણ એ ભૂપતિ, નિશ્ચલ રાખણ ટેક;
વેંચાણો ચંડાલને, વેચી નારી પ્રત્યેક. ॥૪॥
એહીજ તાપસ પાપીયા, લાગ્યા એહની લાર;
રાજ લઈને દંડ કીયો, એ શિર લાખ દીનાર. ॥૫॥
તો પણ રાજા સાહસી, સત્ય રાખણ સુવિશેષ;
લઈ નારી રોહિતાશ્વશું, પરવરિયા પરદેશ. ॥૬॥

॥ શ્લોક ॥

રાજ્યં યાતુ સ્ત્રીયો યાંતુ, યાંતુ પ્રાણા અપિ ક્ષણાત્;
એકા એવ મયા પ્રોકતા, વાચા મા યાતુ શાશ્વતી. ॥૭॥
સત્ય રાખે થીર સંપદા, સત્ય ગયો પત જાય;
સત્યકી દાસી સંપદા, બહુત મિલેગી આય. ॥૮॥
સાહસીયા લછી મિલે, નહુ કાયર પુરિસેહ;
કાને કુંડલ રયણમય, નયણે કાજળ રેહ. ॥૯॥
શૂરા ને સત્યવાદીયા, ધીરા એક મનાહ;
દેવ કરે તસ ચિંતડી, વાંછિત ફળશે ત્યાંહ. ॥૧૦॥

## ॥ ઢાળ ૪ થી ॥

સુણજો સાજન સંત...એ રાગ.

વેંચી તારાલોચની રાજા, વેચ્યો રાજકુમાર; વેચ્યાં મંદિર માળીયાં રાજા, રાજ્ય રુદ્ધિ ભંડાર. ધન્ય સત્યધારી રે, ભૂપતિ શીલ સમો નહીં કોય. ધન૦ ॥૧॥ સત્ય અખંડિત ભૂપતિ રાજા, ઇણવિધ રહે ઉદાસ; હું મંત્રિ હરિચંદનો રાજા, સુણ ભૂપતિ સુવિલાસ. ધ૦ ॥૨॥ ઇણે મુજ તાપસ પાપીએ રાજા, કીધો પહેલો કીર; તિણ કારણ તુમને કહ્યો

રાજા, એ વૃત્તાંત ગુણ હીર. ધ૦ ॥૩॥ કર્મ રૂલાવે જીવને રાજા, આપે દુઃખ અનંત; પુરવભવનાં જે કીયાં રાજા, દુષ્કૃત કર્મ દુરંત. ધ૦ ॥૪॥ તાપસ પણ નાસી ગયા રાજા, સુણી શુક વચન સુરેખ; રાજા મન અચરિજ થયું રાજા, ઈસ્યો અચંભો દેખ. ધ૦ ॥૫॥ રાય કહે દીસે નહીં રે, મંત્રવાદી તે કોય; સભા સકલ સંશય પડી રાજા, હમણા હુતા સોય. ધ૦ ॥૬॥ વળી શુક પંખી વિનવે રાજા, જો એ સતી સંસાર; કરડી ધીજ હું કરૂં રાજા, જલતી જલણ મજાર. ધન૦ ॥૭॥ રાજા મન કૌતક થયું રાજા, જલ જલતા અંગાર; અગ્નિ જગાવી ખેરનો રાજા, જ્વાલાનલ ભયંકાર. ધ૦ ॥૮॥ રવિ સામો ઉભો રહી રાજા, પંખી બોલે એમ; જો એ ડાકણ છે ઇહાં રાજા, તો મુજને નહીં ખેમ. ધ૦ ॥૯॥ સતી સુતારાલોચની રાજા, એ હરિચંદની નાર; શીલવંત ગયગામિણી રાજા, તો મુજને જયકાર. ધ૦ ॥૧૦॥ ત્યારે તારાલોચની રાજા, શુકશું બોલી એમ; સુડા સુગુરુ પંખીયા રાજા, તુજને હોજો ક્ષેમ. ધ૦ ॥૧૧॥ અર્ઘ્ય દેઈ ચિત્રભાનુને રાજા, ધ્યાન ધરી નવકાર; અરિહંતદેવ આરાધતો સુડા, જિનશાસન જયકાર. ધ૦ ॥૧૨॥ રાગ કેદારામાં કહી રાજા, ચોથી ઢાળ રસાળ; કનકસુંદરમુનિ વિનવે રાજા, શુકને મંગલ-માલ. ધ૦ ॥૧૩॥

॥ દોહા ॥

તતક્ષણ પંખી શ્યામ ધૂમ, ધડધડ પડયો ધગજ્ઞ;
પંખ સમારી પંખીયો, ઉડી પડયો અગન્ન. ॥૧॥
જિણ વેળા શુક પંખીયે, કીધો ઝંપાપાત;
શીતલ જલપર કમલ દલ, થઈ અસંભવ વાત. ॥૨॥
[એ જો વાત ન માનસ્યો, તો હું કરશું રીત;
સીતાની પરિં ધીજ આરંભુ, જેમ ઉપજે પ્રતીત. ॥૧॥
અગ્નિકુંડ રાજા રચ્યો, જલજલતા અંગાર;
વહી તે પાવક કુંડએં, હોમ્યો ઘૃત અપાર. ॥૨॥
તિણિમાંહિ તતકાલ તે, કીધો ઝંપા પાત;
સીતલ જલ પરે કમલદલી, થઈ અસંભવ વાત. ॥૩॥*]

## ॥ ઢાળ ૫ મી ॥

રાગ—રામગિરિ. રાતડી રમીને...એ ઢાળ.
જુઓ અગમગતિ પુણ્યની રે...એ રાગ.

એ અધિકાઇ દેખી તિહાં રે, હરખ્યો નૃપ તતકાળ રે; હરિચંદને તેડી કહે રે, તું મહોટો ભૂપાળ રે. કર્મ કમાઇ હરિચંદ ભોગવે રે, સુખ દુઃખ સરજ્યા હોય રે. ક૦ ॥૧॥ રાય પસાય કરે તિંહા રે, દઉં તુજ આધો રાજ રે; વળતો હરિચંદ વિનવે રે, રાજથી નથી કોઈ કાજ રે. ક૦ ॥૨॥ રાજા કહે મહોટો કરૂં રે, દેઉં તુજ માહરો દેશ રે; હું તુજ આલંબન ગ્રહી રે, ફરશું નગર નરેશ રે. ક૦ ॥૩॥ ન્હાના મહોટા કુણ કરે રે, કર્મ તણે વશ હોય રે; હું સેવક ચંડાળનો રે, હરિચંદ હું નહીં

કોય રે. ક૦ ॥૪॥ વિપ્રને ઘેર સતી ગઈ રે, મન ધરી અધિક આનંદ રે; સાથે ગયો ચંડાલને રે, શ્રી હરિચંદ નરિંદ રે. ક૦ ॥૫॥ લાંછન ઉતર્યો સતી તણો રે, સત્ય શીયલ સુપસાય રે; શ્રી નવકાર સદા જપે રે, પ્રણમું તેહનાં પાય રે. ક૦ ॥૬॥ સબલ સુદૃઢ રાજા સાહસી રે, મંદરગિરિ જેમ ધીર રે; અચલ અભંગ નૃપ ધ્રુવ જિસ્યો રે, સાયર જેમ ગંભીર રે. ક૦ ॥૭॥ રાજ ગયો વિરહો થયો રે, કોઈ કરે આપઘાત રે; વિષ ખાઈને જલિ મરે રે, કોઈ કરે ઝંપાપાતરે. ક૦ ॥૮॥ કો થાયે ઘેલો બાવરો રે, કો થાયે યોગી અવધૂત રે; પણ સત્ય રાખણ કારણે રે, અડગ રહ્યો [1]અદ્‌ભૂત રે. ક૦ ॥૯॥ સેજ સુખાસણ બેસતાં રે, સોવન ખાટ પલંગ રે; તે રાજા નદીયાં વસે રે, આજ ઉઘાડે અંગ રે. કર્મ૦ ॥૧૦॥ પાંચમી ઢાળ રાગ પરજીયો રે, કનકસુંદર મુનિરાય રે; [2]જંપે યશ કરજોડીને રે, ધન ધન હરિચંદ રાયરે. ક૦ ॥૧૧॥

॥ દોહા ॥

એક દિવસ રજની સમે, નદી તીર હરિચંદ;
બેઠો રાખે સાહસી, મૃતક મસાણ નરિંદ. ॥૧॥
નારી રોતી વલવલે, શ્રવણ સુણ્યો વડવીર;
કુણ રોવે કીણ કારણે, ઉઠયો સાહસ ધીર. ॥૨॥
સતી સુતારાલોચની, પુત્ર મરણ વિખવાદ;
મૃતક લઈ આવી તિહાં, રોવે લાંબે સાદ. ॥૩॥

૧ રજપૂતરે ✻ ૨ મનસા વાચા કર્મણા રે ✻

આધી રાતેં આરડે, અબળા વિષમે ઠામ;
જીણે સ્વર રોવે ઘણું, લઈ લઈ સુતનું નામ. ॥૪॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

રાગ—મલ્હાર. દેખો ગતિ દૈવની રે...એ રાગ.

રયણ ઉદ્દાલ્યું માહરૂં રે, દયા ન કીધી રે દૈવ; અબળા દુઃખ સબળે પડી રે, ઉડી ન જાયે જીવ૦ ॥૧॥ કુંવર સુલક્ષણા રે, મુખ બોલો રોહીતાશ્વ; વિષમી વેળા નંદના રે, કીધી માત નિરાશ. કું૦ ॥૨॥ રયણ ન છાજે રાંકને રે, વાનરને ગળે હાર; ઘેલી માથે બેડલું રે, રહે કેતી એક બાર? કું૦ ॥૩॥ પંખ વિહુણી પંખણી રે, કાં સરજી કિરતાર?; અધવચ રાખી એકલી રે, હૈ હૈ સરજણહાર. કું૦ ॥૪॥ કાયા ગઢ મુજ વિગ્રહ્યો રે, વાગ્યા વિરહ નિશાન; ઘટ ચડીયો મુજ ચાકડે રે, ઉડી ન જાયે પ્રાણ. કું૦ ॥૫॥ તું મનરંજન નંદનો રે, તું મુજ જીવન પ્રાણ; ઉંચી નીચી પડી રે, સુંદર પુત્ર સુજાણ. કું૦ ॥૬॥ મુખલડે મન મોહતું રે, હસતો કરતો હેજ; સુંદર નર કિહાં ગયો રે, સૂરજ સરખું તેજ. કું૦ ॥૭॥ આડો કરીને આવતો રે, હું લેતી ઉત્સંગ; મોદક મીઠાં માગતો રે, રમતો ભમતો રંગ. કું૦ ॥૮॥ ઉઠો પુત્ર ઉતાવળા રે, પરવરિયા પરદેશ; વિરહ થયો ભરતારનો રે, પહોતાં દુઃખ અશેષ. કું૦ ॥૯॥ તું મુજ હાર હૈયા તણો રે, કિરણ તપે જિમ સૂર; ઉઠી મળો હંસી હેજશું રે, કીધો અધિક અસૂર. કું૦ ॥૧૦॥ હૈ હૈ વજ્ર મહારો હૈયો

રે, પત્થરથી પરચંડ; ધરણી શરણે સુત પડતાં રે, ન થયો ખંડો ખંડ. કું૦ ॥૧૧॥ તું મુજ જીવન જીવનો રે, નિરાધાર આધાર; અંધાને જેમ લાકડી રે, તું કુલથંભ કુમાર. કું૦ ॥૧૨॥ નયન કમલદલ ન્હાનડા રે, કોડ રહ્યા તુજ કેડ; આંખતતી બિંદી જીસ્યો રે, વસતિ ઉજડ વેડ. કું૦ ॥૧૩॥ હું દુર્ભાગિણી જાઉં કિહાં રે, દુઃખ ભરપુર પ્રકાશ; ચંદ્ર સૂર્ય ત્રુટી પડયા રે, ત્રુટી પડયો રે આકાશ. કું૦ ॥૧૪॥ ત્રણ ભુંવન ભેળયા મળયા રે, ધરણી હુઈ નિરાધાર; તું મુજને મૂકી ગયો રે, પ્રાણાધાર કુમાર. કું૦ ॥૧૫॥ ઈણી પરે બહુ દુઃખે ઝૂરતી રે, અબલા હુઈ રે અશ્વાસ; ગાઢ સ્વરે રોઈ રહી રે નાખી રહી રે! નિશ્વાસ. કું૦ ॥૧૬॥ દિવસ નિગમશું કિણી પરે રે, અબલા હુઈ અચેત; વિરહ લહરી વાગી ઘણું રે, હૈ હૈ મોહની હેત. કું૦ ॥૧૭॥ સુણી રાજા પાછો વળયો રે, પટરાણીનો સાદ; રોહીતાશ્વ મુઓ સહી રે, રાય કરે વિષાદ. કું૦ ॥૧૮॥ હૈ હૈ કર્મગતિ માહરી રે, વિષદ વિષાદ વિનાણ; દુઃખમાંહે દુઃખ ઉમટયાં રે, દૈવ કરે તે પ્રમાણ. કું૦ ॥૧૯॥ શું રોવું શું આરડું રે, કિરશું કરૂં રે પોકાર; કુણ દુઃખ જાણે માહરૂં રે, જે રૂઠયો કિરતાર? કું૦ ॥૨૦॥ ઢાળ છઠી એણી પરે કહી રે, વિરહી રાગ મલાર, કનકસુંદર કહે સાંભળો રે, હવે આગળ અધિયાર. કું૦ ॥૨૧॥

॥ દોહા ॥

સુણી રાજા પાછો વાળ્યો, તેવારે તત્કાળ;
બાળક એક બાંધ્યો અછે, વડતરૂવરની ડાળ. ॥૧॥
દીઠો મહીપતિ વલવતો, મુખ કરતો પોકાર;
રે રે મુજને મારશે, યોગી રૂઠો અપાર. ॥૨॥
કો જાયો તિથિ ચાંદણો, કો નર છે નિરભીક;
પર ઉપકારી કો પુરુષ, છોડાવો સાહસિક. ॥૩॥

॥ ગાહા ॥

મુક્તિસ્ત્રી વશીકરણં, કરણં પરોપકારસ્ય;
અનશનવિધિના મરણં, સ્મરણં ચ ભગવતામસ્તિ. ॥૪॥

## ॥ ઢાળ ૭ મી ॥

રાગ—કેદારો જુંબખડાની...એ દેશી.

ડાળે બાંધ્યો વલવલ રે, સુંદર બાળક એક. મરૂં રે માતાજી; શૂરવીર કોઈ સાહસી રે, છોડાવે સુવિવેક. મરૂં૦ ॥૧॥ સાત દિવસ પરણ્યા થયાં રે, સુખ દીઠો નહી કોઈ. મરૂં૦; એકજ પુત્ર માવિત્રનો રે, અવર ન દૂજો કોઇ. મરૂં૦ ॥૨॥ રાજપાટનો હું ધણી રે, કાશીધરનો પુત્ત. મરૂં૦; સૂતો આણ્યો સેજથી રે, ભૂત ભસ્મ અવધૂત. મરૂં૦ ॥૩॥ તેલ કઢાઇ ઉકળે રે, હોમ કરશે એ મુજ. મરૂં૦; મરણ સહી ઈહાં આવીયો રે, કિણશું કીજે ગુહ્ય. મરૂં૦ ॥૪॥ રાજા હરિચંદ ચિંતવે રે, એહ કરૂં ઉપકાર. મરૂં૦; એહ સંકટથી છોડવું રે, સુંદર રાજકુમાર. મરૂં૦ ॥૫॥ વૃક્ષે ચઢયો તે સાહસી રે, બંધન છોડયા

તાસ. મ૦; આપ બંધાયો ભૂપતિ રે, તિણે સ્થાનક ૬૯ પાસ. મ૦ ॥૬॥ રંજ્યો કુમર ઘરે ગયો રે, જાઈ મળ્યો માવિત્ર. મ૦; સબલ કષ્ટથી ઉગર્યો રે, વાત કહી સુવિનીત. મ૦ ॥૭॥ કાશીધર પૂછે કહો રે, બેટા નિજ અધિકાર. મ૦; કોણ ઉપકારી એહવો રે, જિણે કીધો ઉપકાર. મ૦ ॥૮॥ ધન્ય જન્મ જગ તેહનો રે, ધન પીતા ધન માત. મ૦; પુરુષ રતન જગ જાણીયેં રે, વસુધા માંહે વિખ્યાત. મ૦ ॥૯॥ જે સેવક ચંડાલનો રે, હરિયો નામ કહાય. મ૦; તિણે મુજને તિહાં થકી રે, છોડી કિયો ઉપકાર. મ૦ ॥૧૦॥ સાતમી ઢાળ સોહામણી રે, રાગ ભલો કેદાર. મ૦ કનકસુંદર કહે સાંભળો રે, સરસ કથા સુવિચાર. મરૂં૦ ॥૧૧॥

॥ દોહા ॥

ઈણ અવસર આવ્યો તિહાં, જોગી તે અવધૂત;
દીસે અતિહી બિહામણો, ભસ્મ ભયંકર ભૂત. ॥૧॥

[ પૂ. શાસનકંટકોદ્ધારક જૈન જ્ઞાનભંડારની આઠમી ઢાળના
દુહા આ પ્રમાણે છે :— ]

॥ દોહા ॥

[ઈણિ અવસરિં આવ્યો તિહાં, યોગી તે અવધૂત;
ભૂત ભસ્મ ભયામણો, દીસંતો યમદૂત. ॥૧॥
છાડયો રાજા સાહસી, બોલે તામ ઉચ્છાહિ;
હોમ કરીશ હું તાહરો, અગ્નિકુંડ ધૃતમાંહિ. ॥૨॥
કાટિ કાટિ અંગ આપણો, તેહને દે હરિચંદ;
સત ડગે નહિં તેહનું, મેરૂ ગિરિંદ નરિંદ. ॥૩॥

તાપસ પણ આવ્યા તિહાં, માર્યો તે અવધૂત;
રે! હરિચંદ! નરિંદ તું, પાયો ગતિ અદભૂત. ॥૪॥
મહોર અમ્હારી આણી દે, કહેઈ સત્ય તે રાય;
રાતિં થકી લ્યાવો તિહાં, લાખ મહોર પૂરી જાય. ॥૫॥
તાપસ સહુ ભાગી ગયા, હવે, હવે આયો ચંડાલ;
હરિચંદ પણ સારો થયો, સતવાદી ભૂપાલ. ॥૬॥*]

## ॥ ઢાળ ૮ મી ॥

બે કર જોડી તામ રે, ભદ્રા વિનવે...એ રાગ.

આવ્યો તે યમદૂત રે, ભૂત ભયંકર, દીસે અતિહી બિહામણો એ; મહોટા દાંત દૂદંત રે, કાળ કૃતાંતનાં, રૌદ્ર રૂપ રૌદ્રામણો એ૦ ॥૧॥ ડગ ડગ વાગે ડાક રે, ગાઢા બડબડે, ભૂત ભયંકર હૂક દે એ; મણ બાળે તિહાં તેલ રે, હોમ કરણ ભણી, અગ્નિ કડાઇ ઉકળે એ૦ ॥૨॥ જરમર જરમર જટરાળ રે, ખેચર ભૂચરા, સોર કરે અતિ બડબડે એ; ભૂખ્યા પેટ ભડંગ રે, ખાઉં ખાઉં કરે, અંગારા ભક્ષણ કરે એ૦ ॥૩॥ ધૂં ધૂંકાર અપાર રે, ધડહડતા ધસે, મુખથી જ્વાલા નીસરે એ; કાળા કાળ કરાળ રે, નિડર નિશાચરા, દંત ઘંટીજ્યું તે દળે એ૦ ॥૪॥ થરથર ધ્રુજે અંગ રે, ગૂડા લડથડે, નાગા પૂગા ભડહડે એ; વિષમ રૂપ વિકરાળ રે, અગ્નિ ઉછાળતાં, દસ દિશિ દોડે દડવડે એ૦ ॥૫॥ સડ સડ વાજે શોક રે, પેટ આમિષ ભરે, હલ ફલ ઉંચા ઉછળે એ; લાગા પેટ પાયાલ રે, લોયણ કાબરાં, છલ કરતાં કાયર છલે એ૦ ॥૬॥ આવે અતિ દુર્ગંધ રે, આમિષ એહવા,

વ્યંતર વેગ વિકારીયા એ; યોગી આવે તેથ રે, હરિચંદ છે જિહાં, બાવન વીર હકારીયા એ૦ ॥૭॥ તોડયાં બંધન તાસ રે, છોડયો તતક્ષણે, શ્રી હરિચંદ મહિપતિ એ; ઉતરીયો નરનાથ રે, બોલ્યો બ્રૂમનો, મ મ શંકે તું શુભમતિ એ૦ ॥૮॥ અગ્નિ કડાઇ માંહે રે, સુણ હો માનવી, હોમ કરીશ હું તાહરો એ; તુજ લક્ષણ બત્રીશ રે, વિશ્વાવીશ એ, કારજ સિદ્ધ કર માહરો એ૦ ॥૯॥ તું હવે તાહરે હાથ રે, કાપી કાપીને, તન કાઢી દે આપણો એ; મ કર વિલંબ લગાર રે, વાર લાગે ઘણી, આરંભ મેં માંડયો ઘણો એ૦ ॥૧૦॥ બુગદો દીધો હાથ રે, શ્રી હરિચંદને, કાયા કાટે ભૂપતિ એ; મનમાં નાણે શંક રે, નિકલંક સંતવંતો, સબલ સાહસ છત્રપતિ એ૦ ॥૧૧॥ કાટયો દાહિણ હાથ રે, વામ હાથશું, મન પ્રમોદ અધિક ધરી એ; જંઘ ચરણ પણ હોય રે, કાટચા આપણા, દે તેહને તિલ તિલ કરી એ૦ ॥૧૨॥ કાટણ લાગ્યો જામ રે, મસ્તક આપણો, શ્યાલ એક આવ્યો તિસેં એ; રોવે સરલે સાદ રે, દુઃખ ભર જંબૂકો, તાપસ પણ પ્રગટયા તિસે એ૦ ॥૧૩॥ ધમધમતા ધખરાલ રે, તેહિ જંબૂકનો, અગ્નિ કડાહ માંહે ધસે એ; તિણ વેળા તતકાળ રે, બ્રૂમન (બ્રાહ્મણ) બાપડો, સોવન પુરિસો ઉપનો એ૦ ॥૧૪॥ એ એ શ્રી હરિચંદ રે, તાપસ એમ કહે, ધન્ય ધન્ય સત્ય રાજા તણો એ; દીધો દુઃખ અનંત રે, એ ચૂકે નહીં, શીલ સત્વ સાહસ ઘણું એ૦ ॥૧૫॥ સંરોહીણી તત્કાળ રે, આણી ઔષધી, સજ્જ

કર્યો લેપન કરી એ; અંગોપાંગ સૂચંગ રે, નવ-પલ્લવ થયાં, સુર પહોતા અમરાપુરી એ૦ ॥૧૬॥ પુણ્ય તણે પરિણામ રે, પુરિસો સોવન તણો, સિદ્ધ થયો હરિચંદને એ; સત્ય દાખ્યો હરિચંદ રે, સુરપતિ આગળે, શ્રી હરિચંદ નરિંદનો એ૦ ॥૧૭॥ આઠમી ઢાળ રસાળ રે, કનકસુંદર કહે, સુણતાં મન આણંદ ઘણો એ; સુણજો સકલ સુજાણ રે, હવે આગળ વળી, સરસ સંબંધ સોહામણો એ૦ ॥૧૮॥

॥ દોહા ॥

હવે હરિચંદ મહીપતી, પુરિસો રાખી પ્રછન્ન;
બેઠો જાઈ મસાણમેં, પ્રહ ઉગમતે પ્રયત્ન. ॥૧॥

કાળદંડ આયો તિસે, ક્રોધે કાળ ચંડાળ;
વચન કહે હરિચંદને, વકથી અતિ વિકરાળ. ॥૨॥

રે હરિયા અતિ વેગશું, મૃતક વસ્ત્ર લઈ આવ;
મહોર એક મસાણની, [1]તરત તું જઈને લાવ. ॥૩॥

ચિંતાતુર હરિચંદ થયો, પુત્ર ચીરને કાજ;
નિશ્ચય [2]લેવા જોઇયે, ગયો તિહાં નરરાજ. ॥૪॥

કુમાર મુવો કેમ કામિની, કહો તે સકલ વિચાર;
વાડીમાં રમવા ગયો, સર્પ ડસ્યો નિરધાર. ॥૫॥

હા! હા! હરિચંદ ચિંતવે, વિષમ કર્મ ગતિ એહ;
દુઃખ કુણ જાણે જે થયો, કહેવા લાગ્યો તેહ. ॥૬॥

## ॥ ઢાળ ૯ મી ॥

રાગ—સારંગ. હવે સુબાહુ કુમાર એમ વિનવે...એ રાગ.

હવે રાજા હરિચંદ વિનવે, રાણી વસ્ત્ર કુમારનાં

૧ ઉહાં લઇને આવ ✻ ૨ લીધાં ચાહીએ ✻

આપો; ગરજ અમારે એહની, રાણી બીજી રે વાત ન થાપો. ॥૧॥ કામિની હો રે. આપો રે કપડાં કુમારનાં, અવસર એહવો રે આજ; આજનો દાહાડો રે સુંદરી એહવો, રાણી કહેતાં આવે રે લાજ. કા૦ ॥૨॥ પહેલી વેચી રે વહાલી તુજને, રાણી પછી રે વેચાણો હું; કા૦ બેહુ બરાબર ઉતર્યા, રાણી રોષ કરે જેણે તું. કા૦ ॥૩॥ રાણી દુઃખ માંહે રે દુઃખ સંપજે, રાણી મુજને તુજ વિણ જેહ; કા૦ રાણી તે મન જાણે માહરૂં, રાણી જાણે પરમેશ્વર તેહ. કા૦ ॥૪॥ રાણી નયન કમલદલ સુંદરી, રાણી આજ નિષ્ફલ સવી આશ; કા૦ ન્હાનડીયો મરતે વળી, રાણી આશ હુઇ નિરાશ. કા૦ ॥૫॥ હવે શું કીજે હો સાહિબા, કંતા કર્મ તણી ગતિ ક્રૂર, સાહિબ મોરા રે, મુખ કહેતા આવે નહી, કંતા દીઠાં દુઃખ ભરપૂર. સા૦ ॥૬॥ કંતા તરતા થાગ ન પામીયેં, કંતા દુઃખ સાગરનો પાર; સા૦ જયું પરમેશ્વર નિબંધીયું, કંતા ન મટે તેહ લગાર. સા૦ ॥૭॥ ભારી ખમી તું કામિની, રાણી તુજમાં રાગ ન રોષ; કા૦ મહીયલ તું મોટી સતી, રાણી સઘળો મારો દોષ. કા૦ ॥૮॥ રાણી ઢાળ કહી નવમી ભલી, રાણી હર્ષ ઘણો મન આણ; કા૦ કનકસુંદર હવે બોલશે, રાણી દેવ આકાશેં વાણ. કા૦ ॥૯॥

॥ દોહા ॥

શ્રી હરિચંદ મહીપતિ, [1]સાહસવંત અનંત;
કપડાં માગ્યાં કુંવરનાં, બોલી વાણી [illegible]રંત. ॥૧॥

---

૧ સાહસ ધરી સતવંત; ચીરમાંગ્યા નિજ પુત્રનાં

સુરવાણી બોલે ઈસી, ધન ધન હરિચંદ રાય;
તુજ સમ ત્રિભુવન કો નહીં, નર કિન્નર સુર રાય. ॥૨॥
કુસુમવૃષ્ટિ હુઈ તિહાં, વાગ્યા જય નિશાન;
દેવ કહે જય જય શબ્દ, પામ્યા પરમ નિધાન. ॥૩॥
સુર નિજ માયા ફેરવી, સભા માંહે શિરતાજ;
ઈણ વિધ બેઠો તખત, નગરી અયોધ્યા રાજ. ॥૪॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

ખંભાતી રાગ. સોહલાની...એ દેશી.

હવે હરિચંદ મહીપતિ રે, નગર અયોધ્યા રાજે રે, રાણો રાણુ દીવાનમેં રે, આપ બિરાજે આજે રે૦ ॥૧॥ રાજ ભોગવે હરિચંદ, ઇણી પરે આપણો રે; નગરી કૌશલ્યા આનંદ, ઉત્સાહ હુઓ ઘણો રે. એ આંકણી. ચાર દિશે ચામર ઢળે રે, રાજા પ્રજા મનમોહે રે. રા૦ ॥૨॥ કેઇક લેઇ આવે ભેટણાં રે, માતા મયગલ ઘોડા રે; સત્તાવીશ અંતેઉરી રે, પુત્ર કલત્ર સજોડા રે, રા૦ ॥૩॥ રોહિતાશ્વ મન રંગશું રે, રમતો રમતો આયો રે; મંદિરમાંહે સુંદરી રે, પટરાણી સુખ પાયો રે. રા૦ ॥૪॥ પયે લાગે વ્યવહારીયા રે, મોતી માણેક લાવે રે; જાચક જય જય ઉચ્ચરે રે, ઉભા રાજદુવારે રે. રા૦ ॥૫॥ નગર સહુ શણગારીયો રે, સોહવ નારી આવે રે; રાય વધાવે આપણો રે, ધવળ મંગળ ગીત ગાવે રે. રા૦ ॥૬॥ બંદીવાન છોડાવીયા રે, જય જય શબ્દ જણાવે રે; દેશ વિદેશે આપણી રે, આણ તૂરત વરતાવે રે. રા૦ ॥૭॥ જગ માંહે જસ વાપરે રે, દૂર અનીતી

નિવારે રે; જીવ અમારી દેશમાં રે, ધર્મતણી ગતિ ધારે રે. રા૦ ॥૮॥ હરિચંદ એહવો નિપન્યો રે, દોલતનો દરબાર રે; દાન દીયે છે બ્રાહ્મણ ભણી રે, જંપે જગ જયકારો રે. રા૦ ॥૯॥ મતિસાગર શુક જે હતો રે, કુંતલ સેવક શીયાલો રે; દેવે માનવ તે કીયાં રે, આવી મળ્યાં ભૂપાળો રે. રા૦ ॥૧૦॥ રાજા હરિચંદ ચિંતવે રે, સુપનાંતર મેં દીઠો રે; જીવ પડચો જંજાલમેં રે, નૃપ મન ભરમ જ પઈઠો રે. રા૦ ॥૧૧॥ જ્ઞાની વિણ જાણે નહી રે, કર્મ તણી ગતિ કોઇ રે; પટરાણી પાસેં ગયો રે, હરિચંદ હરખીત હોઈ રે. રા૦ ॥૧૨॥ આગળ આવીને ઉભી રહી રે, બોલે અમૃત વાણ રે; હરિણાક્ષી હસીને મળે રે, આવો જીવન પ્રાણ રે. રા૦ ॥૧૩॥ રાય કહે સુણ સુંદરી રે, ચિત્તભ્રમ મુજ આજ રે; [1]કહોને એ વાતડી કિમ થઈ રે, કહેતાં આવે લાજ રે. રા૦ ॥૧૪॥ થેં કાંઈ જાણો કો નહીં રે, સાંભળજો અધિકાર રે; દાખે તારાલોચની રે, ભ્રમ પડયો ભરતાર રે. રા૦ ॥૧૫॥ ચલચિત્ત રાજા સાહસી રે, કનકસુંદર સુખ લહેસી રે; દશમી ઢાળ ખંભાયતી રે, સુર સઘળોહી કહેસી રે. રા૦ ॥૧૬॥

॥ દોહા ॥

દેવ એક આવ્યો તિસે, ઝલકંત કુંડલાભરણ;
તેજે સૂરજ સારીખો, કાયા કંચન વરણ. ॥૧॥
આવીને ઉભો રહ્યો, રત્ન મુકુટ ઉર હાર;
કાને કુંડલ ઝલહળે, સૂર જયું જ્યોતી અપાર. ॥૨॥

૧ જીવ પડયો જંજાલમાં *

## ॥ ઢાળ ૧૧ મી. ॥

રાગ – સારંગ મલ્હાર. જીહો કુંવર બેઠો ગોખડે...એ રાગ.

જીહો ઇણ અવસર તિહાં આવીયો, લાલા જલકંત કુંડલ કાન; જીહો મસ્તક મુગટ સોહામણો, લાલા સુંદર તનુ સુજાન. ॥૧॥ મહીપતિ ખમજો મુજ અપરાધ; જીહો દુઃખ વિવિધ પરે મેં દીયો, લાલા અધિક કરીઆ બાધ. મહી૦ ॥૨॥ જીહો ઇંદ્રસભામાં એક દિને, લાલા બેઠો ઉલટ આણ; જીહો સત્ય વખાણ્યો તાહરો, લાલા મેં નવી માન્યો જાણ. મહી૦ ॥૩॥ જીહો છલબલ કરી બહુ વેદના, લાલા મેં કીધી સવી એહ; જીહો દાય ઉપાય કિયા ઘણાં, લાલા તું નવિ ચૂક્યો રેહ. મહી૦ ॥૪॥ જીહો છેદન ભેદન વેદના, લાલા પામી તેં ભરપૂર; જીહો કસણી કસી મેં આકરી, લાલા સોના જેમ સનૂર. મહી૦ ॥૫॥ જીહો 'પ્રતપે[૧] તું દિન દીપતો, લાલા અવિચલ પાળો રે રાજ; જીહો સુણી હરિચંદ મન રંજીયો, લાલા દેવ તણાં એ કાજ. મહી૦ ॥૬॥ જીહો દેવ ગયો દેવલોકમાં, લાલા દાખી સઘળી રે વાત; જીહો ઇંદ્રે વખાણ્યો તેહવો, લાલા દીઠો ધરણીનાથ. મહી૦ ॥૭॥ જીહો અગ્યારમી ઢાળ કહી ભલી, લાલા કનકસુંદર મુનિરાય; જીહો સાંભળતાં સુખ ઉપજે, લાલા આનંદ અંગ ન માય. મહી૦ ॥૮॥ જીહો ભાવડગચ્છે રાજીયો, લાલા શ્રી

---

૧ તું પ્રતપે નિત દીપતો *

મણિરત્ન મુણીંદ, જીહો અનંતકલા ઉવજઝાયજી, લાલા નિજ ગચ્છમાંહે ચંદ. મહી૦ ॥૯॥ જીહો તસ પદ કમલ પ્રસાદથી, લાલા અવિચલ બુદ્ધિ અપાર; જીહો કનકસુંદર મુનિ વિનવે, લાલા ચઉવિહ સંઘ જયકાર. મહી૦ ॥૧૦॥ જીહો ચોથો ખંડ સોહામણો, લાલા નવરસ સરસૂ વિચાર; જીહો બિભત્સ ભય કરૂણામયી, લાલા રૌદ્ર ને શાંત પ્રચાર. મહી૦ ॥૧૧॥ ઈતિ ચતુર્થ ખંડઃ સમાપ્તઃ

## ॥ અથ પંચમ ખંડઃ પ્રારભ્યતે ॥

॥ દોહા ॥

હવે બોલું ખંડ પાંચમો, પંચ પરમેષ્ઠી પાય;
કર જોડી પ્રણીપત કરૂં, પૂરણ કરો પસાય. ॥૧॥
બહુ દિન બહુસુખ ભોગવી, રાજા શ્રી હરિચંદ;
ચારિત્ર લેવા ચિંતવે, જો આવે જિનચંદ. ॥૨॥
મનમાંહે ઇચ્છા કરે, સુતને સોંપુ રાજ;
જો ઈહાં આવે શાંતિજિન, સારૂં આતમકાજ. ॥૩॥
છેહ નહીં સુખ દુઃખનો, ધર્મ વિણુ ગતિ ન કાંય;
મુક્તિ પંથ લહીયે નહીં, વિણુ ભેટયાં જિનરાય. ॥૪॥
ભાવ ઋષીશ્વર ભૂપતિ, થયો હવે હરિચંદ;
ચારિત્ર લેવા ચિંતવે, જો આવે જિનચંદ. ॥૫॥
મેહ વાટ મન મોર જયું, શાંતિનાથ જિનરાજ;
જોતાં આવી સમોસર્યા, વન ઉદ્યાને આજ. ॥૬॥

## ॥ ઢાળ ૧ લી ॥

સત્યાવીશ સ્થૂલ માંહી... એ રાગ

ઇણ અવસર તિહાં આવ્યા, જિનવર જગદાનંદ; સાધુ ઘણાશું પરવર્યા, જગપતિ શાંતિ જિણંદ; દેવદુંદુભી વાજિંત્ર, વાજે જલ્લરી ભેરી; તાલ કંસાલ અને શ્રી, માદલ નાદ નફેરી. ॥૧॥ મહોટા મહોત્સવે રાજા, લોક શું હર્ષ ધરેવિ, આયુધ છત્ર મુકુટ, પંચહી દૂર કરેવિ; તીન પ્રદક્ષિણા દેઈ વાંદ્યા શ્રી ભગવંત, રાય રાણી મંત્રીશ્વર, ત્રિહું બેઠા એકંત. ॥૨॥ યોજન વાણી વખાણે, જાણે અમૃતધાર, ધર્મકથા સાંભળવા, બેઠી પર્ષદા બાર; નિજ નિજ ભાષાયેં દાખવે, સહુને શ્રી વીતરાગ, કેઇ શ્રાવકવ્રત આદરે, કેઈ ચારિત્ર વૈરાગ. ॥૩॥ જલધર બુંદ તણી પરે, ચાતક ચિત્ત હરિચંદ, સરસ વચન રસ પાવન, કરત તૃપ્તિ નરિંદ; રાજા શ્રી હરિચંદજી, કહે કરકમલને જોડી, ભવ ભય ભંજન જિનવર, ભવ સંકટથી છોડી. ॥૪॥ કહો ભગવન્ પૂરવ ભવે, પાપ કિયા કોણ કોડી, બહુવિધ આપદા ભોગવી, લાગી સબલી ખોડ; કહે શ્રી શાંતિજિનેશ્વર, નરવર સુણ અધિકાર, પૂર્વભવે જે કર્મ, કીયા તસ એહ વિચાર. ॥૫॥ કર્મ પ્રમાણે ભોગવે, પ્રાણી દુઃખ અપાર, પૂર્વદિશે અમરાવતી, નયરી જોયણ બાર; અમરસેન રાજા તિહાં, પાળે વરણ અઢાર, પટરાણી અમરાવતી, મંત્રીશ્વરમતિ સાર. ॥૬॥ અતૂલબલી અલવેસર, રાજેસર અવનીશ, તેજ

પ્રતાપે દિનપતિ, નરપતિ વિશ્વાવીશ; એક દિવસ તિહાં આવ્યા, દોય યતિ ગુણવંત, વૈરાગી ચારિત્રીયા, મ્હોટા સાધુ મહંત. ॥૭॥ છ માસી તપ પારણે મુનિવર આવ્યા તેહ, ઇણ અવસરે તિહાં જરમર, જરમર વરસે મેહ; નૃપ અંતેઉર મંદિર, ગોંખ તળે પહોંચેય, ઇરિયાવહિ પડિક્કમવા, ઉભા મુનિવર બેય. ॥૮॥ સુરનર કિન્નર દિણયર, અથવા પુરિસસીહ એમ, રૂષિ દીઠા રાજાની–રાણી મોહી તેમ; સુંદર મંદિર રૂપ, પુરંદર સરીખે પ્રેમ, ભોગ ભોગવું રૂષિ સાથે, રાણી ચિંતે એમ. ॥૯॥ દાસી સાથે છત્રહ, દેઇ બોલાવ્યા સાધ, રાજ ભુવને બે આવ્યા, મુનિવર [1]અકલ અગાધ; આગળ આવી ઉભી, રાણી બે કર જોડ, હાવ કરી બોલી, મુનિ પૂરો મુઝ કોડ. ॥૧૦॥ જન્મ સફળ કરો સરસા, સરસ મળ્યો સંયોગ, વર્ષ એક તુમ છાના, રાખું વિલસો ભોગ; તુમે તરૂણવય યૌવન, હું પણ બાળે વેશ, બીજો કો નહીં જાણશે, રાજા નગર નરેશ. ॥૧૧॥ પ્રથમ ઢાળ પુરી કરી, સાધુ પડયાં જંજાળ, ઇમ સુણી મુનિવર પાછા, બાહુલીયા તતકાળ; રાણી આગળ દોડી, દીધા મહેલ કમાડ, કનકસુંદર કહે ઇણી પરે, પ્રીત ન થાયે માડ. ॥૧૨॥

॥ દોહા ॥

રાણી બોલે રૂષિ સુણો, મ કરો હઠ અનંત;
બંને નહીં તો એક પણ, વિલસો ભોગ મહંત. ॥૧॥

---

૧ જ્ઞાની અગાધ *

## ॥ ઢાળ ૨૭ ॥

રાગ રામગિરી—નમો રે, નમો શ્રી શત્રુંજય—એ રાગ.

સાધુ કહે સુણો માતા ગંગા, તું છે માત સમાનરે, તાહરે પુત્ર થકી અમે અધિકા, હઠ કિસ્યો અસમાન રે. ॥૧॥ મોરી માતાજી હો રે માતાજી, જાવા દ્યો એ સાધ રે, અમે કવણ કિયો અપરાધ, અમને થાય છે અધિકી બાધરે. મો૦ ॥૨॥ વૈરાગી અમે બ્રહ્મચારી, છોડ્યાં કુટુંબ પરિવાર રે; રમણી છંડી અમે રંભા સરખી, એહ અમારો આચાર રે મો૦ ॥૩॥ રન્ને વને રહીયે ઇંદ્રિય દમિયે, સહિયે આતપ શીતરે, પ્રીત ન કરીયે ભવતટ લહિયે, વહિયે ચારિત્ર ચિત્તરે. મો૦ ॥૪॥ કામ ન જાગે પાપ ન લાગે, વ્રત નવિ ભાંગે હીર રે; જે તું માગે નહીં અમ આગે, વૈરાગે મન ધીર રે. મો૦ ॥૫॥ ઇંદ્રી બાળી ભસ્મ કરી નાખી, શું દીઠું કહે માત રે; અમશું આગ્રહ કરીને એહવો, કાંઇ વિણસે વાત રે. મો૦ ॥૬॥ અમને દેખીને તું મોહી, કારણ કેઓ દાખ રે; શીલ રયણ અમ પાસ અનોપમ, તે જોઈયે તો રાખરે. મો૦ ॥૭॥ સાધુ ઘણું રાણીને સમજાવે, પણ નવિ માને તેહ રે; ભીંજે પણ પહાણ નવિ ભેદે, ભલે વરસે બારે મેહરે. મો૦ ॥૮॥ ચોપડે ઘડે જેમ છાંટ ન લાગે, ઉન્હે રંગ મજીઠ રે; તિમ મુનિને વચને નૃપપત્ની, પ્રતિબૂજે નહીં ધીઠ રે. મો૦ ॥૯॥ ઢાળ રસાળ કહી

એ બીજી, કનકસુંદર મુનિરાયરે; હાવ ભાવ રાણી બહુ માંડે, મુનિવર મન ન સુહાય રે. મો૦ ॥૧૦॥

॥ દોહા ॥

બોલી રાણી પાપિણી, વચન સુણો ઋષિરાજ;
એકાંતે તમને લહ્યા, સહી ન છોડું આજ. ॥૧॥
રૂષિ જંપે માતા સુણો, ચલે મેરૂગિરિ રાય,
શીલ અમારૂં નવિ ચળે, વાતાં ઘણી બનાય. ॥૨॥
કામ લુબ્ધ કામિની કહે, રાતી વિષયા રસ;
તુમને હું વિણ ભોગવ્યા, છોડું નહીં અવસ્સ. ॥૩॥

## ॥ ઢાળ ૩ જી ॥

નારે પ્રભુ નહી માનું ... એ રાગ.

હું નહી છોડુંગી, નૈન નચાવત, ભ્રમર ભમાવત, બાહુ લુચાવત રે; રાગ આલાપત ચંત્ર મચાવત, શીસ ધુમાવત રે. હું૦ ॥૧॥ આલસ મોડત કરકે કાહાડત, ઉર ઉઘાડત રે; અધર દશન પુની આપ આપને, કામ જગાડત રે. હું૦ ॥૨॥ નૃત્ય કરત પુની પાય પરત હૈ, સા કામાતુરી રે; કહી તટી દેખત કુચ પર કર ધરી, ઐસી આતુરી રે. હું૦ ॥૩॥ ડર ભય દિખાવે, નૈન નચાવે, તુમકું મારૂંગી રે; માનોગે જો વચન હમારે, પ્રેમ બધારૂંગી રે. હું૦ ॥૪॥ નીર ચીર અંજન મર્દન ધુસક, રૂષિકું ભાખત રે; વિષય મહારસ મુદરી લીલા, કયું મન રાખત રે. હું૦ ॥૫॥ સાધુ મહામુનિ સંવર કિનો, મૌન મહાવ્રત રે; હાવ ભાવ કરત બહુ

ત્રીયા, કુછ નહીં ભાવત રે. હું૦ ॥૬॥ મુનિ મન મદન પકરી વિષ જલતે, ભેદત નાહીન રે; બારહ મેઘ પ્રીયા જર લાગી, ન ભેદ તું પાહન રે. હું૦ ॥૭॥ ધન ધન બ્રહ્મચારી વૈરાગી, ટુક નહી ભીજન રે; હાવ ભાવ નહીં બાણુ કામકે, તન નહીં છીજત રે. હું૦ ॥૮॥ ત્રીજી ઢાળ કહી સંપૂરણ, કનકસુંદર મુનિ રાયા રે; મેં તીનકું પ્રણામ કરત હું, જે સાધુ ન ચલાય રે. હું૦ ॥૯॥

॥ દોહા ॥

નિષ્ફળ નૃપ પત્ની તણાં, થયા મનોરથ એહ;
કરવા લાગી કુકૂઓ, દુરાચારિણી તેહ. ॥૧॥
મંદીર બાર ઉઘાડીયા, આવ્યા નૃપ જન માંહી;
જાલ્યા તે બેહુ જતી, બાંધ્યા કાઢી સાહી. ॥૨॥
મુનિવર મુખ બોલ્યા નહીં, મોહ કર્મ બલ માર;
રાજા આવ્યો એટલે, રમી વન ગહન ઉદાર. ॥૩॥
વાત જણાવી રાયને, તેડાવ્યા બે સાધ;
નિરપરાધ નિષ્ઠુર પણે, દીધો માર અગાધ. ॥૪॥
બંદીખાને લેઈ ધર્યા, માસ એક મુનિ રાય;
એક દિવસ રજની સમે, મુનિ પભણે સજ્ઝાય. ॥૫॥
રાજા રાણી સાંભળે, સૂતા મંદિર માંહિ;
કાન દઈ એક ચિત્તશું, સુણે ઘણે ઉત્સાહ. ॥૬॥

## ॥ ઢાળ ૪ થી ॥

વીરમતી કહે ચંદને... એ રાગ.

સાધુ કહે નિજ જીવને, સાંભળ મન વીર;

ભાર્ગવ પૂર્વ ભવે કીયા, એ દુઃખ જંજીર ॥૧॥
કર્મ કમાઇ આપણી છૂટે નહી કોય; સુર નર કર્મે વિડંબીયા, ચિત્ત વિચારી જોય. ॥૨॥ રે મન! કર્મ વિટંબના, મત આણો કો રોષ; કર્મ કમાઈ પ્રમાણ તે, કેહનો નહીં દોષ. કર્મ. ॥૩॥ પરે દુઃખ દેતાં સોહિલું, સહુની એ રીત; આપને સહેતાં દોહિલું, નવી સુખી નીત. ક. ॥૪॥ પરને પીડા જે કરે, નવી પૂછે ન્યાય, સંકટ પામે સાધુ જયું, અન્યાય પ્રભાવ. ક. ॥૫॥ ઈમ સુણી રાજા ઉઠીયો, આવ્યો તતકાળ; છોડાવ્યા બીહું યતી, ચમકયો ભૂપાલ. ક. ॥૬॥ પાય લાગી પ્રણિપત કરે, હું પાપી દુષ્ટ; ઋષિ મુજ મિચ્છામિ દુક્કડં; તુમે થાઓ સંતુષ્ટ. ક. ॥૭॥ રાણી પણ શંકી ઘણું, મન ચિંતે એમ; એ મોટા અપરાધથી, હું છૂટીશ કેમ ? ક. ॥૮॥ સમક્તિવ્રત બેહુ આદરે, ભાગ્યું મિથ્યાત્વ; પાપ આલોચે આપણાં, ત્રિહુંવિધિ વિખ્યાત. ક. ॥૯॥ તે રાણી તારાલોચની, તું તે રાજા હરિચંદ; સાધુ સંતાપ્યા તેં જીકે, પાયા દુઃખ દંડ. ક. ॥૧૦॥ સાધુ મરી સુર ઉપન્યાં, તાપસ સુર હોય; તુજ દુઃખ દીધું તેટલું, કર્મની એ ગતિ જોય. ક. ॥૧૧॥ હરિચંદ સુણી એમ ચિંતવે, સાચી જિન વાણ; સંશય ભાંજે જીવના, સુખની એ ખાણ. ક. ॥૧૨॥ વાણી સુણી ભગવંતની, હૈયે હર્ષ ન માય; જાતીસમરણથી લહ્યું, પૂરવ ભવ રાય. ક. ॥૧૩॥ કહે હવે ચારિત્ર આદરૂં, હરિચંદ

૧ કરે *

ભૂપાલ; કનકસુંદર મુનિ વિનવે, ચોથી ઢાળ રસાલ. ક. ॥૧૪॥ હવે હરિચંદ આવી ઘરે, રોહિતાશ્વને રાજ; દેઈ ને ઉત્સુક થયો, ચારિત્ર લેવા કાજ. ક. ॥૧૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

રાગ સારંગ મલ્હાર. રસીયાના ગીતની જાતિ.

શ્રી ઉવજઝાય બહુ શ્રુત નમો ભાવશું... એ રાગ.

હરિચંદ આવ્યો રે મંદિર આપણે, કુમરને સોંપ્યો રે રાજ; મુનીસર; દાન દેઈને તવ ચારિત્ર લીયો, ધન દિન મહારો રે આજ. મુ૦ ॥૧॥ વડો રે વૈરાગી હરિચંદ વંદીયે, ધન ધન કરણી રે તાસ; મુ૦ સત્યવંત સંયમધારી નિર્મળો, ચારિત્ર પવિત્ર પ્રકાશ. મુ૦ વડો. ॥૨॥ પંચ મહાવ્રત સુધા આદરે, થયો સાધુ નિર્ગંથ; મુ૦ બાવીશ પરિસહ દુષ્કર તે સહે, પાળે મુનિનો પંથ. મુ૦ વ૦ ॥૩॥ પ્રતિબુઝી રાણી તારાલોચની, ચારિત્ર પીયુની રે સાથ. મુ૦; દીધી પ્રભુ અમૃત રસ દેશના, કેવળ આણ્યો રે હાથ. મુ૦ વ૦ ॥૪॥ ચારિત્ર પાળે ચતુર મહાસતી, શીયલ સંયમ સતસંગ. મુ૦; પંચ મહાવ્રત પાળે પરવડાં, સાધે મુક્તિ મનરંગ. મુ૦ વ૦

॥૫॥ હરિચંદ ઉગ્ર વિહાર ક્રિયા કરે, દુષ્કર તપને રે ભાય. મુ૦; કાઉસ્સગ્ગ સાધે મુનિ ખટમાસનાં, ઉપસર્ગ કઠીન સહાય. મુ૦ વ૦ ॥૬॥ આગે સહતી ઉપસર્ગ આરિયા, આઠેહી કર્મ ખપંત. મુ૦; છમાસી પણ તારાલોચની, દુક્કર તપહ તપંત. મુ૦ વ૦ ॥૭॥ મુનિવર માસ છઠે કરે પારણું, આવે અયોધ્યા એક વાર; મુ૦; દોષ બેંતાલીશ મુનિવર ટાળતાં, વહોરે નીરસ આહાર. મુ૦ વ૦ ॥૮॥ છમાસીનું સાધી પારણું, દોષ રહિત વિહરંતિ. મુ૦; અરસ નીરસ ગૌચરી લેતી થકી, વળી છમાસીની ખંત. મુ૦ વ૦ ॥૯॥ હરિચંદ શત્રુંજયગિરિ સંચર્યા, કાઉસ્સગ્ગ રહ્યા ઋષિરાય. મુ૦; તિંહા પણ કાઉસ્સગ્ગ સાધ્વી આદરે, આઠેહી કર્મ ખપાય. મુ૦ વ૦ ॥૧૦॥ વળી તે સાધ્વી તારાલોચની, ચિત્તમેં ચિંતેરે એમ; મુ૦ સાધુ સંતાપ્યા તિણ પાતક થકી, છૂટકો થાશે રે કેમ. મુ૦ વ૦ ॥૧૧॥ રાજા પણ એહીજ ચિંતા કરે, સમવાય કેવલનાણ. મુ૦; ત્રિભુવને બેહુંનો તેજ પ્રકાશીયો, એ એ પુણ્ય પ્રમાણ. મુ૦ વ૦ ॥૧૨॥ બહુ દિન પ્રતિબોધી ભવિ જીવને, મુક્તિયેં પહોંચ્યારે દોય. મુ૦; કનકસુંદર ગુણ ગાતાં તેહનાં, સવિ સુખ લીલારે હોય. મુ૦ વ૦ ॥૧૩॥ પંચવરણ ફુલની વૃષ્ટિ થઇ, જય જય વિવિધ પ્રકાર. મુ૦; દોં દોં વાજે ગગને દુંદુભી, ગાજંતી ઘનઘોર. મુ૦ વ૦ ॥૧૪॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

શેર સોનાની ઉજળી... એ રાગ.

શ્રી હરિચંદની ચોપાઇ, અતી નીકી નવરંગી. ચંગી ચોપાઈ.; સુગુણ હોવે તે સાંભળે, ઉલટ આણી અંગ. ચં૦ ॥૧॥ સરસ વસાણો શ્રાવકો, પામીજે વિણ દામ; ચં૦; મોહનવેલી ચોપાઇ, નામ તિસ્યો પરિણામ. ચં૦ ॥૨॥ ખાણ રતન હીરા તણી, પ્રગટી પુણ્ય પ્રમાણ. ચં૦; આદર કરજો એહને, મુક્તિ તણા ફલ જાણ. ચં૦ ॥૩॥ રાગ છત્રીશે જૂજુઆ, નવિ નવિ ઢાળ રસાળ. ચં૦; કંઠ વિના શોભે નહીં, જ્યું નાટક વિણ તાલ. ચં૦ ॥૪॥ ઢાળ ચતુર મ ચૂકજો, કહેજો સઘળા ભાવ. ચં૦; રાગ સહિત આલાપજો, પુણ્ય પ્રબંધ પ્રભાવ. ચં૦ ॥૫॥ મરૂધર દેશ મહીપતિ, જસવંત સબલી હાક. સોઝત શહેર સોહામણો, નવકોટીનું નાક. ચં૦ ॥૬॥ ભાવડગચ્છ ગુરૂ સાધુજી, સાધુ ગુણે ભંડાર. ચં૦; શિષ્ય પટોધર તેહનાં, શીલવંત સુવિચાર. ચં૦ ॥૭॥ ઉપાધ્યાય મહેશજી, ગુરૂ ગૌતમ અવતાર. ચં૦; ચં૦; મુનિવર મોટા મહાજને, આગમ જ્ઞાન અપાર. ચં૦ ॥૮॥ કનકસુંદર શિષ્ય તેહને, ગાયો એહ પ્રબંધ ચં૦; શ્રી હરિચંદ નરિંદનો, શાંતિનાથ સંબંધ. ચં૦ ॥૯॥ નવરસ ભેદ જૂજુઆ, ઢાળ એગુણચાલીશ. ચં૦; ભાવ ભેદ બહુ ભાતના, વિધિશું વિશ્વાવીસ. ચં૦ ॥૧૦॥ સંવત સોળ

સત્તાણુવે, શુદ પક્ષ શ્રાવણ માસ. ચં૦; પંચમી
તિથિ પૂરણ હુઓ, શ્રી હરિચંદનો રાસ. ચં૦ ॥૧૧॥

**કળશ**

ગાથા સાડી સાતશેં, તિણ ઉપર ઇગતીસ;
સાંભળતાં શ્રી સંઘને, પૂગે આશા જગીશ. ॥૧॥

॥ પંચમ ખંડ સંપૂર્ણ. ॥

ઇતિ શ્રી હરિશ્ચંદ્રરાસ સંપૂર્ણઃ ॥

પૂ. શાસનકંટકોદ્ધારક જ્ઞાનભંડાર હ. લિ. પ્રત નં. ૫૪૧ પાના ૧૦ની પ્રત સાથે સંશોધન કરેલ છે અને સંશોધિત પાઠોને * નિશાની આપેલ છે.

—શ્રી અભયસોમ કૃતા—

# માનતુંગ–માનવતી પ્રબંધ
# ચતુષ્પદિકા.

—શ્રી ગુરુભ્યોનમઃ—

॥ દોહા ॥

પ્રણમું માતા સરસ્વતી, પ્રણમું શારદ માય;
મુરખથી પંડિત કરે, જસ જગમાં કહેવાય. ॥૧॥
કથા સરસ નેં કવિયણાં, કેલવીયાં બહુ મીઠ;
સાકર દ્રાક્ષ અમીથકી, મેં તો અધિક દીઠ. ॥૨॥
ધર્મ અનેક પ્રકાર છે, પણ સાચસમો નહિ કોય;
બોલણહારો સાચનો, વિરલો કોઈક જોય. ॥૩॥
માનવતી વાંકો કહ્યો, સમય હુઓ અવસાન;
માનતુંગ આમે મળ્યાં, જેહનું રહીયું માન. ॥૪॥
કહું કથા હવે તેહની, જિમ હોઈ જગમાંહ;
સાવધાન થઈ સાંભળો, શ્રોતા મન ધરી ઉત્સાહ. ॥૫॥

## ॥ ઢાળ ૧ લી ॥

ચોપાઈ

માલાગિર છે' માલવદેશ, બીજા દેશથી ઉચ્ચ પ્રદેશ; તીરથ [1]તોય ઘણાં તિહાં થાન, [2]શત્રુકાર ઘણાં તિહાં દાન ॥૧॥ રાજા પ્રજા ધરમીલોક, પાન ફુલ લાભે સહુ થોક; ઉજ્જેણીનગરી પ્રધાન, માનતુંગ-રાજા બહુમાન ॥૨॥ કોઈ ન લોપે જેહનો [3]કાર, વૈરી જીત્યા ખડ્ગ પ્રહાર; પ્રજા પાલે ટાલે વાંક, રૂપ કલા ગુણ આડો આંક ॥૩॥ વાજે પંજર સરણાઇ સૂર, વાચા અવિચલ તેજ પંડૂર; [4]ખ્યાગ ત્યાગ નિકલંક નરેશ, કીરતિ જેહની દેશ પરદેશ. ॥૪॥ આણભંગ બિરૂદ મહામછરાલ, [5]ઓનખના ઘરનેં રંગ ઢાલ; ગુણસુંદરી રાણી ગુણભરી, શીલે સીતા શોભે ખરી. ॥૫॥ નગરમાંહે વસેં વ્યવહારીયા, લાખ કોડિ ધારી છે તિહાં મયા; શતપીઢીઆ કેઈ શાહુકાર, ઘરઘર બારિં દેંદેંકાર. ॥૬॥ ધનપતિ શેઠ વસેં તિણ ઠામ, દેશ નગરમાંહિ જેહનું નામ; ધનપતિ ઘરણી તેહની જાણ, મીઠી જેહની અમૃતવાણ ॥૭॥ માનવતી તેહનેં ઘરે સાર, પુત્રી રંભાતણો અવતાર; લક્ષણ બત્રીશ અછે જે અંગ, ચોસઠ કલા તેહને પરસંગ. ॥૮॥ લોકમાંહિ ઘણો તસ નેહ, ચંપાવરણી અછે તસ દેહ; માતપિતાનો પણ છે નેહ, પુત્રી જિસિ ઘરે રાખેં રેહ ॥૯॥ વય આવી યૌવનનેં સિંધ, લાજેં જેહનો નમીઓ કંધ; ડાહી ને ભોલી

૧ પાણી. ૨ સત્રાગાર=સદાવ્રત. ૩ વચન, ૪

પણ જાંણુ, કીજે તેહનાં કેતાં વખાણ. ॥૧૦॥ ઢાળ પહેલી થઈ એ ખરી, સ્તુતિ કવિતા મનમાં ધરી; આગલેં અધિકાર રસાલ, સાભલતાં હુવે મંગલિક માલ. ॥૧૧॥

॥ દોહા ॥

માનતુંગ એકણ સમે, મનમ ચિંતે એમ;
જોઉં પ્રજા છે કેહવી, રાખે મુઝશ્યું પ્રેમ. ॥૧॥
અંધારી તારાં ભરી, રજનીં પહોર વ્યતીત;
સીખ દેઈ દરબારથી, ઉઠયો મન ધરી ચિત્ત. ॥૨॥
શ્યામવેશ પહેરણ ધરે, ખડગ ધરે નિજ હાથ;
એકાકી ભયરહિત છે, બીજો કોઇ નહી સાથ. ॥૩॥
ચોકે ગલી ચઉટે ભમે, સુણતો નવ નવ વાત;
ગલીયાં ફિરતો રંગમાં, હુઈ તાસ અધરાત. ॥૪॥
સરખી વય સરખી ગુણે, સરખે રૂપ ઉદાર;
સરખી કુલને માજને, ખેલે સેઠ કુમાર. ॥૫॥

## ॥ ઢાળ ૨ જી ॥

રાગ મારૂ કરમપરીક્ષાકરણ કુમર ચાલ્યો રે... દેશી.

બાલી ભોલી મીલીને એકઠીરે, રામત રમે રસાલ; એકએકથી ચઢતી કલારે, માનવતી વચેં બાલ.... બાલી૦ ॥૧॥ લૂયર દીધી આમોસાહમીરે, કુંદી દીધી ફેર; રાસ રમીને નવલા રંગમાંરે, ઘરહર મલીને ઘેર....બાલી૦ ॥૨॥ રામત કરીને બેઠી રંગમાં રે, વાત કરે ધરી પ્રેમ; આપણે કિમ રમશ્યું એકઠારે, પરણ્યા પુંઠે કેમ ?.... બાલી૦ ॥૩॥ કહે

બાલી એક કન્યકારે, ઈણુ નગરી વીવાહ; આપણુનો થાશ્યેં ઈહાં એકઠાંરે, વર જોયા ધરી ચાહ.... બાલી૦ ॥૪॥ માનવતી કહે તિહાં માહરેરે, નહિં જોયો કોઈ [1]વિંદ; રાત-દિવસ તે જોતા રહેરે, પિતાને નાવે નિંદ.... બાલી૦ ॥૫॥ વલતી કન્યા એક કહે તિહાંરે, મીલશ્યેં કીસે સંયોગ; કથન અમારો કેવો ચાલશ્યેંરે, કંત કિણુહી યોગ ?.... બાલી૦ ॥૬॥ માનવતી કહે વાલ્હાં કંતનો રે, દિલ છે આપણે હાથ; કેલવણી જો જાણે કામિનીરે, બલદ ચાલે જિમ નાથ.... બાલી૦ ॥૭॥ પૂછું બહેન કિણીપરેં રીઝવી રે, વશ કરશ્યો કિમ કંત ?; કામણ મોહન નારી કેલવી રે, અથવા ગુણનેં વંત.... બાલી૦ ॥૮॥ છાંદિં પ્રીયુને ચાલે ગુણવિયેંરે, કરે સુરંગો નેહ; કહ્યો ન લોપે કદ્દીઈકંતનો રે, કામિની કામણ એહ.... બાલી૦ ॥૯॥ કહે બાલા હું વશી કરૂંરે, સેવા કરીરે સ્વભાવ; કથન ન લોપું કદ્દીએ કંતનોરે, હૈડે ધરી હાવભાવ.... બાલી૦ ॥૧૦॥ કહે બીજી ભોજન ભક્તિશ્યુંરે, કહે ત્રીજી શણુગાર; રાગ-રંગ કરી ચોથી કહેરે, વશી કરશું ભરતાર.... બાલી૦ ॥૧૧॥ કહે બાઈ ! કિણીપરેં રીઝવીરે, કંત કિશ્યો (કરશ્યો) ગુણગેહ ?; માનવતી કહે તુમે સાંભલો રે, નારી નહિં છે તેહ....બાલી૦ ॥૧૨॥

॥ દોહા ॥

કહ્યો કરે જે કંતનો, તે કિમ કહીએ નાર ?;
પગશું પાછો ઠેલતાં, કદ્દીય ન મૂકે [2]લાર. ॥૧॥

૧ ધણી. ૨ છેડો.

ગુણવંતી શીલે સદ્ધર, તેણે કશો વિચાર ?;
સદા સદા તિણ નારીને, કંથ ન લોપે [1]કાર. ॥૨॥
જો કોઈ આપું માંહિ઼ોવઈ, તો જગ કીજે જોર;
કંતનો કેહવો કશ્યો, મૌલ લીઓ દીઓ મેર. ॥૩॥
કહે બીજી તિહાં કન્યકા, તું કુમરી જસવંત;
હ્યામે તો અધિકી ચતુર, તાહરો કેવો તંત ?. ॥૪॥
સાત ઘડા પાણીતણા, પાય પખાલી પીવ;
પગ ધરતી દેતાં થકાં, માંડે હાથ સદૈવ. ॥૫॥
માનતુંગ રાજા સુણી, વાતો તણા વિવેક;
બીજી બાલા છે પાધરી, બોલકડી છે એક. ॥૬॥

## ॥ ઢાળ ૩ જી ॥

કુમરી બોલાવે કુબડો... એ દેશી.

ચિતમેં રાજા ચિંતવે, બહુબોલી એક બાલી રે, કહો એ વાતો કિમ હુવે, વાત અચં(સં)ભમ બાલીરે ...ચિત્તમેં૦ ॥૧॥ અચરિજ મનમાં આવીયો, રાજા હૃદય વિચારી રે; જોવો બોલ બોલ્યો જિકો, કામિની કઠન કુમારી રે...ચિં૦ ॥૨॥ મનમાં ગાંઠ ગ્રહી સહી, રાજા એમ વિમાસી રે; બોલ ઉતારૂં એહનો, તો થાયે જગમાં હાસીરે...ચિં૦ ॥૩॥ આધી રાત વોલી જીસેં, બાલી સવિ ઘર જાવે રે; રાજા પૂછે તેહને, મનની ચૂપે ધાવેરે...ચિં૦ ॥૪॥ માનવતી ગઈ ગેહમેં, તેહનેં બાર લગાવેરે; [2]પીક

૧ પીછો. ૨ તંબોલની પીચકારી.

તંબોલ ઘણો તિહાં પાનનો, આપણપે ઘર જાવે રે.... ચિં ॥૫॥ પ્રભાતે દરબારમાં, મંત્રિ તેડી ઇમ ભાખે રે; 'સહીનાણી[1] તંબોલની, ઉંચી બારની સાખેરે.... ચિં ॥૬॥ ચંપો મોર્યો ફળ્યો બારણેં, તેહને ઘરે તુમ્હે જાઇરે; કન્યા તેહની સુંદરૂં, માહરે મનમાંહિ ભાવી રે....ચિં ॥૭॥ જોડી સગાઈ આવજ્યો, શેઠનેં દેઇ ધન વડાઇરે; કહ્યો રાજા પ્રધાનનેં, કરજ્યો હેત લગાઇ રે....ચિં ॥૮॥ વહી ઉતાવલો આયો ઘરે તેહને, સહિનાણી તેણે ઠામો રે; સનમુખ આવે શેઠજી, કરે આદર શિરનામો રે...ચિં ॥૯॥ રાજ પધાર્યા આંગણે, કહે ધનપતિ મુજ કામો રે; મનમાં વાત તુમ્હે રાખજ્યો, કહેજ્યો મૂકી લાજો રે...ચિં ॥૧૦॥ કહે મંત્રી તુમ કન્યકા, રાજા પરણવા ચાહે રે; આવે તુમ ઘર આંગણે, કહો તુમે તિણ સાહી રે....ચિં ॥૧૧॥ શેઠ કહે કર જોડીને, વિનતિ વાત બણાઇ રે; શિર ઉપરેં એક સાઇ છે, બીજા લોક ઘણાઇરે....ચિં ॥૧૨॥ પિંડ પ્રાણ છે જેહના, ધન પણ તેહને નામે રે; કેમ દેવરાયે મુજથકી, કાથો ચૂનો પાન રે....ચિં ॥૧૪॥મેં દીધી છે રાયનેં, કુમરી મારી વાલ્હીરે; પરણવા વેગા આવજ્યો, મેઘાડંબર માલ્હી રે....ચિં ॥૧૫॥ મંત્રી તેહ સંતોષીને, કારજસિદ્ધિ કરેઇરે; આવી રાજાને કહે, કુમરી પરણો તેહી રે....ચિં ॥૧૬॥ રાજા પરણે ઓછવે, માનવતી તે કન્યા રે; ધનપતિ કરે વધામણાં, લોક કહે ધનધન્યા રે....ચિં ॥૧૭॥

[1] નિશાની.

પરણીને પૂછી નહિ, પ્રીયુ કાંઈ સારો રે; લઇ નાખ્યો ભંડારમેં, જાણે મોતીનો હારો રે....ચિ૦ ॥૧૮॥

॥ દોહા ॥

કહે રાજા તો આગલે, ધોવે પગ ધરી હાથ;
ઠેલંતાં આઘો પડે, કરજ્યો તેહનો સાથ. ॥૧॥
માનવતી મન ચિંતવે, આશી હુઈ નિરાશ;
લિખીઓ લાભે વિષતમે, કીજે કીશ્યો વિશ્વાસ. ॥૨॥
કારણ કોઈ ન જાણીએ, રાજા કીધો રોસ;
કીસી વિમાસણ કીજીએ, દીજીએ કરમને દોષ. ॥૩॥
માનતુંગ મિલિઆ થકાં, માનવની મન ચાંહિ;
કૂઆ કેરી છાય જ્યું, રહ્યા મનોરથ માંહિ. ॥૪॥

अथ सूक्तम्

वनकुसुमं कृपणश्रीः, कूपच्छाया सुरंगधूली च ॥
तत्रैव यांति विलयं, मनोरथाः भाग्यहीनानाम् ॥५॥

સરોવરકંઠ સોહામણો, એક થંભો આવાસ;
રાખી રાણી એકલી, માનવતી ઘરવાસ. ॥૬॥
ખાણો પીણો પહેરણો, માસ એકનું માન;
પૂરણ કરે પ્રાસાદમાં, રાખે સજ્જ રાજાન. ॥૭॥
તાલા જડીને [1]પોહરો, રાજા કરે જતન;
હઠ લાગો તેહિ ન હુઓ, મેં જે કીધો મન્ન. ॥૮॥
જાળી એક રાખી જતન્ન, કામકાજની વાત;
રખવાળાને દીધો હુકમ, બીજી છંડી રાત. ॥૯॥

૧ પ્હેરો.

## ॥ ઢાળ ૪ થી. ॥

ચંદ્રાવતીની–તથા–ઈડર આંબા આંબલીરે...એ દેશી.

કુમરી મનમાં ચિંતવેરે, કેમ કીધો કિરતાર ?; હીયડે હારે કયું નહીરે, નયણ ભરે વારવાર.... મહારાજ ! જો જો માહરી વાત, એ તો ઘડી અલેખે ઘાત....મહા૦ ॥૧॥ તેડયો કુમરી તાતને રે, વીતક દુઃખની વાત; કહ્યું સ્વરૂપ રાયનું રે, દુઃખ કીધું તિહાં માત....મહા૦ ॥૨॥ માય તાય કહે વાલહી રે, એ મેંન જાણ્યો દ્રોહ; હવે તું કહે તિમ હું કરૂં રે, તો શ્યું માહરો મોહ....મહા૦ ॥૩॥ માનવતી કહે માહરી રે, એક વિનતડી અવધાર; સુરંગ દેવરાવો મહેલમેં રે, તાહરા ઘરની [1]લાર....મહા૦ ॥૪॥ પુત્રી એહ ન દોહિલું રે, કોઈનહી ઇણ કામ; લાખ કોડી લગેં ખરચસ્યુંરે, જિમ તુઝ વાધે માંમ....મહા૦ ॥૫॥ શેઠ સુરંગ દેવરાવતો રે, કોઇ ન લાગી વાર; મન હરખ્યો તિહાં આપણો રે, જોજ્યો થાય વિચાર....મહા૦ ॥૬॥ આવે જાવે બાપને રે, સદા ઘરે સુખહેત; વીસામો લ્યે દુઃખ કહી રે, માતપિતાઇ સમેત....મહા૦ ॥૭॥ વીણા એક આણી ભલીરે, મોટા તુંબા જેહ; પચવીસ આંગુલ દંડ છે રે, કરહો તીન ગણેહ.... મહા૦ ॥૮॥ ઘાટ ગમાને સારની રે તાંતી ખરી સુરદેહ; સખર સોનેરી ચીતર્યો રે, મોરણા સરીખા [2]વેહ....મહા૦ ॥૯॥ ચીર અન્હેરાં ગ્રહણાવીને રે, રાખે તુંબામાહિં મઝ; ખોલી લાલલૂંગીતણીરે, ઉપર રાખે ગુજ્ઝ....મહા૦ ॥૧૦॥

૧ પાસ. ૨ વીંધ.

॥ દોહા ॥

માનવતી માને કરી, નીચો દાવન દેહ;
કાઠો શું કાઠો કીયો, હીયડે હરખ ધરેહ. ॥૧॥
વજકછોટા મૃગ ચાંમડી, આણ્યો ભેખ અલેખ;
પગ પહરણને ચાખડી, વહ્યો ભસ્મ વિશેષ. ॥૨॥
વીણ વજાવે રાગમેં, આલાપે મુખ નાદ;
નારદ તુંબરસ ઓહશું, કોઈ ન જીપે વાદ. ॥૩॥
રાગે કુણ કુણ રીઝીઆ, બ્રહ્મા વિષ્ણુ મહેશ;
એક ત્રિયા વેશ્યા યતિ, બીજો સાંઈ વશ. ॥૪॥
ઈણ રૂપે ત્રિયા ભમે, ચાચર ચોહટે ચંગ;
એકાએક અનંતગુણ, રમલ કરે નવરંગ. ॥૫॥

## ॥ ઢાળ ૫ મી ॥

રાગ કેદારો. યોગણ રૂડી બે...એ દેશી.

ચંદ્રવદન મૃગલોચન કામિની, કોકિલી કંઠ સમાંનિ; વલી આલાપે વીણમેં, ભલે વેધે ચતુર સુજાણી ....સલુણી સામિણી સોહે બે, અરે હાં માનિની મન મોહેં બે ॥૧॥ ગયગમણી નેં અમૃતવાણી, નાસા દીપ સરીખ; મુહકમલ વિરાજે મલકતું, જાણે હીરા દંતસરીખ.... સલુણી સા૦ ॥૨॥ સુર એકતાન સજીને વીણા, ઝીણા વિચિ વિચિતાન; સાંભલી શ્રોતા રાગની રહેં થંભ્યા દેવવિમાન....સ૦ સા૦ ॥૩॥ રીઝયા જાણ વિશેષે મૂરખ, રીઝયા સહુ નરનારી; પશુ પંખી પણ રીઝીઆં ફિરતા લારોલાર.... સ૦ ॥૪॥ જિણ જિણ ગલીએ જોગિણી જાઇં, લોક

મીલે લખકોડી; કામ કાજ સવિ મુકીને, વહી દેખણ આવે દોડી....સ૦ ॥૫॥ ન ગણે તડકો તાઢ ન કાંઇ, ન ગણે રાત ન દીહા; ભૂખ તૃષા ન ગણે સહી, વલી ઠામ કુઠામ ન બીહા....સ૦ ॥૬॥ ગોરખચેલી જ્ઞાન ગહેલી, બાલા અલખ અરૂપ; કાર ન લોપે તેહની કોઇ, દેવ દાનવ ભૂપ....સ૦ સા૦ ॥૭॥ વાત સુણી સહુ નગરમેં સાહિબ, માનતુંગ મતિવંત; ગુણ ઢાંકયા ન રહે કદા, કસ્તુરી મયમંત....સ૦ ॥૮॥ આપ સરીખો મૂકયો મંત્રી, તેડણ જોગણી કાજ; આવી સામણ દેખતાં, રીઝયો મન મહારાજ....સ૦ ॥૯॥ આદર દીધો અતિઘણો રાજા, પામ્યો દેખી આણંદ; માણસ કહુંકે શારદા, મુખ જિસ્યો પૂનમચંદ.... સ૦ ॥૧૦॥ પીતાંબર અંબર પેટ વિરાજે, રાજે મેખલસાલ; વીણ વજાવે રાગમેં વલી, રીઝયો સુણત ભૂપાલ.... સ૦ ॥૧૧॥ રાજા મનમેં ચીંતવે માહરી, રાણી એકણથંભ; એહવી દીસે જોગણી પણ, મનમેં થાયે અચંભ....સ૦ ॥૧૨॥ સરીખા સરીખું દીસે જગમાં, હું ભૂલો છું ભમ્મં; સીખ દેઈ રાજા સહુ, અતિ દોડયો તેહને ધમ્મં....સ૦ ॥૧૩॥

॥ દોહા ॥

પાછલી વેશ ગઈ પદ્મની, પહેલી બેઠી જાય;
રાજા આયો તેતલે, હેત પખે બોલાય. ॥૧॥
હે સુંદરી! બેઠી અછે, કિમ જાઇ તુઝ દીહ ?;
એકલડી કિમ આવડે, મનમાં નાવે બીહ ?. ॥૨॥
માનવતી કહે રાયને, કીધું તાહરૂં હોય;
રાય કહે નહિં માહરૂં, તેં કહીયું તે જોય. ॥૩॥

હોશ્યે તે માહરૂં કહ્યું, યદિ તદિ કાંઈ વાત;
ધોશ્યે પગ જે માહરાં, તિણું મીલશે ઘાત. ॥૪॥
રાજા મનમાં ચિંતવે, ત્રિયા હઠીલી જાત;
કર્મહીણ એ કામીની, ઈણ શું કેહી વાત?. ॥૫॥
માસ ચ્યાર સ્હામો કરી, મહોચ્છાપ વળી દેઈ;
રાજા દરબારે રલી, બેઠો છત્ર ધરેય. ॥૬॥

## ॥ ઢાળ ૬ ઠી ॥

અલબેલાની. પુરોહિત મનમાં ચિંતવે રે લાલ...એ દેશી.

રાજાને મનમેં વસી રે લાલ, સાંમણ રાત નેં દીહ.... મન મોહ્યો રે; રાજભુવન આણી રલી રે લાલ, સાંમણ બેઠી જોહ....મન મોહ્યો રે.... રાજા૦ ॥૧॥ કર જોડી રાજા કહે રે લાલ, સાંમણ તાન સુણાય....મન૦; અવર ન કોઈ વારતા રે લાલ, કાંઈ ન આવે દાય....મન૦રાજા૦ ॥૨॥ કથા કહે કૌતુક-તણી રે લાલ, વચે વચ્ચે વાત વણાય....મન૦; ત્રિયા એણીપરેં ચાલવે રે લાલ, ભૂપ જણાય જણાય....? મન૦ રાજા૦ ॥૩॥ વલિ રાજા વિસ્મય પડે રે લાલ, જોઈ તિહાંકને જાય....મન૦; હું ભૂલો ભમમેં (ભ્રમમાં) પડયો રે લાલ, ઈમ કિમ જતને થાય.... મન૦ રાજા૦ ॥૪॥ તેહની જીભ સમી નહિ રે લાલ, અવળી બોલે વાંણ....મન૦; સયણ તિકે દૂર્જન હુવે રે લાલ, તેહને મૂકો માણ....મન૦ રાજા૦ ॥૫॥ અમીય સમાણી એ જોગણી રે લાલ, એ સમી કો નહિ નારી....મન૦; માન મૂકયો મેં માહરો રે લાલ, ઈણ આગે ગયા હારી....મન૦

રાજા૦ ॥૬॥ કહે નૃપ સાંમણિ ! સાંભલો રે લાલ, મહેલ રહો મુઝ પાસ.... મન૦; કહે યોગિણી જુગતો નહિરે લાલ, યોગી ભોગીવાસ....મન૦ રાજા૦ ॥૭॥ રાજા કહે રહેસો નહિ રે લાલ, મયા કરી મુઝ પાસ.... મન૦; નહીંતર હું તારે કન્હે રે લાલ, રહેશું હોઈ દાસ....મન૦ રાજા૦ ॥૮॥ તાહરે હાથે માહરો રે લાલ, જીવ વિકાણો જાય....મન૦; જ્યું જાણો હવે તે કરો રે લાલ, થાહરેં આવે દાય....મન૦ રાજા૦ ॥૯॥ કહે સાંમણ એક બોલ દ્યો રે લાલ, નવિ જાવું કેણે ગામ....મન૦; એકે ગામે એકઠા રે લાલ, રહેવો એકણ ઠામ....મન૦ રાજા૦ ॥૧૦॥ વાચા દ્દીધી તિણ સમે રે લાલ, રાજા રીઝયો ભાય....મન૦; શુદ્ધ બુદ્ધ સહુ ભૂલી ગયો રે લાલ, પ્રીતેં પરવશ થાય.... મન૦ રાજા૦ ॥૧૧॥ નાગણી વાધીણી કન્હેં રે લાલ, રહે મંડીને પ્રીત....મન૦; મરણથકી ન ડરે કદા રે લાલ, સાતરણી તિહાં ચિત્ર....મન૦ રાજા૦ ॥૧૨॥ '[1]બિહાડે' ડોલા કરી રે લાલ, મંત્રતંત્રની વાત....મન૦; મનમેં નૃપ ડરતો રહે લાલ, દ્દુધે ડાંગની ધાત....મન૦ રાજા૦ ॥૧૩॥

॥ દોહા ॥

રાજા મનમાં બીહતો, તે સાંમિણીની ધાક;
રહે અહોનીસ જીવડા, ઘડો ચઢયો જિમ ચાક. ॥૧॥
બીહે એકણ [2]દ્રેઠથી, હસેં જ એકણ દ્રેઠ;
બુચકારો એકણ કરે, અંકણ હાથ ચપેટ. ॥૨॥

૧ આંખો કાઢીને બીવરાવે. ૨ દૃષ્ટિથી.

દિવસે પહોર એક પણ, રાતે પણ સાવધાન;
યોગણુ સદા રાજનને, કરે સદા એકતાન. ॥૩॥

દક્ષિણ દેશે એક નૃપ, મુંગી પાટણ જેહ;
દલથંભણ રાજા ઘરે, ગુણાવલી ગુણ ગેહ. ॥૪॥

પુત્રી તેહને પદ્મની, રતનવતી વિવાહ;
મૂકયો તિહાં નાલેર મલી, માત પિતા ધરી ચાહ. ॥૫॥

લે આયો પ્રધાન તિહાં, માનતુંગ નૃપ પાસ;
આવ્યો રાજા ઉતાવલો, વેગે ચઢી પ્રહાઘોડાંસ (?). ॥૬॥

## ॥ ઢાળ ૭ મી ॥

કાચી કલી અનારકી રે હાં...એ દેશી.

રાજા ચિત્ત ચિંતા થઈ રે હાં, કિમ થાશ્યે એ કામ ?....મનમેં ચિંતવે; જો નવિ જાઉં તિહાંકણે રે હાં, ન રહે નૃપમેં મામ....મનમેં ચિંતવે૦ ॥૧॥ જો જાઉં તો દિન લગે રે હાં, ઇહાં જોગિણશું લાગ....મન૦; સાચો ઉખાણો એ મળ્યો રે હાં, પરેંઉ' તટ ઇહાં વાઘ....મન૦ ॥૨॥ બેઠો થઈ દિલગીરમેં રે હાં, આવી યોગિણી પાસ.... મન૦; દીસે રાજા દીલગીરમાં રે હાં, કાંઇ આજ ઉદાસ ?....મ૦ ॥૩॥ કહે રાજા મુઝ આંગુલી રે હાં, બેહું આરા વિચે થાય....મન૦; વાત કહી મનની તિહાં રે હાં, તુમે કહો તે થાય.... મન૦ ॥૪॥ આવો જો સાથે સહી રે હાં, તો મુઝ સીઝે કાજ....મન૦; થેં નાવો મારે ઇહાં રે હાં,

કાંઇ ન રહે લાજ....મન૦ ॥૫॥ તેરા મન થિર નવિ રહ્યા રે હાં, મેરા કાંઇ ન દોસ.... મન૦; તું રાજા મેં જોગિની રે હાં, મુઝશું કેહો [1]સોસ....મન૦ ॥૬॥ રાય કહે એક બોલ છે રે હાં, [2]સાપુરીસાંરી વાચ.... મન૦; કૂડે પ્રીત મીલે નહિં રે હાં, પ્રીતિ મીલે જો સાચ....મન૦ ॥૭॥ મેં તોશું મન બાંધીયું રે હાં, કહે જોગિણ કરી સાજ.... મન૦; હું તોસ્યું ટલી ના સકું રે હાં, [3]નયણાં હંદી લાજ....મન૦ ॥૮॥ રાજા મનમાં હરખીઓ રે હાં, દેઇ નિસાણે ધાવ.... મન૦; રમતાં લાધ્યો રંગમાં રે હાં, મનમાં ચિંત્યો દાવ....મન૦ ॥૯॥ ચડે પ્રયાણે ચાલતાં રે હાં, જોગિણી લીધી સાથ....મન૦; પગે લાખાણી પાવડી રે હાં, લીધી વીણા હાથ....મન૦ ॥૧૦॥ જો વહિલે જો હાથીએ રે હાં, જો પાલખી દોડી....મન૦; રાજા જોગિણ એકઠાં રે હાં, બેઠાં દીસે જોડી....મન ॥૧૧॥ બીજી ત્રીજી મજલમાં રે હાં, આયો વનવિસ્તાર....મન૦; છાયા પાણી અતિઘણાં રે હાં, કીયો મુકામ વિચાર.... મ૦ ॥૧૨॥

॥ દોહા ॥

વનછાયે ડેરાં કરી, ઉતરીઆ સહુ સાથ;
રાજા પૂછે રંગમાં, આવે છૂટઈ સાથ. ॥૧॥

ડેરા હૂઆ જાણીને, કહે જોગિણી મહારાજ;
વેલા હુઈ માહરે, સ્નાન જાપને કાજ. ॥૨॥

૧ અફસોસ. ૨ સત્પુરૂષની ૩ આંખની લાજ.

કહે નૃપ વહેલાં આવજ્યો, અમે ઉભા ઈણુ ઠામ;
રખે વિલંબો વનમેં, નહિં વસતીનો ઠામ. ॥૩॥
બીજા સાજ મૂંકી તિહાં, લેઈ વીણા ખંધ;
જોગિણ ચાલી જુગતિસું, ધૂતેવા નૃપ ધંધ. ॥૪॥
કુંજ નિકુંજે વન ગહન, જાતાં સરોવર દીઠ;
સુભર ભરીઓ સમુદ્રશું, પાણી અમૃત મીઠ. ॥૫॥

## ॥ ઢાળ ૮ મી ॥

ચૂનડી. અથવા વીંછીયાની...એ દેશી.

જોગણ ચરિત્ર કીયા જિકે, તિહાં ભેદ ન જાણે કોઇ રે લાલા, દાનવ દેવ ભોલાઈયાં, કિણુ લેખે માનવ જોઈ રે લાલા....જાણે જુગોની જોગિણી. જોગિણ જગમાં પ્યારી રે લાલા....જોગણ જગધૂતારીરે લાલા.... જાણે જુગોની જોગણી. ॥૧॥ હાંરે લાલા વેસ ઉતારી સાંમણી, સજ્યા સણગાર સરૂપરે લાલા, વેશ બનાયો ફાબતો, મન ધરી અધકી ચૂંપ રે લાલા....-જો૦ ॥૨॥ હાંરે લાલા અણીઆલાં કાજલ નયણડે, બીંદલી ભરી દીધી ભાલ કપાલ રે લાલા; નકવેસર નાસા ભલી, વલી મોતીએ સાર્યાં વાળ રે લાલા-....જો૦ ॥૩॥ કંચૂક કસમસતો કર્યો, ઉર ઉપર મોતીમાલ રે લાલા; કાને કુંડલ શોભતાં, વળી વેણીદંડ વિશાલ રે લાલા....જા૦ ॥૪॥ ગજરા નવગ્રહ [૧]પૂણચીઆ, ઝમકે તિહાં ઝાંઝરી પાય રે લાલા; પ્હેરી પટોલી દાડિમી, વડડાળે હિંચે જાઈ રે લાલા....જા૦ ॥૫॥ વીતી છે એક બેઘડી, નૃપ જોવે

૧ પહોંચી ( પોંચી. )

તેહવેં વાટ રે લાલા; ¹તાલોમાછો તે હુઓ, જોવંતો ઉઠી ઘાટ રે લલા...જા૦ ॥૬॥ વનનો ભય જાણી કરી, પગ લેઇ ચાલ્યો ધાય રે લાલા; વળી વન જોવે ચિંહુ દિશેં, નીરખે તિહાં સરોવર રાય રે લાલા....જા૦ ॥૭॥ નૃપ જાતો દેખી કરી, જાણે કોયલ ટહુકી ડાલ રે લાલા; એક હીંચોલો દેખે ભલો, નૃપ જોયો ઉંચો ભાલ રે લાલા.... જો૦ ॥૯॥ હીચોલીનઇં પૂછીયું, તું કન્યા કેહની ²એથ રે લાલા; હું બાલી વિદ્યાધરી, જાઉં મનજાણું ³જેથ રે લાલા....જા૦ ॥૧૦॥ પરણી તું છે પદ્મની, અથવા હવે ચાહેં પ્રીયુ રે લાલા ?; જોઓ મીટ મયા કરી, યો તુજ આગલી જીઉ રે લાલા....ની૦ ॥૧૧॥ મુજનેં પણ છે એહવો, પગ ધોવો પાંણી લાવ રે લાલા; સાત ઘડા જે સામઠા, ચરણોદક લ્યો મન ભાય રે લાલા....જાણે૦ ॥૧૨॥

॥ દોહા ॥

લોટપોટ દુખત હુવો, ગુડદા બાજગિ ડંડ;
એકણ ચમકેં આંખમાં, ન રહે માણ નરીંદ. ॥૧॥
આસપાસ નૃપ જોઈયું, કોઈ ન દેખે મુઝ;
કહીઉં કરીને પરણશ્યું, કુણ લહેશ્યે એ ગુઝ ?. ॥૨॥
ઠામ નહિ પાણીતણો, પોયણ દોણો કીધ;
વેલા સાત પખાલીયો, ચરણોદક તિહાં લીધ. ॥૩॥
કહે રાજા ચાલો હવે, પટરાણી તું એક;
જિહાં જિહાં તું પગલાં ભરે, તિહાં હાથ ધરૂં સુવિશેષ. ॥૪॥

૧ તલપાપડ. ૨ અહિં. ૩ જ્યાં.

સાથે હુઈ તે સુંદરી, સાચી મોહન વેલ;
સુરનર કિન્નર ભોળવે, ચાલંતી ગજગેલ. ॥૫॥
આવી બેઠી એકઠામ, કહે નારી પલ એક;
ઉભા રહેજ્યો મુજ ભણી, ભાંજુ સંકા એક. ॥૬॥
ઈમ કહી વૃક્ષ આંતરે, આધી ઈગ અલોપ;
ગ્રહણો વેશ ઉતારીને, કીધો વીણા ગોપ. ॥૭॥
રાજા તિહાં જોતો રહ્યો, ખબર ન લાધી કાંઇ;
એક જોતાં બીજી ગઈ, હાથા ભાથા ન્યાય. ॥૮॥
એકાએકી વનગહન, રાજા વિસમો થાય;
ચાલ્યો સાથ ભણી ચતુર, ઉતાવલો તે જાય. ॥૯॥

## ॥ ઢાળ ૯ મી ॥

કોઈલો પરવત ધૂંધલો રે લો...એ દેશી.

વેસ બનાયો પલટને રે લો, યોગીણ કીયો સરૂપ રે....સોભાગી, આઈ ઝબક ઉતાવલિ રે લો, આવે સનમુખ ભૂપ રે....સોભાગી ॥૧॥ જોગિણ ચરિત કીયા જિકે રે લો, તિહાં કોઈ ન જાણે ભેદરે.... સો૦; ચરિત્ર ત્રીયાનાં કુણ લહે રે લો, જાણે ચ્યારે વેદરે.... સો૦ જો૦ ॥૨॥ કહે રાજા સામિણી સુણો રે લો, તુજ વિરહો ન ખમાય રે સો૦, હું દોડયા તાહરે લીએ રે લો, ઘડીય છમાસી થાય રે....સો૦ જોગિણ૦ ॥૩॥ હું જોગિણ કીણસું કરૂં રે લો, મન નિરમોહી હોય રે....સો૦; કાચે તાંતણે બાંધીઓ રે લો, મનડો તુજશું પોયરે....સો૦ જો૦ ॥૪॥ રાજા જાણે સ્યું હૂઓ રે લો, ચાલ્યો આગે જાયરે....સો૦; અનુક્રમે પહોંત્યા પાટણે રે લો, મૂંગી નામ કહાયરે....સો૦

જો૦ ॥૫॥ તાહરેં સાથે રૂડા નહિં રે લો, કહે યોગિણ ઈમ જાણી રે....સો૦; વાડી રૂડી છે ઇહાં રે લો, ઇહાં સુખે રહીશું થાનરે....સો૦ જો૦ ॥૬॥ કહે રાજા '[1]થેં' સુખે રહો રે લો, દિવસ દોયનું કામ રે.... સો૦; ખબર કરીશું તાહરી રે લો, લાધી અવસર પાંમ રે....સો૦ જો૦ ॥૭॥ દલથંભણે તિહાં માંડીઓ રે લો, મહોચ્છવ ગહન પ્રવેશ રે....સો૦; જોવા જન મલીઆ ઘણા રે લો, આયા દેશ પરદેશ રે....સો૦ જો૦ ॥૮॥

॥ દોહા ॥

હય ગય રથ પાયક તણો, પાર ન લાભે કોય;
[2]જાનીમાંહેં જન મીલ્યા, હાલકલોલે જોય. ॥૧॥
તોરણ ચોક પૂરાઇઓ, ધવલમંગલ ધરી હેત;
રાજા આવ્યો [3]ચવરીયેં, વર કન્યા સમેત. ॥૨॥
રતનવતી પરણી [4]રણી, [5]આરિમ કારિમ કીધ;
મન ચિંત્યા મહિમતી તણા, સઘલા કારજ સીધ. ॥૩॥
પાછલ જોગણ પલટીને, કીધો રૂપ સરૂપ;
વીણા મૂકી વાગમેં, વહી આવી ગૃહભૂપ. ॥૪॥
વડારણ રાજાતણી, હું છું જાનની સાથ;
રાજલોક માંહિ ગઈ, જિહાં જોડાવ્યો હાથ. ॥૫॥
ગાવે ગીત મોહિં થઈ, કામ કરાવેં સૂલ;
માઢી જાનેં કરે ખુશી, વાત હાલક હૂલ. ॥૬॥
માનતુંગરાજા પ્રતેં, કહે આવીને તેહ;
ધાવમાત છું તેહની, થેં પરણી છે જેહ. ॥૭॥

૧ તમે ૨ જાન ઉતારે ૩ ચોરીમાં ૪ રંગે ૫ આનંદકાજે.

અરજ એક માબાપની, અવધારો ઇણીવાર;
કરજ ન કીધા ગોત્રના, નાવે સેજ કુમાર. ॥૮॥
માનતુંગ મા.ની તિકી, સઘલી સાચી વાત;
હવે જાઇને તિહાં કહે, જિહાં છે કન્યામાત. ॥૯॥
કહે જમાઈ થાહરો, રીસ મ કરશો કાંઈ;
દેવ અમારા આકરા, બલિ પૂજા જે થાઈ. ॥૧૦॥

## ॥ ઢાળ ૧૦ મી ॥

નાયકાની. સાસણદેવી આવોને અમારે
ઘેર પ્રાહુણા રે લાલ...એ દેશી.

તે કીધા વિણ માહરે રે લાલ, મેલો કેમ ન થાયરે.... સનેહી; થાશે હવે તે ઘરે ગયા રે લાલ, એહવી વાત બનાય રે.... સનેહી કેતા ચરિત્ર નારીતણા રે લાલ, પાર ન પામે કોય રે....સનેહી; કરે જે કોઈ આંખમા રે લાલ, જંમવારે નવિ હોય રે....સ૦ કેતા૦ ॥૨॥ अथ दृष्टांतः- अश्वप्लुतं माधवगर्जितं च, स्त्रीणां चरित्रं भवितव्यता च। अवर्षणं चापि च वर्षणं च, देवो न जानाति कुतो मनुष्यः ॥१॥ ફરી પાછી રાજા કન્હે રે લાલ, માનતુંગની પાસ રે....સનેહી; રાજતણો કારિજ કરૂં રે લાલ, સ્વામી-તણી હું દાસ રે....સ૦ કે૦ ॥૩॥ કેલવણી કયું ચાલતી રે લાલ, કિમ બોલંતી વાણી રે....સનેહી; લટકે બાહલડીતણે રે લાલ, કયું વેધંતી નેણરે.... સ૦ કે૦ ॥૪॥ હાવભાવ કરી રીંઝવ્યો રે લાલ, રાય હુઓ લયલીણ રે....સનેહી; તિમ ગાઢી ગ્રહી સતી રે લાલ, નૃપ તિમ ભાખે દીણ રે...સ૦ કે૦

॥૫॥ ભામિણીએ નવિ ભોલવ્યારે લાલ, કુંણ કુંણ માનવ દેવ રે.... સનેહી; તેહને પણ કારજ અછે રે લાલ, સાચી કીધી સેવ રે....સ૦ કે૦ ॥૬॥ પ્રીતિવશે દિન કેટલા રે લાલ, રસલૂબ્ધો તિણેં વાસ રે....-સનેહી; માનવતીના મનતણો રે લાલ, કારજ સીધ્યા કરેઇ રે....સ૦ કે૦ ॥૭॥ આવે જાવે હલીમલી રે લાલ, એક થયાં મન ભાઇરે... સનેહી; મીઠી લાગે પરત્રીયાં રે લાલ, સઘલાને સદભાય રે...સ૦ કે૦ ॥૮॥ ગર્ભ રહ્યો તિહાં જાણીને રે લાલ, હરખી મનતણી વાર રે... સનેહી; કાજ સર્યાં ન વિલંબીએ રે લાલ, [1]ડાહં એહિજ સારરે...સ૦ કે૦ ॥૯॥ ચાલણને ચલચિત્ત થઇ રે લાલ, કાંઈ મનસ્યું ન સુહાય રે...સનેહી; કહે રાજા તું માહરે લાલ, સાથે આવે દાય રે...સ૦ કે૦ ॥૧૦॥ દલથંભણ મૂકે નહિ રે લાલ, હીયેથી એક પલક રે....સનેહી; જો મુનેં દેખે નહિ રે લાલ, એક ઘડી નહિ જક્ક રે...સ૦ કે૦ ॥૧૧॥ પ્રીતિવશેં ગહિલો ભયો રે લાલ. જો મુંહ માગ્યો જાય રે... સનેહી; વલીઅ વિમાસે મન્નમાં રે લાલ, હાંસો લોકમાં થાયરે...સ૦ કે૦ ॥૧૨॥ તારો ઓઢણચીર છે રે લાલ, તે મુજ દે મન ભાય રે...સનેહી; રાતદિવસ હું માહરે રે લાલ, રાખીશ હૃદય લગાય રે...સ૦ કે૦ ॥૧૩॥ દેઇ ચીર કહે ઇસ્યું રે લાલ, પ્રાણ કીયા [2]તોવાર રે...સનેહી; ઇમ છે મનડેં માહરો રે લાલ, પણ પરવ (પરઘર)ની નારી રે...સ.કે૦ ॥૧૪॥ મુજને કિમ દિન જાયશ્યેં રે લાલ, થાશેં ઘડીઅ

૧ ડહાપણ ૨ તારી સાથે.

છમાસ રે...સનેહી; સહનાણી કાંઇ રાજની રે લાલ, હું રાખું નિજ પાસ રે...સ.કે૦ ॥૧૫॥ માહરે લોભ કોઇ નથી રે લાલ, માયા તણો છે લોભ રે...સનેહી; જીવડો તુજ સાથે અછે રે લાલ, સહીનાણી રી શોભ રે...સ.કે૦ ॥૧૬॥ નામાંકિત જે મુદ્રડી રે લાલ; વલી મોતીનો હાર રે... સનેહી; હાથતણે હથસાંકલા રે લાલ, લહે સહીનાણી સાર રે... સ.કે૦ ॥૧૭॥ પીલી ઓઢણ પાંમરી રે લાલ, મયા કરી મોજ રે...સનેહી; નેહેં કાંઈ ન દીજીઇ રે લાલ, કુંણ કરીઇ તિહાં સોજરે...સ.કે૦ ॥૧૮॥ માનવતી ચલચિત્ત હુઇ રે લાલ, કાંઇ ન કીધી વારરે... સનેહી; પાલટી રૂપ બીજો કરી રે લાલ; ઘરે પોહતી તેણિવાર રે...સ.ક૦ ॥૧૯॥ મિલી પિતાશું વારતારે લાલ, કીધી તેહ કહાયરે... સનેહી; મહેલ રહી તિહાં માનુની રે લાલ, ઉપર બોલ અણાય રે...સ૦ કેતા૦ ॥૨૦॥

॥ દોહા ॥

દલથંભણ રાજા પ્રતિં, માનતુંગ મહારાજ;
માગે સીખ મયા કરી, આપો અવર આજ. ॥૧॥

રાજાએ મન ચિંતવ્યો, પુત્રીના સુખ કાજ;
સંપ્રેડણ રાજા તણે, કર સજાઈ સાજ. ॥૨॥

હય ગય રથ પાયક ભલા, માણેક મોતીહાર;
ચીર પટંબર ચરણીઆ, કીધા સાથ તયાર. ॥૩॥

સીખ કરીનેં ચાલીઓ, છાની પ્રીતની રીત;
કહીનેં કીણસું દાખવે, ભોલો જોગિણ મિત્ર. ॥૪॥

આયો સાથ ઉતાતલો, તિણ વન તિણહીજ ઠામ;
જોગિણ ને વિદ્યાધરી, ચિત્ત આવી તિણ ઠામ. ॥૫॥
રાજા મનમાં ચિંતવે, ભૂંડી કીધી વાત;
પ્રીત કરીને છેહ દીઓ, કર્યો વિશ્વાસી ઘાત. ॥૬॥
રાજે કીધો પ્રેમસું, એક જોગણ બીજી દેવ;
ત્રીજી ધાવથકી ચલ્યો, કિણ કિણ દાખે ભેદ. ॥૭॥

## ॥ ઢાળ ૧૧ મી ॥

ઢાલ ભમરાની. વાડી ફૂલી અતિભલી મા મોરીરે અલવીગારો કાંન એઢુણી ચોરી રે...એ દેશી.

રાજા મનમેં ચિંતવે અહંકારીરે, કીધી પ્રીત કુરીત. રાય અહંકારીરે; માનતુંગ માહરો હા તો... અહં૦ ન રહી તેહની રીત...રાય૦ ॥૧॥ જે [1]રત હુઓ તે યોગિણી...અહં૦, આગલિ મૂકી માણ... રાય૦; હાથે દીધો તેહને...અહં૦, જીવડો ચતુર સુજાણ... રાય૦ ॥૨॥ માન મુકાવ્યું માનની... અહં૦, વિદ્યાધરી મનમાંહિ...રાય૦; તે પણ હાથહુંતી ગઇ... અહં૦, જીવ રહ્યો લલચાહી... રાય૦ ॥૩॥ મનડો તિહાં માંડવે... અહં૦, લોભે ચિત લપટાય...રાય૦; પૂરી પ્રીત પાલી નહિં... અહં૦, [2]માન ગયો મુંઝાય... રાય૦ ॥૪॥ રાય ગયો ઘર આપણે... અહં૦, આયો જેહવે દૂત... રાય૦; ચંદેરીનો ચક્રવે...અહં૦, દમઘોષ તેહનો પુત... રાય૦ ॥૫॥ આજ્ઞાકારી તેહનો... અહં૦,

૧ આસક્ત ૨ માનતુંગરાજા.

માનતુંગમહીપતિ... રાય૦; તેડાયો તિણ રાજવી... અહં૦, આવજ્યો ઇંહાકણે ઝત્તિ... રાય૦ ॥૬॥ સામી ધરમ જે નિજ રાખવા... અહં૦, ચડીઓ તુરત પ્રચંડ... રાય૦; સઘલી સેના સાથ લે... અહં૦, હયગય જે દલ મંડ... રાય૦ ॥૭॥ આયો રાય અર્ધ ઉપરે.... અહં., તેતલે કાગલ દેય....રાય૦, પટરાણી તુમશું કીઓ....રાય૦, ગોરીગર્ભ ધરેય.... રાય૦ ॥૮॥ થેં કહિશયો નવિ જાણીયો....અહં, જાણજ્યો ઘરનો ભેદ....રાય૦; માનતુંગ મનમાં ચિંતવે....અહં૦, કૂડ કહે [1]ધ્રુવેદ....રાય૦ ॥૯॥ મેં કીધો છે મહેલમાં...રાય૦, જતન જિકે દૃઢ બંધ.... રાય૦; કહે ભોલી તે ભામિની....અહં૦, રતી ન રાખી [2]સંધ....રાય૦ ॥૧૦॥ આવી મીલ્યો રાજા રંગશું....અહં૦, સુલંઘણે શિશુપાલ....રાય૦; આદર-માન દીઓ ઘણો....અહં૦, ભેટયો ચદિ ભૂપાલ.... રાય૦ ॥૧૧॥ આઇ [3]જેથ વધામણી....રાય૦, સીમંત કીયો રે સ્નાન....રાય૦; આઠ માસ પૂરા થયા.... અહ૦, વિસ્મય થયો રાજાન....રાય૦ ॥૧૨॥ પૂરે માસે પદ્મિની....અહં૦, જાયો પુત્ર પ્રધાન....રાય૦; ગઇ વધાઇ રાયને....અહં૦, શોકય તણાંસે નાંણ.... રાય૦ ॥૧૩॥ રાય મન હરખ્યોરેં

॥ દોહા ॥

શોકયે જિકે લાગ્યું હતું, તેણે પણ કીધી હાસ;
કાગલ વહેલા મૂકીયાં, પદ્મિની પહોંતી આશ. ॥૧॥

૧. નિશ્ચયે ૨. સાંધ=તડ. ૩ જેટલામાં.

રાજા કમોમો તિહો કહે, અંતેઉર ઈણ ઠામ;
ઇણ વાતે જો લાભ છે, તો કાંઈ બીજો કામ ?. ॥૨॥
રાજા મન ચિંતા થઈ, દીસે સાચી વાત;
ઉડતી વાતાં સાંભલી, દીઠી સાચી ભાંત. ॥૩॥
[1]શીખ માગી શિશુપાલપે, પટરાણીને દુઃખ;
હુકમ હોય તો રાજનો, ધરિ આઇ ઘું સુખ. ॥૪॥
કારજ કરીને આવજ્યો, વહેલા વળજ્યો રાય;
દીધી શીખ ઉતાવળી, મયા કરી મહારાય. ॥૫॥

## ॥ ઢાળ ૧૨ મી ॥

હાડારાય ઊરો ભીંજી રસ ચૂવે...એ દેશી.

ચડીઓ રાજા ચૂંપસુ, ઘરે આયો ઇ લગાર.... માની રાય; સમજી ન કા રાજા પ્રતિં, ખાંતિ ન કોઈ કાર.... માની રાય જયો જયો જિમ થઈ નિવડે, વાત વિસંભે એહ....માની૦ ॥૧॥ મહોરછાપ રાજા પ્રતિ, દીધા પ્રતિ એમ દેખી....માની૦; કહે નૃપ એ કિમ માનીયેં, વાત હુઈ ક્ષીણ લેખ...મા૦ જયો૦ ॥૨॥ રાય બેઠો દરબારમેં, ચિંતે ચિત્ત વિચાર....મા૦; તિતરે માનવતી ત્રિયા, નવસત સજી સણગાર....મા૦ જયો૦ ॥૩॥ શ્લોકઃ– आदौ मज्जन १ चारुचीर २ तिलकं ३ नेत्राजनं ४ कुंडलं ५ नासा मौक्तिक ६ हार ७ पुष्पनिकरं ८ त्झंकारता नूपुरे ९ । अंगे चंदनलेप १० कंचूकवलि ११ क्षुद्राबलि १२ घंटिका १३ सिंदूरं १४ करकंकणं १५ चतुरता १६ शृंगारका षोडश ॥१॥ इदं नवशत शंगारभावनः (नं) પહિલો

---

[1] રજા.

મૂકયો કુમરને, બાલક દેખે ભૂપાલ....માની૦; જાણે રાજા દૂસરો, માનતુંગનો રૂપ....મા૦ જયો૦ ॥૪॥ ઉઠયો રાજા અંતરે, પડદે પદ્મની પાસ....મા૦; વાત કહો એ કિમ હૂઈ? કિમ લોકોમાં હાસ?.... મા૦ જયો૦ ॥૫॥ કહો તુ લોક જણાવણી, માનવતી કહે દાખી...મા૦; કહો તો [1]પરતીખ દાખવું, કહો તો પડદે રાખી...મા૦ જયો૦ ॥૬॥ બોલ અચૂકા સહુ કહે, નિરવાહ્યા નવિ જાય...મા૦; બોલ્યું તો તેહનું ખરૂં, જે પરમાણ ચઢાય...મા. જયો૦ ॥૭॥ કહે રાજા તિલ જેતલી, માહરી કાં નહીં વાત...મ૦; મેં કીધી તે માહરી, હું જાણું સ્યું ઘાત...મા૦; જયો. ॥૮॥ માનવતી કહે મેં કહ્યું, પગ ધોશ્યે જે તંત...મા૦; તે તો વાલહો માહરો, કહીશું તેહને કંત...મા૦ જયો૦ ॥૯॥ [2]કુમયા [3]મોંશું તે કરી, જોગિણશ્યું બહુ પ્રેમ...મા૦; પગ ધોયા હવે તેહવે, વિદ્યાધરીના તેમ...મા૦ જયો. ॥૧૦॥ મોટે મોટે ઘરિ ગઇ, પરણી પદ્મની છોડી...મ૦; [4]ધાય વલી [5]ધાયથી, મોટાની એ ખોડી-માનિ૦ જયો૦ ॥૧૧॥

॥ દોહા ॥

સાચ ન બોલે કેહનો, કામી જાર જૂઆર;
ચોટ સહિત જિમ પકડે, ખોટ સહિત જ્યું જાર. ॥૧॥
એહવો કામ ન કીજીએ, રે! રંઢાલા સશાવ;
ભામિની કવણ ન ભોળવ્યા, કુંણ ન લગાયા પાવ. ॥૨॥
રાધા આગે કૃષ્ણજી, ઉમયા આગે ઇસ;
ઈંદ ચંદ નર ચક્કવઈ, કિણ ન નમાંડયા સીસ. ॥૩॥

૧ પ્રત્યક્ષ. ૨ મહેરબાની. ૩ મારાઉપર. ૪ દોડે. ૫ ધાવમાતાથી.

[1]માંન્હે ચૂક પડયો હુઈ, કહેજ્યો પરગટ દાખી;
ઠામ ઠામ ચૂકયા તમે, વસ્તુ ભરી છે સાખી. ॥૪॥
કહે રાજા માનું નહીં, કે નહિ માને સાચ;
પાય લાગું કર જોડીને, વાચા અવિચલ વાચ. ॥૫॥
અંત ન લીજે કેહનો, કહે નારી કર જોડી;
લઈ દેખાડી મુદ્રડી, ગાંઠિથકી દે છોડી. ॥૬॥
હાથતણાં હથ સાંકલાં, વલી મોતીનો હાર;
પીલી પ્રીતમ પાંભરી, લઇ સોંપ્યા તિણિવાર. ॥૭॥
એ સહિનાંણી સાચ છે, કહો કિસો વારોવાર;
ડાહ્યા થઈ પણ પાંતર્યા, કિણને દીઆ ઉતાર ?. ॥૮॥
આપણમાં જો ગુણ હુવે, તો કંત સદાઇ દાસ;
શીલ નહિં અરૂ ગુણ નહિં, તીરે લોકમાં હાસ. ॥૯॥

## ॥ ઢાળ ૧૩ મી ॥

રંગરસીઆની દેશી.

હાં મન મલિયાં હાં મન મલિયાં, મનના મનોરથ સહુએ ફલીઆ લાલ...હાં મનમલિઆ ૨; માન છંડી પતિચરણે પડીઓ, લાજતણો તે બંધન પડીયો...હાં મન મીલીઆ૦ ॥૧॥ બાર વસ્સ તુનેં દુઃખ દીધો, [2]અગસ્ય કરજ્યો ગુન્હો કીધો...હાં૦; હું અજાણથકો અહંકારી, મેં કરતાં કાંઇ ન બિચારી...હાં૦ ॥૨॥ તુઝ સમ અવર ન કોઈ નારી, મેં સઘલીએં એક વિચારી...હાં૦; તેડી કુંવર તિહાં ખોલે લીધો, સઘલો કારજ તિહાં સીદ્ધો...હાં૦ ॥૩॥

૧ મારી. ૨ મારૂ.

મન ઉલ્હસીયું મહારાજનું, તો લોકમાંહિ વધીઓ વાંનો....હાં૦; સતીયતણો સઘલે જશ હૂઓ, રાજા મહેલમાં દીધો હૂઓ–હાં૦ ॥૪॥ પટરાણી થાપી રાણીમાં, સતી સરદાર તોને જાણિ મેં; ધન માતા તાહરી જિણે જાઈ, ધન પિતા જિણ કુલ તું આઈ....હાં મન૦ ॥૫॥ તાહરૂં નામ ખરૂં જિણે દીધું, તાહરી વેળા અમૃત પીધું....હાં૦; રાજા રીઝયો પાસ ન છંડે, ઉંડે શીસ તિહાં પગ મંડે....હાં૦ ॥૬॥ પ્રેમમગન રાજા સુખ માને, હવે સંસાર ફલ જાણીઆં....હાં૦; ઇમ કરતાં દિન કેતા ગમીઆ, રાતિ-દિવસ રલીઆ....હાં૦ ॥૭॥ અનુક્રમેં સદગુરૂ આયા, ભવિકલોકતણે મન ભાયા....હાં૦; સુમતિ ગુપતિ ને પંચાચારે, બાયાલીસ દોષ ટાલે આહારે....હાં૦ ॥૮॥ સમોસર્યાં વનમેં સાધુજન, એકચિત્ત ધ્યાન રહે જેહનો મન્ન....હાં૦; તૃણ બરાબર જે માને ધન્ન, સવે એકાએક સદામગન્ન....હાં૦ ॥૯॥ એહવા સાધુતણી બલિહારી, અમમ અકિંચણ આહારીજી....હાં૦; એહવા સદ્ગુરૂ આયા મનિં જાણી, વાંદણ ચાલ્યા ભવિયણ પ્રાણી....હાં મન૦ ॥૧૦॥

॥ દોહા ॥

માનતુંગ ને માનવતી, વાંદે મુનિના પાય;<br>
બેઠાં ધર્મ કથા સુણી, પૂછે પ્રશ્ન ઉલ્લાસ. ॥૧॥<br>
વાંકો બોલ્યો એહનો, તેહ નીવડ્યો પ્રમાણ:<br>
સમો કહ્યો બીજો પુરુષ, તે પણ હૂઓ અપ્રમાણ. ॥૨॥<br>
ઈણહીજ જંબૂદ્વીપમેં, ક્ષેત્ર ભરત મઝાર;<br>
નગર કોસંબી વાણીઓ, તેહના પુત્ર બે સાર. ॥૩॥

જિનપાલક ને જિનદત્ત, બંને કરે વણજ વ્યાપાર;
ગુરૂમુખ જિનદત્ત સાંભલી, મૃષાતણો પરિહાર. ॥૪॥
[1]સીસ લીઓ જિનપાલકે, પાલે નિરતિચાર;
જિનદત્ત રીસ કરે ખરો, કરઇં સીસ જિણવાર. ॥૫॥
મનશું માયા કેળવી, જિનપાલકનો દોષ;
તેહથી બંધ ત્રિયા તણો, બાંધ્યો કરમહ પોષ. ॥૬॥
મરીને માનવતી થઈ, માનતુંગ જિનદત્ત;
સાચથકી તેહનો કહ્યો, સહુ સરાંઈ નિત. ॥૭॥

## ॥ ઢાળ ૧૪ મી ॥

રાગ ધન્યાશ્રી. સામી સુહાકર શ્રી શેરીસ એ... દેશી

રાજા સાંભલી સાધુમુખે વલી, પામી [2]વિસમો ચિંતે મન રલી; દેખી મહિમા સાચતણો સહી, હુંતી તેહવી મુનિવરે કહી. ।।૧।। ત્રોટકઃ-એ કહી મુનિવર સાચ વાણી; હીએં આણી જે કરેં; સંસારનાં તે સુખ પામી, સયલ ભવસાયર તરે. ।।૨।। ચાલઃ-બે કરજોડીરે રાજા ઇમ કહે, અંધો મારગ તુમથી સહુ લહે; બારે વ્રત જે શ્રાવકના કહ્યા, તે મુઝ દીજે રે મેં સદ્દહ્યા ।।૩।। ત્રૂઃ- સદ્દહ્યા મનથી સોઈ વહીનેં, ખરા પાલે ખાંતશ્યું, તિમ માનવતી સગુરૂ પાસેં, વ્રત લીયે બહુ ભાંતશું ।।૪।। ચાલઃ- અનુક્રમે બે બે વ્રત પાલી ભલા, પોહતા સ્વર્ગે સોહગ ગુણ નીલા; ફુલ સુંગધઇં જસ જગ મહમહેં, સુણતાં મનડું મારૂં ગહગહેં ।।૫।। ત્રૂહકઃ- ગહગહે સુણતાં

૧ નિયમ. ૨ વિસ્મય.

મન્ન મારૂં, મિટે તોરો કર્મનો, ઈમ જાણી પ્રાણી સાચ બોલો, વાત એહવો મર્મનો ॥૬॥ ચાલઃ-સંવત સત્તર અઠયાવીસે, સુદ આષાઢી બીજ દિન ગુરૂ; ખરતર સહગુરૂ જિનચંદ જયકરૂં, તેહને પાટે સોહગસુંદરૂં ॥૭॥ ત્રુટકઃ- સુંદર સોમસુંદર પ્રસાદે, અભય સોમ એણીપરે કહે; એહ રસક હીને કથા દાખી, ભેદ મતિ મંદિર લહે ॥૮॥

ઇતિ શ્રી સત્યાધિકારે

માનતુંગ-માનવતી પ્રબંધ

ચોપાઈ સંપૂર્ણ.

**શ્રી શાસનકંટકોદ્ધારકસૂરિજી જૈન જ્ઞાન મંદિરના**

# નવા પ્રકાશનો

પૂ. સાધ્વીજીશ્રી અંજનાશ્રીજી સ્મારક ગ્રંથમાલા તરફથી જુના અને અપ્રાપ્ય રાસાઓ છપાવવા માટેનો નિર્ણય કર્યા મુજબ નીચે મુજબના આજ સુધીમાં નૂતન પ્રકાશનો પ્રસિદ્ધ થયા છે.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૧ લો. રૂા. ૫=૦૦**

૧–મહાસતી શ્રી અંજનાસુંદરીનો રાસ.–૨–શ્રી ગૌતમપૃચ્છા-ચોપાઈ, ૩–કર્મવિપાક અથવા શ્રી જંબૂપૃચ્છાનો રાસ, ૪–શ્રી લીલાવતીરાણી–સુમતિ વિલાસનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૨ જો. રૂા. ૫=૦૦**

૧–શ્રી કયવન્નાશાહનો રાસ, ૨–શ્રી ધન્ના-શાલિભદ્રનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૩ જો. રૂા. ૧૦=૦૦**

૧–શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૪ થો. રૂા. ૧૫=૦૦**

૧–શ્રી મહાબલ–મલયાસુંદરીનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૫ મો. રૂા. ૨૦=૦૦**

૧–શ્રી કુમારપાલ રાજાનો રાસ.

**શ્રી રાસમાળા સંગ્રહઃ ભાગ ૬ ઠ્ઠો. રૂા. ૨૦=૦૦**

૧–શ્રી વનેચંદ રાજાનો રાસ, ૨–શાંબ અને પ્રદ્યુમ્નકુમારનો રાસ, ૩–શ્રી સનત્કુમારચક્રીનો રાસ, ૪–શ્રી વિક્રમ–લીલાવતીનો રાસ, ૫–શ્રી આષાઢાભૂતિની ચોપાઈ.

**શ્રી રાસમાળા સંગ્રહ ભાગ ૭ મો. રૂા. ૨૦–૦૦**

૧–માનતુંગ અને કયવન્નાશાહના રાસ, ૨–શ્રી ચંદ્ર રાજાનો રાસ, ૩–માનતું રાસમાળા સંગ્રહઃ ભાગ ૩
શ્રી ચંદ્રશેખર રાજાનો રાસ.

**શ્રી શાસન રાસમાળા સંગ્રહઃ ભાગ જ્ઞાનમંદિર.**

જી. ભાવનગર શ્રી મહાબલ–મલયાસુંદરીનો રા –૩૬૪૧૪૫

રાસમાળા સંગ્રહઃ ભા

શ્રી વિશાલ પ્રિન્ટરી, સોનગઢ ૩૬૪ ૨૫૦